
# મહાસતી નર્મદા સુંદરી

- પં. ભાનુચંદ્ર વિજય



યશોન્દુ પ્રકાશન: ૨૧
મૂલ્ય: રૂ. ૫/-

શ્રી. નેમિ-વિજ્ઞાન-કસ્તૂર-ચંદ્રોદય-સૂરીશ્વરજી
સદ્‌ગુરુભ્યો નમઃ

# મહાસતી
# નર્મદાસુંદરી

卐

: લેખક :

પ. પૂ. પંન્યાસપ્રવર ભાનુચંદ્રવિજયજી ગણિવર્ય

○

પ્રકાશક :

**યશોન્દુ પ્રકાશન વતી**

**જસવંતલાલ ગીરધરલાલ શાહ**

C/o. જૈન પ્રકાશન મંદિર
૩૦૯/૪, ખત્રીની ખડકી, દોસીવાડાની પોળ, અમદાવાદ-૧

( શાસનસમ્રાટ્ જન્મશતાબ્દિ વર્ષ )

બીજી આવૃત્તિ

કિંમત રૂ. ૫-૦૦

પ્રકાશક :

યશોન્દુ પ્રકાશન દ્વારા
જસવંતલાલ ગીરધરલાલ શાહ
૧૩૩૫ લાવરીની પોળ,
ધનાસુતારની પોળ,
અમદાવાદ-૧

પ્રાપ્તિસ્થાન :

જસવંતલાલ ગીરધરલાલ શાહ
૧૪૭, તંબોળીનો ખાંચો
દોસીવાડાની પોળ,
અમદાવાદ-૧

સોમચંદ ડી. શાહ
જીવનનિવાસ સામે
પાલીતાણા

મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
ગોડીજીની ચાલ
કીકાસ્ટ્રીટ
મુંબઈ-૨

મૂલ્ય
૫-૦૦

મુદ્રક :
કાન્તિલાલ ડાહ્યાભાઈ પટેલ
મંગલ મુદ્રણાલય, રતનપોળ
અમદાવાદ-૧

# સમર્પણ

(૧) જેઓશ્રીની પ્રેરણાથી, તેઓશ્રીની નિશ્રામાં

(૨) સંવત ૨૦૨૨ના ચૈત્ર વદ ૫ થી શ્રી મહાનિશિથ

(૩) સૂત્રથી લઈને શ્રી ભગવતિસૂત્ર પ્રવેશ સુધીના

(૪) યોગોદ્વહનની ક્રિયાઓ કરી. અને ઉત્સાહથી

(૫) આરાધના કરાવી.

(૬) પ. પૂ. પરમોપકારી પૂજ્યપાદ

(૭) આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય

(૮) મેરુપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબને

—પં ભાનુચંદ્રવિજયગણિ

# બે બોલ

પરમ ત્યાગમૂર્તિ અને અનેક જીવોને મોક્ષમાર્ગ બતાવનાર પરમકલ્યાણકારી ચરમ જિનપતિ શ્રમણ ભગવંત મહાવીર સ્વામીજીના શાસનમાં અનેક ભવ્ય આત્માઓને સંયમ પંથના માર્ગેવાળી સંયમને ઝુલે ઝુલાવનાર પરમોપકારી આચાર્ય મહારાજ શ્રી. આર્યસુહસ્તિસૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોને પોતાની અમૃતમય દેશનાથી ફણીધર નાગ જેવા પંચમ કાળમાં મોહનું ઝેર ઉતારતા ગામોગામ વિચરતા હતા, તે જ સમયની સદાચારની જવલંત જ્યોત સમી મહાસતી નર્મદાસુંદરીની કથા. આધુનિક ભાષાના સંકલન પૂર્વક લખવાને માટે પ્રસ્તુત ગ્રંથના પ્રકાશક અને જૈન પુસ્તકના જાણીતા વિક્રેતા જસવંતલાલ ગીરધરલાલે મને વલસાડના ચાતુર્માસ દરમીયાન પ્રેરણા આપી. અને પ. પૂ. સમર્થ વ્યાખ્યાનકાર, કવિરત્ન તથા મારા સંયમ પ્રવહણના અજોડ સુકાની પૂ. પંન્યાસ પ્રવર યશોભદ્ર વિજયજી ગણીવર્ય મહારાજ સાહેબે મને અનુપમ ઉત્સાહ આપ્યો. તેમના આશિર્વાદ લઈને મેં પ્રસ્તુત ગ્રંથની કથાનો મુખ્ય હેતુ સરી ન જાય તે માટે શીઘ્ર કવિવર્ય, અનેક રાસના કર્તા પ-પૂ. મોહન વિજયજી મહારાજના રાસના આધારે લખવાની શરૂઆત કરી. પ્રસ્તુત ગ્રંથનો હેતુ જળવાઈ રહે તે માટે પૂ. પંન્યાસજી મહારાજની તરફથી વારંવાર સુચનાઓ મલતી હતી. સુંદર શૈલીથી ગ્રંથ માટુંઆ ચાતુર્માસ દરમીયાન સંપૂર્ણ કરવા માટે શ્રી. વસનજી ભવાનજી વર્ધમાન, મેઘરાજ પુસ્તક ભંડારના સંચાલક કુંવરજી હીરજી છેડા, લક્ષ્મીચંદ લધાભાઈ, હીરાચંદ વેલજી, બાબુભાઈ નરસી

ચત્રભૂજ, રતનશી પટેલ, લક્ષ્મીચંદ નાગડા, અને જાણીતા કલાકાર ચાંપશીભાઈ નાગડાએ આગ્રહ કર્યો અને શાસનદેવની સહાયથી તે કાર્ય સંપૂર્ણ થયું. પ્રસ્તુત ગ્રંથમાં શીયલના રક્ષણને માટે મહાસતી નર્મદાસુંદરીએ અનોઘ દુઃખોનો સામનો કરી, જગતમાં તેની સૌરભને ઝગમગતી રાખી. પોતે સ્વર્ગીય સુખની પ્રાપ્તિ કરી તથા પોતાના પતિ મહેશ્વરદત્ત અને સાસુ ઋષિદત્તા તથા બીજા અનેક ભવ્ય આત્માઓને સળગતા સંસારમાંથી પ્રતિબોધી સ્વર્ગીય સુખોના ભોક્તા બનાવ્યા. અને તેજ આત્માઓ અનુક્રમે મોક્ષના અનુપમ સુખોને પ્રાપ્ત કરશે.

**"સદાચાર એ જ જીવનનો શણગાર છે, દુરાચાર એ જીવનનો ભંગાર છે."** તેજ આ પુસ્તકનો મુખ્ય હેતુ છે. આ ગ્રંથનું અર્ધું મુદ્રણ થયા બાદ સાક્ષરવર્ય ગુણવંતરાય આચાર્ય, મ્યુ, એન્જીનીયર બાલુભાઈ એમ શાહ, રાજેન્દ્ર અમૃતલાલ, અને માણેક મ્હેતા આદિએ છૂટા ફર્માનું વાંચન કરી આનંદ અનુભવ્યો હતો. વાંચકો આ પુસ્તકને વાંચી, વિચારી, પોતાના જીવનમાં ઉતારશે તો જરૂર તેમનું જીવન ધન્ય બની જશે, અને મારો પ્રયાસ યથાર્થ ગણાશે, અંતમાં મારો પ્રથમ પ્રયાસ હોવાથી આ કથાના લેખનમાં મતિમંદતાથી ભુલ થઈ ગઈ હોય તો મિચ્છામિ દુક્કડં પૂર્વક વિરમું છું.

વીર સંવત ૨૪૮૧ — લી.

વિક્રમસંવત ૨૦૧૧ — મુનિ ભાનુચંદ્ર વિજયના ધર્મલાભ

પોષ સુ. ૫ ગુરૂવાર — શ્રી. માટુંગા-કચ્છી-શ્વેતાંબર-મૂર્તિપૂજક

તા.૩૦-૧૨-૫૪ — જૈન-ઉપાશ્રય

કીંગ સર્કલ, ટ્રામટરમીનસ

માટુંગા. મુંબઈ-૧૯

# પ્રસ્તાવના

જ્યારે મારા સ્નેહીભાઈ શ્રી ચાંપશીભાઈ નાગડા મારફત મુનિ શ્રી. ભાનુચંદ્રવિજયજી મહારાજના લખેલા આ પુસ્તકની પ્રસ્તાવના લખવાનું મને કહેવામાં આવ્યું ત્યારે પહેલાં તો મને ખુબ જ વિસ્મય થયું. હું નથી જૈન ધર્મનો કોઈ અભ્યાસી, કે નથી જૈન ધર્મના સાહિત્યથી જરાયે પરિચીત. ગુજરાતી પ્રાચીન યુગની વહાણુ ખેડની રીત રસમ જાણુવા-જોવા માટે જ કેટલાક જૈન રાસાઓ મેં જોયા તથા વાંચ્યા છે. એ સિવાય જૈન સાહિત્ય મેં ખાસ વાંચ્યું નથી. એક વિદ્વાન જૈન મુનિશ્રીના લખેલા પુસ્તકની પ્રસ્તાવના *લખવાનો હું અધિકારી છું કે નહિ એ વાત તો હું જાણુતો નથી.*

પરંતુ સ્નેહીભાઈ ચાંપશીભાઈ મારફતે મને મુનિ શ્રી. ભાનુચંદ્રવિજયના પ્રત્યક્ષ સંપર્કનો લાભ મળ્યો. અને ખરેખર એ લાભ જ હતો. મુનિ શ્રી ભાનુચંદ્રવિજયજીની હું પ્રશંસા કરૂં એનો કોઈ અર્થ નથી. પરંતુ એટલું તો હું જરૂર કહી શકું કે આ યુવાન મુનિશ્રીનું વાંચન ઘણું વિશાલ છે. જૈન ધર્મ તેમના અંગેઅંગમાં વિકસેલો છે, તેમનું જ્ઞાન મુગ્ધ કરે તેવું છે. અરે! જૈન ધર્મ તો તેમનો પ્રાણુ છે. તેમનું જીવન અને પ્રતિભા માનવીને શ્રદ્ધા ઉત્પન્ન કરાવે તેવી છે. પરંતુ જૈન દર્શન સિવાય અન્ય દર્શનો અને માન્યતાઓ તરફની એમની દ્રષ્ટિ સહનશીલ અને ઉદાર છે. ધર્મના પ્રત્યે એમની અખંડ ઉપાસના છે. અને એ ઉપાસના જૈને-

તરીને જૈન ધર્મ તરફ વધારે સહેલાઈથી અને વધારે હમદર્દીથી જોવાને પ્રેરે તેવી છે.

એમના આ પુસ્તકનો વિષય સામાજિક છે. જે સમાજ જીવંત ધર્મની ઉપાસના કરે છે તે સમાજમાં તેમના પુસ્તકની કથા વિહાર કરે છે.

જૈન સાહિત્યમાં જૈન તત્ત્વજ્ઞાનની ચર્ચા, વિચારણા અને સિદ્ધાંતોના ગ્રંથો જેમ સર્વમાન્ય છે તેમજ સિદ્ધાંતોને વ્યવહારમાં યોજનાર દ્રષ્ટાંત કથાનકોના પણ ગ્રંથો ઘણા પ્રમાણમાં છે. યુગે યુગે જૈન મુનિઓ અને જૈન લેખકોએ આવા ગ્રંથો અને રાસાઓ લખ્યા છે. એમાં તત્કાલ સમાજ જીવનની છબી પકડવાની પણ પ્રશસ્ય તજવીજો કરી છે.

એવાં સાહિત્યોમાં પણ અતિ પ્રાચીનતાનો વ્યાજબી દાવો કરી શકે તેવું મહાસતી નર્મદાસુંદરીનું ચરિત્ર લખાયું છે. અને એ ચરિત્રને નજરમાં રાખીને લેખકે આ ગ્રંથ આલેખ્યો છે.

પ્રાચીન સાહિત્યમાં આ કથાનું સ્વરૂપ કેવું છે. અને લેખકે એને આધુનિક શબ્દાલંકારનો ઓપ આપી અદ્યતન સ્વરૂપમાં મઢવાને માટે કોઈ છૂટ લીધી છે કે નથી લીધી તે કહી શકવાની સ્થિતિમાં તો હું નથી.

પરંતુ આ પુસ્તકનું અદ્યતન કલેવર તો વર્તમાનયુગની સંસ્કારીક નવલકથા સાહિત્યમાં સુંદર ઉમેરો કરે છે, એમાં કોઈ શક નથી.

જગત માત્રમાં, જ્યાં સુધી એમા પોતાના શ્વાસ અને પ્રાણ હોય ત્યાં સુધી તો ધર્મ અને સંસ્કૃતિ બન્ને એક જ હોય કે ના હોય ! ન્હોય એના રાહ તો જરૂર એક જ હોય છે. જનધર્મ અને જૈનસંસ્કૃતિ એ પર્યાયવાચક જ ગણાઈ શકાવા જોઈએ છે. "ધર્મનું તેજ સંસ્કૃતિ ઉપર પડે અને સંસ્કૃતિનું તેજ ધર્મ ઉપર પડે." બન્ને જુદા જુદા હોય તો પણ એક બીજામાં ઓતપ્રોત બનીને જાણે આદર્શ દંપતીની એકતાથી એકબીજામાં લીન થઈને રહે છે.

ધર્મ જયારે મઠમાં જ રહીને પતિત થાય છે. અને સંસ્કૃતિ જયારે ગતાનુગતિકતાની પરંપરામાં પર્યાપ્ત થાય ત્યારે જ એમના રાહ જુદા પડે છે, ત્યારે જ આ દૈવી યુગલનો સંસાર કજીઆળો અને ટીકાખોર બને છે. ધર્મને માટે અને સંસ્કૃતિને માટે આ ઉપપત્તિ અનિષ્ટ છે. એ પંથ વિનાશનો છે. જડતાનો છે. વિશાલ પ્રેમસાગરને એ ગંધાતા કૂવામાં પલટાવી નાખવાનો એ રાહ છે.

એ ઉપપત્તિ રોકવાને માટે, ધર્મ અને સંસ્કૃતિ એ બેના શ્વાસ અને પ્રાણ સંઘરી રાખવાને માટે, અને એ બન્નેને જનતાના ઘર આંગણાં સુધી પહોંચાડવા માટે સાધુ મહારાજ તથા આચાર્ય મહારાજોની સંસ્થા છે. એ સંસ્થા જીવતી રહેશે, સજાગ રહેશે, સભાન રહેશે, ત્યાં સુધી ધર્મ પણ જીવતો રહેશે, અને સંસ્કૃતિની જયોત પણ જલતી રહેશે.

એટલે જ એક જૈન મુનિરાજ પોતાના જીવનને માટે પોતે અપનાવેલા લોકભોગ્ય સાહિત્યના વધારેમાં વધારે

લોકપ્રિય અને પ્રચલિત સ્વરૂપનો આશ્રય લઈને પ્રાચીન ગ્રંથોમાં પુરાયેલા એક દ્રષ્ટાન્ત કથાનક તરીકે નહીં પણ જીવતી જાગતી શિયલગુણુ સંપન્ન સન્નારીની કહાણી તરીકે સમાજની સમક્ષ રજુ કરે એ ઇચ્છનીય છે, અને આદરણીય છે. આ પુસ્તક જેમ જેમ છપાતું હતું તેમ તેમ એને વાંચી જવાનો મને લાભ મલ્યો છે. એના ઉપર ધર્મ જીવનની છાયા છે. પણ એની ઉપર અનિષ્ટ પરંપરાગત મનાતા આવતા ધર્મમઠની છાયા નથી પરંતુ માનવી માનવી વચ્ચેના વ્યવહાર ધર્મની એ છાયા છે.

સર્વ તેજ અને ઓજસથી ભરેલી એક અગોચર શક્તિ માનવી માનવી વચ્ચેના વ્યવહારના ગુણદોષ સદાયે આંકે છે. એવી જે "શ્રદ્ધા" જેને છે, એને આ પુસ્તક સુંદર વાંચન આપશે. એમાં કોઇ શક નથી.

વિશેષ તો મારે ખાસ કહેવા જેવું નથી. તેમજ વિશેષ કાંઇ કહેવાનો મારો અધિકાર પણ નથી. આ વિદ્વાન મુનિરાજ એક ઉછરતા લેખક છે. તેમની કૃતી આદર પાત્ર છે. બીજા જુના કથાનકોને હજીએ નવા વાઘા પહેરાવે એવી ઇચ્છા અને વિજ્ઞાપના સાથે મારૂં વક્તવ્ય પુરૂં કરું છું. અસ્તુ શુભં ભવતુ.

ઘાટકોપર
તા. ૨૧–૧–૧૯૫૫

ગુણવંતરાય આચાર્ય

# પ્રથમાવૃત્તિનું પ્રકાશકીય નિવેદન

આજના આધુનિક સમયમાં સામાજીક, ધાર્મિક, શૃંગારિક, ઐતિહાસિક અને લોકસાહિત્યની રહસ્યમય કથા વાર્તાઓ તરફ જનસમાજ ખૂબ જ અભિરૂચિ ધરાવે છે. અને દરરોજ નવીન પ્રકારની વાર્તાઓના રસથાળની ઈચ્છા ધરાવે છે. પરંતુ તેમાંથી તત્ત્વબોધ જેટલો ગ્રહણ કરવો જોઈએ તેટલા પ્રમાણમાં વાંચકો લઈ શકતા નથી. એ એક અતિશોચનીય વસ્તુ-સ્થિતિ છે. વાંચકો જેટલા પ્રમાણમાં વિશેષ વાંચન કરે છે, તેટલા જ પ્રમાણમાં તેનું તત્ત્વ પણ ગ્રહણ કરી જીવનમાં ઉતારવું જોઈએ.

પ્રસ્તુત ગ્રંથ શિયલવંતી સન્નારી નર્મદાસુંદરીના જીવનની સૌરભનો પમરાટ પાથરે છે. સંવત ૨૦૧૦ ના વલસાડના ચાતુર્માસ દરમ્યાન પરમ પૂજ્ય શાસનસમ્રાટ અનેક તીર્થોદ્ધારક બાલબ્રહ્મચારી પ્રૌઢ પ્રતાપી આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજય નેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબના પટ્ટધર પરમ પૂજ્ય શાંતમૂર્તિ—સમયજ્ઞ પૂજ્યપાદ આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજય વિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજ સાહેબના પટ્ટધર વિદ્વદ્વર્ય, પ્રાકૃતવિશારદ—પ્રાકૃતવિજ્ઞાન પાઠમાલાના કર્તા પ. પૂ. આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજય કસ્તૂરસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્યરત્ન, પ્રસિદ્ધ વક્તા બાલબ્રહ્મચારી, વિદ્વાન મુનિપ્રવર ચંદ્રોદયવિજયજી મહારાજના શિષ્ય મુનિશ્રી ભાનુચંદ્રવિજયજી મહારાજ સાહેબ યશવંતલાલ, બલવંતરાય, હસમુખલાલ, રસિકલાલ, ચંદ્રકાંતભાઈ, બાબુભાઈ, રમેશચંદ્ર, આદિ શ્રાવકો સાથે મહાસતીઓના જીવન ચરિત્રોની ધર્મચર્ચા કરતા હતા, તે પ્રસંગે મને મહાસતી નર્મદાસુંદરીનું જીવન ચરિત્ર સુંદર

શૈલીથી પ્રકાશન કરવાની ભાવના જાગ્રત થઈ અને મેં મારા વિચારો પૂજ્ય મહારાજ સાહેબ પાસે રજૂ કર્યા અને લખી આપવા માટે વિનંતિ કરી. પરંતુ તેઓશ્રીએ કોઈ દિવસ આ બાબતમાં પ્રયાસ કરેલો નહિ હોવાથી ના કહી. મેં તથા બીજા બેઠેલા શ્રાવકોએ પરમ પૂજ્ય સમર્થ વ્યાખ્યાનકાર, કવિરત્ન, પંન્યાસ પ્રવર **શ્રી યશોભદ્રવિજયજી** મહારાજ સાહેબની પાસે ઉપરોક્ત વાત કરી. તે વખતે ધનસુખલાલ આદિ શ્રાવકો તેઓશ્રીની પાસે બેઠેલા હતા, તેઓએ મારી વાતને પ્રોત્સાહન આપ્યું અને પૂજ્ય પંન્યાસજી મહારાજ સાહેબે પૂજ્ય મુનિશ્રી ભાનુચંદ્રવિજયજી મહારાજને ઉત્સાહ આપી, લખવા માટે આજ્ઞા ફરમાવી. અને તેઓશ્રીએ લખવાની મંગલ શરૂઆત કરી. પરમ પૂજ્ય પંન્યાસજી મહારાજની શુભ દોરવણીથી પ્રસ્તુત ગ્રંથ જલ્દી પ્રકાશિત કરવા અમો ભાગ્યશાળી બન્યા છીએ.

આ ગ્રંથની પ્રસ્તાવના અનેક નવલિકાઓ, દરિયાઈ સાહસ કથાઓના સિદ્ધહસ્ત લેખક શ્રીયુત **ગુણવંતરાય આચાર્યે** લખી આપી મને ખૂબ જ આભારી બનાવ્યો છે. પ્રેસકોપી ભાઈશ્રી સેવંતિલાલ લક્ષ્મીચંદ તથા શનાલાલ અમથાલાલ, અને બાબુભાઈ વેરસીએ કરી આપ્યા બદલ તથા પ્રુફ સંશોધન કાર્ય પૂજ્ય મુનિ શ્રી. વિબુધવિજયજીમહારાજ સાહેબે તથા પૂ. વિદ્વાન મુનિપ્રવર નીતિપ્રભવિજયજી મહારાજ સાહેબે કરી આપ્યું છે. તે બદલ હું તેઓશ્રીનો ખૂબ જ ઋણી છું.

લી. જસવંતલાલ ગીરધરલાલ શાહ
૧૪૭/દોસીવાડાની પોળ. તંબોળીનો ખાંચો
અમદાવાદ.

# પુનર્મુદ્રણ

મારી સાહિત્ય નિર્માણ પ્રવૃત્તિનું પ્રથમ સોપાન, આજથી ૧૯ વર્ષ પૂર્વ માટુંગા ચાતુર્માસ દરમ્યાન પ્રસ્તુત પુસ્તક તૈયાર કરેલ અને તેને સાહિત્યકાર શ્રી ગુણવંત આચાર્યની પ્રસ્તાવનાપૂર્વક વાંચકો સમક્ષ મૂકેલ, તેની નકલ ચાર મહીનામાંજ ખલાસ થઈ ગઈ હતી, તેજ તેની લોકપ્રિયતા હતી. પ્રકાશક જસવંતલાલ ગિરધરલાલ તરફથી વારંવાર દ્વિતીય આવૃત્તિ માટે દબાણ થતું, પરંતુ સાહિત્યની બીજી પ્રવૃત્તિઓ અંગે ખાસ ધ્યાન આપી શકાયું નહિ. છેવટે એ માસ પૂર્વે નિર્ણય કર્યો. બીજી આવૃત્તિ તૈયાર કરીને પ્રકાશક તરફથી બહાર પાડવામાં આવી છે.

—પં. ભાનુચંદ્રવિજય ગણિ.

૪૧, રીજરોડ

મલબારહીલ

મુંબઈ-૬

# મહાસતી નર્મદાસુંદરી

## પ્રકરણ ૧ લું

### મહેશ્વરદત્ત

બે લાખ યોજનના વિસ્તારવાળો અનેક મગરમચ્છો, મત્સ્યો, કાચબાઓ, આદિ અસંખ્યાત જલચર જીવોથી વ્યાપ્ત જેમાં પહાડ સમા પડછંદ મહાકાય મોજાંઓ ઉછળી રહ્યા છે એવો લવણસમુદ્ર, જેને ચારે તરફથી ઘેરીને પડયો છે, તેવા એક લાખ યોજનના વિસ્તારવાળા આ જંબુદ્વીપને વિષે ભરત નામે એક ખંડ છે, તેમાં અનેક વાટીકાઓ, ઉદ્યાનો, ચોખંડ રાજમાર્ગો, ભવ્ય મહેલાતો, રોનકદાર રાજમહાલયો, જગતના જીવોને મોક્ષમાર્ગ બતાવનાર જિનેશ્વર ભગવંતોના બિંબોથી અલંકૃત ગગનચુંબી વિશાલકાય જિનમંદિરો, પૌષધશાળાઓ, જ્ઞાનાલયો, દાનશાળાઓ, રૂગ્ણાલયો આદિથી વિભૂષિત, એવું વર્ધમાનપુર નામે નગર છે.

દાન આપવામાં કુબેર જેવો, અન્યાયને માર્ગે ચાલતા ચોર, ડાકુઓ, દુરાચારી, અને લંપટોને યમરાજ સદશ, નિરંતર પ્રજાના કલ્યાણને ઈચ્છતો એવો સંપ્રતિ નામનો મહાપરાક્રમી રાજવી રાજ્ય કરતો હતો,

તે જ નગરમાં દરરોજ જિનેશ્વર ભગવંતના માર્ગને

વિષે તત્પર, આવશ્યક ક્રિયાને ઉભય ટંક આદરતો, શ્રીમંત એવો ઋષભસેન નામનો શ્રેષ્ટી વસે છે, તેને રૂપ, ગુણ, અને શીયલથી અલંકૃત એવી વીરમતી નામની ભાર્યા છે.

ઋષભસેન દંપતી ન્યાય અને નીતિપૂર્વક ક્રય–વિક્રયને કરતાં, પ્રભુભક્તિ અને સાતે ક્ષેત્રોમાં ધનનો વ્યય કરતાં, સુખપૂર્વક દિવસો નિર્ગમન કરે છે, નીતિશાસ્ત્રોમાં પણ કહ્યું છેઃ—

"ધર્મ વધંતા ધન વધે, વધત વધત વધ જાય."
"ધર્મ ઘટંતા ધન ઘટે, ઘટત ઘટત ઘટ જાય."

એ ન્યાયે શ્રેષ્ટી દંપતીના ઘરમાં ધનના ઢગલા ખડકાવા લાગ્યા.

વીરમતીએ અનુક્રમે સહદેવ અને વીરદાસ નામના બે પુત્રોને અને ઋષિદત્તા નામની પુત્રીને જન્મ આપ્યો. બન્ને પુત્રો તથા ઋષિદત્તા શુક્લપક્ષના ચંદ્રમાની પેઠે વધતા અને પૂર્ણિમાના ચંદ્રમાની કાંતિ સમ શોભતા અનુક્રમે વૃદ્ધિ પામવા લાગ્યા.

શુભ મુહૂર્તે ત્રણે જણને વિદ્વાન પંડિતોની પાસે વ્યવહારિક તથા મોક્ષપદનું દાતા એવું સમ્યગ્જ્ઞાન પણ આપવામાં આવ્યું, કહ્યું છે કે :—

प्रथमे नार्जिता विद्या, द्वितीये नार्जितं धनम् ।
तृतीये नार्जितो धर्म, श्चतुर्थे किं करिष्यति ॥ १ ॥

જેણે પ્રથમ વયમાં વિદ્યા પ્રાપ્ત કરી નથી, બીજી વયમાં ધનને ઉપાર્જન કર્યું નથી, ત્રીજી વયમાં ધર્મને

ઉપાર્જન કર્યો નથી, તે આત્મા ચોથી વયમાં શું કરશે ? યાને મોંઘેરા માનવ જીવનને હારી જશે.

અનુક્રમે વખતના વહેવા સાથે ઋષિદત્તાનું બાલપણ વહેવા લાગ્યું. અને યૌવનને ઉંબરે આવી રહી, માતા પિતાની ચિંતાનો વિષય બની.

ઋષિદત્તામાં રૂપ, ગુણ અને ચાતુર્ય પણ યૌવનની સાથે ખીલી નીકળ્યા, ઋષિદત્તાને માટે યુવાન પુરૂષો તેના રૂપની પાછળ ભમરાની માફક ભમવા લાગ્યા.

મિથ્યાત્વીઓને ત્યાં પોતાની સુલક્ષણી પુત્રીને આપવાની શ્રેષ્ટી દંપતીની ઇચ્છા નથી.

જિનેશ્વર ભગવંતના માર્ગને વિષે વિહરતા શ્રદ્ધાવંત આત્માઓ તો એમજ વિચાર કરે કે " ભલે ધન નહિ હોય તો ચાલશે " પણ " ધર્મ નહિ હોય તો નહિ ચાલે."

" માનવીની કિંમત સંપત્તિથી નથી પણ સંયમથી છે."

"શ્રાવકકુલની પાસે ચક્રવર્તીની રિદ્ધિ પણ પાણી ભરે છે."

શ્રેષ્ઠી દંપની પણ એ જ વિચારમાં છે. આપણી પુત્રી, ધન વિહોણાને આપવી, પણ ધર્મ વિહોણાને આપવી નથી.

ઋષિદત્તામાં પણ માતાપિતાએ બાળપણથી જ જૈનત્વના સંસ્કારોનું સિંચન ઠાંસી ઠાંસીને ભર્યું હતું. વીતરાગ જિનેશ્વર દેવના શાસનની સાચી શ્રમણોપાસિકા બનાવવાના માતા-પિતાના કોડ હતા.

તેથી તેઓ જિનેશ્વર ભગવંતની વાણીમાં શ્રદ્ધાવંત, જૈનત્વના સંસ્કારોથી સિંચાયેલા એવા કોઈ યોગ્ય પુરૂષની તપાસમાં હતા.

જેણે ન્યાય માર્ગે સંપત્તિ પ્રાપ્ત કરી હોય, વળી જે શિષ્ટાચારનો પ્રશંસક હોય, સમાન કુલવાળો હોય, શીયલને અહર્નિશ પાળવાવાળો હોય અને અન્ય ગોત્રનો હોય તેની સાથે વિવાહ કરવો.

( ૨ )

આ ભરતક્ષેત્રને વિષે અમરાપુરીને પણ ક્ષોભ પમાડે તેવી ચંદ્રપુર નામની નગરી છે. તે નગરને વિષે કુબેર ભંડારીની જેમ અગણિત દોલતનો માલિક મિથ્યાત્વવાસિત રૂદ્રદત્ત નામે વણિક રહેતો હતો. દેશ પરદેશને વિષે ક્રિયવિક્રય કરતો, ધનોપાર્જન કરતો એકદા વહેપાર અર્થે વર્ધમાન નગરને વિષે પોતાના પરમ મિત્ર કુબેરદત્તને ત્યાં આવ્યો.

કુબેરદત્તમાં પણ નામ પ્રમાણે ગુણો ભરેલા હતા. કુબેરદત્તના ત્યાં રૂદ્રદત્ત પણ પોતાના જ ઘરમાં જાણે ન રહેતો હોય ? તેવી રીતે રહેવા લાગ્યો, અને ક્રયવિક્રયથી ધનોપાર્જન કરવા લાગ્યો.

કુબેરદત્તે પણ મિત્રની સેવામાં દાસ દાસીઓ મૂકર્યા હતા. કોઈ પણ રીતે મિત્રને પોતાનું ઘર યાદ ન આવે તેવી વ્યવસ્થા કુબેરદત્તે કરી હતી.

કુબેરદત્તના સાત ભૂમિકાવાલા પ્રાસાદમાં એકદા સાતમી ભૂમિકા ઉપર બન્ને મિત્રો ગવાક્ષમાં બેસીને વાર્તા વિનોદ કરતા હતા, અને પ્રાસાદ નીચેથી જતા આવતા પૂરજનો તરફ કૂતુહલ દષ્ટિએ નિહાળતા હતા.

રૂપ, ગુણુ અને યૌવને જેની ઉપર પોતાની સત્તા જમાવી છે એવી ઋષિદત્તા પોતાના સખીવૃંદથી પરિવરી, કુબેરદત્તના પ્રાસાદ તલ પાસેથી જતી હતી, રૂદ્રદત્તની દૃષ્ટિ ઋષિદત્તા ઉપર પડી અને હૃદયમાં કામબાણુ ભોંકાયા.

ઘનઘોર ઘેરાયેલા શ્યામવર્ણી વાદળના અંધકારમાં વિજળીનો ઝબકાર, પરસ્પર અથડાતાં વાદળાંઓનો ચિત્કાર મનને જેમ વિહ્વળ બનાવી દે, તેમ ઋષિદત્તાના લાવણ્યે રૂદ્રદત્તના અંતરને વિહ્વળ બનાવી દીધું.

રૂદ્રદત્તને વિચારોની ભયંકર આંધીમાં ઘેરાયેલો જોઇને કુબેરદત્ત બોલ્યો : હે પ્રિયમિત્ર ! તમને કુશળતા છે કે નહિ ?........ને રૂદ્રદત્તની વિચારધારા તુટી.

વિહ્વળ બનેલો રૂદ્રદત્ત ક્ષણુભર સ્વસ્થતાને ધારણુ કરી બોલ્યો : હે મિત્ર ! તે દેવાંગના છે ? રતિ છે ? પાતાલકન્યા છે ? કે સાક્ષાત્ લક્ષ્મીનો અવતાર છે ? તે મને........ તું કહે કે તે........છે........કોણુ. ?

કુબેરદત્ત કહેવા લાગ્યો. હે મિત્ર! તમે કોના માટે પૂછો છો ? આટલા વિહ્વળ બનવાની શું જરૂર છે ? મનની સ્વસ્થતાને ધારણુ કરો.

રૂદ્રદત્ત–હે મિત્ર ! નીચેથી જે નવયૌવના ઘણી સખીઓની સાથે ગઇ તે કોણુ છે ?

કુબેરદત્ત–તે રૂપ, ગુણુનો ભંડાર, રતિને પણુ પોતાના લાવણ્યથી જેણે શ્યામ બનાવી દીધી છે, એવી જૈનધર્મની અખંડ ઉપાસિકા, તેના માતા પિતાને પુત્રો કરતાં પણુ અધિક

વ્હાલસોયી, ઋષિદત્તા નામની આ નગરના ઋષભસેન શ્રેષ્ઠીની પુત્રી છે.

ગંભીર અને ભાંગેલા સ્વરે રૂદ્રદત્ત કુબેરદત્ત પ્રત્યે આજીજી કરવા લાગ્યો, હે મિત્ર ! તું મારી કુશળતા ઇચ્છતો હોય તો બોલ ? તે દેવાંગનાની પ્રાપ્તિ કઈ રીતે થાય ?

કુબેરદત્તે કહ્યું: હે મિત્ર રૂદ્રદત્ત ! તેનો પિતા જૈન ધર્મના ઉપાસક સિવાય કોઇને પણ પોતાની પુત્રી આપવી નહી તેવા દૃઢ નિશ્ચયવાળો છે. તેને મેળવવી તે વિશાલ ગગનના તારલાઓ ઉતારવા જેવી વાત છે. સર્પનો મણિ સહેલાઈથી મલી શકશે, પણ ઋષિદત્તા સહેલાઇથી મેળવવી મુશ્કેલ છે.

કુબેરદત્તના કહેલા વચનોનું શ્રવણ થતાં જ જાણે કોઇ ભયંકર વિદ્યુતપાત થયો હોય તેમ સ્તબ્ધ બની વિચારોની પરંપરામાં અથડાતા રૂદ્રદત્તે પોતાના મનને આશા અને નિરાશાના હિંડોલે ઝુલાવવા માટે ઝોલે ચઢાવ્યું.

મહાન્ આપત્તિઓનો સામનો કરીશ, ઋષિદત્તાની પ્રતિજ્ઞા હશે તે પુરી કરવા વનેવન અને જંગલે જંગલની કુંજે કુંજે ભટકીશ અરે ! ગીરિ, દરીઓ ને વિશાલ સમુદ્રની પણ પેટાળો તોડીશ, પણ તેની પ્રતિજ્ઞા પુરી કરીશ. મરણાંત કષ્ટ ભોગવીને પણ ભયંકર દુઃખોની ભૂતાવળોનો સામનો કરીશ.

ઋષિદત્તાના હાથને ઝંખતો રૂદ્રદત્ત વાદળમાં ઘેરાયેલા સૂર્યની જેમ નિસ્તેજ વદને મનવાંછિત કાર્યની પ્રાપ્તિ માટે પ્રપંચ રચવાની પરંપરામાં પછડાતો છેવટે જૈનધર્મનો અભ્યાસ કરીને પણ ઋષિદત્તાના હસ્તની પ્રાપ્તિ માટે તૈયાર થયો, અને જૈન મુનિ પાસે જઇને અભ્યાસ શરૂ કર્યો.

કર્મના ભયંકર વિપાકને જાણવાને માટે નહિ, ભયંકર દુઃખોથી ભરપુર એવો જે સંસાર સમુદ્ર જેમાં કષાયો રૂપી ભયંકર મગરમચ્છો રહેલા છે, જેમાં રાગદ્વેષ રૂપી ભરતી અને ઓટ આવે છે, જેમાં વિલાસો રૂપી મોજાંઓ ઉછળી રહેલા છે, તેવા સંસાર સમુદ્રને ઉલ્લંઘન કરવા માટે નહિ પણ ?

ઋષિદત્તાના રૂપમાં રંગાયેલો, લાવણ્યમાં લપટાયેલો, પતંગીયાની જેમ પરવાનો બનેલો, આસુરી લાલસાને પોષવા માટે માયાપૂર્વક રૂદ્રદત્ત જૈનધર્મના અભ્યાસમાં પ્રગતિ કરવા લાગ્યો.

જીવનમાં જ્યારે જ્યારે દંભનો પ્રવેશ થાય છે, ત્યારે માનવ આત્માનું અધઃપતન નોતરે છે.

"દંભ મુક્તિરૂપી વેલડીને બાળી મૂકવાને માટે અગ્નિ સમાન છે."

"દંભ ક્રિયા અને વિધિરૂપી ચંદ્રમાને ગળી જવા માટે રાહુ સમાન છે."

"દંભ જ્ઞાનરૂપી પર્વતને તોડવા વજ્ર સમાન છે."

"દંભ એજ દૌર્ભાગ્યનું કારણ છે, દંભ સુખને માટે અર્ગલા સમાન છે."

"દંભ કામરૂપી અગ્નિમાં ઘી હોમવા જેવો છે."

"દંભ દુઃખોની પરંપરાને વધારનારો અને આત્માની અનંત શક્તિનો ચોર છે."

માટે જ સુજ્ઞ પુરૂષોએ દંભનો ત્યાગ કરવો જોઈએ.

રૂદ્રદત્ત જૈન ધર્મના અભ્યાસમાં વૃદ્ધિ કરતો અનુક્રમે શ્રાવક યોગ્ય કાર્યવાહીમાં નિપુણ થયો.

( ૩ )

એકદા જિનેશ્વર ભગવંતના માર્ગનો સાચો ઉપાસક જાણી, સાધર્મિક ભક્તિના લાભના અપૂર્વ લ્હાવા લેવાના હંમેશા જેના હૃદયમાં કોડ છે એવા ઋષભસેન શ્રેષ્ટીએ પોતાને ત્યાં ભોજન નિમિત્તે રૂદ્રદત્તને આમંત્રણ આપ્યું. હા........હા........હા........હું કેટલો ભાગ્યશાળી કે મને મારા સાધર્મિક ભાઈની ભક્તિનો સુવર્ણ સુવર્ણ અવસર પ્રાપ્ત થયો. શાસ્ત્રોમાં કહ્યું છે કેઃ—

જે આત્મા છતી શક્તિએ દીનદુઃખીઓનો ઉદ્ધાર કરતો નથી, સાધર્મિક બંધુઓની ભકિત પણ કરતો નથી, અને જેણે જિનેશ્વર ભગવંતને મન મંદિરમાં સ્થાપન કર્યા નથી. તે આત્મા જન્મીને અણમોલ એવો માનવજન્મ વિલાસોના મેદાનમાં હારી જાય છે.

વારંવાર પોતાને પ્રાપ્ત થયેલા સુવર્ણ અવસરની પ્રશંસા કરતો, પોતાના આવાસમાં રૂદ્રદત્તના આવાગમનની રાહ જોતો, ઋષભસેન શ્રેષ્ટી બેઠો છે.

સાધર્મિકના સ્વાગત માટે પોતાના બન્ને પુત્રોને ઘરના પ્રાંગણમાં રાહ જોવા ઉભા રાખ્યા.

પધારો........પધારો........શ્રેષ્ટીવર્ય જયજિનેંદ્ર. કુશલ છો ને?

રૂદ્રદત્ત–જયજીનેંદ્ર. દેવ, ગુરૂ, ધર્મ પસાયે આનંદ મંગલ છે.

ઋષભસેન શ્રેષ્ટી, સહુદેવ, વીરદાસ, વીરમતી, ઋષિદત્તા, વિગેરેએ અનુક્રમે કુશળતા પૂછી આનંદસહુ યોગ્ય આસને બેઠા.

શ્રેષ્ટી ઋષભસેન પોતાના પરિવાર તથા રૂદ્રદત્ત સહિત પોતાના ગૃહચૈત્યમાં પ્રભુની અષ્ટ પ્રકારી પૂજના–સેવના કરી, ભોજન કાર્ય પતાવી, ઘરના તમામ પરિવાર સહિત એક વિશાલ હોલમાં ધર્મ ચર્ચા કરવા બેઠા. રૂદ્રદત્ત પણ ઘડીભર દેશવિરતિધરને છાજે તેવી રીતે બોલવા લાગ્યો.

હૃદયમાં હળાહળ વિલાસો રૂપી વિષના ઝરણાં વહેતાં મૂકી મુખેથી અમૃતને વહાવતો, કપટને ધારણ કરતો, રૂદ્રદત્ત ધર્મ ચર્ચા કરવા લાગ્યો.

માયાવી માણસો હંમેશા પોતાની મેલી મુરાદો પાર પાડવા માટે સાવચેતી પૂર્વક યુકિત પ્રયુકિતઓનો વ્યુહ રચી, એ ભયંકર વ્યુહમાં સરળ આત્માઓને સપડાવવા માટે સદૈવ તૈયાર જ હોય છે.

મોહનું માહાત્મ્ય ઘણું આશ્ચર્યકારી છે. જેમ કાજળથી સુંદરમાં સુંદર ચિત્ર પણ નષ્ટ થઈ જાય છે, તેમ ગમે તેવું સુંદરમાં સુંદર જીવન જીવતો આત્મા અંશ માત્ર પણ દંભની આચરણા કરે તો પોતાના સુંદર જીવનને ચિત્રની પેઠે નષ્ટ કરી નાખે છે. અને લોકને વિષે નિંદાને પાત્ર થાય છે. આત્માને મલીન બનાવી અધઃપતનના માર્ગે લઈ જાય છે.

અનેક પ્રકારની ધર્મચર્ચા તથા અવનવી વાતચિતો થઇ.

શ્રેષ્ટીદંપતી તથા કુટુંબના માણસોએ પોતાની પુત્રીને યોગ્ય વર છે, તેમ જાણી પોતાની પુત્રી રૂદ્રદત્તને આપવાનો વિચાર કર્યો, રૂદ્રદત્તે પણ ના, ના, કરતાં ઘણી મુશ્કેલીએ હા કહેવાનો ખોટો દંભ બતાવ્યો.

યોગ્ય અવસરે શુભમુહૂર્તે ધામધુમ પૂર્વક લગ્ન થયા. પોતાની ધારેલી મેલીમુરાદને ફળીભૂત થયેલી માનીને ખૂબ હર્ષોન્મત્ત બનેલો રૂદ્રદત્ત કેટલોક સમય આનંદમાં વ્યતિત કરતો, અવનવા ક્રયવિક્રયને કરતો ધન ઉપાર્જન કરવા લાગ્યો. પોતાના આત્માને કૃતકૃત્ય માનતો આનંદમાં દિવસો પસાર કરવા લાગ્યો.

એકદા પોતાના વતન ચંદ્રપુર નગર જવાને માટે શ્વસુરની આજ્ઞા માગવા તૈયાર થયો. ઋષભસેન શ્રેષ્ટીને પોતાના માતાપિતા પાસે જવાની ઈચ્છા પ્રદર્શિત કરી. શ્રેષ્ટીએ પોતાની પુત્રી ઋષિદત્તાને વીતરાગ દેવના માર્ગને વિષે હરહંમેશ તત્પર રહેવાની તથા વહેવાર શુદ્ધિ માટેની યોગ્ય શીખામણ તથા પુષ્કળ કરીઆવર આપીને રૂદ્રદત્તની સાથે શ્વસુર ગૃહે જવાની અનુજ્ઞા આપી.

( ૪ )

આભમાંથી અંગાર વર્ષાવતી, ધરતીનાં ધાવણને સુકવતી ગ્રીષ્મઋતુ, વૃક્ષોના પાંદડાં તથા જલાશયોના નીરને બાળી નાખે, તેમ રૂદ્રદત્તના માતાપિતાને પુત્રનો વિરહદાહ બાળતો ક્ષીણ કરી રહ્યો હતો.

સ્વાતિના જલને ઈચ્છતું ચાતક પક્ષી જેમ ઝુરીઝુરીને

દિવસો પસાર કરે તેમ રૂદ્રદત્તના આવાગમનની રાહુ જોતા રૂદ્રદત્તના માતાપિતા આર્ત્ત હૃદયથી દિવસો નિર્ગમન કરે છે.

રૂદ્રદત્ત પણ વર્ધમાન પુરથી શ્વસુર દંપતીના આશીર્વાદ તથા આજ્ઞા મેળવી, સ્વોપાર્જીત તથા શ્વસુર તરફથી મળેલ કરીઆવર તથા માયાપૂર્વક મેળવેલી અને પોતાના પ્રાણથી પણ અધિક પ્રિય, આશાના વિશાલ વ્યોમની જ્યોત સમી ઋષિદત્તાને લઈને રસાલા સહિત શુભમુહૂર્તે ચંદ્રપુર નગર તરફ પ્રયાણ કર્યું.

અનેક ભયાનક અટવીઓનું ઉલ્લંઘન કરતો, નવા નવા ગામ નગરને વિષે ક્રયવિક્રય કરતો, ઋષિદત્તાની પ્રાપ્તિ કરીને પોતાના આત્માને સ્વર્ગીય સુખોની ઉપમા આપતો, ઘણા દિવસની લાંબી મુસાફરી બાદ પોતાની જન્મભૂમિમાં હર્ષભેર પગ મૂકયો.

વર્ષાનું આગમન ધરતી, જલાશયો અને વૃક્ષોને નવ પલ્લવિત બનાવી કલ્લોલ કરાવે તેમ રૂદ્રદત્ત તથા ઋષિદત્તાના આગમનથી આખા કુટુંબમાં આનંદનો મહેરામણ પ્રગટયો.

ચંદ્રપુર નગરમાં રૂદ્રદત્ત દંપતી પોતાના દિવસો આનંદપૂર્વક અનુપમ ભોગ વિલાસોને ભોગવતાં નિર્ગમન કરવા લાગ્યા.

જિનેશ્વર ભગવંતોથી કથન કરાયેલો અને ગણધર ભગવંતોથી જેનું ગુંથન થયેલું છે. એવા મોક્ષ માર્ગને પ્રાપ્ત કરાવનાર જે જૈનધર્મ તેને અરૂચિવાળા પુણ્યહીન રૂદ્રદત્તે ધર્મનો ત્યાગ કરી, અને કુળ પરંપરામાં ચાલી આવતા શૈવ ધર્મનું આચરણ શરૂ કર્યું.

ખરેખર ! સર્પના પેટમાં ગયેલું અમૃત પણ વિષ બને છે. ઉખર ભૂમિમાં ગયેલું પાણી પણ કાદવને કરનારૂં થાય છે. કાદવમાં પડેલું સુંદર ગુલાબ પણ દુર્ગંધને આપનારૂં થાય છે. તેમ જૈન ધર્મનું નિર્મળ આચરણ કરનાર ઋષિદત્તા ઉપર રૂદ્રદત્તના સંસર્ગથી મિથ્યાત્વની પ્રબળ સત્તાનો પંજો પડયો અને સોબતની અસર નીચે આત્માની અનંત શક્તિને છુંદી, મોહ મદિરાના માર્ગમાં વહેતી મૂકીને જૈનત્વના સંસ્કારોને ભૂલતી, જૈનધર્મ વિહોણી બની. અને શિવ માર્ગમાં શ્રદ્ધાવંત બની. શ્રમણોપાસિકાના માતાપિતાના કોડ અધુરા રહ્યા. આનંદનો દીવડો બુઝવી નાખ્યો. માતાપિતાની આશાના અંબર કાજળઘેરા અંધારામાં અથડાઈને ભૂક્કા થઈ ગયા.

દંપતી જીવનને ભોગવતાં આનંદમાં દિવસો વહેવા લાગ્યા. એકદા ઋષિદત્તાએ પૂર્ણ દિવસે પુત્રને જન્મ આપ્યો. પુત્રરત્નની પ્રાપ્તિથી કુટુંબમાં આનંદોત્સવ પ્રગટયો.

પુત્ર જાણે મહાદેવનોજ દીધેલ ના હોય ? તેમ શુભ અવસરે પુત્રનું નામ પણ મહેશ્વરદત્ત રાખ્યું.

ઘણી ઘણી સંભાળ પૂર્વક જતન કરાતો મહેશ્વરદત્ત પાંચ વર્ષની ઉંમરનો થયો. ત્યારે વ્યવહારિક જ્ઞાનની પ્રાપ્તિ માટે વિદ્યામંદિરમાં વિદ્યાગુરૂ પાસે વિદ્યાભ્યાસ કરતો વિદ્યા પ્રાપ્ત કરવા લાગ્યો.

વિદ્યાભ્યાસમાં આગળ વધતો, કુળ પરંપરાના ધર્મમાં લયલીન બનતો, શિવધર્મમાં દઢ નિર્ણયવાળો મહેશ્વરદત્ત યૌવન વયને પામ્યો.

## પ્રકરણ ૨ જું

## નર્મદાસુંદરી

### (૧)

ઋષભસેન શ્રેષ્ઠીના જ્યેષ્ટ પુત્ર સહદેવના લગ્ન પણ તેજ નગરના ધર્મપરાયણ શ્રીદત્ત શેઠની પુત્રી સાથે થયા હતા. દોગુંદુક દેવની પેરે ભોગ ભોગવતા સુખપૂર્વક દિવસો વ્યતીત થતા હતા. ક્રમે કરીને સુંદર સ્વપ્નથી સુચિત સહદેવની પત્નીએ ગર્ભ ધારણ કર્યો.

પુણ્યવંત આત્મા જ્યારે ગર્ભમાં આવે ત્યારે દરેક પ્રકારની વૃદ્ધિ તથા કુટુંબીઓમાં શાન્તિના છાંટણા ઉડે છે. પાપી આત્માઓ જ્યારે ગર્ભમાં આવે ત્યારે કુટુંબમાં જે વસ્તુઓની પ્રાપ્તિ થયેલી હોય તે પણ ક્ષીણ થાય અને આપત્તિઓનો મેઘ તુટી પડે છે.

સહદેવ પત્નીના ઉદરને વિષે પુણ્યવંત આત્માનું આગમન થયું ત્યારથી જ કુટુંબમાં આનંદના દીવડા પ્રગટયા. અનુક્રમે ગર્ભવૃદ્ધિની સાથે દરેક વસ્તુઓની વૃદ્ધિ થવા લાગી. અને ધન ઢેર ખડકાવા લાગ્યા. એકદા ગર્ભના પ્રભાવથી તેણીને નર્મદા નદીના વિશુદ્ધ જલમાં જલક્રીડા કરવાનો દોહદ

ઉત્પન્ન થયો. પોતાના પતિ સહદેવની સમીપ પોતાના ઉત્પન્ન થયેલ દોહદને વર્ણવ્યો. સહદેવે પણ પોતાની ભાર્યાના દોહદને સંપૂર્ણ કરવાનો નિશ્ચય કીધો. માતાપિતાના મીઠા આશીર્વાદના ઓઢણા ઓઢીને પોતાના રસાલા સહિત સહદેવ દંપતી શુભમુહૂર્તે પ્રયાણ કરીને નર્મદાના વિશાલ પટ ઉપર તંબુઓ નંખાવી રહેવા લાગ્યા.

અનંગ તરંગ ઉછાળતી નિર્મળ સરિતામાં પૂર્ણિમાના દિવસે પોતાની સ્ત્રી સાથે સહદેવે લાંબા વખત સુધી જલક્રીડા કીધી. બાદ પોતાના વિશાલ તંબુમાં દંપતી આનંદસહ વાર્તા વિનોદમાં અને ઠંડા પવનની લહેરોમાં લહેરાવા લાગ્યા. હર્ષ અતિરેક બની સહદેવ પત્નીએ પોતાના પતિને વિનય પૂર્વક નર્મદા કિનારે કાયમ વસવાટ કરવાની પોતાની ભાવના પ્રગટ કરી.

*પતિવ્રતા સ્ત્રીઓનું એ જ કર્તવ્ય છે કે પોતાના* અંતરના આભમાં આશાની છૂપાયેલી છૂપી ભાવવાનું નિરૂપણ પોતાના પતિ પાસે માયા રહિતપણે વિનય અને વિવેકપૂર્વક મીઠા વચનોથી કરવું જોઇએ.

પૂર્વે થઈ ગયેલ અને વર્તમાન યુગમાં વિહરતી મહાપતિવ્રતા સતી સ્ત્રીઓના યશોગાન આજે પણ ભારતવર્ષના ઘેર ઘેર ગવાય છે, અને આવી જ સતી સ્ત્રીઓથી પવિત્ર ભારતભૂમિનો ઇતિહાસ સુવર્ણ અક્ષરોથી અંકિત છે. જેઓએ જગતમાં સંસ્કૃતિના ધોધ વહેતા મૂકયા, અને આદર્શના

અમૃતપાન કરાવ્યા, એવી પવિત્ર શીલગુણસંપન્ન સન્નારીઓથી ભારતભૂમિનો અણુએ અણુ પવિત્ર છે.

આધુનિક યુગના રંગે રંગાયેલી, સુધારાના પવનમાં કુધારાને અમલમાં મૂકતી, સન્નારીઓએ પશ્ચિમનું આંધળું અનુકરણ કરી જીવનને સ્વચ્છંદતાની મેલી ગટરમાં હોમતા પહેલાં અંતરમાં સંસ્કૃતિના અજવાળા પાથરવા માટે આવી મહાન્ વિભૂતિઓના જીવન ચરિત્રોનું મનન, અવશ્ય પ્રકાશનો પૂર્ણ ચંદ્રમા પ્રગટાવશે અને જીવનને નંદનવન બનાવવાના માર્ગે લઈ જશે.

( ૨ )

સહદેવે પણ પોતાની ભાર્યાને અનુકુલ થવાને માટે સુંદર નગર વસાવવાનો વિચાર કર્યો.

જ્યાં ગીરિકુંજોની મધુર હવાનું નિરંતર ગુંજન છે, ગગન સાથે વાતો કરતાં અનંગ જલમાં ઉછળતા તરંગોનું પરસ્પર તુમુલ યુદ્ધ, તેમાંથી ઉત્પન્ન થતું આનંદપ્રિય ચિત્કારનું મીઠું મધુરું સંગીત, સહસ્રરશ્મિ અને પૂર્ણચંદ્રના પ્રતિબિંબ નર્મદાના નિર્મલ જલની ગોદમાં જાણે રમતા હોય ? એવા ભવ્ય અને નયન મનોહર દશ્યોનું નિરીક્ષણ જોઈને સુંદર નગર વસાવવાનો સહદેવે વિચાર કર્યો.

જેમાં અનેક ચતુષ્કોણો આવેલા છે. તેના ખુણેખુણે નાના પ્રકારના અનેક રંગબેરંગી પુષ્પો ધારણ કરેલા વૃક્ષોથી વિભૂષિત એવા ઉદ્યાન, સુંદર વાટીકાઓ, દાનશાળાઓ, ઔષધશાળાઓ તથા સમ્યગ્ દર્શન અને પરમપદની પ્રાપ્તિના

બીજરૂપ મેરૂ પર્વતના શિખર સદૃશ શિખરવાલા ગગનચુંબી અનેક જીનાલયોથી વિભૂષિત એવું નર્મદા નામનું નગર વસાવ્યું.

સહદેવ દંપતી સાત ભૂમિકાવાલા પ્રાસાદને નદીના વિશાલ પટ ઉપર બંધાવી, પોતાના કુટુંબ તથા માતાપિતા સહિત રહેવા લાગ્યા.

ગુલાબના પુષ્પો પાસે ભમરા જાય તેમ નર્મદા નગરને વિષે ઘણા પ્રકારના વહેપારને કરનારા વહેપારીઓ, ભૂમિકર્મ કરનારા ખેડૂતો, શિલ્પને જાણનારા શિલ્પીઓ, અનેક કળાઓ જાણનારા કારીગરો, અને અઢારે આલમના માણસો આવી નર્મદા નગરમાં વસ્યા અને પોતાના ધંધાને દેશ પરદેશમાં ખીલવવા તથા ખેડવા લાગ્યા. પૂરજનો અનેક પ્રકારના ક્રય-વિક્રયને કરતાં ધનોપાર્જનની સાથે ધર્મ પણ ઉપાર્જન કરવા લાગ્યા.

રત્ન ભૂમિમાંથી જેમ રત્નોની પ્રાપ્તિ થાય, તેમ સહદે-વની સ્ત્રીએ શુભલગ્ને ઉત્તમ લક્ષણોથી યુક્ત એવી પુત્રીને જન્મ આપ્યો.

ઘર ઘર તોરણો બંધાયા. આનંદ મંગલના ગીતો ગવાયા. માણેક મોતીના થાળ ભરાયા. અને સહદેવના ત્યાં વધામણાં દેવાયા. ગરીબોને દાન અપાયા. પશુઓને અભય-દાન અપાયા. આ રીતે સહદેવે કુટુંબીજનો તથા નગરજનો સહિત જન્મોત્સવ ઉજવ્યો.

નર્મદામાં જલક્રીડાનો દોહદ ઉત્પન્ન થયેલો હોવાથી બારમે દિવસે પુત્રીનું નામ નર્મદા રાખવામાં આવ્યું.

પુત્રીને યોગ્ય એવી ચોસઠ કલાઓ તથા વ્યવહારિક તથા અમરપદની પ્રાપ્તિનું સમ્યગ્ જ્ઞાન લેવા માટે યોગ્ય ઉંમરે પંડિતો પાસે મોકલવા લાગ્યા. અનુક્રમે સર્વ કલામાં સંપૂર્ણ એવી નર્મદાકુમારી પૂર્વના ને માતાપિતાએ આપેલા અને પંડિતો પાસેથી મેળવેલા સુંદર સંસ્કારના શણગારથી શોભતી, શરદ્‌ના શીત ચંદ્રમાની શીતલતાને ફેલાવતી, રૂપ, ગુણ, લાવણ્યની મૂર્તિસમી નર્મદાકુમારી યૌવન વયને પ્રાપ્ત કરી ચુકી.



## પ્રકરણ ૩ જું

### કલ્પાંત

નર્મદા સુંદરીના રૂપની પ્રશંસા કોઈ પથિકના મુખેથી ઋષિદત્તાએ સાંભળી.

રતિ પતિને ભૂલાવે તેવા સૌંદર્યવાન પોતાના પુત્ર મહેશ્વરદત્ત માટે નર્મદાની માગણી કરવાનો અંતરમાં ચમકાર ઋષિદત્તાને થયો પણ ? ક્ષણવારમાં મનોકાંતિ બદલાઈ ગઈ.

કૃષ્ણ ચતુર્દશીના અંધકારનો પછેડો જાણે પથરાયો ન હોય? તેમ મ્લાન વદને પોતાના પ્રત્યે બોલવા લાગી.

ધિક્કાર છે મને કે? પિતાના ત્યાંથી વારસામાં મળેલા અનુપમ જૈનત્ત્વના સંસ્કારનો અણમોલ ખજાનો વિષય અને વિલાસોની તૃપ્તિના ભયંકર તાંડવમાં હું હારી ગઈ.

ખરેખર હે દૈવ! તારી લીલા અજબ છે. રાયને રંક, યોગીને ભોગી, ધર્મીને અધર્મી, બનાવવાની તારી પ્રબળ સત્તા કોઈ પણ આત્મા સમજવા અશક્ત છે.

હે કર્મ! તારા ઉદયે ? તારા પંજામાં સપડાએલ અનંતશક્તિનો ધણી આત્મા પણ ગરીબડો બની ભવોભવ ભટકવાના ભુલાવામાં ભમે છે.

હાય હું અભાગી કે? મેં જૈનધર્મનો ત્યાગ કર્યો.... મને.......મારા સગા સ્નેહીઓએ તરછોડી, હા...હા....હું સર્વસ્વ હારી ગઈ? હવે મારા પુત્રને સહદેવ પોતાની લાડકવાયી પુત્રી નર્મદા કેમ આપશે?

પોતાનાથી થયેલ ભયંકર ભૂલના ભૂલાવામાં ભૂલી ભમતી, અંતરને વલોવતી, સ્વરને રૂંધતી, મિથ્યાત્વના મજબુત બંધનથી બંધાયેલી ઋષિદત્તાને અજ્ઞાનતાના અંધકારની ઘંટડીનો નાદ અંતરને કોરી ખાવા લાગ્યો.

ઓ મારી આશાના કકડા કરનાર હે વિધાતા?

બીજાની આશાના ભાંગીને ભુક્કા કરનારના પણ તું આશાના દીવડા બુઝાવી નાખે છે.

હા.......હા.......હા.......હું કેટલી નિષ્ઠુર? માતા-પિતાના વાત્સલ્યના મહેરામણમાં મેં આગ ચાંપી. તેઓના પ્રત્યેનું ઋણ હું ચુકવી શકી નહિ. તેમની વિશાલ આશાઓ અધુરી રહી.

ના.......ના.......ના.......હે વિધાત્રી? તું મારા પ્રત્યે નિષ્ઠુર ના બનીશ. મારા અંતરના કોડ પૂરા કરજે.

વિલાપ કરતી ઋષિદત્તા કરૂણ સ્વરે રૂદન કરવા લાગી.

પોતાની માતાને તરબોળ અશ્રુપાતમાં રૂદન કરતી સાંભળી. મહેશ્વરદત્ત બોલ્યો.

હે માતા કેમ રડો છો? કોણે તમોને દુઃખ આપ્યું? કોણે તમને ઓલંભાના કુવચનો આપ્યા? બો....લો?....બો....લો હે....મા....તાજી? મને સત્વર જણાવો? તમારી

વાત્સલ્યતાથી રંગાયેલો તમારો પુત્ર તમારૂં ભયંકર દુઃખ કે રૂદન જોઈ શકતો નથી. તમારૂં અંતરને પીગળાવી નાખે તેવું કારૂણ્ય રૂદન મારાથી સાંભળી શકાતું નથી.

તમારૂં ભયાનક કપરામાં કપરૂં કાર્ય કરવા તમારો પુત્ર તૈયાર છે.

હે માતાજી! તમારો હતભાગી પુત્ર પથ્થરને પણ પીગળાવી નાખે તેવા તમારા રૂદનને ખાળવા જીવનને પણ હોડમાં મૂકતા જરા પણ અચકાશે નહિ.

જેમ જેમ મહેશ્વરદત્ત પૂછવા લાગ્યો તેમ તેમ ઋષિદત્તા મોટા સ્વરે રૂદનનો આક્રાંત કરવા લાગી.

મહેશ્વરદત્ત ગદ્‌ગદ્‌ કંઠે માતાના બે બાહુને પકડી કરગરવા લાગ્યો ત્યારે ઋષિદત્તા કહેવા લાગી.

હે પુત્ર! તારા મામા સહદેવને ઉર્વશીને પણ પોતાના રૂપથી શ્યામ પાડી નાખે તેવી, રૂપ, ગુણ અને લાવણ્યની તેજોમયી મૂર્તિ સદૃશ, નર્મદા નામની પુત્રી છે, તે તારા માટે જ યોગ્ય છે, પણ તારા મામા જૈનધર્મના પ્રખર અનુયાયી છે. તે તારી સાથે નર્મદાસુંદરીને પરણાવશે નહિ, એટલે મારૂં અંતર આઘાતથી વિંધાય છે, અને રડવું આવે છે, હું પણ પહેલા જૈનધર્મની ઉપાસિકા હતી, પણ અત્રે આવ્યા બાદ કર્મના વિપાકે પંજો માર્યો અને મારો રાહ બદલાવી નાખ્યો.

હે માતા! તમારા અંતરના આનંદને માટે મારા જીવનની નાવને ભયંકર ઝંઝાવાતના માર્ગમાં મૂકીને પણ તમારી આશાની દીપોત્સવીના દીવડાની દીપમાળને દેદીપ્યમાન બનાવીશ.

તમારા જીવનની શાંતિને માટે ભગીરથ પ્રયાસો કરીશ.

માતાજી આપ મને આજ્ઞા કરો હું નર્મદાનગર જઈશ. ત્યાં સર્વ સ્વજનોને સમજાવી વશ કરીને, નર્મદાને મેળવીશ.

અને તમારા અંતરને શાન્તિના અનંત સાગરમાં તરબોળ બનાવીશ.

ઋષિદત્તાએ કહ્યું.

ઓ મારી આશાના આભમાં છૂપાએલા ચંદ્ર ! હું તને કેમ જવા દઉં ? તારા વિના ઘર શ્મશાન સમાન સુનકાર લાગશે, કાર્ય સિદ્ધ કરવાને માટે તું અસમર્થ છે.

તારા પ્રાણાંત કલ્પાંત સામે તારા મામા, મામી, અરે પિતામહ પણ તેઓ પોતાના અડગ નિશ્ચયમાંથી જરા પણ ચલિત થશે નહી અને તારા કાકલુદીભર્યા શબ્દોની સામે તેઓના બેફાટ હાસ્યના પડઘા તારા કાનના પડદાને પણ તોડી નાખશે.

મેરૂ પર્વત ચલાયમાન કરવો જેમ દુષ્કર છે તેમ તેઓને પણ તેમના "જૈનત્વના સંસ્કારવાળાને જ પુત્રી આપવી" એવા અડગ નિશ્ચયથી ચલાયમાન કરવા દુષ્કર છે.

માતાજી ! જરૂર હું જઈશ. નર્મદાસુંદરીની સાથે લગ્ન કરીને જ તમને મારૂં મુખ બતાવીશ. એવો કોણ કુલકલંક હોય ? કે જે પોતાની માતાના અરમાન પૂરા ન કરે, જે માતાએ ઉદરમાં નવનવ માસ સુધી જતન કર્યું, જેના માટે મરણાંત કષ્ટોની ભૂતાવળોને ભેદી નાખી, રાત્રિ દિવસ અજંપામાં પસાર કર્યા, અશુચિના ઢગ ઉપાડયા, પત્થર એટલા દેવ માનીને પોતાના જીવનની પરવા પણ કર્યા વિના પુત્રનું જનત કર્યું, તેવી માતાના સુખને માટે પુત્ર પાછી પાની કરે તો

તે "કુળદીપક નહિ પણ કુલકલંક." માતાના અંતરને દુભાવનાર પુત્રો ખરેખર આ ભૂમિ ઉપર ભાર રૂપ છે.

હે માતા! તમો મને સત્વર આજ્ઞા આપો. તમારી ભાવના પૂરી કરવા માટે મારા જીવનની પણ પરવા કર્યા વિના ભયાનક અટવીઓના કાંટાળા માર્ગમાં પગ મૂકતાં જરા પણ અચકાઇશ નહિ, અને કાર્ય સિદ્ધ કરીને જ તમોને મારૂં મુખ બતાવીશ.

માતાજી........માતાજી! મને જલ્દી વિદાયગીરી આપો અને અંતરના ઉમળકાના મીઠા આશીર્વાદ આપો.

તમારા આશીર્વાદથી પથ્થરોથી ખડકાયેલા પહાડને પણ તોડવાની શક્તિ પ્રાપ્ત થશે.

માતા પિતાના આશીર્વાદ આ સંસારમાં અમૃત ફળો આપે છે. માતાપિતાના આશીર્વાદને નહિ ઇચ્છતો, અને માતાના પુત્ર પ્રત્યેના મમતા અને વાત્સલ્યભર્યા અંતરને બાળતો આત્મા પોતાની ભયંકર દુર્દશાને નોતરે છે.
પુરાણોમાં કહ્યું છે કેઃ–

ગંગામાં સ્નાન કરવાથી, નર્મદાના દર્શનથી, તાપીના સ્મરણથી જે પુણ્ય થાય, તેના કરતાં અધિક પુણ્ય માતા પિતાના દર્શન કરવાથી થાય છે, માટે હે માતાજી! આશીર્વાદ આપો.

સુખેથી જા અને કાર્ય કરવામાં ફત્તેહ મેળવીને જલ્દી પાછો આવજે, ઋષિદત્તાએ કહ્યુંઃ–

મહેશ્વરદત્તઃ માતાપિતાને પગે લાગી, જવાની તૈયારી કરવા લાગ્યો.

( ૨ )

અંધારી રાત હતી, અગણિત તારલાઓ આભલાની સોડમાં સુતા સુતા દુનિયાની લીલાને નિહાળતાં આછું સ્મિત વેરી રહ્યા હતા, ધરતી પર કયાંક નિર્જીવ શાંતિ હતી, તો કયાંક ચિત્ર વિચિત્ર અવાજો સંભળાતા હતા. એક મહેલના મોટા ઓરડામાં મહેશ્વરદત્ત તંદ્રામાં સૂતો હતો, તેની મનોસૃષ્ટિ બદલાઇ ગઈ હતી. તેને તંદ્રામાંથી ઝબકાવતાં નર્મદાના મીઠાં સોણલાં નિદ્રા આવવા દેતા નહોતા, માતાની ઇચ્છા પૂર્ણ કરવા માટે તેના હૃદયમાં મહાભીષણ ઘમસાણ જામેલું હતું. પોતાના એકલવાયા જીવનને નવપલ્લવિત બનાવવા માટેની ખોજમાં સાડાત્રણ પહોર રાત્રિ વ્યતિત થઈ હતી. કાળરાત્રીએ પોતાનો અંધાર પછેડો ધીમે ધીમે સંકેલવા માંડયો હતો.

જેમ જેમ અંધાર પછેડો સંકેલાવા લાગ્યો તેમ તેમ મહેશ્વરદત્તની નર્મદા નગર જવા માટેની વ્યાકુલતા વધતી ચાલી.

પોતાના સહસ્ત્ર કિરણોથી સુશોભિત સુવર્ણ ચાદર ભૂમિતલ ઉપર ઓઢાડવા સહસ્ત્રરશ્મિ પોતાની સ્વારી લઈને ઉદયાચલથી આવી રહ્યા હતા. મહેશ્વરદત્ત પણ પોતાના કાર્યની પૂર્ણાહૂતિના માર્ગ ઉપર ધડક દોડી રહ્યો હતો. આશા અને નિરાશાના વિકટ પંથ ઉપર પછડાતો મહેશ્વરદત્ત નર્મદાનગર તરફ પ્રયાણ કરી ચુકયો.

ઘડીક આશાના સૂર્યથી શાન્તિ મેળવતો, તો ઘડીક નિરાશાના અઘોર અંધકારમાં અથડાતો મહેશ્વરદત્ત પૂર્ણાહૂતિની પગથાર પર પગલા પાથરતો રસ્તો કાપવા લાગ્યો.

નિરાશા....? તું કોને નિરાશા કહે છે? મહેશ્વરદત્ત સ્વગત્ બબડતો અને મગજમાં મનોમંથન કરતો, વિચાર કરવા માટે વિશાળ વૃક્ષની ઘટામાં બેઠો.

રાત્રીના પેટાળમાં દિવસના પ્રકાશનો ખજાનો શું નથી છુપાયો? નિરાશા એ શબ્દમાં શું આશાનું ઓજસ્ પ્રગટ નથી થતું? મહેશ્વરદત્ત તું નિરાશ ન થા. પોતાના પ્રત્યે પોતે બોલવા લાગ્યો.

છીપમાંજ મોતી વસેલું છે, ધૂળના ઢગલામાં સોનાની રજકણો પ્રકાશ રેલાવી રહી છે.

તેમ નિરાશાના ગૂઢ કોચલામાં આશાનું ખમીર ચમકી રહ્યું છે.

જે માનવી નિરાશાના વધારામાં વધારે વજ્રઘાતો ખામી શકે છે તે જ માનવી આશાની વધુ તેજશીલ સમૃદ્ધિઓને આવકારવા માટે વધુ અધિકારી નીવડી શકે છે. પણ માનવીની નિરાશા પુરૂષાર્થના પુદ્ગલથી પ્રાણાંકિત હોવી જોઈએ.


દિવસને વાદળાઓથી ઘેરી અંધારૂં કરી મુકનાર અને શ્યામ રજનીમાં ચંદ્રમાનો અમીદીપ પ્રગટાવી તિમિરપુંજને તેજ રાશિના રૂપમાં ફેરવી નાખનાર હે આશા? તું જ છે.

હું જાણું છું કે આશાના નિઃસીમ પ્રાંતમાં સંધ્યાનો સોહાગ ભરીને નવપલ્લવિત કરનાર પણ હે આશા? તું જ છે.

તો પછી હે પારસમણિ માતા? તારા આશીર્વાદથી દિવસ રાત્રિ કે સંધ્યાની કોઈપણ સ્થિતિમાં હું નિરાશ કેમ થાઉં?

ના....ના....ના....વિચારો શા કરવા હતા, માતા પિતાના મીઠા અમીભરી દ્રષ્ટિના આશીર્વાદ મેળવ્યા પછી, પણ વિચારો શા માટે કરવા. માતાની મમતા અને પિતાનો પ્રેમ જરૂર મને વિજય પ્રસ્થાનની પગદંડીએ પહોંચાડશે.

મહેશ્વરદત્ત પરાજયની અંધારી નિશામાં અને વિજયના સોહાગને શોભાવતી ઉષાના પડછાયામાં અથડાતો મગજની સમતુલાને ઘડીક ગુમાવતો, ઘડીક વિજય મલશે એવી આશામાં મલકાતો; અનેક ગામ અને નગરના સીમાડા વિંધતો, હ્રદયના ઉલ્કાપાતને શાંત પાડતો, નર્મદાનગર આવ્યો.



## પ્રકરણ ૪ થું

## નર્મદાના લગ્ન

મહેશ્વરદત્ત નર્મદાનગરમાં પોતાના મામા સહદેવના આવાસને પૂછતો મામાના ઘેર આવ્યો.

લોકલજ્જા અને વહેવાર ઉચિત જાણી મિથ્યાત્વી પણ પોતાનો ભાણેજ છે તેમ માની તેનો આદર સત્કાર કર્યો અને સહદેવે પૂછયું હે ભાણેજ! બોલો તમારૂં આગમન કયા કારણથી થયું? તે મને જણાવ.

મહેશ્વરદત્તઃ—માતા ઋષિદત્તાના આગ્રહને વશ થઇ તમોને મળવા તથા કુટુંબીઓના સમાચાર પૂછવા માટે આવ્યો છું. મહેશ્વરદત્તે મધલાળને મુખમાંથી વહેતી મૂકી.

હે રૂદ્રદત્ત ધુતારાના પુત્ર? તારા પિતા અમને એક વખત ઠગી ગયા, હવે તું પણ અમને ધૂતવા આવ્યો છે પણ? જેમ લાકડાની હાંલ્લી ચુલા ઉપર એક જ વખત ચડે, જલમાં તારલાનાં પ્રતિબિંબ દેખી હંસ મોતી સમજી ચુગવા જાય અને ઠગાઈ જાય, અને ફરીથી સાચા મોતીને પણ ચુગતા ઠગાવાની બ્હીકે અટકી જાય, તેમ હે મહેશ્વરદત્ત!

તું પણ તારા પિતાની માફક અમને ઠગવા આવ્યો હોય તો પણ અમે ઠગાવાના નથી.

મહેશ્વરદત્ત—હે પૂજ્ય મામા ! એક ઘર ડાકિની પણ છોડે છે, આપના નગરમાં બધા જ સજ્જન વસે છે ? નહિ જ ? તેમાં પણ ધૂતારા તો જરૂર હશે જ. તેથી કરીને આખું નગર ધુતારા નગર ન કહેવાય.

હે મામા ! શું પાંચે આંગળીઓ સરખી છે ? ના. આપ માનો છો તેમ ! “ બાપ તેવા બેટા, ને વડ તેવા ટેટા ” તમારે ન માનવું જોઇએ.

પવનંજય રાવણનો ખંડિઓ રાજા હતો, પણ તેના પુત્રે રાવણની અમરાપુરી જેવી લંકાને રોળી નંખાવીને રાખના ઢગ ખડકાવ્યા.

ભલે વસુદેવને કંસરાજાએ લોખંડી જંજીરોથી જકડી નાખીને ભયાનક કારાગારની ભયંકર દિવાલોમાં નાંખ્યો. પણ તેના જ પુત્ર કૃષ્ણ વાસુદેવે, કંસરાજાને એકજ પ્રહાર કરી ધૂળ ચાટતો કરી મારી નાખ્યો. માટે હે મામા ? પિતાના ગુણ કે અવગુણ પુત્રમાં હોતા નથી.

ભયાનક સર્પ પણ બે જીભથી જ માનવોને કરડે છે. પણ તેનામાંથી ઉત્પન્ન થયેલો મણિ માનવોના વિષમ વિષનું વમન કરાવવા સમર્થ હોય છે.

સમુદ્ર ખારો છે પણ, તેનો પુત્ર અમૃતનો ટુકડો છે.

હે મામા ? જો બધા જ દુનિયામાં સરખા હોય તો દિનમણિ પૂર્વ દિશામાંથી ઉદયાચલે આવે નહિ અને અંધકારમાં જ દુનિયા તરબોળ બને.

હે મામા ! ભલે તમને મારા પિતાના દોષ દેખાતા હોય, પણ હવે તમારે તેઓની ઉપર રોષ ધરવો જોઈએ નહી.

જે કાંઈ ભાવીની ભીતરમાં બનવાનું હતું તે બની ગયું. પણ હવે શા માટે રોષ કરવો જોઈએ.

મારા પિતા મિથ્યાત્વી હતા, તેમના સંગદોષથી માતાએ પણ પિતાના અને કુલના ધર્મને અંગીકાર કર્યો પણ માતાને જ્યારે પોતાની પામર પરાકાષ્ટાની ભુલ જણાઈ ત્યારે ભુલના ભયંકર પરિતાપથી પસ્તાવો કરતી, પશ્ચાત્તાપની પવિત્ર સરિતામાં પોતાના મનને નિર્મલ બનાવી જૈનધર્મના રંગમાં રંગાઇ ગઈ, અને વીતરાગ ભગવંતના માર્ગની ઉપાસિકા બની ગઈ.

ભયાનક પ્રપંચબાજીને રચતો, માયાના મોજામાં મોજ મજાહ માનતો, મહેશ્વરદત્ત ધૂતારાની ધમાલને ધારણ કરતો, મામાને ભેટયો, અને સઘળા કુટુંબની સાથે આનંદ પૂર્વક રહેવા લાગ્યો. દરરોજ નવા નવા ક્રયવિક્રયને કરતો પોતાની મેલી મુરાદો પાર પાડવાને માટે મામાની સામે પ્રચંડ પ્રચંડ-બાજીના પાસા ફેંકતો રહેવા લાગ્યો.

બહારથી શાંતિને અનુભવતો, અંતરમાં અગ્નિના આતપમાં પ્રજ્વલિત બનતો, આત્માની અનંતશકિતના આનંદને અંધકારમાં અથડાવતો, નિરાશાના નિશાચરના નાદમાં નિમગ્ન બનતો, અનેક તર્ક વિતર્કોને કરતો, મહેશ્વરદત્ત નર્મદાને મળવાની તક શોધવા લાગ્યો.

પોતાની મનઇચ્છિત કાર્યની પૂર્ણાહૂતિને માટે દરરોજ આશાના નવા નવા પાસા ફેંકતો વિશ્વાસ પમાડવા લાગ્યો. અને પૂર્વના સંસ્કારના ઉદયથી, જિન ચૈત્યમાં શ્રી જિનેશ્વર ભગવંતની સેવના–પૂજના કરતો તથા પૌષધશાળામાં પંચ મહાવ્રતધારી કંચન કામિનીના ત્યાગી, પંચ પરમેષ્ઠીના પંચમસ્થાને બિરાજતા સુગુરૂ પાસે જઇને વંદન, સેવા, સુશ્રુષા કરતો જૈન દર્શનનો અભ્યાસ પણ કરવા લાગ્યો.

મહેશ્વરદત્તના ગુણથી આકર્ષાઇ સહદેવ પોતાના ખોળામાં મહેશ્વરદત્તને બેસાડી કહેવા લાગ્યો કે હે મહેશ્વર-દત્ત ! કાજળઘેરી કાળ રાત્રીમાં ઝબકતી વિજળીઓનો ઝબકાર ક્ષણભર અવની ઉપર તેજપુંજને વેરે છે, અને નિર્જીવ કાળી રાત્રીના અંધકારને દૂર કરે છે, તેમ અમારા અંતરમાં તારા માટે અંધકારજ હતો. પણ તારા સદ્ગુણોના તેજપુંજે અમારા અંતરને આનંદના ઝબકારમાં તરબોળ બનાવી દીધું છે માટે બોલ ? બોલ ? તારે શું જોઈએ ?

તું જે માગે તે તને આપું ? તારા સદ્ગુણો તથા વિનય અને વિવેકથી અમારા અંતરમાં આનંદના અજ-વાળાનું ઓજસ્ પ્રગટ્યું છે.

માટે તું માગ ? તારી તમામ મનોકામના હું પૂર્ણ કરીશ.

મહેશ્વરદત્ત જેની ઝંખનાનાં ઝાંખા પ્રકાશમાં ઝુલવા માટે ઝડપભેર પગલાં ભરી રહ્યો હતો, તે સમય આવીને ઉભો રહ્યો.

સમયનો પારખું મહેશ્વરદત્ત સમયને વિચારી કહેવા લાગ્યો.

હે મામા! આપની કૃપાથી મારી પાસે તમામ વસ્તુઓની પ્રાપ્તિ છે પણ જો આપની મારા પ્રત્યે પૂર્ણ ભાવનાથી કૃપા હોય તો "આપની સુપુત્રી નર્મદાસુંદરીને મને આપો."

મહેશ્વરદત્તના શબ્દ ધ્વનિએ સહદેવની છાતી વિંધિ હૃદયમાં ફાચર મારી.

મહેશ્વરદત્ત! તું કયાં મિથ્યાત્વ કુળનો અને અમે કયાં સમ્યગ્દર્શનના ઉપાસક? કયાં કેસરીસિંહ અને કયાં રાસભ, વિચાર....કર....અરે....ઓ....દંભી....મહેશ્વરદત્ત.... તું વિચાર...કર. ?

તારી અકારી માંગણીએ મારા હૃદયના ટુકડા કરી નાખ્યા.

"કયાં હંસણી સમાન મારી પુત્રી. અને કયાં તું તારા પિતાના જેવો ઠગારો બગલો" નહિ....નહિ....નહિ.... તારા જેવા કાગડાના કંઠે મોતીની માળા સરખી મારી પુત્રી નહિ બાંધું."

અતિ અવિહડ ઉમંગના ઉછરંગથી ઉત્સંગમાં રમાડયો પણ તેં મને છેતરીને કારી ઘા માર્યો.

ઓ મહેશ્વરદત્ત તને ખબર નથી કે દુધથી દાઝેલો માનવી શું છાશ ફુંકીને નથી પીતો? સાપથી બીધેલો માનવ શ્યામ રજનીમાં પડેલા દોરડાથી શું નથી ગભરાતો?

મહેશ્વરદત્ત ! કોઇ કાળે પણ હું મારી પુત્રી મિથ્યાત્વીના કુળમાં આપવાનો જ નથી.

સહદેવના શબ્દવેધના પ્રહારથી મહેશ્વરદત્તના મૂખારવિંદ ઉપર નિરાશાના નિશાચરે પંજો માર્યો અને આશાનું ઓજસ્ ઓસરી ગયું.

મામા....મામા....કરગરીને મહેશ્વરદત્ત મ્લાનવદને વદવા લાગ્યો, ભલે મારા પિતા મિથ્યાદ્રષ્ટિ કહેવાતા હોય પણ હું કેમ કહેવાઉં ? બોલો....મામા.

જે માતાનું તમે સ્તનપાન કર્યું છે. તેજ માતાનું મારી માતાએ સ્તનપાન કર્યું છે, તેનું જ મેં સ્તનપાન કર્યું છે. એટલે મિથ્યાદ્રષ્ટિ હું કેવી રીતે કહેવાઉં ?

જરૂર ! મારા કુળ ધર્મ પ્રમાણે હું શિવમાર્ગી ગણાઉં, પણ મેં અભ્યાસ જૈન દર્શનનો જ કર્યો છે. એટલે હું મિથ્યાદ્રષ્ટિ નથી જ, માતાના સંસ્કારનો અણુએ અણુ સંતાનોમાં જરૂર આવે છે.

અરે મામા ! તમો તો ગુણના દરીઆ છો, મહેશ્વરદત્ત કલ્પાંત કરતો બોલવા લાગ્યો.

હે ગુણજ્ઞ ! હાથી કદાપી કાનથી પકડાતો નથી. તેમ માણસ પણ શબ્દથી પકડાતો નથી. પણ કાર્યવાહીથી જ પકડાય છે. માટે આપ વિચાર કરો અને વિશ્વાસ રાખો. "વિશ્વાસ વિશ્વાસને જ જન્મ આપશે" આપે માગવાનું કહ્યું અને મેં માગ્યું.

ભાણેજના વચનમાં વિશ્વાસ આણી સહદેવે પોતાની રૂપ, ગુણ અને લાવણ્યના પ્રતિકસમી યૌવનવંતી સુપુત્રી નર્મદા સુંદરીના લગ્ન શુભ મૂહૂર્તે મહેશ્વરદત્તની સાથે કર્યા.


મેઘ વરસે અને મોરલા નાચી ઉઠે. અને ચંદ્ર જેમ જેમ ખીલતો જાય તેમ તેમ સાગર ઉછળતો જાય. તેવી રીતે પોતાના સકલ મનોરથોની પૂર્ણાહૂતિમાં મહેશ્વરદત્ત નાચી ઉઠયો. માતા સમક્ષ કરેલી પ્રતિજ્ઞાની સિદ્ધિમાં અપાર આનંદના ઉદધિમાં ઉછળતો દિવસો નિર્ગમન કરવા લાગ્યો.

એકદા શ્વસુર પાસેથી શીખ લઈને નર્મદા સુંદરીને પોતાની સાથે લઈને ઝડપભેર મુસાફરી કરતો પોતાના વતન આવ્યો.

મહેશ્વર દંપતિએ માતાપિતાને પાયલાગણ કર્યા અને એક બીજાના ક્ષેમકુશળ પૂછયા.

ઋષિદત્તાએ નિર્મળસ્નેહથી પોતાના હૈયા સરસી નર્મદાને ચાંપી. હર્ષના અતિરેકમાં પોતાના પિતૃગૃહના ક્ષેમ કુશળ પૂછયા.

જેમ મત્સ્ય પાણીમાં લીન બની રહે છે તેમ નર્મદા-સુંદરી પણ મહેશ્વરદત્તની સાથે દંપતી જીવનમાં લીન બની દેવલોકના ભોગો ભોગવવા લાગી.



# પ્રકરણ પાંચમું

## જીવન પલ્ટો

આભમાંથી નીતરતી નિશાના ઓછાયામાં તારલાઓનો ઝાંખો પ્રકાશ ભૂમિતલ ઉપર સ્મિત વેરી રહ્યો હતો.

મહેશ્વરદત્તની મન મંઝીલમાં નિરાશાઓના પત્થરોથી ખડકાએલા ડુંગરમાંથી આશાનું નિર્મળ ઝરણું નર્મદાએ વહેતું મૂકી દીધું હતું.

ઝરણામાં લિપ્ત બનેલો મહેશ્વરદત્ત પોતાના આવાસના એક ગોખમાં બેસી જીવન સહચરી સાથે વાર્તા વિનોદના તરંગોને વહાવતો, નિર્જન રસ્તાઓ ઉપર દ્રષ્ટિપાત કરતો, વિશાલ વ્યોમના પટાંબરમાં ચમકી રહેલા તારલાઓની સામે જોતો, અવનવી કલ્પનાઓના ઝુલામાં ઝુલતો, મોંઘેરા જીવનની અમુલ્ય પળોને વાસનાના વિશાળ વહેણમાં હારી જતો હતો. વાસનાના મીઠા મુશ્કરાટના અટ્ટહાસ્યમાં ભયંકર પાયમાલી નોતરતો મહેશ્વરદત્ત બોલ્યો.

હે ચંદ્રાનના ? આપણે કેટલા સુખી છીએ, ખરેખર જીવનની આહૂતિ આપતા પણ તારી પ્રાપ્તિ કરવી અતિ મુશ્કેલ છે, હા........હા........હા........ચંદ્રવદની બોલ ? બોલ ?

હું કેટલો ધન્ય છું કે અશક્યમાં અશક્ય એવી તું ? તારી પ્રાપ્તિ કરવા માટે હું મારા અંતરાત્માને ખુબ જ યશભાગી માનુ છું. મારા જીવનની અમુલ્યમાં અમુલ્ય વસ્તુની પ્રાપ્તિ કરીને મેં મારા મનની અંદર શાંતિનો સ્વાદ ચાખી તારા નયનનું શીતળ પાન કરી જીંદગીની જહેમત યથાર્થ રીતે પાર ઉતારી. બોલ........બો........લ.......બો મારી આશાની વેલડી ? તારી પાસે જગતની અલભ્યમાં અલભ્ય વસ્તુઓ પણ તુચ્છ છે.

હે જીવનરથના સારથી ! મોહની પાછળ આટલા ઘેલાં શું બનો છો ? વિચારો........વિચારો........બો સ્વામિનાથ ? જીવનરથને ઉલ્ટી દિશામાં ગમન કરાવતાં પહેલા જ આપ વિચારો.

કે કઈ તરફ તમારો જીવનરથ દોડી રહ્યો છે, મિથ્યાત્વ અને વાસનાના પ્રબળ અશ્વો તમારા રથને ભયાનક ખીણુમાં ફેંકી દેશે. માતા ઋષિદત્તાના રાહને ભલે તમારા પિતાએ બદલાવી નાખ્યો પણ કદાપિ આપ મારો રાહ નહી બદલાવી શકો. નર્મદા બોલી.

એટલે ? મહેશ્વરદત્ત બોલ્યો.

સ્વામિનાય ? એટલે ? જુઓ ભલે પિતા રૂદ્રદત્તો માતા ઋષિદત્તાના સુસંસ્કારને મિથ્યાત્વની સળગતી સગડી નાંખી બાળી નાખ્યા પણ ? નર્મદાના સંસ્કારને નહિ બાળી શકો. સ્વામિનાથ ? મારા માર્ગમાંથી અમરાપુરીના દેવતાઓ પણ મને પતિત કરી શકે તેમ નથી.

વિષયના ભોગો મધુલિપ્ત કરવાલ સદૃશ છે. મિથ્યાત્વ, ઘોર અંધકારમાં આંખો બંધ કરી ચાલવા જેવું છે. તેના પનારે પડનાર ભવોભવ રવડી રખડી અનેક દુઃખ અને પરિતાપના અતુલ કષ્ટને સહન કરતો, નરકની ભયંકર વેદનાને ભોગવતાં છતાં પણ નથી છૂટી શકતો. સ્વામિનાથ ? હું જાણું છું કે મિથ્યાત્વના વિપાક કિંપાકના ફળો જેવા છે છતાં હું તમને મિથ્યાત્વના માર્ગે પ્રયાણ કરવા દઉં તો આપની સહચરી નહિ, પણ ? તમારા જીવનનો દાહ પ્રગટાવનારી દહચરી.

હે સ્વામિનાથ ? બલીહારી છે, જિનેશ્વર ભગવંતના માર્ગની. ભયંકર પાપને આદરનાર આત્માઓ પણ એ માર્ગના આલંબનથી શિવસુંદરીના મહેલની પાવન પગથાર ચઢી ગયા.

હે સ્વામિનાથ ? કુવિચારો અને કુધર્મનો ત્યાગ કરો અને અચિન્ત્ય પ્રભાવશાળી અવિચ્છિન્ન જૈનશાસનના માર્ગને અનુસરો. જિનેશ્વર ભગવંતની મૂર્તિના દર્શન, પૂજન અને સેવના કરતો આત્મા ગુણની વૃદ્ધિ કરતો અક્ષય અને અવ્યાબાધ સુખની નીસરણી ચઢી જાય છે.

હે મારા જીવન આધાર ? રાવણ રાજાએ પણ જિનેશ્વર દેવની ભક્તિ અને ગુણગાનથી તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું.

હે મારી આશાઓને નવપલ્લવિત બનાવનાર નંદનવનના રખેવાળ ? પૂર્વ કર્મના વિપાકની વિંટબનાથી વિંટાયેલો અને

અનાર્ય દેશમાં ઉત્પન્ન થયેલ આર્દ્રકુમાર પણ જિનેશ્વર ભગવંતના બિંબના દર્શનથી આ ભવપાર કરીને શિવસુંદરીને વરવા માટે પરમપદના પાવન પગથીઆને પામ્યા.

હે મારા પ્રાણાધાર? જિનેશ્વર ભગવંતની પૂજના–સેવના એકાંતે ભવભ્રમણના વમળમાંથી છોડાવી શિવ સુખના સોપાન ચઢવાની શક્તિ અર્પે છે.

જે આત્માએ જિનેશ્વર ભગવંતની વાણીથી કાનને પવિત્ર કર્યા નથી, જેણે પોતાના હાથને સુપાત્ર દાન આપવાવડે કરીને પાવન કર્યો નથી, જેણે ચક્ષુ વડે જિનેશ્વર ભગવંતના દર્શન નથી કર્યા, તે આત્માનો અવતાર ધિક્કાર છે, અને ભૂમિ ઉપર પાપની વૃદ્ધિ કરતો ભાર રૂપ છે.

હે મારા હૃદય અંબરમાં ઓજસ્‌ના અજવાળા પાથરનાર પ્રાણવલ્લભ? જેના પગને દેવતા, માનવો અને તિર્યંચો ચુંબનો કરે છે અરે? જેની સેવનામાં જઘન્યથી કોડાકોડી દેવતાઓ હાજર રહે છે, જેના ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલ–જ્ઞાન અને નિર્વાણ એ જગતના જીવોને આનંદ આપનાર થાય છે અને એકાંતે જગતનું કલ્યાણ ઇચ્છનાર એ મોટા પુરૂષોના પાંચે કલ્યાણકોના પ્રસંગ અપાર દુઃખમાં ડુબેલાં નારકીના જીવોને પણ ક્ષણભર દુઃખથી મુક્ત કરે છે.

તો પ્રબળ પુણ્યાઈથી શ્રી જૈન શાસનને પામેલો આત્મા શ્રી વીતરાગ પ્રભુના ધ્યાનથી આ જન્મ મરણનાં ભયંકર દુઃખોથી કેમ મુક્ત ન બને? અવશ્ય તે આત્મા કર્મથી મુક્ત થઈ શકે છે.

હે મારા મન મંદિરના મહેમાન ? આપજ વિચાર કરો કે જે દેવો સ્ત્રીથી પ્રેમ કરે છે, અને સ્ત્રીમાં જ લુબ્ધ બને છે, તેવા બ્રહ્મા, વિષ્ણુ કે શંકર, પોતે કેવી રીતે તરશે અને બીજાને તારશે ?

તારક તો તે જ કહેવાય કે જેણે કંચન, કામિની, કુટુંબ અને કાયારૂપી ભયંકર કારાગારની દીવાલોનો ત્યાગ કર્યો છે, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, જેવા મહાન લુટારાઓને તપ રૂપી તલવારથી મારી નાખ્યાં છે. તે જ આત્માઓ પરમ પદની નીસરણી ચઢયા અને બીજાઓને તેજ નીસરણી ચડવાનો વશીકરણ મંત્ર આપ્યો.

સત્ય માર્ગને નહિ જાણનારા લોકો સંસાર સાગરનું ઉલ્લંઘન કરવા પથ્થરની નાવની માફક તુલસી અને પીપલના ઝાડની પૂજના કરે છે તે આત્માઓ શું તરશે કે ડુબશે ? અચિત તેઓ ડુબે છે અને એ માર્ગે લઈ જઈ બીજાઓને પણ ડુબાડે છે.

જેણે કષાયો અને સંસારને આત્મીય ધ્યાનમાં બાળીને ખાખ કરી નાખ્યા છે અને જગતના જીવોને સંસારના અનંત દુઃખ દાવાનળમાંથી છુટવાનો માર્ગ બતાવ્યો છે. તેવી જો કોઈ પણ વિરલ વિભૂતિ હોય તો ફક્ત વીતરાગ દેવ જ છે.

તમારા પડછાયાની રંગબેરંગી ચુંદડી ઓઢતી આપની હૃદય ભાગા આપને કરજોડીને વિનવે છે કે હે હૃદયવલ્લભ ? આપ પથ્થરની નાવ છોડીને અગાધ એવા સંસાર સમુદ્રને તરવા માટે વીતરાગ કથિત ધર્મ રૂપી પ્રવહણને ધારણ કરો.

હે મારી જીવન નાવના સુકાની ? હું આપને વિનવું છું કે આપ મિથ્યાત્વના વમળમાં અથડાવું છોડી દો અને બહાર નીકળવાને માટે આપ આપનો રાહ બદલો, ને કુટું-બમાં યોગ્ય માર્ગદર્શન આપો. જરૂર પ્રાણેશ ? આપ બહાર નીકળશો અને બીજાને મિથ્યાત્વના વમળમાંથી બહાર નીકળવાના ઓવારે લઇ જશો.

હે પ્રાણથી અધિક પ્રિય અર્ધાંગના ? હું પણ સમજ્યો. મેં અત્યાર સુધી ધુમાડાના બાચકા ભર્યા. હે ચંદ્રવદના ? તારા શબ્દો અણમોલ છે, પણ હું કેમ કરીને બધાને સમજાવું. ? તારી સત્ય વસ્તુનું કથન મને નસેનસમાં વ્યાપેલ છે. પણ ? ઘરના કેમ માનશે ? હે ચંદ્રમુખી ? મહેશ્વરદત્ત બોલ્યો.

હે મારા સૌભાગ્ય કંકણના સથવારા ? તમે વિચાર કરો. જેના ઘરના સંસ્કાર મને છે તેનાજ ઘરના સંસ્કાર માતા ઋષિદત્તાને છે. ભાવિની ભયંકર ભમરીમાં તેમના સુસંસ્કારો ઉપર મિથ્યાત્વના સંસ્કારોનું આવરણ આવી ગયું, પણ તે આવરણ ખસેડવાની શક્તિ તમારામાં છે. જરૂર માતાજીને તમે કહેશો તો એ પૂર્વના સંસ્કારો ફરીથી ઉદયમાં આવશે. તમને તમારી ફરજ બજાવવામાં જરૂર શાસનદેવ સહાય કરશે.

હે મારી હૃદય મંઝીલના મેવાસી ? જરૂર માતાજીને આપણે વિનવીએ. જરૂર માનશે અને સત્ય વસ્તુ સમજશે. નર્મદાસુંદરી બોલી.

માતાજી........માતાજી........આપની પુત્રવધુએ આપ-

ણુને અંધકારમાં ભટકતા અટકાવ્યાં ને સત્ય મંઝીલના માર્ગની દિશા બતાવી.

જિનેશ્વર ભગવંત પ્રણિત ધર્મ જ સાચો છે.

જે દેવો વિષય અને કષાયોના ગુલામ છે, અને લીલાઓ-માંજ પોતે લિપ્ત છે, પ્રણય ક્રીડાઓને ખેલે છે. તેવા દેવો શું આપણને મોક્ષ માર્ગ તરફ પગલાં મંડાવશે ?

બોલો........બોલો....... માતાજી ? તે આપણને તારશે ? કે ડુબાડશે ?

શા માટે ઉત્તમ માનવજીવનને લીલાઓને માર્ગે વાળી કાદવમાં રગદોળવું. "માનવજીવન એ જ મોક્ષમાં જવાની નીસરણી છે" તે નીસરણીના માર્ગે લઈ જનાર હોય તો ફક્ત જૈનધર્મ જ છે. તે નીસરણીના પગથીઆ ચઢવાની ક્રિયાને બતાવવા માટે વીતરાગ દેવો સિવાય બીજા દેવો બતા-વવાને માટે શકિતહીન છે. મહેશ્વરદત્તે કહ્યું.

ભાઈ મહેશ્વરદત્ત ! તું જે કહે છે તેજ સનાતન સત્ય છે. મારા અશુભ કર્મોદયથી હું અજ્ઞાનનાં ઘેરા અંધકારમાં અથડાઈ અને બીજાને પણ મેં અથડાવ્યાં, હે મહાભાગા નર્મદા ? સાચે જ તારા અટલ નિશ્ચયથી મજબુત રહીને તેં બીજાને શુદ્ધ માર્ગની દીવાદાંડી બતાવી.

ઓ. મારા કુલની વ્હાલસોયી વેલડી ? ખરેખર તું ધન્ય છે. અમારા પ્રબળ પુન્યના પ્રતાપે તું મલી અને અમારા જીવનની દિશાને બદલાવી નાખી, અને બુઝાયેલી દીપ માળના

દીવડાની જ્યોતને તેં ફરીથી વધુ તેજોમય બનાવી. ઋષિદત્તાએ કહ્યું.

જિનેશ્વર ભગવંતના માર્ગમાં વિશેષ શ્રદ્ધાવંત બની, ભક્તિની છોળો ઉછાળતું કુટુંબ આનંદના કિલ્લોલમાં નવપલ્લવિત બન્યું અને ઉત્તમ પ્રકારની કાર્યસિદ્ધિને સાધતા, ધર્મક્રિયાને આચરતા, દિવસો પસાર કરવા લાગ્યા.

## પ્રકરણ ૬ ઠ્ઠું

### શ્રાપ

સંધ્યામાં રોજ આથમતી અને પ્રભાતના અવનવા શણગારને સજતી ઉષાએ પૂર્વ દિશામાંથી અવની ઉપર પોતાના પ્રેમ નિતરતા પછેડાને પાથર્યા. લગલગ બે પહોર વ્યતીત થયા હતા.

નર્મદાસુંદરી નિત્યકર્મથી પરવારી, સોલે શણગારના સ્વાંગને સજી, મુખમાં મઘમઘતા તાંબુલને ચાવતી, હાથમાં આરિસાને ધારણ કરી, પોતાના મદભર્યા મુખને કાજળથી ભરેલાં નયનો વડે આનંદના ઉછરંગથી નિહાળતી, પોતાના વિશાલ પ્રાસાદની પહેલી ભૂમિકાના ગવાક્ષમાં બેઠી હતી. પાસે ઉભી રહેલી સખીઓ પણ તેના મદભર્યા મુખાવિંદ તરફ જોઇને, તારીફની તાશીર બોલાવતી હતી.

નર્મદા પણ સખીઓની સાથે વિલાસના વાતાવરણને વણુતી વદનમાંથી મધુર મુશ્કરાટને વહાવતી હતી.

ચંદ્રપુર નગરના રાજમાર્ગો ભયાનક આતાપમાં બળતા સાવ નિર્જન અને સુમસામ પડયા હતા.

આભમાંથી અંગારને વર્ષાવતો સૂર્ય પોતાના સહસ્ર કિરણોના પ્રબળ પરિતાપથી પૃથ્વીને પાવકની પેરે પ્રજાળતો વિશાલ વ્યોમના મધ્યાંતરમાં આવી રહ્યો હતો.

ધગધગતી રેતીથી જેના પાદતલ દાહ અનુભવી રહ્યા હતા. કર્મરાજના મજબુત કિલ્લાને તોડનાર "ઈર્યાસમિતિ"નું પ્રબલ પાલન કરતા, ભાંગેલા ગાડાના ચાલવાથી જેમ અવાજ ઉત્પન્ન થાય તેમ તપથી તપેલા શરીરમાં રહેલા હાડકાં પણ ખખડી રહ્યા છે, અને કર્મના કચ્ચરઘાણનું મધુરૂં સંગીત સંભળાવતા, જગત જ્યારે સૂર્યની પ્રચંડ ધીખતી ધરાથી કંટાળી પોતાના આવાસોમાં શાંતિને માટે જંપી ગયું છે, ત્યાર જેનું નિર્બળ શરીર પરસેવાથી તથા થાક વડે અને અતુલ તાપથી ઘેરાઈ ગયું છે એવા માસક્ષમણના ઉપવાસી મુનિ મહાત્મા ખરે મધ્યાહ્નને ધૌમ ધખતા તાપમાં ગોચરી લેવા માટે ઘરઘર ફરતા નર્મદાના ગવાક્ષની નીચે વિશાલ વૃક્ષની શીતલ છાયામાં વિશ્રાન્તિ લેવા ઉભા રહ્યા હતા.

નર્મદાસુંદરી સખીઓની સાથે વાર્તાલાપમાં મશગુલ બની હતી. આનંદના ઉમળકામાં પોતાના મુખથકી તાંબુલની પીચકારીથી પીચ નીચે જઈ પડયું.

લાલ કસુંબલ રંગનું પીચ, વૃક્ષની શીતલ છાયામાં ઉભા રહેલા તપસ્વી મુનિ મહાત્માના કપાલમાં પડયું અને તિલકસમ દેખાવા લાગ્યું.

શું થયું ? કોણે નાખ્યું ? વિચારતા મુનિ મહાત્મા ચમકયા, અને ઉંચે જોયું તો ગવાક્ષમાં બેઠેલી નમણી નર્મદાને

હાસ્યરસમાં તરબોળ બનેલી જોઈને મુનિને આક્રોશ થયો.

રે? રે? અધમ? ભયંકર કર્મના બંધનોથી બંધાનાર? રે? પાપને બાંધનારી? તેં આ શું કર્યું? આ મસ્તક ઉપર અશુચિ નાખતાં તને વિચાર પણ ન આવ્યો.?

રે અબુધ? મુનિની આશાતનાના પાપથી તું કયારે છૂટીશ? તારા પતિના અગાધ પ્રેમમાં ઉછાળા મારતી અને અભિમાનમાં રાચતી હે અબળા? તું આ ભયાનક પાપના પંકમાંથી કયારે છૂટીશ.?

વિલાસોની વણઝારના વમળમાં ઘેરાતી ઓ અબળા? તું સાંભળ?

**જેનો તારા ઉપર અગાધ પ્રેમ છે.**

**"તેવા તારા પતિથી તને વિયોગ થશે."**

મુનિના શબ્દોની ખંજરીના રણકારે નર્મદાના હૃદયને પીંખી નાખ્યું અને ચીસ પાડી ઉઠી.

હાય? હાય? હું નિર્ભાગી, નિર્ગુણીનારી, મેં મારા શિરે મુનિ ઉપર અશુચિ નાંખી, મોટું પાપ ઓઢયું, હું કયારે છુટીશ.?

હું નાથ વિહોણી થઈશ? ના........ના........ના........ વીતરાગ પ્રભુના માર્ગે વિહરતા પંચ મહાવ્રતધારી મુનિ ભગવંતો કદાપિ શ્રાપ ન આપે, સ્વગત્ નર્મદા બોલવા લાગી.

હૃદયમાં ઘટાટોપ ઘમસાણને મચાવતી, વિધાતાને ઓલંભો આપી ધિક્કારતી, બોલવા લાગી. જરૂર? જરૂર?

બીજાઓની વાણી ખોટી પડે, પણ મુનિ મહાત્માઓની વાણી કદાપિ ખોટી પડે જ નહિ.

શ્યામ રજનીના ઘેરા, ઝાંખા પ્રકાશની માફક નિસ્તેજ મુખવાળી નર્મદાનો આનંદ ઓસરી ગયો. આપત્તિના અંધકારથી આંખોમાં અંધારા આવવા લાગ્યા. નીસાસા નાખતી નર્મદા ગવાક્ષમાંથી ઉભી થઈ. લથડાતા પગે નીચે આવી. આંખોમાંથી આંસુઓના ધોધને વહાવતી, મુનિને વંદન કરી કરગરીને કહેવા લાગી. હે ભવસાગરના દ્વીપ ? હું જૈન શાસનની શ્રાવિકા, અને જિનેશ્વર ભગવંતના માર્ગની તથા તેમના માર્ગને વિષે વિહરતા, સંયમને ઝુલે ઝુલતા, શાંત રસમાં નિમગ્ન બનેલા, અને પરમ શાંતિ મેલવવાની અભિલાષામાં આનંદિત એવા મુનિ ભગવંતોની હું ઉપાસિકા છું.

હે કરૂણાગાર ? રોષનો ત્યાગ કરો. જેને રક્ષણહાર માનીએ, તેજ જો ભક્ષણહાર નિવડશે, તો જગત ઉપર પાપના ભયંકર નૃત્યનો ઝણકાર પૃથ્વીને હચમચાવી મૂકશે અને અવની ઉપર પાપનું સામ્રાજ્ય પ્રગટ થશે.

હે દયાનિધિ ! અગાધ એવા આ ભવસમુદ્રને પાર કરવાને માટે જેનું આલંબન છે, તે જ જો અમને અધવચ સમુદ્રમાં મૂકી દેશે, તો હે કરૂણાસિંધુ ? **દીનમણી** કેમ ઉગશે.

હે કૃપાનિધિ ? હું નિર્ભાગી છું. આપ તો ભાગ્યથી ભરપૂર ગીરૂઆ છો. મેં આપની આશાતના કીધી છે. આપ મારા અપરાધને ક્ષમા કરો.

હે ગુણસાગર ? હું ગોદ પાથરી આપને વિનવું છું કે આપ મને શ્રાપ ન આપો. મારાથી શ્રાપ કેમ સહન થશે. ?

હે ગુણવંતા શ્રમણ ? આપ તો શત્રુના પ્રત્યે પણ કરૂણાગાર છો. આપને ઉપસર્ગ કરનારને પણ આપ આશીર્વાદની અણમોલ ભેટ આપો છો.

હે શાસનના રખેવાળ ? ચંદનને જેમ જેમ કાપીએ તેમ તેમ વધારે ને વધારે સુવાસ અર્પે છે, શેલડીને પીલીએ છીએ પણ શેલડી તો રસ જ અર્પે છે. અરે પ્રભુ ? આંબાને લોકો લાકડીઓ અને પથ્થરો મારે છતાં આંબો તો જગતને મધુરા આમ્રફળનો અણમોલ ઉપહાર અર્પે છે, ઓ મહાન ઉપકારી ? આપ જ કહો કે "કીડી ઉપર કટક પડે તો બીચારી કીડીનું શું થાય" ? હે મુનિ ભગવંત ? આપે તો "કીડી ઉપર કટક નાખ્યું" ? કીડી સમાન એવી હું આપનો શ્રાપ કેમ કરી સહન કરી શકીશ ?

હે સમતાની પરબ સમા ગિરૂઆ ? મેં આપને જાણી બુઝીને સંતાપ્યા નથી, પણ ? કમનસીબ દૈવે મને છેતરી છે. મારા મુખ થકી હસતાં હસતાં તાંબુલનું પીચ પડયું અને ભાલમાં સ્થિર થયું. રાંકડીની માફક ઉભી ઉભી ચોધાર આંસુના ધોધમાર પૂરને વહાવતી નર્મદાસુંદરી મુનિ મહાત્માને વિનવતી હતી.

હે વત્સા ? તું સાંભળ "સાધુ કદાપિ શ્રાપ આપે નહી અને શ્રાપ આપે તે સાધુ નહી." રે ભાવુકા ? મેં તને રોષ લાવી "વિજોગણ" કહી પણ ? તું તારા પૂર્વ જન્મોના

ઉપાર્જન કરેલા કર્મના ઉદયથી જ "વિજોગણ" બનીશ. મુનિ ભગવંત બોલ્યા.

હે શ્રાવિકા? તું સાંભળ? હું તો માત્ર નિમિત્ત જ છું. તારા પૂર્વ કર્મના જ દોષથી તારા ભાવીએ જ મને "વિજોગણ" શબ્દ બોલાવ્યો. નહિતર મારા મુખ થકી એવા અઘટિત શબ્દો નીકળત જ નહિ.

હે શ્રમણોપાસિકા? તારા જ બાંધેલા કર્મ તારે જ ભોગવવાનાં છે. તેમાં કોઈની લાગવગ કે શરમ એક ક્ષણ માટે પણ ત્યાં ચાલતી નથી. તો પછી દિલગીર કેમ થવું.?

"હસતાં જે બાંધ્યા કર્મ, રોતાં તે ન છુટે રે પ્રાણીઆ"

સાંભળ? અબળા? રડતાં રડતાં પણ કર્મો ભોગવવાં પડશે તો સ્વમુખે હસતાં હસતાં કેમ ન ભોગવવાં. વિચાર કર? હે શ્રાવિકા.?

"કલાવતીએ પૂર્વભવમાં પોપટની પાંખો કાપી, તો પોતાના હાથ કપાયા."

"પૂર્વે બંધાયેલા કર્મના ઉદયે રૂક્મણીને પુત્રનો વિયોગ થયો."

"સાધુ મહારાજને ખોટું કલંક આપવાથી સીતાજીને કલંક લાગ્યું."

"કર્મના ભયંકર વિપાકના ઉદયથી ચંદરાજા કુકડો બન્યો."

માટે જ કર્મને બાંધતા પહેલા વિચાર કરવો જોઈએ.

"બંધ સમયે જીવ ચેતીએ, ઉદયે સો સંતાપ."

માટે હે નર્મદા ? તું ખોટો કલ્પાંત કરવો છોડી દે. ઉદયમાં આવતા કર્મને શાન્તિથી ભોગવવા માટે અબળા મટી પ્રબળા બન.

એમ કહી મુનિ ચાલતા થયા અને નર્મદા તેમની સામું અંતરિક્ષ સુધી જોતી જ રહી. મુનિવર્ય દેખાતા બંધ થયા અને નર્મદા પોતાના આવાસમાં આવી.

એ ઘડી પહેલા મનની વીણાના તારની ઝણુઝણાટી બોલાવતી, અને જીવનની આશાના અરમાનની સંપૂર્ણતાનું ઢોલક વગાડતી, અને મન મોરલાના ટહુકારના વિલાસી નૃત્યના ઝણુકારથી આનંદમાં ઓતપ્રોત બનેલી. પોતાના પનોતા પ્રીતમની પ્રીતના વ્હાલસોયા વૈભવમાં રાચતી નર્મદાનો આનંદ ઓસરી ગયો.

અને દિલના દરીઆમાં મુનિના “ વિજોગણ ” શબ્દે દવ લગાડયો. દાહથી નર્મદાનું કોમળ પુષ્પ સમાન હૈયું ભડકે બળવા લાગ્યું. પોતાના મન કુંજમાં કિલ્લોલ કરતાં ઉર્મીના મીઠા ટહુકાર મંદ પડી ગયા, અને કિલ્લોલનું મીઠું ઝરણું દાહ ઉત્પન્ન કરવા લાગ્યું. “ વિજોગણ ”ના ઘેરા નાદે નર્મદાના દિલને તોડી નાખ્યું. મનની તૂટેલી વીણાના તારે નર્મદાની શાંતિને બેસુરી બનાવી દીધી. નર્મદાના દીલમાં મુનિના “ વિજોગણ ” શબ્દે પ્રગટાવેલા દાવાનળના નાના મોટા ભડકા હૈયાની શાંતિને બાળવા લાગ્યા. અને હૃદય વીણાના તૂટેલા તારમાં હૈયું અફળાટ કરવા લાગ્યું.

મેં પૂર્વે એવું કયું મહાન અશુભ કર્મ ઉપાર્જન કર્યું હશે કે અણચિંતવ્યા મુનિ મને "વ્હાલાનો વિયોગ થશે" કહી ગયા. ખરેખર ? જે જલ અને અગ્નિને બુઝાવી નાખે તેજ જલ આજે અગ્નિ સળગાવી ગયું, કદાપિ મુનિ કોપાયમાન થાય નહી, તે આજે કોપાયમાન થયા.

સમુદ્રમાં આવતા સરિતાઓના ઘુઘવતા પૂરના તોફાની મોજાઓ અડગ રહેલા ખડકને અથડાય અને તેના પથ્થરને પણ તોડી નાખે, તેમ નર્મદાના હૃદયમાં "વિજોગણ" શબ્દોના મોજા અફળાવા લાગ્યા.

હે કર્મ ? તારા ઘુઘવતા પૂરે મને ઘેરી લીધી ! ! !

નર્મદા ઉંડો નિઃશ્વાસ નાખી ચીસ પાડી ઉઠી.

નર્મદાની ચીસ સાંભળીને તેની વિહ્વળ બનેલી સખીઓએ દોડધામ કરી મૂકી.

હે બ્હેની શું થયું ? તેં કેમ ચીસ પાડી ? બો.... લ........બો........લ........હે બ્હેની........તું........જ........લ્દી........થી........બો........લ ? સખીઓ કહેવા લાગી.

જેમ જેમ સખીઓ પૂછવા લાગી, તેમ તેમ નર્મદાસુંદરી નયનોમાંથી નીરના ઝરણાંને વહેવડાવતી બોલવા લાગી. કે જ્યારે આપણે આનંદમાં મશગુલ બની મશ્કરીમાં હાસ્ય કરતાં હતા ત્યારે તમોએ મને કીધું કેમ નહી ? કે નીચે મુનિ મહાત્મા વૃક્ષની શીતલ છાયામાં વિશ્રાન્તિ લેવા ઉભા છે.

હે બ્હેની ? અમોને કંઇ જ ખબર ન હતી. તો પછી અમો કેમ કરી કહીએ ? સખીઓએ કહ્યું.

હે સખીઓ ? તમારી સાથે હસતી હતી તે વખતે મારા મુખ થકી તાંબુલનું પીચ મુનિ મહાત્મા ઉપર પડયું અને તેઓએ મને કહ્યું કે "તારા પતિનો તારે વિયોગ થશે," માટે તમારા પાપેજ મારે મુનિ મહાત્માનો "વિજોગણ" શ્રાપ સાંભળવો પડયો. ધ્રુસકાં ભરતી નર્મદા બોલી.

બ્હેન અમે જાણુતા જ નહોતા, નીચે મુનિ ઉભા છે ? તો પછી અમને શા માટે દોષ આપો છો. તમારે પાન ખાવું જ નહોતું કે જેથી તમારે આવા અનિષ્ટ પ્રકારના શબ્દો સાંભળવા પડે. જો તમારે પાન ખાવુ હતું તો પછી નીચે જોઈને જ પીચ નાખવું હતું ભૂલ તમારીજ છે.

અને તમો અમારા ઉપર ક્રોધાયમાન થઇને સાધુ મહારાજની દાઝ અમારા ઉપર શા માટે કાઢો છો ? સખીઓ બોલી.

હું તમારી ઉપર દોષારોપણ કરતી નથી. મારા કુટીલ કર્મોના ઉદયથીજ મારે "વિજોગણ" શબ્દો સાંભળવા પડયા. તમે બધા અહીંથી ચાલ્યા જાવ, હું તમારી ઉપર દાઝ કાઢતી જ નથી તમે જ મને દાઝયા ઉપર ખાર નાંખો છો, મારા લલાટમાં લખેલા લેખ હું જ ભોગવી લઈશ ? સખીઓ પ્રત્યે નર્મદા બોલવા લાગી.

મુનિના વચનોને સંભારતી, હૈયામાં અપાર દુઃખનો દાહ અનુભવતી, નર્મદા ધરતી ઉપર આળોટવા લાગી, અને જેમ ઘાંચી તલને પીલી તેલ કાઢે તેમ દુઃખની ઘાણીમાં હૈયાને પીલતી આંખમાંથી અશ્રુપાતનું તેલ કાઢવા લાગી.

સખીઓ નર્મદા પ્રત્યે આશ્વાસન આપવા લાગી હે મદનાક્ષી ? તું રડ નહી. તારૂં દુઃખ અમારાથી જરા પણ જોવાતું નથી. તું તારા પતિના પડછાયે સુખી છે અને સુખી રહીશ. માટે હે બ્હેન ? આ પ્રમાણે ઉલ્કાપાત મચાવતી તું કરૂણ કલ્પાંત બંધ કર. અને અમારી સાથે મનના ભયંકર વિપ્લવને શાંતિ આપવા સરિતાના સૌંદર્ય ભર્યા તીરે કુદરતની અપાર લીલાને નીહાળવા ચાલ ?

કોમળ કાળજાને કોરી કાઢતો નર્મદાનો કરૂણ કલ્પાંત સાંભળી મહેશ્વરદત્ત પોતાના આવાસની સાતમી ભૂમિકાથી ઉતરીને નર્મદા પ્રત્યે પૂછવા લાગ્યો.

હે સુભગા ? શાને માટે મોટા અવાજે કલ્પાંત કરો છો ?

નર્મદાએ પોતાની બનેલી તમામ બીનાને યથાર્થ રીતે મહેશ્વરદત્ત પાસે વર્ણવી.

મહેશ્વરદત્તે દીલાસો આપી, કલ્પાંત કરતી નર્મદાને શાંત પાડી અને હાથ પકડીને ઘરના વિશાલ ઓરડામાં લઈ જઇ કહેવા લાગ્યો.

હે નર્મદા ? કલ્પાંત કરવાથી તું નવા કર્મને ઉપાર્જન કેમ કરે છે ? તું કલ્પાંત છોડી દે. અને વીતરાગદેવની સેવના–પૂજના અને ભક્તિમાં તું દિવસો પસાર કર. " નવા પુન્યનું ભક્તિદ્વારા તું ઉપાર્જન કર. કે જેથી અશુભ કર્મો દૂર થાય."

હે નર્મદા ? " પુન્યથીજ પાપ ધોવાય છે " માટે તું કલ્પાંત મૂકી દઇ અહર્નિશ ધર્મકાર્યમાં વિશેષ પ્રકારના ઉદ્યમને કરતી સુખમય દિવસો પસાર કર.

મહેશ્વરદત્તના આશ્વાસનથી નર્મદા પોતાના પતિ પ્રત્યે બોલવા લાગી હે સ્વામિનાથ ? આપ કહો છો તેમ હું હવે અહર્નિશ વિશિષ્ઠ પ્રકારે ધર્મ આરાધનામાં દિવસો પસાર કરીશ.

અપૂર્વ આનંદને અર્પનાર રંગબેરંગી સંધ્યા, પણ રાત્રીમાં ફેરવાઈ જાય છે તેમ સંધ્યાની માફક વિલાસના આનંદમાં નિમગ્ન બનેલો કોઈ પણ માનવી, રાત્રીરૂપી કર્મની ભયંકર ચાલબાજીથી અઘોર દુઃખના દાવાનળમાં ફેરવાઇ જાય છે, નર્મદા હૃદયમાં સ્થિર બનતી અને આવતી આફતને જાફતમાં ફેરવી નાખવાના વિચારો કરતી, ધર્મારાધનમાં વિશિષ્ઠ પ્રકારે ઉદ્યમ કરતી દિવસો નિર્ગમન કરવા લાગી.



## પ્રકરણ ૭ મું

### પ્રયાણ

સંધ્યાએ નિશાની સોડમાં પોઢવા માટે ભાતીગર રૂપ-ડાનો શણગાર સજીને સોલે કલાના અંબાર વડે પૃથ્વીના પટામ્બરને દેદીપ્યમાન બનાવ્યો હતો. પક્ષીઓ કલરવ કરતાં પોતાના માળા તરફ પ્રયાણ કરી ચૂકયા હતા, દિવસ ભરના કાર્યથી શ્રમિત થયેલા માનવો પોતાના ઘર તરફ જવા માટે દોડધામ કરતા હતા.

ચંદ્રપુર નગરના રસ્તાઓ માનવ મેદનીથી ખીલખીલાટ હસી રહ્યા હતા, મંદિરોમાં ઘંટારવ શ્યામરજનીના આવાગમનનું સ્વાગત કરવા માટે નિર્ભયપણે વાગતા હતા.

નર્મદાસુંદરી પોતાના પતિ મહેશ્વરદત્તની સાથે પોતાના નિવાસના એક ઓરડામાં આલાપ; પ્રલાપ અને વિલાપની વાતો કરતી હતી.

ઘડીકમાં મુનિના "વિયોગણ" શબ્દોના પડઘાથી કારૂણ્યતાનું, તો ઘડીકમાં પોતાના પતિ તરફથી મળતા શીતલ સાંત્વનથી આનંદનું દૃશ્ય ખડું કરતી હતી.

હે જીવન જ્યોતી ! મારી મહેચ્છા યવનદ્વીપ તરફ

વ્યાપાર કરવા માટે જવાની છે, ત્યાં હું છ માસ રહી વ્યાપાર મારફતે દ્રવ્યોપાર્જન કરી સત્વર પાછો આવીશ. તું અત્રે રહીને શ્રી વીતરાગ દેવનું આરાધન રૂડી રીતે કરજે. અને મારા જવાથી તારા હૃદયમાં અંધારીનિશાના પડછાયા પાડીશ નહિ, તું શાન્તિ ધારણ કરી આનંદમાં તારા દિવસો વ્યતિત કરજે.

હે તરૂણી ? તું મને પરદેશ જવાની મારી ઇચ્છામાં તારી અનુમતિનું પાણી સિંચન કરી મારી ઈચ્છાને તું નવ-પલ્લવિત બનાવ.

હે કમલનયની ? તું મને હસતાં વદનથી વિદાયમાન આપે તો હું ઘણાં પ્રકારનાં કરીઆણાથી વહાણોને તૈયાર કરાવું ? આ પ્રમાણે મહેશ્વરદત્તે નર્મદાને કહ્યું.

હે સ્વામિનાથ ? આપણી પાસે અઢળક સંપત્તિ છે, દાસ છે, દાસીઓ છે. માલ મિલ્કત બધું છે, અનાર્ય દેશમાં વ્યાપાર કરવા જવા માટે શું જરૂર છે ? નર્મદા બોલી.

હે પતિવ્રતા સ્ત્રી ? " પુરૂષ પરદેશ સારો " મારૂં કાર્ય ધન ઉપાર્જન કરવાનું છે, અને તારૂં કાર્ય ઘરને સંભાળવાનું છે, માટે તું મને હસતે મૂખડે જવાની અનુમતિ આપ, હું જલ્દીથી પાછો ફરીશ, મહેશ્વરદત્તે કહ્યું.

હે પિયુજી ? આપ પરદેશ સીધાવો છો અને અહિં મને કોના ભરોસે મૂકીને પધારો છો, હું તો આપની સાથે જ આવવાની છું. નર્મદા બોલવા લાગી " જ્યાં આપની છાયા ત્યાં જ મારી કાયા."

હે જીવન આધાર ? આપની ચાકરી કરીને મારા જીવનને ધન્ય બનાવીશ. આપ જ વિચારો કે "પાણી વગર માછલી રહી શકતી નથી" તેમ હું પણ આપ વિના રહીં શકીશ નહિ. સતી સ્ત્રીઓની ફરજ છે કે "જયાં પતિ ત્યાં સતી" આપના વિના એક ઘડી પણ છ માસ જેવી લાગશે. આપને મારા નયનથી એક ક્ષણવાર પણ છૂટા મૂકીશ નહિ. તમારા વિયોગની વિજોગણુ હું બનવાની જ નથી.

હે પ્રાણાધાર ? આપજ મને એક બાજુ મુનિના શબ્દોને દિલમાં ન ધરવા માટે સાંત્વન આપો છો, અને બીજી તરફ મને વિયોગનો વસમો દાહ આપો છો.

ખરેખર ? મુનિમહારાજે કીધું હતું કે "તારા પતિનો તને વિયોગ થશે. હે પ્રભુ ? તું તો દીનદયાળ છે, અજરામર પદની પ્રાપ્તિ કરાવનાર હે વીતરાગ દેવ ? હું કયા કર્મના ઉદયથી રીબાણી છું ? એમ વદતી નર્મદા રડવા લાગી.

વીતરાગ દેવના પંથે પ્રયાણ કરતી અને તે પંથે પ્રયાણ કરાવનારી હે પ્રિયવંદા ? તું શા માટે જીનેશ્વરદેવને ઓલંભા આપે છે. તેઓ તો નિરંજન નિરાકાર છે. તું સમજુ શાણી બનીને ઓલંભા ન આપ. તેઓની ભક્તિથી ઘોર અશુભ કર્મના બંધનોને પણ તું તોડી શકીશ. અને દુઃખનો દાવાનળ તેઓની ભક્તિથી અનંત સુખની શાન્તિમાં પલટાઈ જશે.

દરીયામાં ખડકાયેલા ખડકોની ઊપર વારંવાર યુદ્ધના હુમલા કરતા રાક્ષસી કદના મોજાઓની સામે પોતાની અટ-

લતાથી એજ મોજાના હુમલાને બમણી ત્વરાથી પાછા હઠાવે છે ને પોતે નિર્ભય પણે ઉભા રહે છે. તેમ પરદેશમાં અનેક-વિધ આફતની પરંપરાના હુમલાઓ સહન કરવા પડે છે માટે તું અહિં રહીને જીનેશ્વર ભગવંતની તથા માતા પિતાની ભક્તિ કર તેથી તારા છ માસ પણ એક ઘડીની માફક વ્યતીત થઈ જશે.

ઓ મારા મનમાનસના હંસ ? આપ મને કહો છો પણ જાણી જોઇને હું શા માટે "વિજોગણ" બનું ? મને જો તમે સાથે નહિ લઇ જાવ તો દુનિયા તમોને શું કહેશે ? વિચારો ઓ–નાથ....વિચારો હે જીવન નાવના સુકાની ? આપ સમજીને મને મુનિના "વિજોગણ" શબ્દોથી બચાવો મને મૂકીને જશો તો "કાયારૂપી પીંજર અહિં રહેશે અને મન-રૂપી મેનાને આપની સાથે લેતા જશો," હું તો આપની દાસી બનીને આવવાની અને સાથે જ રહેવાની છું. નર્મદા પતિ પ્રત્યે બોલવા લાગી.

ઘણું ઘણું સમજાવતાં છતાં પણ નર્મદાએ પોતાની હઠ ચાલુ રાખી. છેવટે મહેશ્વરદત્તે હા કીધી. અને જેમ "મેઘ આવે અને મોરલો નાચી ઉઠે" અને "ચંદ્રમા ઉગે અને સાગર ઉછળે" તેમ નર્મદા પણ નાચી ઉઠી. હર્ષના આનં-દમાં બોલવા લાગી. હે મારી સૌભાગ્ય ટીલડીના રાખણહાર ? મારા અંતરમાં આનંદના ઉછરંગથી લાખ લાખ દીવડાની દીપમાળ પ્રગટી છે અને એ દીવડાથી હું આપની આરતી ઉતારૂંને ? મહેશ્વરદત્તનાં ઓવારણાં લેતી, હર્ષાવેશમાં નાચતી નર્મદા બોલવા લાગી.

મહેશ્વરદત્તે વહાણનાં ખલાસીઓને કરીઆણાં આદિથી વહાણો ભરવાને આદેશ કર્યો. અને નગરીને વિષે પડહો વગડાવ્યો કે " મહેશ્વરદત્ત આવતી કાલે યવનદ્વીપ તરફ પ્રયાણ કરશે, માટે જેને આવવું હોય તેઓએ આવતી કાલે વહેલી સવારે સમુદ્રતટે તૈયાર થઇને આવી જવું."

પડહ સાંભળીને લોકો યવનદ્વીપ જવા માટે તૈયાર થયા અને સમુદ્રકિનારો માનવમેદનીથી કિલ્લોલ કરવા લાગ્યો.

મહેશ્વર દંપતીએ ઉગતે પ્રભાતે જીનેશ્વર ભગવંતની મનની એકાગ્રતાપૂર્વક અષ્ટપ્રકારી પૂજના વડે ભાવ મંગલ કર્યું અને માતાપિતાના આશીર્વાદ લઈ સુંદર ભોજન વડે દ્રવ્યમંગલ કરી સમુદ્રના કીનારા તરફ જયાં પ્રવહણ ઉભાં છે ત્યાં આવવા માટે પ્રયાણ કર્યું. ભેરી, નભેરી, ઢોલ, રણસીંગાના ગગનભેદી અવાજોનું અને સમુદ્રના ઉછળતા મોજાનું મિશ્ર વાતાવરણ મનને આનંદદાયક થઈ પડયું હતું.

અનેક માનવીઓના મંગલ વચનોના આશીર્વાદને ઝીલતા મહેશ્વરદત્ત દંપતી પ્રવહણના તૂતક ઉપર આવી ઉભા રહ્યા. નગર જનો પોતપોતાના પરભૂમિ ઉપર જતા સ્નેહીઓને આશીર્વાદની અમુલ્ય શીખ આપતા હતા. નગરજનો સમુદ્રના કીનારાને ધ્રુજાવી મૂકતા અવાજે બોલી ઉઠયા.

" મંગલમાલા પ્રાપ્ત કરજો ને વહેલેરા ઘર આવજો. " ગગનભેદી પોકારથી દશેદિશાઓના દેવતાઓ ખળભળી ઉઠયા. સકલજનોના આશીર્વાદની અમુલ્ય માળાને પોતાના કંઠે આરોપી મહેશ્વરદત્તે નાવિકોને સઢના દોર ખેંચવા માટે હુકમ

કર્યો અને મનના વેગે, તીરની ઝડપે, સમુદ્રના અગાધ જલમાં માર્ગના જાણકાર માલમી લોકોએ વહાણને વેહેતા મૂકયા.

ઉપર આકાશનું છત્ર હતું અને નીચે ધરતી પાણીમય દેખાવા લાગી હતી ગિરિવૃક્ષો, નગરો બધાં જ જાણે વહાણમાં સમાઈ ગયા ન હોય ? તેમ દીસતું હતું, અને સમુદ્રની મધ્યમાં પ્રવહણો ચંચળગતિને ધારણ કરીને જલધરના જલને જળોની માફક કાપતાં ધસમસી રહ્યા હતા.

નમતી સંધ્યાના નમતા પહોરે આ અવની ઉપરથી સૂર્યે વિદાય લીધી હતી, અને પૂર્વદિશામાં અમૃતને વરસાવતો શશી વસુંધરા ઉપર રૂપેરી ચાદરને બીછાવતો આવી રહ્યો હતો. વિશાલ વ્યોમના છત્રની નીચે અનર્ગલ મોજાને ઉછાળતો જલનિધિ પોતાના અગાધ જલમાં દેદીપ્યમાન વહાણોનો મુગટ માથે ધરીને જગતને શરમાવતો હતો.

અને જગતના માનવીઓને બોધ આપતો હતો.

"શરણે આવેલાને શરણું આપતા શીખો."

"ભક્ષણના બદલે રક્ષણની નીતિ અપનાઓ."

"કોઇની અનંત આશાઓના ઝુમખાને ભાંગીને કકડા ન કરો."

"જગતમાં સુખે જીવો અને બીજાને જીવવા દો."

માર્ગને કાપતા વહાણોનો અવાજ મધુરૂં સંગીત આપતો હતો.

ગુંજારવ કરતાં પવન પણ સઢમાંથી મધુરા સંગીતના આલાપ શરૂ કરીને વીણાનાં સંગીતનું આસ્વાદન કરાવતો હતો.

વહાણુની અંદરનાં ભાગમાં વિશાલ ઓરડામાં શ્રમિત થયેલી નર્મદા જાગતી સુતી હતી, અને મહેશ્વરદત્ત ઓરડામાં આમતેમ ફરવાનું શરૂ કર્યું હતું, અને બારીમાંથી કોઈ કોઈ વખત સાગરનું નિરીક્ષણુ કરતો હતો.

ચાલ ? ચાલ ? હે માનુની ? કુદરતની અપારલીલાને નીરખવાને તું ઓરડાની બારીમાંથી જોતો ખરી ? કે રૂપના અંધારથી ખીલી ઉઠેલી રજની અને તેને શણુગારનો ચંદ્રમા કેટલો દેદીપ્યમાન દેખાય છે.

મહેશ્વરદત્ત નર્મદા પ્રત્યે કહેવા લાગ્યો, નર્મદા વહાણુની બારીમાંથી જોતી પતિને કહેવા લાગી. હે પ્રાણુધાર ? કેટલું સુંદર દ્રશ્ય છે. ચાલો આપણે તૂતક ઉપર જઇએ.

આસો માસ હતો પૂર્ણીમાનો ચંદ્રમા માથે આવી પહોંચ્યો હતો. પતિના શબ્દોથી વિભૂષિત પતિપરાયણ શ્રીમતી નર્મદાસુંદરી પતિના વહાલ ભર્યાં શબ્દોનાં ઉમળકામાં હસતી પતિની સાથે વહાણુનાં તૂતક ઉપર થઇને જલધિના અવનવા ખેલોને નિહાળતી આનંદ પામતી હતી.

જુઓ ? જુઓ ? ઓ સ્વામિનાથ ? પાણીમાં જ પોતાનું સ્વર્ગ માનતાં જલચર જીવો પોતાના અવનવા અભિનય કરતા કેવા દોડાદોડ કરે છે ? નર્મદા હાથ લાંબો કરી પતિને બતાવતી બોલવા લાગી.

મોટા અવાજે સાગર ઘૂઘવતો હતો. રૂપેરી ચંદ્રમાએ શ્યામ રજનીને પોતાની સફેદ ચુંદડી ઓઢાડી રૂપેરી બનાવી મૂકી હતી.

સમુદ્રને રૂપેરી ચાદરથી રૂપેરી બનાવ્યો હતો.

મહેશ્વરદંપતી ઉપર ચંદ્રમાએ તો પોતાના રૂપેરી ફૂવારામાંથી અમૃતનો છંટકાવ કર્યો હતો. તેથી મહેશ્વરદંપતી સફેદ ગુલાબની માફક શોભી ઊઠયા હતા. " પણ નર્મદાને ખબર નહોતી કે સુખની પાછળ દુઃખની પરંપરા સર્જાએલી છે. જગત આખાને ચંદ્રમાએ પોતાની રૂપેરી પ્રભાથી શણગાર્યું હતું.

કુદરતની અપારલીલામાં આનંદ માનતા મહેશ્વરદત્ત અને નર્મદાસુંદરી પોતાની નવીનવી આશાઓથી સિંચન કરીને નવ પલ્લવિત બનાવેલા મીઠા મધુરા સુખના સ્વપ્નાની પાંખે ચઢીને બન્ને સાથીઓ વિશાલ વ્યોમથી પણ ઉંચે ઉડતા હતા. પણ ? તેઓને ખ્યાલ નહોતો કે સ્વપ્નાની ઘટમાળમાં સત્યનો નક્કર અભાવજ હોય છે.

વહાણમાંથી કોઈ સંગીતકારે વીણાનું વાદન શરૂ કર્યું હતું. તેમાંથી ઠુમરી, દુર્ગા, માલકોશ, મલ્હાર, દીપક, આશાવરી, મારૂ, ટોડી, ભૈરવી વિગેરે રાગો અનુક્રમે વાગતા હતા અને પોતાની મધુરતાના મધુનું પાન વહાણમાં બેઠેલા માનવીઓને કરાવતા હતા.

નારદની સંગીત કલાથી પણ અધિક સંગીતને વગાડતો માનવી વીણામાંથી અમૃતનાં ઝરણાં વહાવતો હતો. " મોરલી વાગે અને નાગ નાચે." નાગની જેમ મધુરા સંગીતની માદક લહેજતમાં માનવીઓ એકતાન થઇ ગયા હતા. સંગીતકારે

મોટાસાદે પોતાના ગળાને અલાપ-પ્રલાપના માર્ગે વીણાની સાથે જોડ્યું હતું.

માનવીને મોહની માદકતામાં જકડી રાખનાર સંગીતે પોતાના આલાપમાં રસીઆઓને સાક્ષાત્ સ્વર્ગનું ભાન કરાવી દીધું હતું.

નર્મદાસુંદરીના કાને સંગીતના સૂરો અથડાયા અને પતિને કહેવા લાગી હે સ્નેહાધાર? દરીઆની ક્રીડાને જોવાની બંધ કરી નીચે વહાણમાં વાગતા સંગીતના સ્વાદિષ્ટ સ્વાદનું પાન કરીએ. હે સ્વામિનાથ!

આ વીણાને વગાડનાર માનવી ચતુરોમાં પણ શણગાર છે. અને તારની ઝણઝણાટીથી સાક્ષાત્ સ્વર્ગને ખડું કરે છે. નર્મદા પતિ પ્રત્યે બોલતી હતી.

મૃગાક્ષી? નીચે જવાની શું જરૂર છે? શાન્તિથી અત્રે બેસીને જ સાંભળીએ.

બન્ને પતિપત્ની એક બેઠક ઉપર બેસી સંગીતને સાંભળવા લાગ્યા. સંગીતકાર વીણા ઉપર પોતાની આંગળીઓને નચાવતો, એક પછી એક રાગની સુરાવલીને ઘુમાવતો જાય છે. અને શ્રોતાજનોને પોતાના આલાપથી સ્વર્ગના સંગીતનું આસ્વાદન કરાવતો જાય છે.

બાણના વાગવાથી જેમ માણસ ઘાયલ થાય તેમ મહેશ્વરદત્તની ઉપર સંગીતના મનહર સૂરોએ હૃદયમાં વેધ કર્યો અને સંગીતની લહેરાતી લહેરમાં લહેરથી મસ્ત બનતો મહેશ્વરદત્ત એકાગ્રતચિત્તે બેઠો હતો.

સર્વે કલામાં નિપુણ એવી નર્મદાસુંદરી પતિ પ્રત્યે કહેવા લાગી. ઓ સ્વામિનાથ ? આપ કહો તો નયનોથી જોયા વિના આ સંગીતકારના રૂપરંગ આપની સમક્ષ વર્ણવું.

હે કલાધાત્રી ? તારી પાસે જે જે વિદ્યાઓ હોય તે તે વિદ્યા મને બતાવ. અને સંગીતકારના રૂપ, રંગના લક્ષણોને વર્ણવ ?

જે માણસ સંગીતની સૂરાવલીઓને છેડી રહ્યો છે તે "માનવીનું શરીર પાતળું છે. "તેનો રંગ શ્યામ છે" "તેના હાથ જાડા છે" ગુપ્ત ભાગમાં મશીયા તલ છે." તેની આંખો લાલાશવાળી છે અને તે બત્રીસ વર્ષનો યૌવનવંતો યુવાન છે. સંગીતકારના લક્ષણોનું વિવેચન પોતાના પતિ પાસે કર્યું.

નર્મદાના વચનો શ્રવણ થતાં જ ક્રોધથી લાલચોળ બની વહેમનાં વમળમાં મહેશ્વરદત્ત અટવાયો.

ક્ષણ પહેલાં સંગીતના તારે માદકતાના મધ પાયા હતાં તે જ સંગીતના તારે હૃદયમાં વહેમનાં વિષ કટોરા ભરીને પાયા, અને વહેમનું વિષ મહેશ્વરદત્તની રગેરગમાં વ્યાપી ગયું.

નર્મદાના હાથે અનહદ પ્રેમના પ્યાલા પીતો મહેશ્વરદત્ત હળાહળ ઝેરની કટોરી સમાન નર્મદાને દેખવા લાગ્યો.

મહેશ્વરદત્તના અંતરમાં વહેમના વાદળો ઘેરાઈ ગયા હતા. ઘેરાયેલા વાદળે નર્મદાના સુખમાં આગ ચાંપવાની

શરૂઆત કરી હતી. નર્મદાની વાણી સાંભળી મહેશ્વરદત્તને પોતાના અનંત સુખમાં ભયંકર દુઃખનો આભાસ થવા લાગ્યો, અને વિચારમાં ગરકાવ થઇ ગયો.

સંગીતકારના પ્રેમમાં ફસડાયેલી નર્મદાએ પોતાના હૃદયમાં પરપુરૂષના પ્રેમના ઝેર ભર્યા છે.

ખરેખર દુનીયા જેને સતી માનતી હતી તે જ આજે કુલટા નીકળી. નર્મદા જો સંગીતકારનાં પ્રેમમાં ન હોત તો તેના રૂપરંગને જાણત કેવી રીતે? તેને હું સુશીલ પતિવ્રતા અને સુલક્ષણી માનતો હતો પણ કુબડાની પ્રીતમાં ઓતપ્રીત બનેલી નર્મદા આજે ધુતારી અને કુલટા જ નીકળી.

"ખરેખર વખાણી ખીચડી જ દાંતે વળગી" કપટી અને નિર્ગુણી નારીએ આજે પોતાનો જાતિ સ્વભાવ બતાવ્યો.

હે સદ્‌ગુણની પાંખમાં ભરાયેલી નિર્ગુણ નારી? હેતથી તને લાખ લાખ જતન કરીને રાખી, છતાં તારી લીલાના પડદામાં તેં મહેશ્વરદત્તને છેતર્યો.

"દૂધ પાઇને ઉછેરેલી નાગણીએ મને ઘેરા ડંખ માર્યા."

"કાગડીને દૂધથી સ્નાન કરાવીએ તો પણ કદાપિ હંસલી થતી જ નથી."

"સાકરનાં પાણીથી સિંચાયેલ લીમડો કદાપિ આંબો થતો જ નથી."

દરીઆના મોજાની માફક મનને મનોમંથનના મોજાથી ઘુઘવતો મહેશ્વરદત્ત નર્મદાનું કાસળ કાઢવાનો વિચાર કરવા લાગ્યો.

હું નર્મદાને દરિયામાં નાખી દઉં કે તલવારથી તેને મારી નાખું અગર રસ્તામાં તેને રઝળતી મૂકું ? ના....ના ....ના. તેને દરીયામાં નાખવાથી અગર મારી નાખવાથી મને સ્ત્રી હત્યાનું પાપ લાગશે માટે તેમ તો નહિ કરૂં.

મારા કાળજામાં ઘેરા ઘાને મારનારી; ઓ વ્યભિચારિણી ? તેં મને અંધારામાં અથડાવ્યો છે, તો તું પણ તેનો સ્વાદ ચાખતી જા ? વિચારોની પરંપરામાં મહેશ્વરદત્ત ડૂબકીઓ મારતો હતો.

વહેમનાં વ્યોમમાં ઉડતાં મહેશ્વરદત્તે વિચાર્યું કે મારા અંતરમાં દાહ પ્રગટાવનારી કુલટા ? તને પણ રીબાવીને જ મારૂં તો જ મારા અંતરનો દાહ શાંત પડશે.

“ કાનને તોડી નાખે તેવું આભુષણ ભલે સોનાનું હોય પણ શા કામનું ? ”

“ સોનાની છરી શણગારને માટે છે; નહિ કે પેટમાં ઘોંચવા માટે ?

જેને સોનાની માની તેણે જ આજે મારા અંતરને પરપુરૂષનાં પ્રેમમાં પુરાઈ પીંખી નાખ્યું.

વહેમનાં વિચારોમાં વિહરતો “ વહેમની વસુલાત માટે વખતની વાટ જોવા લાગ્યો.

પ્રભાત ઉગવાની તૈયારી હતી પક્ષીઓ પોતાનો ખોરાક શોધવા માટે કીલકીલાટ કરતાં પાંખો ફફડાવતાં વિશાલ વ્યોમની છાયામાં સહેલગાહે નીકળ્યાં હતાં, પૂર્વ દિશાથી

અરૂણોદય પોતાના રથને પૂર ઝડપે હંકારી અવનીપર પ્રકાશ પાથરવા આવી રહ્યા હતા અને સંગીતકારે પોતાના સૂરીલા સૂરોને ભૈરવી વગાડી બંધ કર્યા. તૂતક ઉપરથી નર્મદા નીચે ઊતરીને મહેશ્વરદત્તને કહેવા લાગી.

જુઓ પ્રાણાધાર ? મારી લક્ષણ પરીક્ષા કેવી છે ?

હૈયામાં ધમધમતો મહેશ્વરદત્ત પોતાના મુખ થકી હાસ્યનાં ફૂવારા ઉડાડતો નર્મદા પ્રત્યે કહેવા લાગ્યો.

વાહ ...વાહ....શું અજબ કલા ?

ખરેખર તારા જેવી ઉત્તમ કલાધાત્રીને સહચરી જોઈને મારૂં અંતર આનંદના સાગરમાં ઓતપ્રોત બને છે.

અંતરના વહેમના પડઘાને પાડતો અને હાસ્યના પડદા નીચે અટ્ટહાસ્યનું નિરૂપણ કરતો મહેશ્વરદત્ત નર્મદાને કહી રહ્યો હતો.

" જે સંગીતના નાદમાં સર્પ ભાન ભૂલો બનીને મદારીના હાથે જીંદગીભર કેદખાનું ભોગવે છે."

" જે સંગીતના અવાજથી તૃણનો ચારો ચરતા મૃગલાઓ પણ કારમી કીકીયારીઓ પાડતાં મોતનાં મહેમાન બને છે."

" દેવલોકનાં દેવતાઓનાં વિમાનો પણ સંગીતની સુસવલીથી સ્થંભી જાય છે."

" તેજ સંગીતના નાદોએ નર્મદાના નંદનવન જેવા ખીલી ઉઠેલા સંસારને વેરાન બનાવી નાખી અનંત દુઃખમાં ગબડવા માટે તૈયારી કરવી હતી.



ચાતુર્માસ પરિવર્તન પ્રસંગે

## પ્રકરણ ૮ મું

## વસમીવાટ

રાક્ષસ દ્વીપ આવી ગયો ?

લંગર નાખીને વહાણ થંભાવી દો ?

સઢની દોરને સંકેલી થાંભલા સાથે સઢને બાંધી લો ?

મીઠું પાણી અને બળતણ ભરી લો ?

માલમી લોકોએ ખલાસીઓને વહાણ થંભાવવા માટે આદેશ આપ્યો અને વહાણ થંભ્યા.

મહેશ્વરદત્ત દંપતિ તથા માનવો વહાણમાંથી નીચે ઉતર્યા, મુસાફરો પાણી તથા બલતણને ખોળવા લાગ્યા.

વહાણમાં મીઠા પણીના કુવાઓ તથા લાકડાં ભરીને સઘળા મુસાફરો ભોજનની તૈયારી કરતા દરીઆકિનારે બેઠા હતા.

મહેશ્વરદત્ત કપટને ધારણ કરતો, નર્મદાને કહેવા લાગ્યો ?

હે નર્મદા ? ભોજનની તૈયારી થાય ત્યાં સુધી, વનની વનલતાઓને નીરખવા જઈએ. હે પ્રિયે ? " આ પ્રદેશમાં ફરીથી કયારે આવીશું ? માટે ચાલો " જીવ્યા કરતાં જોયું ભલું " માટે વનની લીલા જોવા જઈએ."

અતિ ભોલી નર્મદા પતિની સાથે વનની મજા માણવા ગઈ.

“ અહિંસા ” જેમ ધર્મને વળગી રહી છે, તેમ જુઓ તો ખરા સ્વામિનાથ ? આ વેલડી પોતાના પતિને કેવી વળગીને રહેલી છે. નર્મદા પતિ પ્રત્યે વનલીલા નિહાળતી કહેતી હતી.

જો તો ખરી નર્મદા ? આ ચંપાનાં ઝાડ ઉપર બેઠેલો ભમરો કેવો રસ ચૂસે છે ! મહેશ્વરદત્ત નર્મદાને કહેવા લાગ્યો.

પણ સ્વામિનાથ ? જો તે સંધ્યાકાળે ઉડી ન જાય તો પોતાના પ્રાણ ગુમાવે ખરો કે નહિ ? જુઓ ? જુઓ ? ઓ નાથ ? આ મોર ઢેલની સાથે કેવો નાચતો શોભે છે ?

જો નર્મદા ? બપૈયા, મેના, પોપટ, કેવા કલરવ કરી રહ્યા છે.

ઓ મારા મનડાના મોર ? જુઓ જુઓ ? આ સારસને પાપી પારધીએ મારી નાખ્યો છે, તો તેની સ્ત્રી સારસી તેના વિયોગે કેમ દિવસો પસાર કરતી હશે, આનંદથી વાતો કરતાં અને વનની વનરાજીઓ, તથા વહેતા નીરના ઝરણાં, વિગેરે નિહાળતાં મહેશ્વરદત્ત તથા નર્મદા જતા હતાં ચાલતાં ચાલતાં અચાનક નર્મદાને પગમાં ઠોકર વાગી અને પડી ગઈ, અમંગલની શંકાઓ નર્મદાને થવા લાગી, અને પોતાના પતિ પ્રત્યે બોલવા લાગી, હે સ્વામિનાથ ? કાંઈક અમંગલ થશે, તેમ મારા અંતરમાં ભણકારા વાગે છે માટે ચાલો જલ્દીથી સમુદ્ર કિનારે જઇએ, નર્મદા પતિ પ્રત્યે કહેતી હતી.

તને પગમાં વાગ્યું છે, માટે ચાલ જરા સામે દેખાય છે તે સરોવરની પાળે વિશાલ વડલાના વૃક્ષની છાયામાં જરા વિશ્રાન્તિ લઈને પછી જઈએ.

મહેશ્વરદત્ત અને નર્મદાસુંદરી સરોવરની પાળે બેઠા બેઠા સરોવરમાં સંતાકુકડી રમતા માછલાઓને તથા સરોવરના પટ ઉપર રમતી બતકોને નીહાળવા લાગ્યા.

મહેશ્વરદત્તની માયાને નહિ જાણતી નર્મદા પતિ પ્રત્યે કહેવા લાગી, હિમકુંજ જેવા શીતલ પવનમાં આપ આરામ કરો અને હું આપની પાસે બેસી આપની ચાકરી કરૂં.

માયાવી મહેશ્વરદત્ત નર્મદાનું કાસળ કાઢવાના વિચારોમાં અથડાતો કહેવા લાગ્યો.

ના......ના......ના........નર્મદા તને પગે ઠેસ વાગી છે અને તેનાથી દુઃખાવો તને સખત થાય છે માટે તું સૂઈ જા અને હું તારી પાસે બેસું છું, કપટની ખાણુસમાન મહેશ્વરદત્તના વ્હાલભર્યા શબ્દોથી સોડ તાણી મધુરા પવનની લહેરોમાં સુકા પાંદડાની ગાદી ઉપર નર્મદાસુંદરી સૂતી અને ઉંઘી ગઈ.

"ખરેખર કપટી આત્માઓની કપટકળાને બ્રહ્મા પણ જાણવા અસમર્થ છે.

હાશ............હવે............નિરાંતે ઉંઘી ગઈ.

પાપિણીને મૂકી ચાલ્યો જાઉં ?

હા.......હા..........જરૂર ? આવી કુલટાઓની પ્રત્યે દયા ખાવી એ ભયંકર દુઃખમાં પડવા માટે ખાણ ખોદવા જેવું છે. સૂતેલી નર્મદાના મુખ સામું જોતો મહેશ્વરદત્ત અંતરમાં વિચારતો ઉભો થયો.

ખરેખર ? કર્મની ગતિ ન્યારી છે અતિ સુખમાં ઉછરેલી, અવનવા શણગારને સજનારી, પતિના પ્રેમમાંજ અહર્નિશ સુખને માનનારી, નર્મદાના પ્રેમાળ નયનોમાંથી વહેતી પતિના અનંત સુખની ધારાને નીરખતો, મહેશ્વરદત્ત સુકોમલ પ્રેમદાને ભયાનક ભૂજંગોથી ભરપૂર, વનમાં દયાને દીલમાં દાખલ કર્યા વિના પાછળ જોયા વગર પૂર ઝડપે મૂઠીઓ વાળી, મહેશ્વરદત્ત નર્મદાને સૂતી મૂકીને નાઠો.

જેમ ઘીમાંથી માખીને કાઢી ફેંકી દે તેમ નર્મદાને પોતાના અંતરમાંથી ફેંકી દઈને મહેશ્વરદત્ત દરીયા કિનારે આવી પહોંચ્યો. શ્વાસોશ્વાસની ધમણને હલાવતો, " હૈયામાં હાસ્યના ફુવારા ઉડાડતો, બહારથી અપારખેદને ધારણ કરતો ગભરાટ ભર્યા અવાજે દરીયા કિનારે જોરથી બૂમો પાડતો બોલવા લાગ્યો, દોડો ? દોડો ? જલ્દી કરો ? વહાણમાં બેસી જાવ, ઓ માલમીઓ જલ્દીથી સઢના દોર છૂટા મૂકો, જલ્દીથી બેસી જાવ પાછળ મહાવિકાળ દાંતને ધારણ કરતો, ભયાનક હાથોને લંબાવતો કેશને છૂટા મૂકીને માથું હલાવતો, પ્રચંડ કાયાવાળો, અનેક જીવોનું ભક્ષણ કરતો, નર્મદાને ખાઈજનારો, મહાભીષણ ગર્જનાઓ કરતો, આંખમાંથી આગ વરસાવતો,

નદીઓની માફક ધસમસતો રાક્ષસ મારી પાછળ પડયો છે માટે દોડો ? દોડો ? એમ બોલવા લાગ્યો.

મહેશ્વરદત્ત વહાણમાં આવી કપટથી કંપારીભર્યા કારૂણ્ય-રૂદનને રેલાવતો આક્રંદ કરતો નર્મદાને યાદ કરી મોટા સાદે રડવા લાગ્યો.

લોકો ભયના માર્યા પોતપોતાની વસ્તુઓ હાથમાં આવી તે વસ્તુઓ લઈને જલ્દીથી વહાણમાં પોતાની જગ્યાએ બેસી ગયા. અને વહાણો તીરની ઝડપે સાગરની મધ્યમાં ચાલવા લાગ્યાં. નર્મદાના દુઃખમાં ખોટી રીતે મહેશ્વરદત્તે રડવા માંડયું અને વહાણના માણસો તેને સમજાવવા લાગ્યા.

વહાણમાં મુસાફરી કરતાં મુસાફરોની પાસે પોકળ રૂદન કરતો અને ખોટા આક્રંદને કરતો આંખોમાંથી આંસુઓને વહાવતો, મહેશ્વરદત્ત છાતીને કુટતો જમીન ઉપર આળોટવા લાગ્યો, અને નર્મદા....નર્મદાના પોકારો કરવા લાગ્યો.

હે દૈવ ? તેં આ શું કર્યું ? જેની પ્રાપ્તિને માટે મેં અનેક દુઃખોનો સામનો કર્યો, તેવી નર્મદા એક ક્ષણ માત્રમાં ચાલી ગઈ. ?

હે નર્મદા ? હમણાં તો તું મારી નજર સામે હતી. અને થોડાજ વખતમાં તું મને એકલો મૂકીને કયાં ચાલી નીકળી.

ઓ મારી નર્મદા ? તું એક વખત તો મને તારૂં મુખા-રવિંદ બતાવ, તને શું હું અપ્રિય લાગ્યો ?

કે તું મને જગતના ચોકમાં તારી યાદમાં રીબાતો મૂકીને ચાલી નીકળી.

જેમ શરીરમાં ભાલાના ઉંડા પડેલા ઘા જલ્દીથી રૂઝાતા નથી અને ભારે વેદનાને કરનારા થાય છે. તેમ ઓ કોમલ અંગવાલી નર્મદા ? તારા વિયોગના ભાલાના ઘા કેમ રૂઝાશે.?

અને વિરહની વેદના કેમ ભોગવાશે ઓ નર્મદા ? તું એક વખત તો તારૂં મોં મને બતાવ.

બહારથી અત્યંત વિલાપને કરતો અને હૃદયથી, આનંદ માનતો મહેશ્વરદત્ત વહાણમાં ભયાનક ચીસો પાડતો રડતો હતો.

ઓ મહેશ્વરદત્ત સાર્થવાહ? આપ વિચારો તો ખરા કે "સ્મશાને ગયેલા કોઈ પાછા આવે છે ખરા કે. ?"

સ્મશાને ગયેલા પાછા આવતા નથી તો કલ્પાંત કરી શા માટે દુઃખી થવું. ?

કાળના ઝપાટામાંથી કોઈ બચ્યું નથી, બચશે નહિ અને બચવાના પણ નથી.

યમદૂત પાસે કોઈનું બલ કામમાં આવતું જ નથી. માટે દુઃખને દૂર કરી, શાન્તિને ધારણ કરો.

ઓ મહેશ્વરદત્ત શ્રેષ્ઠી ? તમે જ જેના પંથે પ્રયાણ કરી રહ્યા છો, તેવા જીનેશ્વર ભગવંતોને, ચક્રવર્તિઓને; વાસુદેવોને, અરે, બલવાન રાજવીઓને પણ દૈવે છોડયા નથી તો અમે કે તમે શું હિસાબમાં. ?

"માથું સલામત હશે તો પાઘડીઓ ઘણી મલશે." તમો જો હશો તો તમોને ઘણી નર્મદાઓ મલશે માટે હે શ્રીમંત સોદાગર ? અમારા શબ્દોને હૃદયમાં ધારણ કરી તમારા કાકલુદ્દીભર્યા કરૂણ રૂદનને બંધ કરો અને પાણી વડે મુખને ધોઇ નાંખો.

જલધિના જલને ધ્રુજાવનારી મહેશ્વરદત્તની ચીસોના અવાજથી ભેગા થયેલા મુસાફરો મહેશ્વરદત્તને સાંત્વન આપતા હતા.

જેના હૃદયમાં કપટના પ્યાલા ભરેલા છે અને માનવતાના નીર સુકાઇ ગયા છે એવો મહેશ્વરદત્ત લોકોના કહેવાથી મુખ આદિને ધોઈ નાખી ભોજન કરવા માટે બેઠો.

નર્મદા ઉપર જે કરેલી "વહેમની વસુલાત"થી અંતરમાં ફૂલાતો મહેશ્વરદત્ત મનભાવતાં ભોજન કરીને આરામ કરવા પોતાના દિવાનખાનામાં ગયો.

"ખરેખર નિઃસ્વાર્થ આત્માઓને માયા પ્રપંચ હોતા જ નથી."

"પણ સ્વાર્થ સાધુ આત્માઓ માયા અને પ્રપંચના પાસાઓ ફેંકતા જ ફરે છે."

વિશ્વાસઘાત કરનારા આત્માઓ આ ભૂમિને પણ ભાર રૂપ થઈ ધીક્કારને પાત્ર બને છે એટલું જ નહિ પણ ? આ ભવમાં પાપથી પીડાય છે અને આવતા ભવ માટે પણ પાપના પોટલાનો ભારો બાંધી સાથે લઈ જાય છે.

વિશ્વાસઘાતી મહેશ્વરદત્ત સાગરની અપાર લીલાને જોતો અને પોતાના કરેલા કાર્યના બદલામાં હસતો, પોતાના ઓરડામાં આમતેમ ફરતો હતો.

વહાણુમાં આનંદથી દિવસોને પસાર કરતો મહેશ્વરદત્ત પોતાના વહાણો સહિત યવન દ્વીપને વિષે આવી પહોંચ્યો.

તે નગરના રાજવી પાસે જઈને હીરા, રત્ન, માણેક, પન્ના આદિના અમુલ્ય ભેટણાં મહેશ્વરદત્તે મુકયાં અને વહેપાર કરવાની પરવાનગી માગી.

રાજવીએ મહેશ્વરદત્તને વહેપાર કરવાની છૂટ આપી. રાજાની પરવાનગીથી નગરમાં ઘણાં પ્રકારનાં ક્રય વિક્રયને કરતો દિવસો નિર્ગમન કરવા લાગ્યો.

અવનવા પ્રકારના વહેપારને કરતા મહેશ્વરદત્તે પુષ્કળ દ્રવ્ય ઉપાર્જન કર્યું અને પોતાના વતન તરફ જવાને માટે વિક્રય થાય તેવી સામગ્રીને વહાણુમાં ભરાવી વહાણુને તૈયાર કરાવ્યાં.

શુભ મુહૂર્તે પવનની અનુકુળતા જોઈને મહેશ્વરદત્ત વહાણોની સાથે પોતાના વતન જવાને માટે નીકળ્યો.

ભયાનક ઘટા ટોપ વાદળાઓએ વિશાલ વ્યોમમાં પોતાની શ્યામતાથી સૂર્યને ઢાંકી અવનીને ઘોર અંધકારમાં ડુબાડી દીધી હતી.

ચારે તરફથી ભયાનક વીજળીઓની ઝડીઓએ પ્રચંડ ઉલ્કાપાત મચાવી મૂકયો હતો. અવનીના નંદનવનને ઉઝાડી નાખવા, વાયુએ પોતાના તમામ દોર છૂટા મૂકી દીધા હતા. વાદળોનું પરસ્પર તુમુલ યુદ્ધ સિંહ ગર્જનાઓ કરતું હતું. ઘેરાયેલા ગગનના અપાર પટનું રૌદ્રસ્વરૂપ જોઈને પાષાણ કલેજાના માનવો પણ ચીસ પાડી ઉઠતા હતા. બાળકો બીકના માર્યા માતાની શીતલ ગોદમાં છૂપાઈને છૂપી કીકીયારીઓ પાડતા સુતા હતા, બારે મેઘ ધરતીની ધરામાં ધસમસતાં ધોધમાર ધમાલને ધારણ કરતા હતા, સરિતાઓ ઉછાળા મારતી પોતાના બન્ને કાંઠાઓનું છેદન ભેદન કરતી ભયાનક વિપ્લવના પંથે પડી હતી. વિપ્લવમાં ઘેરાયેલા આત્માઓને સાગર પોતાના વિશાલ ખપ્પરમાં હોમતો ઉલ્કાપાત મચાવતો હતો. ભયાનક વાવાઝોડામાં સપડાયેલા વહાણો હાલમડોલમ થતાં હતાં. ખલાસીઓએ લંગર નાખીને વહાણોને થોભાવ્યા.

મધદરીએ લાંગરેલાં વહાણોની સાથે ઉચ્છૃંખલ બનેલી સરિતાઓમાં ખેંચાઈ ને સાગરમાં આવેલા લાકડાં જોરથી અથડાતા હતા અને તોપના જેવા મહાભીષણ અવાજો સાંભળતા મહેશ્વરદત્ત અને બીજા માણસો અશાંત ચિત્તે પ્રભુનું સ્મરણ કરતાં બેઠા હતા.

વાવાઝોડાના પ્રચંડ ઉલ્કાપાતો બંધ થયા અને વાયુએ પોતાની લીલાને સંકેલી લીધી, અને મદ ભર્યા ગજરાજની માફક વહાણો સ્થિર થઈ ગયા.

સ્થિર વહાણોને ચલાવવા માટે ખલાસીઓએ ઘણાં પ્રકારનાં પ્રયત્નો કર્યા છતાં પવન બંધ હોવાથી વહાણો થોડું પણ આગળ વધ્યા નહિ.

વહાણોમાં બેઠેલા તમામ માનવીઓ તથા મહેશ્વરદત્ત, ખલાસીઓ, માલમીઓ, વિગેરે ખુબ જ મુંઝાવા લાગ્યા.

ભયાનક વાવાઝોડાના મરણાંત કષ્ટમાંથી બચેલા માનવો સ્થંભી ગયેલા વહાણોને જોઈ અનેક તર્ક વિતર્કને કરવા લાગ્યા, અને અરસપરસ બોલવા લાગ્યા, કે જરૂર કોઇ રાક્ષસ, પિશાચ, કે શીકોતરનો ઉપદ્રવ થયો હોવો જોઈએ.

મહેશ્વરદત્ત આવેલી આફતથી ઉગરવા માટે અનેક પ્રકારના તર્કવિતર્કને કરતો, અપાર ખેદને ધારણ કરીને વહાણમાંથી એકલો નીચે ઉતરીને ચારે તરફ દ્રષ્ટિપાત કરવા લાગ્યો ત્યાં દૂર દૂર પહાડની ટોચ ઉપર એક મંદિરને લાંબી ધ્વજાથી શોભતું જોયું અને કૌતુક દ્રષ્ટિએ મહેશ્વરદત્ત પહાડ તરફ ગયો.

પહાડની પગથાર ઉપર પગલાં ભરતો મહેશ્વરદત્ત ઉપર ચઢયો અને મંદિરની ચારે તરફ તથા મંદિરની અંદર જોવા લાગ્યો પણ કયાંય માનવનો પગરવ સંભળાતો પણ ન હતો. મંદિર છેક જ સુમશામ પડેલું હતું.

સુમશામ મંદિરના પ્રવેશદ્વાર પાસે જ બે મોટા નગારા દ્વારપાલની જગ્યા સંભાળતા પડયા હતા. દાંડી લઇને મહેશ્વરદત્તે નગારા ઉપર દીધી.

ધડુમ........ધડુમ........ઝણઝણાટી ભર્યા અવાજે નગારા વાગ્યાં અને બાજુની ગુફામાં નિરાંતે સુતેલો મોટો ભારંડપક્ષી ઝબકયો અને પોતાની બન્ને પાંખોને પસારતો ઉડયો. પાંખોના ફફડાટથી પવન છુટયો અને પવનનું જોર ચારે દિશાએ ફરી વળ્યું.

જલનિધિના જલ ભારંડપક્ષીની પાંખોના ફફડાટથી હાલ્યા, મહેશ્વરદત્ત પહાડથી નીચે ઉતરે તે પહેલાં તો વહાણો તીરની ગતિએ અગાધ સાગરનાં નીરને વિંધતા ચાલ્યા.

હવે શું થશે ? મહેશ્વરદત્ત શેઠનો મેલાપ પણ મુશ્કેલ છે. વહાણના માનવો બોલવા લાગ્યા.

શેઠ રહી ગયા. ? શેઠ રહી ગયા ? વહાણને પાછા વાળો. ?

ઓ નાવિકો ? વહાણ પાછા વાળો. ? માલમી લોકો નાવિકોને કહેવા લાગ્યા.

નાવિકોએ વહાણને પાછા વાળવા તથા થંભાવવાને ઘણી ઘણી કોશીષ કરી પણ વહાણ પાછા ફરી શકયા નહિ.

" ખરેખર પાપીઓ અને પાખંડીઓને કદાપિ સુખના દિવસો આવતા જ નથી."

જેમ જેમ વહાણને થંભાવવા માટે પ્રયત્નો કરતા જાય તેમ તેમ બમણી ગતિને ધારણ કરતાં વહાણો પૂરઝડપે સાગર તટ ઉપર દોડવા લાગ્યા.

અંતરીક્ષ સુધી જતાં વહાણોને મહેશ્વરદત્ત નીહાળતો પહાડની ટોચ ઉપર ઉભો.

વહાણો કોઈ પણ જગ્યાએ અટકયા વિના ચંદ્રપુર નગરમાં આવી પહોંચ્યા.

ચંદ્રપુર નગરના માનવીઓ વહાણો આવ્યા જાણીને પોતાના સગા સંબંધી સ્નેહીઓને લેવા માટે સમુદ્રના કિનારે કીડીઆરાની માફક ઉભરાવા લાગ્યા, રૂદ્રદત્ત અને ઋષિદત્તા પણ આવેલા હતા.

પુત્ર મહેશ્વરદત્તને તથા પુત્રવધુ નર્મદાને નહિ જોવાથી વ્યાકુલ બનેલી, ઋષિદત્તાએ કલ્પાંત કરવા માંડયો; અને આક્રોશના આંસુ વહેવડાવા લાગી, સાગરનો કિનારો ઋષિદત્તાની કરૂણતા ભરી ચીસોથી સુમશામ થઈ ગયો.

રૂદ્રદત્તને ખલાસીઓ તથા વહાણનાં મુસાફરોએ બનેલી તમામ હકીકત કહી બતાવી.

નર્મદાના તથા મહેશ્વરદત્તના પૂર્વોક્ત કાર્યોને યાદ કરતી ઋષિદત્તા છાતીફાટ રૂદન કરતી બેશુદ્ધ બની, જમીન ઉપર ઢગલો થઈને પડી.

થોડાક વખતમાં શુદ્ધિમાં આવેલી ઋષિદત્તાને રૂદ્રદત્તે સાંત્વનરૂપી અમૃતનું પાન કરાવ્યું અને આશ્વાસન પામેલી ઋષિદત્તા શાન્તિને ધારણ કરતી ઘર તરફ જવા ચાલી નીકળી.

રૂદ્રદત્તે વહાણો ખાલી કરવાનો આદેશ કર્યો ને મજુરો વહાણ ખાલી કરવા લાગ્યા. અને મુસાફરો પોતાના સગા-સંબંધી તથા સ્નેહીઓની સાથે ઘર તરફ પ્રયાણ કરી ગયા.

પહાડની ટોચ ઉપરથી ઉતરીને વિહ્‌વલ બનેલો મહેશ્વરદત્ત સાગરના કિનારા ઉપર ઉભો રહી વિચારવા લાગ્યો.

ખરેખર ? વહાણોને અતિશય વાવાઝોડાના તોફાનથી બચાવ્યાં પણ ? તોફાન તો મારા અંતરમાં આવી વસ્યું.'

હે દગાગોર દૈવ ? તેં ખરા પ્રસંગે જ મને દગો દીધો.

ખરેખર ? ફુલની કળી જેવી સુંદર અને કોમળ હૃદયવાળી નર્મદાના જીવનને મેં વહેમની એડી નીચે કચડી નાખ્યું. મહેશ્વરદત્તનું હૃદય મુઝામણમાં મંથન કરવા લાગ્યું.

જીવનના પંથમાં કપટના દાવને ખેલતો મહેશ્વરદત્ત આજે ઉજ્જડ વેરાન થયેલી જીંદગીના ઘૂઘવતા પૂરનો સામનો કરવાના વ્યુહમાં વિચાર કરવા લાગ્યો.

કયાં ઘર ? કયાં નગર ? કયાં માતા ? કયાં પિતા ? કયાં ભાઈ ? કયાં બ્હેન ? કયાં કુટુંબ ? કયાં મિત્ર ? અરે ? કયાં બીચારી કોમલ શૈયામાં સુનારી નર્મદા ? કયાં મારી ધન દોલત ? કયાં વહાણો ? અને કયાં હું ?

" કરોડોની દૌલતનો ભોક્તા મહેશ્વરદત્ત આજે કર્મની ભયંકર આંધીમાં અટવાઇ ગયો. એકલવાયા પંથ ઉપર કુદરતના ખોળે જીવનને વહેતું મુકવાના વિચાર ઉપર આવ્યો.

ભૂખ અને તરસથી પીડાતો મહેશ્વરદત્ત ક્ષુધાની તૃપ્તિ માટે ભટકતા ભીખારીની માફક ફળોની શોધમાં પહાડની પાછળના ભાગમાં કદલીવનની કુંજોમાં ભમવા લાગ્યો.

રસવતી અને દરરોજ નવનવી ભાતની રસોઇને જમનાર મહેશ્વરદત્તને અનાજ તો શું ? પણ ફલોની પ્રાપ્તિ

દુર્લભ બની ગઇ છે. રે કર્મ ? તારા પંજામાં ફસેલા મહારથી-ઓના પણ મદ ઉતરી ગયા અને ગરીબડા બની અવનીના પટ ઉપર રખડવા લાગ્યા.

વનની ગલીએ ગલી અને કુંજે કુંજમાં સંધ્યાકાલ સુધી ભમતો, ક્ષુધા તથા તૃષાથી પીડાતો શ્રમિત બનેલો મહેશ્વરદત્ત એક ઝાડના થડનાં પોલાણમાં નિદ્રા લેવા માટે પેઠો અને નિદ્રાધીન થઈ ગયો.

ઘનઘોર રાત્રીએ પોતાનો અંધકાર ભર્યો પડછાયો અવ-નીના પટ ઉપર નાખી વસુંધરાને ઘેરી શ્યામતામાં પલટાવી નાખી હતી. ચારે તરફ, દેડકાના તથા તમરાના અવાજો ગુંજા-રવ કરતા હતા. તો કયાંક દૂરદૂર ઘડીક શીયાળના, તો ઘડીમાં ચીબડીનાં, તો ક્ષણીકમાં ઘુવડના અવાજો આવતા હતા.

દિવસ ભરના શ્રમથી શ્રમિત થયેલો મહેશ્વરદત્ત પોતાના જીવનને ભયંકર આંધીમાં, કર્મને ભરોસે મૂકી, નિદ્રાધીન થઈ ગયો. રે કિસ્મતના રંગ ? સુંવાળી સેજમાં સુનારા મહેશ્વરદત્તને પૂર્વ કર્મના ઉદયે ભરજંગલમાં લાકડાના પોલાણમાં વાસ કરાવ્યો.

ઝાડ ઉપર મધ્ય રાત્રીને વિષે એક દેવ પોતાની પ્રિય સહચરી દેવીની સાથે બેઠો હતો,

દેવી પોતાના પ્રાણ પ્રિય પતિને કહેતી હતી કે........ હે જીવન આધાર ? કંચન દ્વીપમાં આજે મહાન મહોત્સવ છે, માટે ત્યાં કુતુહલ જોવા માટે જઇએ.

દેવે દેવીનું કહેવું માનીને પોતાની શક્તિ વડે આખા વૃક્ષને ગગનના વિશાલ પટની નીચે પવનના વેગથી વહેતું મૂક્યું.

ઉંચે વિશાલ વ્યોમનું છત્ર છે, નીચે તોફાની મોજાને ઉછાળતાં અને મહાવિકરાળ સ્વરૂપને ધારણ કરતાં સમુદ્રના ઘુઘવતાં નીર ઉછળી રહ્યા હતા.

"જેમ પડેલા ઘા, ઉપર મીઠું પડે." તેમ મહેશ્વરદત્ત ભર ઉંઘમાંથી જાગ્યો અને આળસ મરડે છે ત્યાં તો ઉછળીને સમુદ્રમાં વિકાળ મુખને ખુલ્લું રાખીને પડેલા રાક્ષસ કાય મગરમચ્છના મૂખમાં પડયો, અને મગરમચ્છે પોતાના પડછંદ પેટમાં મહેશ્વરદત્તને સમાવી લીધો.

ઘણાં વખત સુધી સાગરના નીરને વિંધતો અને શ્રમિત થયેલો મગરમચ્છ રૂપચંદ્રનગરના કિનારે ખુલ્લું મૂખ રાખીને પડયો.

માછીમારોએ મગરમચ્છને જોયો, પકડયો અને તેના પેટને ચીર્યું તેમાંથી ધીમા શ્વાસોશ્વાસની ક્રિયાને કરતાં મહેશ્વરદત્તને બહાર કાઢયો.


શારીરિક ઉપચાર કરતાં થોડાક વખતમાં શુદ્ધિમાં આવ્યો, અને આમ તેમ નજર ફેરવવા લાગ્યો.

આ કયું નગર છે? હું અહીં કયાંથી આવ્યો? મને અત્રે કોણ લઈને આવ્યું? મહેશ્વરદત્ત માછીમારોને પૂછવા લાગ્યો પણ?

માછીમારો જવાબ નહિ આપતાં અપાર દુઃખના દાવાનળમાં દાઝેલા મહેશ્વરદત્તને પકડી રાજા સમક્ષ લઈ ગયા.

મહેશ્વરદત્તની રાજસભાના માણસોએ રાજવીને ઓળખાણ કરાવી, અને થોડાક દિવસ રાખીને આડંબર પૂર્વક રાજવીએ તેના ગામ તરફ રવાના કર્યો.

જેમ વસંત ઋતુના આગમનથી નવપલ્લવિત બનેલી વનની કુંજોમાં કોયલના મધુર ટહુકાર આનંદ ઉપજાવે છે, તેમ મહેશ્વરદત્તના આવાગમનથી અપાર દુઃખમાં ડુબેલા માતા પિતાના હૃદયને આનંદની ઉર્મીથી નવપલ્લવિત બનાવ્યું અને હર્ષોલ્લાસના ટહુકારથી આખા કુટુંબમાં વસંત ખીલી ઉઠી.





પ્રભાબેન, શ્રી રમેશચંદ્રભાઇ, ધ્રુવસાહેબ પરિવાર સહિત
વાસક્ષેપ નંખાવે છે. સંવત ૨૦૨૯ કારતક સુદ ૧૫

## પ્રકરણ ૯ મું

## વિજોગણ

વગડામાં એકલી સુતેલી નર્મદા જાગી, અને આજુબાજુ નજર નાખી પણ પોતાના પતિને નહિ જોવાથી, આકુળ-વ્યાકુળ થવા લાગી. નિદ્રામાં ખસી ગયેલ પોતાના અંબરને સરખો કરી નર્મદા ઉઠી. ને પોતાના સ્વામિને બોલાવવા લાગી પણ ? પ્રત્યુત્તર નહિ મલવાથી નર્મદાની મુંઝવણ વધતી ચાલી.

ઓ સ્વામિનાથ ? તમે કયાં છો ? ભલે તમે મારી મશ્કરી કરવા માટે સંતાઈ ગયા ? પણ હું તો તમને શોધી કાઢીશ ?

ઓ પ્રાણાધાર ? બોલો........બોલો........કયાં છો ? મહેશ્વરદત્તની કપટલીલાને નહિ જાણુતી, નર્મદા કદલીવનની કુંજોમાં મહેશ્વરદત્તને શોધતી, વનને ગજાવવા લાગી. વનમાં વનની મંજરીઓને શોકાતુર બનાવતી મોટા કારૂણ્ય આલાપથી બૂમો પાડતી નર્મદા પતિને શોધવા લાગી.

ઓ નિઃસ્નેહી નાવલીયા ? તમે કયાં છૂપાયા છો. ”

ઓ સ્વામિનાથ ? રમતની વખતે જ રમત શોભે છે.

અવસર વિનાની રમત આફતને નોતરી લાવે છે.

એક કોમળ હૃદયવાળી અબળાની ધીરજ કેટલી હોઈ શકે. ? સ્વામિનાથ !

ઓ વ્હાલા મહેશ્વરદત્ત ? જ્યાં છૂપાયા હો ત્યાંથી જલ્દી આપનું મુખ બતાવો.

ઓ મારા મન મંદિરના ચાંદલીયા ? જલ્દી....જલ્દી.... આવો, વહાણમાં બેઠેલા માનવીઓ આપણી રાહ જોતા હશે.

આવા અઘોરવનમાં મારી મશ્કરી શું કામ કરો છો ?

ઓ મારી આશાના દરીઆ ? મશ્કરી મૂકીને આપના મુખારવિંદનું દર્શન કરાવો.

તમને શરમ નથી આવતી ઓ વનની મંજરીઓ ?

મારા આંસુઓ જોઈને તમે હસી રહી છો. ?

લચી રહેલી વનની મંજરીઓને ઓલંભા આપતી નર્મદા વનમાં ભમવા લાગી.

રૂદન, અને ચીસોથી હૈયાફાટ રડતી નર્મદા પતિના પગલાં જોતી જોતી સાગરના કિનારે આવીને જોવા લાગી.

નથી માનવ ? નથી વહાણ ? સુમસામ કિનારો પણ નર્મદાના ખેદાન મેદાન થઈ ગયેલા જીવનને જોઈ શોક ન કરતો હોય ? તેમ દેખાતો હતો.

ઓ કપટી મહેશ્વરદત્ત ? મને વગડામાં એકલી મૂકી તમે દગો કર્યો.

ઓ સ્નેહ વગરના માનવી ? તમને લાખ લાખ ફીટકાર છે.

ઓ નિર્ગુણી નાવલીઆ ? તમારો અવતાર ધિક્કાર છે.

આજે તમે ખરેખર મને "કુવામાં ઉતારીને દોરડી કાપી નાખી."

ઓ પથ્થર હૃદયના માનવી ? મેં તમારૂં શું બગાડયું છે કે તમે મને આવી ભયંકર અટવીમાં મૂકીને ચાલતા થયા.

ઓ કાળા કર્મના કરનારા કપટી મહેશ્વરદત્ત ? મેં તમને એવું શું કહ્યું કે જેથી તમે મારી આવી દશા કરી નાખી.

ઓ દંભી પિયુજી ? ભરજંગલમાં મને એકલીને રખડતી મૂકીને જતાં તમારા હૃદયમાં દયા પણ ન આવી ?

ઓ વજ્રની છાતીવાળા મહેશ્વરદત્ત ? મારી એવી કઇ ભૂલ તમને દેખાઈ આવી કે મારી ખીલી ઉઠેલી વાડીને બળભળાવી નાખે તેવું કલ્પાંત કરતી નર્મદા ઉભી ઉભી વિચાર કરવા લાગી કે કયાં જવું ? કોને કહેવું ?

વિધાતા ? તેં પણ આવા ચંચળમનના માનવીઓને પૃથ્વીના પટ ઉપર આવવા જ કેમ દીધા ?

હે વિધાત્રી ? આવા સ્નેહ વિનાના માનવીઓ વડે તું પણ તારી લીલા બતાવે છે, ખરી, પણ આવી નિર્દયતાની આગ નિર્દોષ નારીના જીવનમાં ચાંપવી તને શોભતી નથી.

હે દૈવ ? હું તને હાથ જોડી વિનવું છું કે તારૂં એ

શું બગાડયું હતું કે તેં મને આવા દયાહિન પતિના પનારે પાડી.

જીભથી મધને વહાવતા અને અંતરમાં ઝેરના કટોરા ભરી ઓ મહેશ્વરદત્ત ? તમે મને આજે વિરહની વિજોગણ બનાવી મારા હૃદયમાં વિયોગની ચીંગારીને ચાંપી તમે આગને પ્રગટાવી છે.

પહેલેથીજ મને જો તમારી કપટકળાની ખબર હોત તો હું તમારી સાથે આવત જ નહિ. ઘરમાં રહીને ત્રિલોકના નાથની દરરોજ ઉપાસના કરત, તો મને કદાપિ આવું દુઃખ ન પડત ?

ખરેખર ? " પાણી પીને મેં ઘર પુછયું."

ઓ વિધાત્રી ? લલાટમાં તેં આવા લેખ કેમ લખ્યા ? ખરેખર મુનિવરના શબ્દો આજે સાચા પડયા અને "વિજોગણ બની" આજે મને પાંખો હોત તો જરૂર પૃથ્વીના પેટાળમાંથી પણ મહેશ્વરદત્તને શોધી કાઢત, પણ શું કરૂં હે દૈવ ? આડા પથરાએલા સાગરની પેલે પાર કેમ કરી જવાય. ?

પતિના વિયોગની વિજોગણ નર્મદા ચોધાર આંસુઓના પુરને વહાવતી સાગરના કિનારે વિરહની વેદના ભોગવતી વ્હાલમના વિયોગમાં ઝુરતી બેઠી.

ઓ નર્મદા ? તેં વિયોગ નહોતો માંગ્યો છતાં ય આવ્યો તો ભલે આવ્યો, એને ભાઈ ગણીને પ્રેમથી નીભાવવા માટે શક્તિમંત બન ? કલ્પાંત ન કર ? એરણની ઉપર માથું મૂકયું છે તો હવે કલ્પાંત કરવાથી શું ફાયદો ?

આવતી આંધીને દૂર કરવા તૈયાર થા. ? સ્વગત્ પોતાના પ્રત્યે પોતે બોલવા લાગી.

ઓ મનવા? તું કોઈને દોષ ન આપ. ? તું તારા કર્મો તપાસ. ? જરૂર તેં તારા કોઈપણ ભવમાં અશુભ કર્મ ઉપાર્જન કર્યું હશે. તેનું જ તું આજે ફળ ભોગવે છે અને વહાલાના વિયોગમાં ઝરે છે, પણ ? ઓ નર્મદા ? તું હવે આવતી આફતને આવકારવા માટે અબળા મટી પ્રબળા બન ? વિચારોમાં અથડાતી નર્મદા સ્વગત્ બોલતી હતી.

હવે તો નર્મદા તારે તારા શિયલના રક્ષણ માટે જીવન મરણના જંગ ખેલવા પડશે, તોજ તારા સળગેલા સંસારના જંગલમાં મંગલ પ્રગટ થશે. વિચારોના મંથનમાં પોતે જંગલ તરફ પાછી વળી.

"અગ્નિના દાવાનળથી જમીનો પણ ફાટી જાય છે, તેમ વિરહની આગમાં નર્મદાના કોમળ અંતરમાં પણ સેંકડો ફાટો પડવા લાગી.

"જલના વિરહમાં માછલી પણ પોતાના પ્રાણને બચાવી શકતી નથી."

"જ્યાં વિરહનો દાવાનળ બળતો હોય ત્યાં માનવીનું નુર પણ ઉડી જાય છે.

"વિરહની આગમાં વજ્ર જેવું શરીર પણ બળીને ખાખ થઈ જાય છે."

"વિરહના ભયંકર ભુજંગને સહન કરવાની તાકાત માનવીમાં પણ નથી. માટે વિરહની વેદના કોઈને પણ ન થશો.

વિચારોના વંટોળમાં અથડાતી ભાંગેલા પગે લથડીયા ખાતી કલ્પાંત કરતી કોમળ હૃદયવાલી નર્મદા જંગલના માર્ગે ચાલતી હતી.

પાષાણના ડુંગરો પણ વિરહની વિજોગણના કાકલુદી ભર્યા કારૂણ્ય રૂદનથી તૂટવા લાગ્યા.

હે દૈવ ? મેં ચરતા મોરને મારી ઢેલને વિયોગ કરાવ્યો હશે. ?

હંસને મારી હંસણીને વિરહની વેદનામાં બાળી હશે ? દૂધ પીતા નાગને મારી મેં નાગણને વસમી વિરહની વેદના આપી હશે ?

મેં અનંત પ્રેમમાં કિલ્લોલ કરતાં મેનાપોપટના વિયોગ કરાવ્યા હશે. ?

કયા કર્મે મને આજે મારા પતિનો વસમો વિયોગ થયો હશે. ?

હે મનવા ? તારી ફૂલડે શણગારેલી સેજમાં આજે કાળો નાગ આળોટવા લાગ્યો છે.

હે હૈયાની ભાંગેલી નર્મદા ? વૃક્ષોમાં જેમ આંબલીનું વૃક્ષ તજાયેલ છે, તેમ તને આજે સુંવાળી સેજના રખેવાળે તજી દીધી ? સ્વગત્ બબડતી નર્મદા જંગલના માર્ગને કાપવા લાગી.

આફતના કાંટાઓને હીંમતથી પુષ્પો બનાવી, જીવનની ફુલદાનીને ખીછાવવાના કોડમાં નર્મદા આગળને આગળ વધવા લાગી.

કુડકપટ અને કલેશથી ભરપુર આ સંસારમાં મારા જેવી કંઈક વિજોગણો ભર જંગલમાં ભટકતી હશે. ભલે પછી નામે ગણાતો માનવ પણ દાનવો કરતાં ભયંકર કાર્યોને કરતાં જરા પણ અચકાતો નથી. નર્મદા સ્વગત્ બોલતી વનમાં આવી પહોંચી.

વનને વિષે વસંતે આક્રમણ કર્યું હતું. અને પ્રકૃતિમાં ઉલ્લાસનો સંચય થયો હતો. નવમંજરીઓના મધુર રસનું પાન કરનાર ભમરાઓથી આંબાની ડાળીઓ ઝુકી પડી હતી. વન આખું કેસુડાના રંગથી ગુલાબી બની ગયું હતું. વૃક્ષો નવપલ્લવોથી વિભૂષિત બન્યાં હતા. રંગબેરંગી ફુલોના ગુચ્છાઓથી છોડવાઓનાં અંગ દીપી ઉઠયા છે. કોયલના ટહુકાર સંભળાતા હતા, અને ખીલેલી વસંતે વનને નંદનવન જેવું બનાવ્યું હતું પણ.? નર્મદાની ખીલેલી વસંતનો બાગ કરમાઇને જમીન દોસ્ત થઈ ગયો હતો. આજે નર્મદાના મુખ ઉપર સ્મિતના બદલે ભયંકર આંધીની રેખાઓ ફેલાઈ ગઈ હતી. તેના કંઠમાંથી નીકળતી હલકના બદલામાં કારૂણ્યતાના પોકારો નીકળતા હતા. તેની આંખોમાં લોહીના કણીઆ દેખાતા હતા. કરૂણાની ઉર્મીના ધોધના બદલે નર્મદાના કોમળ હૃદયમાં પડેલા વિરહના ઘાથી કારૂણ્યતાના અશ્રુઓ ધોધબંધ વહેતા હતા. કેશના ગુંથનો ઉપર શોભતી પુષ્પોની વેણીના સ્થાને છૂટા કેશ ચંડીકાનું રૌદ્ર સ્વરૂપ ધારણ કરવામાં મદદગાર બન્યા હતા.

વનની મૃગલીની જેમ આમતેમ ભમતી નર્મદા બોલતી

હતી કે મનવા ? આ જગતના માનવીઓની શીકલ માનવીની છે પણ તેમનો આત્મા ભયંકર શેતાનનો છે.

આ જગતમાં પ્રીતને નીભાવનારા ઘણાં થોડા છે જ્યારે પ્રીતની ખાતર આંસુઓના ધોધને વહેવડાવનાર ઘણા છે.

પતંગીઓ દીપક ઉપર રસીયો બની, દીપકની સાથે ભેટવા દેહને ઝંપલાવે પણ ? દીપક તેના અગાધ પ્રેમને જાણતો નથી અને તેના પ્રાણ પંખેરાને યમના દ્વારે મોકલી આપે છે.

કપટથી મને જંગલમાં રખડાવનાર એ મહેશ્વરદત્ત ? ખરેખર તમારી માતાએ નવ માસ સુધી તમારૂં માનવ તરીકે નહિ પણ પથ્થર તરીકે જ જતન કર્યું છે.

ખરેખર ઉત્તમ માણસની પ્રીતિ વખાણવા યોગ્ય જ હોય છે. જ્યારે મહેશ્વરદત્ત જેવા સ્વાર્થીઓની ઠગારી પ્રીતિ સ્વાર્થ પુરો થતાં જ પુરી થાય છે.

જાણે આંખોમાં હિમના કણીયા ભર્યા ન હોય ? તેમ લોહી ભરેલી લાલચોળ આંખો જડ જેવી બની ગઈ હતી, અને હૃદયને કહેવા લાગી હતી.

હે ચાંડાળ હૃદય ? તારા હજારો કકડા કેમ નથી થતા ?

આવા મહાન દુઃખોને કઇ રીતે તું વહન કરીશ; એમ બોલતી નર્મદા છાતી ફાટ કુટવા લાગી.

ઓ પાપી પ્રાણી ? તું વિચાર તો કર. તારી પાસે તારો પ્રિયતમ નથી, તારૂ થાશે શું ? અરે તું કેમ ધીરજ ધરીને બેઠો છે.

ઓ વિધાત્રી ? તેં મારા જેવી નિર્ભાગી નારીને કેમ સરજી, કે મને નિર્ભાગીને તજી દઇ મારો પ્રિયતમ ચાલી ગયો ?

ઓ ધરતીમાતા ? તું મને માર્ગ આપે તો હું વિરહની વેદનામાં, રીબાયા કરતાં તારા પેટાળામાં જ સમાઈ જાઉં.

માતાની માયા, અને પિતાની છાયા, ભાઈ ભાભીનાં હેત; કુટુંબનો આનંદમય કલરવ, હજારો ગાઉ દૂર છે, ભર જંગલમાં કોઈનો સથવારો નથી. હવે હું કયાં જઇશ ? હે વિધાત્રી ? મારા પિયુજીએ મારી ઉપરથી પ્રેમની ચુંદડી ઉપાડી લઈ, આફતનાં અંધારાની આંધીનો અંધકારમય ઓછાડ નાખ્યો તે વખતે મારા પિયુજીને તેં કેમ ન પકડી રાખ્યા ?

વ્હાલાના વિયોગે મારી નિદ્રા વેરણ થઈ ગઈ. મારા પિયુજીને કોણે ઓળખ્યા હશે ? એમ વિલાપના વહેણમાં આંસુઓના પુર નર્મદાની આંખમાંથી વહેવા લાગ્યાં અને બોલવા લાગી.

મેં કોઇને શ્રાપ આપ્યા હશે ?
મેં કોઇને માથે ખોટા આળ મૂકયાં હશે ?
મેં કોઈને કોષમાં જોડીને દુઃખ દીધાં હશે ?
મેં કોઈના કાન તોડયા હશે ?
મેં પાણીના પ્રવાહથી કીડીના દરને પૂર્યાં હશે ?
મેં માતાથી બાળકોના વિયોગ કરાવ્યા હશે ?
મેં લોખંડના શસ્ત્રોને વેચ્યા હશે ?
મેં અનંતકાયના દરરોજ હોંશે હોંશે ભક્ષણ કર્યા હશે ?
મેં પારકી થાપણને પડાવી લીધી હશે ?

મેં અળગણ પાણી વાપર્યા હશે?

મેં પશુ પંખીને પાંજરે ઘાલ્યા હશે?

મેં હોંશે હોંશે રાતા હીરને રંગ્યા હશે?

મેં પરદારની સંગતિ કીધી હશે?

મેં વિવિધ રસવાળી મદિરાના પાન કર્યા હશે?

મેં પર્વતિથિના દિવસે હોંશે હોંશે અનંગક્રીડાઓ કરી હશે?

મેં વ્યસનોને સેવ્યા હશે?

મેં જીનેશ્વર ભગવંતના માર્ગને વિષે વિસંવાદ સેવી મિથ્યાત્વની પૂજાઓ કરી હશે કે અનુમતીઓ આપી હશે?

મેં સુદેવ, સુગુરૂઓને વિષે અપવાદ સેવ્યા હશે?

મેં સંતપુરૂષો ઉપર ખોટા આળ ચડાવ્યા હશે?

એમ પોતાના પૂર્વે બાંધેલા કર્મોને સંભારતી નર્મદા વનમાં ભમવા લાગી.

નાથ? માફ કરો. મારી ભૂલ થઈ હોય તો હું આપને ખોળો પાથરી મારા જીવનના દોરને સાંધવાની આજીજી કરૂં છું. નાથ? મને માફ કરો.

તમે તો સાગર છો અને મારામાં નાનકડી નીક થવાની પણ ગુંજાશ કયાં છે.? ઘોર ભયંકર અરણ્યમાંથી મને બચાવો. નાથ? માફ કરો. અને એકાદ સરિતાના જલપ્રદેશ ઉપરથી

અભિસાર કરતી જલલહરી મોકલી મને તેમાં સંમિલિત કરી તમારા તરફ વહાવી દો.

હું તો ખાબોચીઉં છું નાથ? આપ તો સાગર છો? નાથ અને મને માફ કરો! માફ કરો! એમ વદતી છુટી પડેલી હરણીની પેરે નર્મદા આમતેમ ભમવા લાગી.

સૂર્યને આ અવની ઉપર આવ્યા ચાર પ્રહર વ્યતિત થઈ ગયા હતા. ભિષણ દુઃખમાં ડૂબેલી અને પિયુ પિયુના પોકારો પાડતી નર્મદાનો કંઠ રૂંધાઈ ગયો હતો. છૂટા પડેલા બાળકની જેમ ભમતી અને શ્રમિત થયેલી નર્મદા ક્ષુધા અને તૃષાથી પીડાતી હતી, નર્મદાના દારૂણ દુઃખને દૂર કરવામાં અસમર્થ બનેલો સૂર્ય શરમીંદો બનીને અસ્તાચલમાં લય થઈ ગયો હતો. પક્ષીઓ પોતાના સ્થાનમાં વિશ્રાંતિ લેવા જઈ રહ્યા હતા, અને તમરાના ઝીણા ઝીણા અવાજો આવતી શ્યામ-રજનીના તાંડવનૃત્યમાં સંગીતની સૂરાવલીઓ પૂરાવી રહ્યા હતા. દેડકાઓ પણ પોતાના અવાજોનું ઢોલક વગાડી રહ્યા હતા. અને અંધકારમાં મિશ્રસૂરોનો અભિષેક કરતો, ઘણા પ્રકારના જંતુઓનો ઝાંઝરીઓ અવાજ વનને ગજાવી મૂકતો હતો. લગભગ અર્ધા પ્રહરનું અંતર વ્યતિત થયા બાદ આભમાંથી અમૃતને વરસાવતો અને શ્યામ રજનીના દેહને રૂપેરી બનાવતો ચંદ્રમા ઉદયાચલથી પૂરઝડપે પોતાની સ્વારી લઈને આવી રહ્યો હતો. ટમટમી રહેલા તારલાઓ નિસ્તેજ થઈ ગગનમાં અદશ્ય થઈ ગયા હતા. ચંદ્રિકાએ પોતાના શીતલ અને ઉજ્જવલ પ્રકાશથી દશેદિશાઓને ઝગમગાવી મૂકી હતી. અને આભલાના સફેદ ચંદરવાની નીચે રહેલા

વૃક્ષો પોતાની વ્હાલસોયી વેલડીને પોતાના શરીરની આજુ-બાજુ વીંટીને ઉભા હતા. નાની નાની લતાઓ, નાના નાના વૃક્ષોને આલિંગન આપીને વિંટળાઈ ગઈ હતી. વિંટળાએલી લતાના એક નાનકડા મંડપમાં નર્મદા રાત્રી પસાર કરવા બેઠી પણ ? ધરતીના પગથારે પવનના સુસવાટા વાતા હતા અને મંડપને હચમચાવી મૂકતા હતા. મંડપના હાલી ઉઠવાથી નર્મદાનું અંતર પણ પતિના વિયોગે હાલી ઉઠતું હતું અને અગનનાં આંસુઓ પણ પવનના અતિશય સૂસવાટા સાથે આવતી ઠંડીમાં થીજી ગયા હતા. શરીરનું કોચલું વાળીને બેઠેલી નર્મદા વિચારવા લાગી.

માનવીનું જીવન કેટલા વિચિત્ર પ્રસંગોથી ભરેલું છે, તેનો ભૂતકાળ રમ્ય હોય છે ! અગર ભયંકર હોય છે ! પોતાના પૂર્વના સ્મરણો નર્મદાને યાદ આવતા અને આંસુ-ઓના ઢગ ખડકાવી નાખતા, તો કેટલાક પ્રસંગોને પોતાના સ્મૃતિપટ ઉપરથી, ભૂસી નાખવા અંતરમાં મથામણ કરતી એકાએક હૈયાફાટ સ્વરે રડી પડતી, અને તેના રડવાના અવાજથી વનની વનલતાઓ, ધ્રુજી ઉઠતી અને નર્મદાની વેદના સામે ઉભેલા ડુંગરોનાં પત્થરોને કોરી નાખી કકડા કરી નાખતી હતી. વનની વનલતાઓ પવનના આવવાથી હાલતી ને બીહામણા સ્વરૂપને ધારણ કરી નર્મદાને બીવડાવતી હતી. અને વ્હાલાનાં વિયોગમાં ઝુરતી નર્મદા રાત્રી પસાર કરી રહી હતી.

અખૂટ મહાધારાઓમાં વહી જતા આકાશનાં આંસુથી ભરપૂર રૂદન વર્ષી વર્ષીને મોડી રાતે આકાશ શાંત પડે તેમ

નર્મદાનું રૂદન શાંત થઈ ગયું.

નર્મદાને મધ્યરાત્રીની ખબર આપતો ચંદ્રમા વ્યોમના મધ્યાંતરમાં આવી રહ્યો હતો. ભગ્ન હૃદયવાળી નર્મદાની નિદ્રાનું પણ નિશાનાથે હરણ કરી લીધું.

જલ વિના જેમ માછલી તરફડીયા મારે તેમ પોતાના પતિના વિરહથી તરફડીયા મારતી નર્મદાનું હૃદય એકદમ ઉકળી આવ્યું અને ચાંદલીઆને ઓલંભા આપવા લાગી.

ઓ કલંકી ચાંદલીઆ ? તને શરમ પણ નથી આવતી કે મને એકલીને જાણી તું બાળે છે. જો તું મને મારા પતિનો મેલાપ કરી આપે, તો હું તારો ઉપકાર માનું અને તને મારા અંતરમાં હંમેશાં સમાવી તારા નામના ઓવારણા લઉં અને તારા ગુણગાનથી જગતને ગજાવું. વનલતાના મંડપમાંથી બહાર નીકળીને સાગરના તટ ઉપર આવવા માટે નીકળેલી અને પોતાના ફાટેલા કપડાને સરખા કરતી નર્મદા ચંદ્રમાના સામું જોતી અને ઓલંભા આપતી જતી હતી.

આ ધુતારા ચાંદલીયા ? ચંચળ હૃદયના માનવીઓના ચિત્તના ચોર તને નિર્દય, નઠોર અને કઠોર કાળજાનો બનતાં શરમ નથી આવતી ? ભલે લોકો તને અમૃતનો ઝરો માનતા હોય પણ મને તો તારામાં ઝેરના ધોધ દેખાય છે.

તું લોકોને પ્રિય લાગતો હોય પણ મને તો તું પૂર્વ-ભવનો વેરી લાગે છે.

ભલે જગત તને સમુદ્રનો પુત્ર માને પણ મને તો તું ખરેખર ખેરનો અંગાર દેખાય છે. ખરેખર તારૂં નામ અમૃત-

સિંધુ નહિ પણ હળાહળ વિષનું વહેણ જ છે.

તું તારા હૃદયમાં એમ ન માનતો કે હું જ જગતમાં બળવાન છું પણ તને ખબર નથી કે અમૃતને મૂકીને ઝેર પીનાર શંકર જ બળવાન છે.

તારી ભાગ્યદશા ચઢતી છે કારણ કે રાહુને શરીર જ નથી, નહિતર રાહુ તને આખો જ ગળી જાત તો પછી વિરહી આત્માઓના વિરહને તું જગાડી શકત નહિ અને તું કોઈને દુઃખ દેત પણ નહિ.

તારી બહાદુરી હું ત્યારેજ માનું કે સૂર્ય હોય ત્યારે તારા પ્રકાશનાં કિરણો અવની ઉપર નાખીને અવનીના માનવીઓને આનંદ પમાડે તો.! તું ખરો જોરાવર ગણાય અગર અમાવાસ્યાની રાત્રિમાં તારો પ્રકાશ ફેંક? તો જ તું નિષ્કલંકી ગણાઈશ.!

જો તારામાં જોર હોય તો દિવસે જગતના માનવીઓને તારા અમૃતનું પાન કરાવ?

તું તો નબળા મનના આત્માઓ ઉપર સબળો બનીને લડાઈ કરે છે! એ તારી વાતને હું સંપૂર્ણ સમજું છું.

ઓ ચાંદલીઆ? ભલે તું શીતલતાનો કુપ દેખાતો હોય પણ વિરહીજનોને માટે તું તો અગ્નિના કુંડ જેવો દાહક છે.

જેમ મોળું દહીં આવાથી દાંત શીતલતા અનુભવે છે તેમ ઓ ચાંદલીઆ? તું નિર્દય મટીને મારા જેવી અનાથ અબળાઓ ઉપર કરૂણતાવાળો બન? પણ ખાટા દહીંથી જેમ દાંત ખાટા થઈને માનવોને હેરાન કરે છે, તેમ તું પથ્થરના

જેવો કઠણ બનીને, માનવીના હૈયાને ભાંગનારો ન બન. ?

ઓ ચાંદલીઆ ? જ્યાં મારા ભરથાર હોય ત્યાં જઈને મારૂં સંભારણું તું કહીને મારા ઉપર ઉપકાર કર. ? કે જેથી મારા બળતા અંતરને શાન્તિનો અનુભવ થાય.

ઓ ભૂંડા ચાંદલીઆ ? તું તો આકાશમાં ભમે છે માટે જલ્દી જા ? અને મારા પિયુજીને મારાં પુનીત પ્રણામ અને સંભારણા કહીને તું પાછો આવ ?

તું તારી આંખો ઉઘાડીને જોતો ખરો ? કે મારા કઠોર હૃદયના ભરતાર મને વનવગડામાં એકલી મૂકીને ચાલી ગયા છે.

ઓ માઝમ રાતના ચાંદલીઆ ? તું અમારો ભેટો કરાવી આપે તો તને મારો વડીલ બંધુ માનીને તને ક્રોડ ક્રોડ નમસ્કાર કરીશ.

આમ વ્યાકુળ બનેલી નર્મદા ઓલંભા આપતી ચાંદલીઆને કહેતી હતી.

કરૂણ વ્યથામાં ડુબેલી નર્મદાના નયન થકી વહેતા અશ્રુપાતથી ઝમક ઝલક અને ઝણઝણાટ મચાવતો ચંદ્રમા દાહને અનુભવતો વ્યથા પામીને પોતાનું કલંકિત મુખ છુપાવવાને માટે દોડતો દોડતો ક્ષિતિજની પેલેપાર પહોંચ્યો હતો. કુકડાના અવાજો દિવાકરના આગમનની છડી પોકારતા હતા. પક્ષીઓનો કલરવ મંગળ પ્રભાત થયાની જગતને ખબર આપતો હતો. મંદિરોમાં વાગતા શંખ સૂર્યને આવકારતા હતા, થોડા થોડા વખતના અંતરે વાગતા ઘંટ ખીલતી ઉષાને વધામણાં આપતા હતા. રંગ બેરંગી ઉષાના પડદામાંથી પોતાના મુખનું

દર્શન કરાવતા દિવાકર જગતના માનવીઓને પોતાની ફરજ અદા કરવાનો આદેશ આપતા વસુંધરા ઉપર આવી રહ્યા હતા.

સાગરનાં તીરે નિઃસાસા નાખતી નર્મદાની વ્યથાને જાણનાર કોઈ ન હોતું.

સાગરના નીર, વિશાલ ગગન, અને અવની પણ નર્મદાના પોકારો સામે કારૂણ્યતાના પડઘા પાડી રહ્યા હતા.

પિયુ પિયુના પોકારો કરતી નર્મદા ઘડીભર સ્તબ્ધ બની વિચારતી હતી કે.

દુઃખીઆના દુઃખને આજે સાંભળનાર કોઈ નથી. જીવનની કેડી ઉપર મજલ કાપતા મારા જેવા પામર આત્માના માર્ગમાં કાંટાને વેરનાર માનવીઓ માનવતાના ઓછાયા નીચે દેખાતા માયાવી માનવીઓ છે.


જે હાથે મને તરછોડેલી છે તે હાથ હવે કયાં મલવાનો છે. ઓ નર્મદા તું કલ્પાંત ન કર ?

ઓ મૂઢમતી મન ? તું મૂઢ અને ગમાર બનીને શા માટે રડે છે, તારૂં સાંભળનાર હવે કોણ છે ? જેણે તારો તિરસ્કાર કર્યો છે, તેના ઉપર હવે તારે મમતા રાખવી શા માટે ?

ચિત્તથી ચિંતવતી નર્મદા બોલતી હતી.

ઓ વિંધાયેલા મન ? તું તારા થયેલા કકડાને સાંધીને પણ મજબુત બન ?

અને શીયલની શીતલવાડીને નંદનવન બનાવવાને માટે તું મજબુત બન ? સ્વગત્ બોલતી નર્મદા મનને ઓલંભા આપતી હતી.



શેઠશ્રી સિતાખચંદજી, સુમતિભાઈ; એમ. એમ. ધ્રુવ
ચીફ પ્રેસિડેન્સી મેજીસ્ટ્રેટ–મુંબઈ

તું કોઈને દુશ્મન માનીશ નહિ, ઓ મનવા ! સમુદ્રના અથાગ જલ ઉપર જેમ તરણાંનો મેળો જામેલ છે તેમ આ વસુંધરાના વિશાલ પટ ઉપર રહેલા માનવીઓનો પણ મેળોજ જામેલો છે. જેમ મળેલો મેળો વિસર્જન થઈ જાય છે, તેમ આ જગતના પટ ઉપરથી સૌ માનવો પોતાના નફા કે નુકશાનના હિસાબો સાથે લઈને જ વિસર્જન થાય છે.

વિશાલ વ્યોમમાં રહેલા વાદળો સમુદ્રના ખારા પાણી પીવે છે પણ ! તે જ ખારૂં પાણી મધુરું બનાવીને જગતના નંદનવનને સિંચે છે, માટે હે નર્મદા ! આજે ભલે તને જગતના માનવીઓ ખારા લાગતા હોય ? પણ તારી જીભમાંથી અમૃતના ઝરણા વરસાવીને એજ માનવીઓને અમૃતનો રસાસ્વાદ કરાવજે. અને કહેજે કે "જગતમાં બધાજ માનવીઓ સરખાં હોતાજ નથી." કોઈ અપકાર ઉપર ઉપકાર કરે તો કોઇ ઉપકાર ઉપર અપકાર કરનારા પણ હોય છે."

માટે હે મનવા ! તું જરૂર વિચાર કર ! અને લોકોએ જે વચનોનું શ્રવણ કર્યું છે કે "જે થાય છે તે સારા માટે" એમ માનીને તું પણ તે શબ્દોનો અમલ કર ! અને ઉલ્કાપાતો બંધ કર ! અને આવેલી આફતના ઝેરને હસતાં હસતાં પીવાને તૈયાર થા.

અરે ! જેણે તને ઝેરના બિંદુઓ પાયા તેને તું અમૃતના પ્યાલા ભરી ભરીને પાન કરાવ ? હા....હા....હા ....કાંટાને હીંમતથી પૂષ્પો બનાવવાના કોડમાં ચાલી નીકળી.

ઓ નર્મદા! તું ધીરજને ધારણ કર.

તેં જે કર્મ બાંધેલા છે તે જ તારા ઉદયમાં આવવા લાગ્યા છે.

કોદરા વાવનારને ચોખા કયાંથી મળશે ?

પથ્થરની ઉપરથી કમલની પ્રાપ્તિ કયાં થવાની છે. ?

ઘાસ વાવનારને અનાજ નહિ મલે. ! નહિ મલે. ! ખરેખર મુનિએ કહેલા ' વિજોગણ ' શબ્દો આજે સાચા જ પડયા. પૂર્વે બાંધેલા કર્મના ઉદયે " વિયોગ " આવ્યો.

સંસારની ગતિજ વિચિત્ર છે જેને તેં વિશ્વાસે વહાલા કીધા હતા. જેની ખાતર તેં વિષયોરૂપી ઝેરના પ્યાલા અમૃત માનીને પીધા. તારા ઉપર ખોટા ખોટા હેત બતાવનારને તેં સાચા માની લીધા. જીંદગીની અડધી મજલ થતા પહેલાં તારા ઉપર દુઃખના ડુંગરો ખડકાયા. ક્ષણિક સુખને ખાતર તેં પાપના પાયા નાખ્યા અને ધર્મ કરણીમાં પ્રમાદને સેવનાર ઓ સેતાન આત્મા ? ભલે જગતની દ્રષ્ટિએ તું ડાહ્યો ગણાતો હોય પણ તું મૂર્ખ શિરોમણિ છે.

નર્મદા....નર્મદા તારે શું કામ રડવું. અને શું કામ હસવું ?

શુન્ય બનેલા જીવનને સુંદરતાની પગથાર ઉપર જવાના અભિલાષ શા કરવા હતા.

ઘડીક તીખો તડકો તપે છે, તો ઘડીક શીતલ છાંયડી પણ મલે, અંધારામાં કોઈ રસ્તાને માર્ગે ચાલ્યા

જાય છે! તો કોઈક છતાં અજવાળે ભવ અટવીમાં અટવા-ઈને ભૂલા પડે છે. બાજીગરની બાજી જેવી આ મતલબી દુનિયાની ભૂલભૂલામણીમાં તારા જેવા અનેક ભટકતાં હશે. માટે તારે રડવું શું, અને હસવું પણ શું! મનને મજ-બુત બનાવી નર્મદા કદલી વનને માર્ગે ચાલી.

એકાએક આભના ઘૂમટને વાદળોએ ઘેરી લીધો અને વિયોગી વસુંધરાને મેહુલાએ પોતાના પાસમાં બાંધીને જળ બંબાકાળ બનાવી દીધી હતી.

રસ્તે જતી નર્મદાના અંતરમાં સંસારની વિચિત્રતા ઉપર રચતા વિચારોએ મોરલાના ટહુકાર સાંભળી, એકાએક પલટો ખાધો અને નર્મદાના અંતરના ઊંડાણમાં આક્રંદ જગાડયું.

નર્મદાના હૃદયમાં અજંપો વધ્યો અને અંતરનાં ઉંડાણને કકળાવી મૂકયું, અને મહેશ્વરદત્તની ઝંખનાના ડંખ નર્મદાનાં પ્રાણને તલસાવા લાગ્યા.

નર્મદા ભાંગ્યા તૂટયા સ્વરે નિઃસાસા નાખતી આગળ ચાલતી હતી.

જલની છાલકો પૃથ્વી ઉપર વરસાવી વાદળો વિસામો લેવા કયાંક ચાલ્યા ગયા હતા; અને સાવ સ્વચ્છ અને સુંદર આકાશ મનને મહેકતું રાખે તેવું થઇ ગયું હતું. કદલી વનમાં ગુંજારવ કરતા વાયુનું આગમન થોડું સમી ગયું હતું. પટેલા પાણીમાં થતા પરપોટા અને તેના વિલયને જોતી નર્મદા ઉભી રહી.

"પરપોટાનો જીવન સંગ્રામ જોતાં જ નર્મદાની વિચાર-ધારા તૂટી અને પલટો ખાધો."

"શું આ જળમાંથી ઉદ્ભવીને ફૂટી જતા પાણીના પરપોટા જીંદગીની નશ્વરતા શું નથી બતાવતા?"

આકાશમાં સોનેરી કિનારીવાળા વાદળાઓ જીવનનાં પાર્થિવ વૈભવોની શુન્યતા શું નથી બતાવતા.?"

"સાગરમાં ઉછળીને લય થઇ જતાં પાણીનાં મોજાઓ શું જીવનનો સંગ્રામ નથી બતાવતા? અગર જરૂર જીવનની અનિત્યતા બતાવે છે."

"અરે! ધરતીની ધૂળ પવનના સૂચવાટાથી ઉડી જાય છે તેજ બતાવે છે, કે આ જીવન પણ જમડાની આંધી આવશે ત્યારે કયાં સુધી ટકશે."

નર્મદા....નર્મદા! તું અવનવા વિચારો કરવા મૂકી દે? અને ચંચલ મનના ઘોડાને અટકાવીને તારા જીવન રથને સ્થિર માર્ગે વાળ?

ઓ નર્મદા! તું એજ ફૂલ છે કે જેને પાનખરે બરબાદ કરી નાખ્યું છે. છતાંયે તું કાંટો નથી કે કોઈના પાલવમાં ભરાઈ જઇને કોઈના દીલને ડંખ મારે.

નર્મદાની અંતર વ્યથાનો પાર નહોતો તેના અંતરમાં અગનનાં આંસુઓ વ્યાકુલતા અને વેદનાનું પ્રતિબિંબ પાડતા હતા; પણ ભાંગેલા હૈયાને મજબુત બનાવતી નર્મદા બોલવા લાગી.

તું કોની તપાસમાં છે? વિચાર....વિચાર....ઓ નર્મદા? જરા વિચાર કર? રાહ તારી પાસે છે....માર્ગ-

દર્શક પણ તુંજ છે. તારી જીવન નાવને સીધા માર્ગે લઇ જવાને માટે મૂકાની પણ તુંજ છે.

હિંમતથી જીવનપંથને ઉજ્જવલ બનાવવા આગળ વધ, અને વિતેલી વાતને ભૂલી જા? અને ભાવિના માર્ગને સુશોભિત બનાવ! નર્મદા વિચાર કરતી કલાન્ત હૃદયે કદલી વનમાં પ્રવેશ કરી ચૂકી.



## પ્રકરણ ૧૦ મું

# અંધારાં અને અજવાળાં

નર્મદાની એક આંખમાંથી આંસુઓની ધારા વહેતી હતી, તો બીજી આંખમાંથી, આવતા દુઃખની આંધીને આવકારવાનું, તેજોમય ખમીર ચમકી રહ્યું હતું, ઘડીક આંખોમાં શ્રાવણના સરવરીઆં, તો ઘડીક ભાદરવાના ધોધમાર વરસાદની માફક, આંસુઓ ઉભરાતાં હતાં. વળી–

કોઈવાર ક્ષણમાત્ર માટે તેજ આંખો વસંતના ફાગમાં પલટાઈ જતી હતી.

નર્મદા પોતાના જીવનને તડકા છાયાના તાણેવાણે ચીતરાયેલું જોઈને નવીજ દિશામાં પ્રયાણ કરવા માટે કલાન્ત બનેલા હૃદયને વિચારોની ત્રાક વડે કાંતી રહી હતી.

આ જીંદગીમાં આવતા આંધીના ધમસાણો મને કયાં લઈ જશે, ખરેખર! હર્યું ભર્યું જીવન પણ આજે વનવગડામાં એકલું અટુલું ભમવા લાગ્યું! નર્મદા વિચાર કરતી આગળ ચાલવા લાગી.

જેમ કોઈ જાદુગર દુનિયાને રાજી કરવા માટે ખેલ

બતાવીને ચાલ્યો જાય, તેમ આ જીવનમાં આવતાં સુખો કે દુઃખો પણ તેના જેવા જ છે, ખરેખર ! તેજ અને છાયાના ઘેરા અજવાળા અને અંધારાથી જ માનવીના જીવનચિત્રોને કર્મ રૂપી ચિત્રકારે ચીતરામણુ કરીને જગતનાં પ્રદર્શનમાં મુકી દીધાં છે.

જીવનમાં આવેલી આંધીને પસાર કરવાની તાલાવેલીમાં આગળ વધતી નર્મદાસુંદરી કદલીવનના મધ્યભાગમાં આવી પહોંચી,

વનની ફુલગુલાબી હવા, સુંદર અને માદક વાતાવરણને સર્જી રહી હતી. અને નર્મદાને દુઃખની ડમરીમાંથી બચાવવાના કાર્યમાં ભગીરથ પ્રયત્નો કરી રહી હતી. ચારે તરફ નજર ફેરવતી મહાસતી નર્મદા હરીઆળી જમીનમાં ઉગેલા ઘાસ તરફ દૃષ્ટિ ફેરવી રહી હતી, અને જગતની નશ્વરતા નર્મદાની નજરમાં ડોકીયું કરી રહી હતી. જેમ વન વર્ષાના આગમનથી નંદનવનમાં પલટાઇ જાય છે, અને ગ્રીષ્મનું આગમન નંદનવન બનેલા વનને બરબાદીના પંથે લઈ જાય છે, તેમ આશાની અનોખી ઉર્મિઓ માનવીના જીવનને નંદનવન બનાવી દે છે, પણ નિરાશાનો ધોધ માનવના નંદનવન જેવા જીવનને બાળીને ભસ્મ કરી દે છે, વિચારોની વિમાસણમાં અટવાયેલી નર્મદા એક વિશાળ વૃક્ષની ઘટાટોપ છાયામાં વિશ્રાંતિ લેવા બેઠી અને કીલકીલાટ કરતી ચકલીઓને નિહાળતી નર્મદા ખડખડાટ હસતી પોતાના દુઃખોને ભુલવા લાગી.

રાતદિવસ અવિરત ફરતો સૂર્ય ગગનના મધ્યાંતરમાં

આવવાની તૈયારી કરી ચૂકયો હતો, શીતલતાના આનંદને અનુભવી રહેલી નર્મદાને ઉષ્ણતા આપવા માટે સૂર્યે પોતાના એકાદ બે ઝગમગાટ કરતાં કિરણો નર્મદાના ભાલ પ્રદેશ ઉપર નાખ્યા અને નર્મદા ચમકીને ઉંચે જોઇ બોલવા લાગી ઓ દિવાકર! જે ભાલમાં કુંમકુંમના તિલક થતા હતા અને સોહામણા સોહાગ સજાવાતા હતા તે તો મારા પિયુજીના વિયોગમાં વિલય થઇ ગયા,

ઓ દિવાકર!

મારા વિલય થયેલા તિલકને પાછો સતેજ બનાવવા તું આવેલો છે પણ! મારા પીયુજીને તેં પૂછ્યું છે કે નર્મદાના ભાલમાં હું તિલક કરવા જાઉં છું? કે મારા અંતરની શાન્તિને દાહ આપવા તું મને સતાવી રહ્યો છે? “હું તો તને કહું છું કે” તૂટેલા મન અને ભાંગેલા મોતી કદી સંધાયા છે ખરા કે? માટે ઓ સૂર્યદેવ, તું તારા ચમકતા તિલકને લઈને મારા પીયુજીને પુછી આવ! એ કહે તો તું તિલકનો શણગાર મારા ભાલમાં સજાવજે,

નર્મદાના ઠપકાથી કલાન્ત બનેલો સૂર્ય પોતાનું કિરણ નર્મદાના ભાલ પ્રદેશ ઉપરથી ખસેડી લઈને પોતાની ગતિને વધારતો આગળ ચાલવા લાગ્યો.

ઓ નંદનવનના રમકડાં? જુઓ....જુઓ....આ દિવા-નાથ કેટલા અભિમાની છે! મેં જરા હસતાં હસતાં ઠપકો આપ્યો અને તેઓએ તિલકને ભૂસી નાખી પાછું જોયા વગર આગળ દોડવા જ માંડયું. કીલકીલાટ મચાવતી ચકલીઓ

બપૈયા, મેના અને પોપટને, નર્મદા ખડખડાટ હસતી કહેવા લાગી,

ઓ વનવાસી પશુપક્ષીઓ! મારા અંતરને હાસ્યના હોજમાં તરબોળ બનાવવા માટે મારી સાથે રમજો........ ખૂબ રમજો........તમે હસજો........અને........મને હસાવજો ........હા........હા........હા! પક્ષીઓને કહેતી નર્મદા ખુબ હસવા લાગી પણ! નર્મદાના ખુબ હસવાથી પક્ષીઓ ઉડી ગયા અને પક્ષીઓની પાછળ ઘેલી બનેલી નર્મદા દોડવા લાગી પણ....! એ તો ઉડી ગયા. જેના કર્મમાં જ દુઃખના ડુંગરો ખડકાયા હોય તે ખરેખર દુઃખને અનુભવે છે. બોલતી નર્મદા પાછી ફરી.

ઓ વનદેવતા! મારા પતિએ તો મને તરછોડી દીધી છે, પણ આપના ખોળે રમતા, ઘડીભર આનંદ કરતા અને મારા જેવી દુઃખીઆરીને આનંદ પમાડતાં પક્ષીઓ પણ મને છોડીને ચાલતા થયા? પણ આપ તો મને નહિ તરછોડશોને?

ઓ વનપાલકો! તરછોડાયેલી તમારી પુત્રીને તમારી સુંવાળી ગોદમાં શરણું આપી ખેલવા દેશોને?

"ભલે દુનિયા કોપાયમાન થાય? પણ તમો કદાપિ કોપાયમાન થશો નહિ એમ બોલતી સરોવરનો સહારો શોધવા નર્મદા ચાલી નીકળી."

મહાસતીનું આગમન સાંભળી વાયુએ પોતાના ગુંજારવો શરૂ કરી દીધા હતા, અને ભૂમિ શુદ્ધિનું કાર્ય આરંભી દીધું હતું. વૃક્ષો નીચા નમી આવકાર આપી રહ્યા હતા, મંજરીઓ

ખીલખીલાટ હસતી હતી, પુષ્પોએ ભુમિ ઉપર આવીને અવનવા રંગના સાથીઆઓથી પૃથ્વીને શણગારી દીધી હતી.

વનમાં ફરતી ફરતી, પશુપક્ષીઓને બોલાવતી, અને પ્રેમાળ શબ્દો સંભળાવતી આવેલા દુઃખને સુખમાં પલટાવવાની ધગશને ધરતી ખીલેલા કમળથી શોભી રહેલા સરોવરના કિનારે નર્મદા આવી પહોંચી.

તું કેમ હસે છે? તને ખબર નથી? કે આ જગ્યા એ જ છે કે જ્યાં મારા પીયુજી મને તજીને ચાલતા થયા, અને મને વિયોગણ બનાવતા ગયા, અને વિરહની વેદનામાં બાળતા ગયા! કમલના સામુ જોતી અને કહેતી નર્મદા સરોવરના કિનારે ઉભી રહી,

કમલ ખીલખીલાટ હસતાં નર્મદાને કહેતા હતા, હું સરોવરના પાણીની શોભા છું. હું લક્ષ્મીનું આસન છું મારી આ શ્વેત રક્તિમા મનોહર છે, મારી પાંખડીઓની કોમળતા અદ્‌ભુત હોય છે હુ હંસોનું ભોજન છું અને હું મારા સુગન્ધથી ભ્રમરોને આકર્ષું છું.

થાંભલા અને પાટડા કોરી નાખનારો ભમરો મારા પ્રેમમાં મુગ્ધ બની મારી પાંદડીઓના પીંજરામાં પુરાય છે, પ્રેમ માણસને કેટલો પરવશ બનાવે છે તેનું હું અજોડ દૃષ્ટાંત છું, સાંજરે મારી સૌરભથી, ખેંચાઇને આવેલો ભમરો, મારી પાંખડીઓ સાંજે સૂર્યાસ્ત સમયે બિડાઈ જાય છે ત્યારે તેમાં કેદી બનીને આખી રાત રહે છે, અને સવારે જ્યારે સૂર્યાસ્ત મારી પાંખડીઓને પ્રફુલ્લિત કરે છે ત્યારે જ તે

મૂક્ત થાય છે. મારી આ મોહકતા, માદકતા, સુગન્ધિતા, સુકુમારતા જ ભ્રમરને મારામાં મોહમુગ્ધ બનાવે છે, હું પ્રકાશપ્રિય છું, જીવનની પ્રગતિમાં રાચું છું, વરેણ્ય ભર્ગવ-વાળા સવિતાદેવ સાથે મારો નિશ્ચલ પ્રેમ છે, ભલે હું પૃથ્વીની સપાટી પરના સરોવરમાં હોઉં પણ તેમના કિરણરૂપી કર-સ્પર્શથી જ પ્રફુલ્લિત થાઉં છું, અને તે કરસ્પર્શ ચાલી જતાં બીડાઉં છું, "નિઃસ્વાર્થ અને શુદ્ધ પ્રેમને સ્થળના કે કાળના બંધનો મર્યાદિત કરી શકતા નથી," ભલે ચંદ્રનો પ્રકાશ, શાન્ત, શીતલ, મધુર હોય, ભલે વીજળીનો પ્રકાશ આંજી નાખે તેવો ભભક ભર્યો અને વેગીલો હોય, ભલે તારાઓના પ્રકાશ સુદૂરથી પ્રકાશનારો મંદ અને મલકતો હોય, પણ મારી જન્મોજન્મની પ્રીત મારા રૂદયનાથ દિવાકર સાથે બંધાઇ છે–તે બંધાઈ છે.

મારી પ્રીતિમાં સ્ખલન નથી અન્ય પ્રત્યે આકર્ષણની છાંટ નથી. સર્વ જગતને જીવન આપનાર પ્રાણની પાંખડી-ઓને પ્રફુલ્લિત કરનાર સૂર્યને મારૂં રૂદય ન સમર્પું તો બીજા કોને સમર્પું ? હું સરોવરમાંના પાણીનાં મેલમાંથી મારૂં જીવનતત્ત્વ મેળવીને રહું છું. મારા જીવનની કલાનું એ રહસ્ય છે તુચ્છને અદ્દ્ભૂત બનાવવાનો કિમિયો છે, અલ્પને મહાન બનાવવાનો ચમત્કાર છે. જીવનરહસ્યનું એ રસાયન છે. મારા પ્રાણનાથ સૂર્યની મદદથી હું કચરાને કીમતી દ્રવ્યોમાં રૂપાન્તરિત કરી નાખું છું. સામાન્યતાને અસામાન્યતામાં પરિવર્તન કરી નાખું છું, સુંદરતાનો મહાયોગ સાધું છું. આનું રહસ્ય એજ છે, કે હું પ્રકાશ તરફ હમેશા ઉન્મૂખ

રહું છું. મહાન ઉર્ધ્વ ચેતનાનો સ્પર્શ કોના જીવનને મહાન ન બનાવે? મારી પાસે આ જીવનકલાનો કિમિયો છે, તેથી તો લક્ષ્મીએ મને પોતાનું આસન બનાવ્યું છે જ્યારે સુકોમળ, આરક્ત, પ્રકાશમાન લક્ષ્મીજીના ચરણતલ મારા પર મૂકાય છે, ત્યારે ભલભલાને પણ શંકા થાય છે, કે અમારા બેમાંથી કમળ કયું અને લક્ષ્મીજીનું ચરણારવિંદ કયું?

ભારતવર્ષમાં સાહિત્યમાં, અને સ્થાપત્યમાં મારૂં સ્થાન અદ્વિતીય છે. બધા જ કવિઓને પોતાની પ્રિયતમા કે સુંદર સ્ત્રીના મુખવાટે હું જ ઉપમાન તરીકે જડયું. અરે! નયન, હસ્ત, ચરણ, ઉદર આ બધાં અંગ–ઉપાંગોની સરખામણી પણ તેમણે મારી સાથે કરી. હસ્તિની ચિત્રિણી અને શંખિની કરતાં પદ્મિની સ્ત્રી સર્વોત્તમ ઠરી; કારણ કે તેના મુખનાં ઉચ્છ્વાસમાં મારા જેવો સુગંધ બહાર નીકળે છે. તે મારા જેવી નમણી અને સર્વાંગસુંદર હોય છે; તેની શોભા તથા સુષ્મા મારા જેવા રમ્ય, મધુર અને આકર્ષક હોય છે, તેની સુકુમારતા મારા જેવી હોય છે. ચિત્રકળામાં પણ અનેક ચિત્રકારોએ મારીજ વેલ ગુંથણી ચારેબાજુએ કરી હોય છે. કોઈ સુંદર સ્ત્રી કે રાજા કે યોગી કે દેવદેવીનાં હસ્તમાં મને ચીતર્યા સિવાય તેમને સંતોષ વળતો નથી. ગુફાઓમાં અને બધાજ સ્થળોએ, હાથી અને હંસ સાથે, મને મંગલ ગણી મારી કોર મૂકી છે, ડીઝાઇન રચી છે, સુશોભન વેલો કોતરી છે, ચોવીસમા તીર્થંકર ભગવાન શ્રી મહાવીરસ્વામી ત્રિશલા માતાના ગર્ભમાં હતા ત્યારે તેમને પણ સ્વપ્નમાં હું જ દેખાયું હતું, મારૂં દર્શન–અરે સ્વપ્ન દર્શન પણ મંગલમય અને

સુભગ ગણાય છે, ભ્રમરને મારા પર બેસીને મધૂરસ ચૂસતો દેખી ઉર્વશીની શોધમાં પાગલ બનેલા પુરુરવાએ જ્યારે ગાયું છે, ત્યારે અલંકારોમાં પણ મારી જ મહુત્તા, મારી જ સૌરભની અદ્‌ભૂતતા ગાઈ છે.

મારી એક બીજી પણ વિલક્ષણુતા છે, જેણે બધા જ યોગીઓ અને તત્ત્વચિંતકોનું ખાસ ધ્યાન ખેંચ્યું છે. હું પાણીમાં રહું છું પણ તેનું એક પણ બિન્દુ મારી પાંખડી પર ક્ષણ વાર પણ ટકી શકતું નથી, તે પડે કે તરત જ સરી પડે છે. મારી આ નિર્લેપતા કોઈપણ ચીજ સાથે કે વિચાર સાથે લોપાયમાન ન થવાની તાકાત ભક્તોને, યોગી-ઓને, આત્મજિજ્ઞાસુઓને અનુકરણીય છે, પ્રભુતાને પામનારે જગતથી "જલકમલવત્" નિર્લેપ રહેવું, તે વાતનો શબ્દ સમૂહનો ઉપયોગ અનેકવાર કરવો પડયો છે, ઉત્પત્તિ સ્થાન અને તેની ચીજોથી પણ નિર્લિપ્ત રહેવું, માતા પિતા અને બાંધવોથી પણ મોહમુક્ત રહેવું, એ પદાર્થપાઠ મનુષ્યોએ મારી પાસેથી શીખવા જેવો છે.

વળી હું પોતે સુંદર છું; તેથી મારી પાસે એક ક્ષણ માટે પણ આવનારને, મારો થોડોક સંસર્ગ સાધનારને હું સુંદર બનાવું છું. રમ્ય તે, કે જે, નિકટની વસ્તુને રમ્ય બનાવે, માટે જ "સંગ તેવો રંગ"

તપેલા લોઢા ઉપર પડેલું પાણીનું બિન્દુ નાશ પામે છે, તેનું નામ પણ સંભળાતું નથી, મારી પાંદડી પર પડેલું તે ટીપું મોતી જેવુ સુશોભિત દેખાય છે, પછી તે ટીપું ખરી પડે છે; સ્વાતિ નક્ષત્રમાં છીપમાં પડેલું ટીપું મોતી બની

જાય છે; મોટે ભાગે અધમ, મધ્યમ, અને ઉત્તમ ગુણ સંગથી જ ઉત્પન્ન થાય છે મારા પર પાણીનું ટીપું મોતી જેવું શોભે છે, અને છતાંય તે લાક્ષણિક શોભાવાળું હોય છે; તેથી સંસારને અને માનવજીવનને ચંચળતાની દ્રષ્ટિથી અને નશ્વરતાની બાબતમાં તે ટીપાં સાથે સરખાવતાં શાસ્ત્રોએ તથા નીતિકારોએ કમળની પાંદડી પર પડેલું પાણીનું ટીપું જેમ અતિશય ચંચળ–ક્ષણિક હોય છે તેમ મનુષ્યનું જીવન પણ ચંચળ છે; માટે વૈરાગ્ય ધારણ કરી પરમાત્મ ચિંતનમાં બધો-જ સમય તથા બધી જ શક્તિ ખરચવી તેજ પરમ પુરૂષાર્થ છે.

માનસરોવરમાં હજાર પાંખડીઓવાળા, પૂર્ણ વિકસિત કમલ હોય છે આ વિશાલ હજાર પાંખડીવાળું કમલ અનેક જ્ઞાનદિપ્તિઓવાળા તેજોમંડલ માટે સુંદર ઉપમાન બની શકે તેમ હોવાથી "સહસ્રકમળની સંજ્ઞા આપે છે, ત્યાં પ્રકાશ છે. હજારો જીવનકલાઓનાં રહસ્યો દિપ્તિમંત છે, આનંદના ફુવારા ઉડે છે, તત્ત્વના મધુરસનો કોષ છે, દિવ્ય સુગંધોની આવલિઓ છે, પરાત્પર પૂર્ણતા છે, આવી ચીજોનું પ્રતિક હું છું, તેથી તો હું મંગલરૂપ ગણાઉં છું, મારી પાસે કશું જ મલિન નથી, કઢંગું નથી, કદરૂપું નથી, અશુભ નથી, દુષ્ટ નથી, અંધકારમય નથી, હું પૂર્ણ વિકસિત ભ્રાજમાન, સૌરભયુક્ત, સુશોભિત, દિવ્ય જીવનનું પ્રતિક છું. મારૂં નામ "કમળ" છે. માનવીને બોધ લેવા માટે કુદરતે સર્જેલું પ્રતિક છું.

**"માનવીનું જીવન સંગીત કે વાસનાને વહેવડાવવા માટે નથી પણ આત્માની વિરાટ શકિતને**

આત્મચિંતનમાં વહેતી મુકવા માટે છે.”

નર્મદાના એકલવાયા જીવનને સુદૃઢ બનાવવા માટે કમલનું મુંગું વાગ્દાન, અને અણુતૂટ હાસ્ય પ્રેરણા આપી રહ્યું હતું નર્મદાના એકલવાયા જીવનમાં અટવાતી ક્ષુધા અને તૃષાથી પીડિત બનેલી વનના ફળોને શોધવા લાગી પણ ?

દુઃખની વણઝારો જ્યાં આવતી જ હોય ત્યાં સુખના સ્પંદન કયાંથી દેખાય ! આકાશમાં કાજળઘેરા ભયાનક વાદળોનું સૈન્ય તૈયાર કરી, વસુંધરા ઉપર ઉલ્કાપાત મચાવવા, મેઘરાજા ઉભા ઉભા હુકમ કરવાની રાહ જોતા હતા, અમાવાસ્યાની મધ્યરાત્રીના અંધકારથી પણ વધારે શ્યામતાવાળા વાદળો ગગનમાં દોડાદોડ કરતા હતા. પોતાને મુક્તગમનનો રસ્તો નહિ મળવાથી, વ્યોમમાં મેઘજુથો ભયાનક ગર્જનાઓથી, પોતાના રૌદ્ર સ્વરૂપને ધારણ કરી સામસામા તુમુલ યુદ્ધના આહ્‌વાન આપતા ધરતીની ધરામાં ધસમસવાની ધમાલ કરતા હતા.

ભયાનક મેઘગર્જનાઓએ નર્મદાને ભયભીત અને ગાંડીતુર બનાવી દીધી હતી, મનોવ્યથાની અથાગ પીડામાં મુંઝાતી નર્મદાનું અંતર રૂની પૂણીની માફક કંતાઈ રહ્યું હતું, અંતરના અરમાનોમાં આંધીનું આવતું અંધારૂં આચ્છાદન થતું હતું, તેમાં પણ મેઘરાજા જાણે પૃથ્વીને સમુદ્રમાં પલટાવી નાખતા ન હોય ! તેમ વરસાદે કાળો કેર વરસાવી દીધો.

જીવનની તમામ આશાઓના થયેલા ટુકડાઓમાં પણ આજે વધારેં કકડા થવાના બાકી હોય તેમ ! વરસતા વરસાદના જલસમૂહમાં નર્મદા ખેંચાવા લાગી, અને જીવવાની સઘળી આશાઓ નષ્ટ થવા લાગી.

જીવન મરણના સંગ્રામમાં હારજીતના અનિર્ણયાત્મક ઐકાણુ અંતરને મજબુત બનાવતી નર્મદાને બુઝાયેલી આશાઓમાં એક નાનકડો દીવડો બુઝાવવાની તૈયારી કરતો ટગમગી રહ્યો હોય તેમ ? એક વૃક્ષનો આધાર મલ્યો અને આવેલી આફતના કાંટાઓમાંથી મહાસતી બચી ગઈ, અને ઝાડ ઉપર બેસીને આખી રાત્રી પસાર કરી, જલની ધારાઓનો સમૂહ ધરતી ઉપરથી સાગરમાં લીપ્ત બની ગયા પછી, નર્મદાસુંદરી ઝાડ ઉપરથી ઉતરી પાછી વનને માર્ગે ચાલી નીકળી. કદલીવનને વિષે આવી, વિચારોના મનોમંથને નર્મદાના અંતરમાં ઘમસાણ મચાવ્યું, અને મનોમંથને અંતરના ઘર્ષણમાંથી નિર્ણય કરવા માટે નર્મદાને પ્રોત્સાહન આપ્યું.

હે ભાગ્ય નિર્માત્રી વિધાતા ! વિપદ્દના કાટાઓને મેં હિંમતથી પૂષ્પો બનાવ્યા, અને તે પૂષ્પો મેં મારી જીવનની કેડી ઉપર બીછાવ્યા, પણ ! તે પૂષ્પો કાંટાઓ કરતાં પણ સઘન વ્યથા ઉપજાવનારા નીકળ્યા, નર્મદાના મૂખમાંથી ઉદ્ગાર નિકળી પડયા,

મારી જીવન નાવને સંસારના અગાધ જલમાં ચારે તરફ ચકાવા ખાતી આંધીમાંથી બહાર કાઢો, એમ બોલતી, નર્મદા, ક્ષેત્રદેવતાઓને ઓલંભા આપતી, એકાંત સ્થાનને શોધવા લાગી, અને સરોવરના દક્ષિણ કિનારે દેખાતી પર્વતોની હારમાળા તરફ પ્રયાણ કરતી ગિરિકંદરાઓ સમીપ આવી પહોંચી, અને એકાદ સુંદર ગુફામાં બેસીને વિચારના વંટોળમાં મગજને દશ દિશાઓમાં ફેરવવા લાગી, બાજુમાં નિર્મલ જલથી ભરેલ અને ગિરીંદરીંઓમાંથી વહેતા નિર્મલ



સંવત ૨૦૨૯ના કારતક સુદ ૧૫ના ચાતુર્માસ પ્રસંગે "જલમપુર"
નેપીઅનસીરોડ, રમેશચંદ્ર હાથીભાઈના ત્યાં સુરેશભાઇ, નવીનભાઇ

ઝરણાને પોતાના ઉદરમાં સમાવતું નાનકડું તલાવ શોભી રહ્યું હતું તેમાં જઇને નર્મદાએ પોતાના મૂખારવિંદને પખાળી અને આજુબાજુમાં ફરી ફરી થોડાક પાકાં અને મીઠા ફળો ભેગા કરી પોતાની ગુફામાં જઈ ને ખાધાં,

અતિ પરિશ્રમથી વ્યાકુલ બનેલી નર્મદાસુંદરીને નિદ્રાદેવીએ પોતાની માયાથી ઘેરી લીધી, અને દુઃખમાં ડુબેલી મહાસતીને વાયુદેવે પોતાના અદ્રશ્ય વિંઝણાના પવનથી ક્ષણિક શાંતિનું આસ્વાદન કરાવી નિદ્રાધીન બનાવી દીધી. વિશાલ ગગનના પટામ્બરમાં પંદર ઘડી સુધી, અવિરત પોતાની સ્વારીને ફેરવ્યા બાદ દીવાનાથે પોતાના આતાપ ભર્યા કિરણોનો તેજોમય પ્રકાશ ભૂમંડલ ઉપર પૂર જોસમાં ફેંકવા માંડયો હતો, ને ધરતીને ખોળે રહેલા માનવીઓને પોતાની આતાપનાથી કલાન્ત બનાવી મૂકયા હતા.

કંદરામાં ચકલીઓએ ચીં....ચીં....ના પોકારોથી કીલકીલાટ કરી મૂકયો, અને બેઘડીની નિદ્રામાં સૂતેલી નર્મદાસુંદરીને જાગૃત કરી,

જાગી ઉઠેલ મહાસતી નમસ્કાર મહામંત્રનું ધ્યાન ધરવા લાગીઃ

“જેના પ્રભાવથી ભડકે બળતા, કાષ્ટમાં પ્રજ્વલિત થયેલ નાગ મરીને ધરણેન્દ્ર બન્યો.”

“જેના પ્રભાવથી સમડી મરીને રાજકુમારી સુદર્શના થઇ.”

“જેના અચિન્ત્ય પ્રભાવથી શ્રીપાળ મહારાજાનો કોઢ રોગ દૂર થયો.”

"જેના પ્રભાવથી શુળી ઉપર ચઢેલો અમરકુમાર સિંહાસનારૂઢ થયો,"

"એ મહામંત્રના પ્રભાવથી સર્પ મટી ફુલની માળા બની."

"એ મહામંત્રના પ્રભાવથી ભીલ અને ભીલડી દેવ-તાઈ સુખોના ભોક્તા બન્યા."

અરે! ભયંકર વિષધર સમાન પંચમકાળનું ભયાનક ઝેર ઉતારનાર જો કોઇપણ જાંગુલી વિદ્યા હોય તો મહા પ્રભાવિક નમસ્કાર મહામંત્રજ છે, જેનો પ્રભાવ આજે પણ તાદૃશ ચિતાર રજુ કરે છે, માટે પુણ્યવંત પુરૂષોએ એ મહામંત્રની આરાધના ત્રિકરણ યોગે કરવી જોઇએ.

પતિ વિરહનાં દુઃખના ઝુલે ઝુલતી નર્મદાને એકએક ઘડી વરસ જેવડી વસમી લાગવા માંડી, સંધ્યાની સોડમાં દિવસ ભરની અણુથંભી મજલથી અતિ શ્રમિત થયેલ દિવાકરે છૂપાવાની તૈયારી કરી હતી, પક્ષીઓના ટોળા પોતાના માળામાં છુપાવાને માટે ઝડપથી જઇ રહ્યા હતા જેમ જેમ વસુંધરા અંધકારમાં છવાતી હતી તેમ તેમ નર્મદાના ઉંડાણ અંતરમાં "વિજોગણ" શબ્દોના પડઘા વિરહની વેદનાને જગાડતા હતા.

હૈયું અફાટ વેદના ભોગવતું પોકારી ઉઠતું હતું, કે આવા ભયાનક અરણ્યમાં એકલવાયા રાત્રિ નિર્ગમન કેમ થશે તેના વિચારો નર્મદાને મુંઝવવા લાગ્યા. ભારે હૈયે આંસુઓથી નયનોને તરબોળ બનાવતી નર્મદાસુંદરી જીનેશ્વર ભગવંતના ધ્યાનમાં લીન બની. જીંદગીમાં વહેતા અવનવા વહેણો ક્યાં

સંમિલિત થઈને માનવીને કયા પંથે લઇ જાય છે તેનો તાદૃશ્ય ચિતાર અનુભવતી નર્મદાને ચારે તરફથી આફતોએ ઘેરી લીધી હતી.

કાજળથી પણ વધારે શ્યામ રજનીનું ભયાનક આચ્છાદન ધરતી ઉપર પૂર જોસમાં ઉતરતું અટકાવવા માટે આકાશના વિશાલ પટ ઉપર તારલાઓના ઝુમખા પોતાનો નિસ્તેજ પ્રકાશ વેરી રહ્યા હતા.

અઘોરવનમાં કેશરીસિંહની ભયાનક ગર્જનાઓ, કાનના પડદા ચીરી નાખી, કાનને બહેરા બનાવતી હતી, કઠણ કાળજાના માનવીઓના કાળજાને, ધરતીકંપનું ભાન કરાવતી, જંગલી પ્રાણીઓની ચીચીઆરીઓથી, નર્મદાસુંદરીનું જીનેશ્વર ભગવંતના ધ્યાનરૂપી દોરડાથી બંધાયેલું મજબુત મન છૂટયું, અને કંદરાના પથ્થરોને પણ રડાવી નાખે તેવા મોટા અવાજે ચીસો પાડી ઉઠતી અને કંદરાનું વાતાવરણ ગંભીર બની જતું.

બિહામણી રાત્રિ ધીમે ધીમે અજવાળામાં પગલાં ભરતી હોય તેમ રાત્રિના છેલ્લા પ્રહરની બે ઘડી બાકી રહી હતી, ન અંધકાર કે ન પ્રકાશ તેવી ધરતીની ધરા દેખાતી હતી.

યુગ યુગથી પ્રકૃતિને પનારે પડેલો દિવાકર પોતાના કનકવર્ણી રથમાં આરૂઢ થઇને પૂર્વ દિશામાંથી જગતના પ્રાણીઓને કર્તવ્યપરાયણ બનાવવા માટે પોતાની રક્તવર્ણી દીપ્તીઓથી આકાશમાં અવનવા મેઘધનુષ્ય સદૃશ રંગોને પૂરતો અર્ધ ગોળાકારે ઉદયાચલમાંથી ડોકીયું કરી રહ્યો હતો, પંખીઓ વન કુંજોમાં સવિતાદેવની પધરામણીને આવકારતાં

પોત પોતાના અભિનયથી નૃત્ય કરી રહ્યા હતા. પૂષ્પો પણ દિવાકરના આગમનથી પોતે હસતાં ન હોય! તેમ પોતાની બીડાયેલી કળીઓને, પસારી રહ્યા હતા.

સહસ્રરશ્મિએ પોતાના અંતરમાંથી સૂવર્ણની દીપ્તી-ઓનાં તેજને ખોબા ભરી ભરીને પૃથ્વીના પટને સૂવર્ણમય બનાવી પોતાના અંતરને ખાલી કરી નાખ્યું હતું, મહાસતીએ કંદરામાંથી બહાર નીકળી, જીનેશ્વર ભગવંતના બિંબની તપાસ કરવા અહીં તહીં ફરવા માંડયું, લગભગ એક પ્રહર વ્યતિત થયા છતાં જીનેશ્વર ભગવંતના બિંબની ભાળ ન મલી અને મહાસતી નિરાશ થઈ, ઉંડો નિશ્વાસ નાંખી બોલવા લાગી. “ઓ! અનાદિ કાળથી જગતમાં ડુબતા પ્રાણીઓને બેટ સદૃશ વીતરાગ દેવ! દુનિયા મારા ઉપર રૂઠી છે. રૂઠેલી દુનિયામાં મારૂં એકલવાયું જીવન આપના શરણે આવવા ઝંખી રહ્યું છે પણ! કમનસીબ ભાગ્ય આપના દર્શનની ઝાંખી થવા દેતું પણ નથી.”

એમ બોલતી મહાસતી વૃક્ષની છાયામાં બેઠી અને વિચારતી કહેવા લાગી. “હે દેવાધિદેવ જ્યાં સુધી આપના દર્શન ન કરૂં ત્યા સુધી અન્ન જલનો મારે ત્યાગ છે.”

પ્રતિમાના દર્શનના વિચારમાં વહેતી નર્મદાને વિચાર સ્ફૂર્યો! અને નજીકમાં પડેલા લાકડા વડે માટી ખોદીને માટી ફાટેલ કપડામાં લઈ સરોવર તીરે આવી નિર્મલ જલવડે સુંદર જિનેશ્વર ભગવંતના બિંબને બનાવ્યું અને નાનકડો માટીનો પ્રાસાદ બનાવી એક નાના વૃક્ષની નીચે બેસી નમસ્કાર મહામંત્રનું ધ્યાન ધરવા બેઠી,

થોડાક વખતમાં સહસ્રરશ્મિના ઉગ્ર તાપમાં બિંબમાંથી તથા પ્રાસાદમાંથી પાણી સુકાઈ ગયું અને સુંદર દેખાવા લાગ્યાં, અદ્ભુત બિંબને તથા પ્રાસાદને લઇ મહાસતી ધીમે પગલે કંદરામાં આવી ઉત્તર દિશા સન્મુખ ચૈત્ય સ્થાપી નમસ્કાર મહામંત્ર પૂર્વક જીનબિંબને સ્થાપન કરીને ભાવથી ભક્તિ-પૂર્વક સુંદર કંઠે જીનેશ્વર ભગવંતના ગુણગાન કરવા લાગી.

હે અખિલ જગન્નાથ ! હે વિશ્વને અભય આપનારા ! હે પ્રથમ તિર્થેશ ! હે સંસારતારણ ! આપના દર્શનથી, અનેક આત્માઓનો ભવ નિસ્તાર થયો છે, આ અવસર્પિણી કાળમાં, આપના દર્શનથી થોકબંધ આત્માઓ, મોક્ષની કેડી ઉપર આરૂઢ થઈ, શિવસુંદરીને વર્યા છે.

હે કરૂણારસ કીરતાર ! આપની પાંત્રીસ ગુણોથી યુક્ત, અમૃતમય વાણી, ભવ્યજીવોના મનરૂપી જલને, નિર્મળ બનાવી પરમ પદની પગથારે, પુનિત પગલાંને પડાવનારી છે અને અક્ષય સુખના પ્રચંડ દરવાજાને ખોલનારી છે.

હે કરૂણાના ક્ષીરસાયર ! જે તમારા શાસનરૂપી, મહા-રથમાં આરૂઢ થાય છે, તેને લોકાગ્ર ( મોક્ષ ) દૂર નથી.

હે નિષ્કારણ જગતબંધુ ! આ સંસારમાં પણ અમારા ચર્મચક્ષુ, આપના દર્શનના, મહાનંદરૂપી ઝરામાં પવિત્ર થઇ, અમારા હૈયાને પુલકીત બનાવે છે.

હે નાથ ! રાગદ્વેષ અને કષાયોરૂપી, શત્રુઓથી રૂંધા-એલા, આ જગતને, અભયદાન આપનારા આપ, ઉદ્વેષ્ટિત કરો છો. ( બંધનમાંથી છોડાવો છો )

હે જગત્પતે! આપે નવેતત્ત્વોને જણાવી, જગતને જન્મ મરણમાંથી છુટવાનો, અણમોલ અને અનુપમ માર્ગ બતાવ્યો છે.

હે જગન્નાથ! હે ત્રૈલોકય કમલ માર્તંડ! હે સંસાર-રૂપી મરૂસ્થળમાં કલ્પવૃક્ષ! હે વિશ્વોદ્ધારક! આપ દુશ્મન પ્રત્યે, નથી દ્વેષ કરનારા, કે નથી ભક્ત ઉપર, રાગદ્રષ્ટિવાળા એવા આપને હું નમસ્કાર કરૂં છું.

હે વીતરાગ દેવ! આપના ચરણ કમલની સેવા, ભવના ભયંકર દુઃખોની, ભીષણ ચક્કીમાંથી છોડાવનાર છે, સંસાર રૂપી કસાઈખાનામાં, પીલાતા જંતુઓને, આપ અભયદાન રૂપી અમૃતને આપનાર છો.

હે વિશ્વ વલ્લભ! હે ત્રૈલોકય નાથ! આપ નિરંજન નિરાકાર છો, આપની પાસે હું કાંઇ જ માગતી નથી, મને ભવોભવ આપના ચરણ કમલની, સેવા મલે એટલું જ, આ રાંક અબળા આપની પાસે માગે છે. અને અથાગ એવા સંસાર રૂપી જલનિધિને તરવાને માટે, અમાપ શક્તિ મને આપની ભકિતથી મલે એજ હું ઈચ્છું છું.

પ્રભુના ગુણગાન કરીને, નર્મદાસુંદરી પાકા અને મીઠાં ફળો શોધવા ચાલી નીકળી. પાકા ફળો તથા પૂષ્પોને વન-માંથી લાવી, પ્રભુજીને નૈવેદ્ય ધરાવી, ફરીથી ભકિતના અપૂર્વ ઉલ્લાસમાં, હૈયાને પૂલકિત બનાવી, યુગાદીશ્વરના ગુણગાન કરવા લાગી.

હે દીનદયાળ ! આપના દર્શનથી મને દુઃખમાં પણ અપાર સુખનો ભાસ થાય છે, ભલે ! મને મારા પતિએ તરછોડી દીધી, આપના શરણે આવેલી એક અનાથ અબળાને, આપના દર્શનથી વંચિત રાખતા નહી, આ અભાગી દુઃખીઆરીને આપનું દર્શન અમૃતપાન કરતાં પણ મિષ્ટ લાગે છે, જો આપની કરૂણા હશે, તો મને આ ભયંકર દુઃખોની ભૂતાવળોને ઉત્પન્ન કરનારા, જંગલમાં પણ મંગલ થશે.

એમ વદતી નર્મદાસુંદરી પ્રભુજીના બિંબને શ્રી આદીશ્વર ભગવંતના નામનું સ્થાપન કરીને, અવનવી ભકિતથી, પ્રભુજીની સ્તવના કરવા લાગી.

અચિન્ત્ય પ્રભાવશાળી, શ્રી વીતરાગ જીનેશ્વર ભગવંતના બિંબનું દર્શન કરીને ઘણા આત્માઓ તર્યા છે, તરી જશે, અને ઘણા તરી જવાના, શાસ્ત્રોમાં કહ્યું છે અને વર્તમાન કાળમાં પણ બન્યું છે.

"પાંચ કોડીના મુલ્યવાલા પૂષ્પોથી, પ્રભુજીની પૂજના કરનાર આત્મા, મરીને પરમાર્હત કુમારપાળ અઢાર દેશના રાજવી થયા, અને જૈન શાસનની વિજયપતાકા, ઘેર ઘેર ફરકાવી."

"અચિન્ત્ય પ્રભાવશાળી, વીતરાગ દેવના બિંબને નિહાળી, શય્યંભવસૂરિ મહારાજા સમ્યક્ત્વને પામ્યા."

"હૃદયમાં કોપની જ્વાલાથી, પ્રદિપ્ત બનેલા વામન શ્રેષ્ઠિએ, વીતરાગદેવની પૂજનાથી, બોધિબીજની પ્રાપ્તિ કરી."

"ભાવ વિના પણ, વીતરાગ દેવની પૂજના કરનાર; નમિ અને વિનમિ મુનિવરો, સિદ્ધગિરિ ઉપર સિદ્ધિગતિને વર્યા."

"શ્રી જિનેશ્વર ભગવંતની પૂજના, એકાંતે ચિત્તને પાવન કરી, નીબિડ કર્મ વનને છેદી નાખી, આત્માને મૂળ સ્વરૂપે તેજોમય બનાવી, પરમાત્મ પદની પ્રાપ્તિ કરાવે છે."

"મિથ્યાદ્રષ્ટિ અશોક માલી, શ્રી વીતરાગદેવની ફક્ત ભાવનાથી ભક્તિ કરીને, અદ્‌ભૂત સુખને પામ્યો."

"જેમની પૂજના સેવનાથી શ્રેણિક મહારાજાએ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું, અને ભાવી ચોવીશીમાં પ્રથમ તીર્થંકર થશે, અને તીર્થની સ્થાપના કરશે.

"જિનેશ્વર ભગવંતની પૂજનાના અચળ નિયમવાળો, ધન વણીક, અસાધારણ પ્રસિદ્ધિને પામી, સ્વર્ગીય સૂખોનો ભોક્તા બની, શાશ્વત સૂખની, પગદંડીએ ચઢી, પરમ પદની પ્રાપ્તિને પામ્યો."

"ભાવ વિના જીનેશ્વર દેવને કરેલો નમસ્કાર, પણ આત્માને ઉન્નતિના ઉન્નત શિખરે લઇ જનાર થાય છે."

"શ્રી નેમિનાથ ભગવંતની ઉપાસના કરનાર અંબિકા બ્રાહ્મણી, મરીને શાસનની રખવાળી અધિષ્ટાયિકા દેવી બની."

"સંસાર સાગરમાં ડુબતા આત્માને પ્રવહણ સમાન, એવા દેવાધિદેવની પૂજના કરીને, શંખપૂરનો ધનદ શ્રેષ્ઠી સુગતિને પામ્યો."

"જેણે મોક્ષ નગરીનો સંઘ કાઢયો છે, એવા મહા સાર્થવાહ વીતરાગ દેવની, અષ્ટપ્રકારી પૂજના કરીને, ધાતકીખં-

ડના મહાલય નામના નગરના ધન, વિમલ, શંખ, આદિ આઠે ભાઈઓ, અષ્ટ કર્મોને છેદી, અક્ષય પદને પામ્યા."

"રાગ દ્વેષથી ભરપુર એવા ભવસાગરમાં સપડાયેલી જીવન નૌકાને ભવ સાગરમાંથી બહાર કાઢનાર, અને બહાર નિકળવાનો અનુપમ માર્ગ બતાવનાર એવા મહા નિર્યામક ત્રિલોકનાથના દર્શનને ઇચ્છતો દેડકો પણ મરીને સ્વર્ગમાં મહર્દ્ધિક દેવતા થયો."

જે આત્માઓ નિર્મળ ચિત્તે શ્રી વીતરાગ દેવનું સ્મરણ, પૂજન, સેવન કરે છે, તે આત્માઓ અક્ષયપદના ભોકતા બને છે.

સુજ્ઞ પુરૂષોએ માનવ જીવનની સફળતા માટે અને અષ્ટકર્મોને છેદવા માટે, અક્ષયપદની પ્રાપ્તિ માટે શ્રી. જીનબિંબ, જીનમંદિર, જીનાગમ, એ ત્રણે વસ્તુઓ શ્રદ્ધા અને મનોલ્લાસપૂર્વક આરાધવી કે જેથી ભવનો નિસ્તાર થાય.

હે નિર્મમ અને નિર્મોહી! હે ત્રણ ભુવનના અધિપતિ! વિશ્વૈક વત્સલ! હે પૂણ્યલતાને ઉત્પન્ન કરવામાં, નવીન મેઘ સમાન એવા હે જગત્પ્રભુ! સારથી વડે રથની જેમ, અને કર્ણધાર વડે નાવની જેમ નાયક રૂપ, આપના દર્શનથી, આવા અઘોર વનમાં પણ હું કૃતકૃતાર્થ થઈ છું.

ખરેખર હે વીતરાગ દેવ! ખારા દરીઆની મધ્યમાં પણ, મીઠી કુઈની મને પ્રાપ્તિ તુલ્ય, આપના દર્શનની મને પ્રાપ્તિ થઈ છે.

માતા પિતા, ભાઈ, સાસુ, સસરા, કંત, વિગેરે સગા સંબંધી, દુઃખમાં ઘણા દૂર જઇને બેસનારા છે, સુખમાં

ઘણા સગા સંબંધીઓ મળે પણ ! દુઃખમાં આપના જેવી કોઇ વિરલ વિભૂતિના દર્શન પ્રબળ પૂણ્યોદયે પ્રાપ્ત થાય છે.

આપજ ગુણના નિધિ છો ! આપજ કરૂણાનિધિ છો ! ભવસાગરમાં ડુબતા આત્માઓને આપના ચરણકમલનો જ આધાર છે, પોતાના જન્મની સાર્થકતાને અભિનંદતી નર્મદાસુંદરી, દરરોજ વનના ફલોને ખાતી, પ્રભૂજીની ભક્તિ કરતી, તાપસ વૃત્તિને ધારણ કરતી, પોતાના વસ્ત્રમાંથી એક કકડો ફાડીને તેની ધજા બનાવી કંદરાના મધ્ય ભાગમાં સ્થાપિત કરેલા, માટીના પ્રાસાદ ઉપર ફરકાવતી, આનંદમાં દિવસો પસાર કરવા લાગી.



# પ્રકરણ ૧૧ મું

## સુભગ મિલન

સમુદ્ર ચોમાસામાં ઘુમરડીએ ચઢે, અને તેની ઉપર વાયવ્યના વાયરા સ્વારી કરે, અને જલનિધિના જલને ડામાડોળ બનાવી, ઉદધિમાં અટલ, એકલવાયા, ને અડીખમ ઉભા રહેલા પહાડોને ધમરોળી નાખે તેવા દિવસો પસાર થઈ ગયા હતા, ધરતીની ધરામાં ધોધમાર વરસીને જગતને આનંદના અવધિમાં તરબોળ બનાવી મેઘ અદશ્ય થઈ ગયો હતો.

એક સુભગ અને સોહામણા દિવસની ઉષાએ દોલતમંત, સહદેવ શ્રેષ્ઠીને પરદેશ, ક્રયાવક્રય માટે જવાની ઈચ્છા થઇ, અને કુટુંબીજનોની અનુમતી લઈને શુભ મુહૂર્તે જવા માટે નર્મદા નગરથી નીકળી, નિર્મળ જલથી બંન્ને કાંઠે વહેતી એવી નર્મદાના કિનારે જ્યાં પોતાના પાંચસો વહાણોનો કાફલો છે ત્યાં આવી નમસ્કાર મહામંત્રના સ્મરણ પૂર્વક ભાવમંગલ કરીને સકલ સમુદાય સહિત સહદેવ શ્રેષ્ઠી પ્રવહણમાં આરૂઢ થયો, અને ભેરી, નભેરી, ઢોલ, ત્રાંસાના ગગનને ગજાવતા મંગલધ્વનિ પૂર્વક માલમી લોકોએ નર્મદાના શાંત જલમાં વહાણો હંકારયાં, તીરની ઝડપે ચાલતાં વહાણો

સરીતામાં સરકવા લાગ્યા, નર્મદાના મૂખમાંથી નીકળી વહાણોએ શાંત અને સુરમ્ય સમુદ્રમાં પગરણ માંડયાં, સમુદ્રનાં જળને ઉછાળતાં મોજાઓ, અને સમુદ્રની વચ્ચે ઉભા રહેલા ખડકોની સાથે અફળાતા જલનિધિના જલનો ચિત્કાર સાવ શાંત થઈ ગયો હતો.

કંઈક માનવો, પશુઓ, અને અસંખ્યાત આત્માને પોતાના વિશાલ ઉદરમાં ચિરનીદ્રામાં પોઢાડી દેનાર જલનિધિના શાંત, ને ગંભીરજલમાં વહાણો ધસમસતા જતા હતા.

ઘડીકમાં દૂર દૂર દેખાતી ગીચ ઝાડી, તો ઘડીકમાં સપાટ મેદાનો દૂરદૂર દેખાતાં હતા, પવનના સુસવાટા સિવાય સમુદ્ર અપાર શાંતિને ધારણ કરીને પડયો હતો, બાજુમાં ચાલતી પહાડોની અડીખમ હારમાળા જાણે પ્રવહણનું રક્ષણ કરનાર દુર્ગ ન હોય તેમ દેખાતું હતું.

સાગરની દયા ઉપર વહાણોને તરતાં મૂકયા હતા, સહદેવ શ્રેષ્ઠી પોતાના ઓરડાની બારીમાંથી કુદરતનું સૌંદર્ય જોતા હતા, શ્રેષ્ઠીએ દૂરદૂર સાગરની કેડી સુધી નજર નાખી પણ! સાવ સુમશામ અને નિર્જન ધરતી અને જલ દેખાતા હતા. શ્રેષ્ઠીને મોટા મગરમચ્છો, મોટી મોટી માછલીઓ જોઇને ઘડીકમાં કાળના ઓવારા દેખાતા હતા, તો ઘડીકમાં જલના તરંગોના નૃત્ય દેખી હૈયું પુલકિત બની જતું, અનેકને જલસમાધિ, અપાવનાર અને પોતાના પેટાળમાં અસંખ્ય દોલતને સમાવનાર સાગરના તટ ઉપર તીર વેગે વહાણો સિંહલદ્વીપના માર્ગે માલવી લોકો દોડાવતા હતા.

વહાણોમાં રહેલા કુવામાં પાણી ખુટયું હતું, અને

પાણીની તપાસ માટે વહાણના ટંડેલો, તુતક ઉપર ચઢી ચારે તરફ ગામ નગરની, તપાસ માટે જોવા લાગ્યા, થોડે દૂર રાક્ષસદ્વીપ દેખાતો હતો, હર્ષાવેશમાં આવેલા ટંડેલોએ વહાણના મૂસાફરોને ખબર આપ્યા.

"સામેના દ્વીપમાં વહાણો લંગર નાખશે, અને બધાએ પાણી લઈ લેવું."

રાક્ષસ દ્વીપ આવી ગયો!

પાણી લઈ લો!

વહાણોને સાંજના અત્રેથી હંકારવામાં આવશે માટે બધાએ વખત સર હાજર થઇ જવું! એમ ટંડેલોની બુમ સાંભળી, લોકો નીચે ઉતર્યા અને જલ તથા ઈંધણની શોધમાં નિકળ્યા, સહદેવ શ્રેષ્ઠી પણ વહાણમાંથી ઉતરીને સાગરના કિનારે મૂસાફરોની સાથે વીંટળાઇને બેઠો.

દૂર દૂર નજર નાંખતાં લીલી હરીઆળી જમીનમાં, નીલમરંગી વૃક્ષોને, લાલ, પીળા, લીલા, ગુલાબી રત્નો જેવાં પૂષ્પોથી દેદીપ્યમાન જોઈને શ્રેષ્ઠી કુદરતની કરામત જોવા માટે કદલીવન જવાને ઉઠયો.

એકલો સહદેવ શ્રેષ્ઠી વનની કેડી ઉપર મજલ કાપવા લાગ્યો, હવામાનથી વનની પ્રકૃતિમાં અજબ પરિવર્તન થયું હતું. આજે જાણે નર્મદાસુંદરીને સહારો મલશે? તેમ જાણી આનંદિત ન દેખાતા હોય! તેમ પશુ પંખીઓ, પોતાના અવાજથી પ્રકૃતિની અનુકુળ બનતા હતા, વૃક્ષો નીચા નમી પાયલાગણુ કરતા ન હોય તેમ દેખાતું હતું. પૂષ્પો પણ પ્રકૃતિની અનુકુળ હોય તેમ મૃદુસ્મિત વેરતાં હતા.

"રસ્તાની મજલ કાપતો શ્રેષ્ઠી જીવનની પણ મજલ કાપી રહ્યો હતો, સરોવર કિનારે આવી ઉભા ઉભા કુદરતની અવનવી અપાર લીલા જોવા લાગ્યો.

ધરતી ઉપર સુકોમળ વનિતાના તરતનાં જ કોમળ પાદતલ જોઈને મનમાં આશ્ચર્ય થયું ! ચિત્તના ચગડોલે ચઢેલો શ્રેષ્ઠી વિચારવા લાગ્યો ! આવા ભયાનક અરણ્યમાં કોણ એવી સુકુમારીકા હશે !

કિન્નરી હશે ? વિયોગણ હશે ? વનપાલિકા હશે ? કોણ....હશે....એ સૌંદર્યમૂર્તિ સુકોમલ બાળા ! એમ વિચાર કરતો સહદેવ શ્રેષ્ઠી, પગલા જે દિશામાં ગમન કરી ગયા હતા, તે દિશા તરફ ચાલ્યો, કદલી વનની નિલમ રંગી ઝાડી મૂકી કાજળ જેવા શ્યામ પત્થરોથી અંકિત થયેલા પર્વતોની હાર-માળાને એક પછી એક ઓળંગતા શ્રેષ્ઠીએ ફરફર પવનની લહેરોથી લહેરાતી ગગનની સાથે વાતો કરતી, અને તેને ભેટવાની અધિરાઈ કરતી ન હોય ! તેમ ફરકી રહેલી ધ્વજાને જોઈને, નિશ્ચય અત્રે કોઈ રહેતું હશે, નહિતર ધ્વજા હોય નહિ, એમ વિચારતો શ્રેષ્ઠી કંદરાની બહાર ઉભો રહ્યો.

"જાણ્યા પૂછ્યા સિવાય કોઈએ કોઈના આવાસમાં પગ કેમ મૂકાય ! તેમ વિચારતો શ્રેષ્ઠી અંતરમાં આર્તને ધારણ કરતો વિચારવા લાગ્યો.

"ડાહ્યા અને સુજ્ઞ આત્માઓની એજ રીત છે કે બોલાવ્યા વિના કોઈના નિવાસસ્થાનમાં જવું ન જોઈએ." એમ વિચારીને કંદરાની બહાર પડેલી શિલા ઉપર શ્રેષ્ઠી સહદેવે આસન લીધું.

ક્યાં એ જીવનનો આનંદ, અને ક્યાં આજે કર્મનો કાળો કેર ! જેણે આજે જીવનને બરબાદીના પંથે પ્રયાણ કરાવી, પોતાના અંધેર રાજ્યનું સ્વરૂપ બતાવ્યું ખરેખર ! ખબર નહોતી કે સમયના વહેણ બદલાઈને અમી ભરેલી આંખમાં ઝેર ભરી જીંદગીને મોતના મહેમાન બનાવશે, ખરેખર હે કર્મ ! તેં એવું પરિવર્તન કર્યું કે. “એક દિવસ પતિદેવ પાસે મારી અમુલ્ય કિંમત હતી, તે કીંમત તેં ઘટાડીને “ટકાની તેરશેર બનાવી મૂકી” નિસાસા પૂર્વક કંદરાના એક ખુણામાં બેઠી બેઠી નર્મદા વિચારતી હતી, “કર્મની ઘટના ખરેખર અજબ, અનજાન, અપૂર્વ ને અરેરાટી ભરી છે.

“માનવતાના દીપને સતત જલતો રાખવા અને તેમાં કર્તવ્યનું તેલ પૂરનારા માનવીઓ દુનિયાના મેદાનમાં ઓછા હોય છે, પણ એજ દીવડામાં ખુદ પોતાની જાતને જ દીવેટ રૂપે પ્રજાળી પ્રકાશ પાથરનાર વિભૂતિ એજ વિરલ છે અને એવી વિભૂતિઓએજ જીવનનો વિરાટ સર્જ્યો છે અને તેમની જ યશોગાથા આજે ઘેરઘેર ગવાય છે.

“કર્તવ્ય પરાયણુતાની કેડી ઉપર ચાલનાર શ્રી રામચંદ્રજી ઉપર કર્મરાજે કારમા કેર વરતાવી ચૌદ વરસ સુધી વનમાં નિવાસ કરાવ્યો.”

“કર્તવ્યની દીપમાળ સતેજ રાખવા માટે હરિશ્ચંદ્ર રાજવીએ, રાજ્યપાટ છોડી, તારામતી અને રોહીતને પહેરેલે વસ્ત્ર લઈને નીકળ્યાં પણ ? કર્તવ્યની અધુરી રહેલી કહાનીને પુરી કરવા, તારામતીએ નીચને ઘેર પાણી ભર્યાં, હરિશ્ચંદ્ર રાજવી

ચંડાલને ઘેર વેચાયા. અને કર્મના ભયંકર તાંડવમાં પણ કર્તવ્યતાની ઝલહલતી જ્યોત ઝળકતી રાખી."

" ભર જંગલમાં દમયંતીને તજાવનાર, અને નળરાજાને કુબ્જ રૂપે જંગલે જંગલ રખડાવનાર જો કોઈ પણ હોય તો તે જ કર્મો છે."

માટે ધર્મને જાણતા, અને જાણવાની ઈચ્છા રાખતા આત્માઓએ કર્મની કરૂણ કહાનીઓ સાંભળીને પણ, કર્મના બંધનથી અટકવું જોઈએ, જે કર્મો, દાનવ, દેવ, ગણધર, હરિહર, માનવ, અરે! તીર્થંકર ભગવંતોને પણ પોતાના ખપ્પરમાં હોમતાં ચુકયાં નથી, તે આપણને કેમ છોડશે. માટે જ! સંસાર નાટકના સ્ટેજ ઉપર અવનવા સ્વાંગ સજાવનાર, કર્મોને જીતવા માટે દરેક સુજ્ઞ આત્માઓએ પોતાની શક્તિના વિરાટને સર્જી અથાગ પ્રયત્નો આરંભવા જોઈએ. ગગનમંડળમાં મધ્ય ભાગમાં આવેલા સૂર્યને જોઇ, અહર્નિંશ ત્રણે કાળ જિનેશ્વર ભગવંતનું ધ્યાન ધરનાર નર્મદાસુન્દરી મધુરા કંઠે યુગાદીશ્વર ભગવંતની ધ્યાનપૂર્વક સ્તવના કરવા લાગી.

ઓ જીવન આધાર! મારા હૃદયમંદિરમાં આપ પધારો. આ ભયાનક ભવરણમાં મારે તમારી રોજ વાટ જોવાની જ રહી! ઓ દીનદયાળ! હું રોજ ભાવનારૂપી પાંખડીથી શોભી રહેલા પુષ્પોના સાથીઆ પૂરૂં છું. જલતા હૈયારૂપી ધૂપ ધરાવું છું, ઓ જગત્ કૃપાળુ! હું જન્મોજન્મની તમારા વિશુદ્ધ પ્રેમની પ્યાસી છું; આપના ચરણ કમલના વિરહથી અંતરમાં સદા આગ પ્રગટેલી છે, યુગયુગથી મને દૂર ધકેલી

આપ પૂકાર પણ સાંભળતા નથી, હવે તો આ કંઠ પણ સુકાય છે, અંતરનો એક એક તાર અઘોર રૂદન વડે રડે છે, આ નાટક સમ જીંદગીમાં મને કયાંય ચેન પડતું નથી. રડી રડીને હવે તો હૈયું પણ ખાલી થઈ ગયું છે, મારે હવે અનંતને આંગણે આપની આશાભરી રાહ જોવાની જ બાકી રહી છે, ઓ વાત્સલ્યમૂર્તિ ! આંસુભરી આંખડીઓને હવે લુંછવાને માટે હાથ પણ તૈયાર થતા નથી, આપના સામું જોઈ જોઈ ને મારે દ્રષ્ટિજ ખોવાની બાકી રહી છે. હવે અંતરમાં અનંતની આશાનો પ્રાણ પુરી આપ હે દેવાધિદેવ ! મારા અંતરમાં પધારો, ઓ નિર્મમ ! નિર્મોહી ! નિર્વિકારી ! ત્રૈલોકયનાથ ! આ હતભાગી નર્મદાને આપના ચરણકમલમાં સમાવી લો.

કાન માંડીને એકજ ધ્યાનથી સાંભળવા ઉભા રહેલા સહદેવ શ્રેષ્ઠીને શબ્દનો કર્ણવેધ થયો, અને શ્રોત્રેન્દ્રિયને સતેજ કરતો વિચાર કરવા લાગ્યો; નિશ્ચય અહીં માનવીનો વાસ છે..

હે પ્રભુ ! દુઃખના તાપથી પીડાએલા લોકોને અમંદ આનંદ આપનારા આપ જ છો, વસંતઋતુના આગમનથી જેમ વનની વનરાજી પુલકિત બને છે, તેમ આપના દર્શનથી જગતના જીવોના હૈયા પુલકિત બને છે, આપના દર્શનથી જે દિવસો વ્યતિત થાય છે, તેજ દિવસો જીંદગીના સોહામણા અને અમુલ્ય દિવસો છે બાકીના દિવસો કૃષ્ણ પક્ષની અમાવાસ્યાની રાત્રી સદૃશ છે, નર્મદાસુંદરી સ્થિરચિત્તે પ્રભુજીના ગુણ ગાતી હતી.

નર્મદાસુંદરીની પ્રભુ પ્રત્યેની સ્તુતિના શબ્દો સાંભળી

સહદેવ વિશેષ પ્રકારે સ્તબ્ધ બની ગયો ને અંતરના તારો ઝણઝણ્યા, જરૂર કોઈ પુરૂષ કે સ્ત્રી છે, એમ વિચારતો ઉભો રહ્યો.

હે ભવોદ્ધારક! સારાભાગ્યે તમારા દર્શનથી હું ચિરકાળે પણ અનુગ્રહીત થઈ છું, કેમકે સાધારણ પુણ્યથી અર્હંત પ્રભુનું સાક્ષાત્ દર્શન થતું નથી, હે પ્રભુ! સંસારમાં ડુબેલા મારા જેવા પામર આત્માઓનો ઉદ્ધાર કરો; જેમ સુવર્ણ મુગટ ઉપર નીલમણી શોભે છે, તેમ આપ ત્રણે જગતમાં મુગટના મણિની રૂપે શોભી રહ્યા છો; નર્મદા પોતાના આત્મધ્યાનમાં લયલીન બની પ્રભુની સ્તવના કરતી હતી.

હળવા શબ્દોની હલકે, સ્તબ્ધતાની સ્થિરતામાંથી સહદેવને ઢંઢોળ્યો, અને વિચારતંદ્રામાંથી જાગતાજ સતેજ બન્યો, અને અવાજની ઓળખાણનો આસ્વાદ અનુભવ્યો.

કપાળ ઉપર હાથને સ્થાપિત કરતો મનોમંથનની મહેલાતો ઉપર પગલાં ભરતો અકળાયો.

શું ?....પુત્રી....નર્મદા....હ....શે ? ના....ના....આ....વા....અઘોરવનની અઘોર ગીરિમાળાઓની અઘોર કંદરામાં તે....કયાંથી....હોય ! ભાલપ્રદેશ ઉપર પડેલી કરચલીઓ ઉપરથી પ્રસ્વેદના બિંદુને લૂછતો થોડીવાર અંતરની મથામણુમાંથી ઉદ્ગાર આવ્યો ! જરૂર....જરૂર અવાજ તો નર્મદાનો ....જ છે ! મનને વિસંવાદના વાતાવરણમાં અકળાવતો પોતાના મગજને વસ્તુસ્થિતિ સમજવા માટે ઘુમાવતો, સહદેવ બોલી ઊઠયો;

એ....જ....એ....જ ! મારી લાડકવાઈ. નર્મદાનો જ અવાજ છે; તેના જેવા અવાજવાળી બીજી કોણ બાલિકા

ભૂમંડલમાં હશે ! કદાચ ભૂમંડલમાં હોય પણ આ કંદરામાં ક્યાંથી હોય !

"જગતમાં માનવીના વિચારો-મૂખાવિંદ-તથા અવાજ કદાપિ એકસરખા હોતા જ નથી.

કોઈના પણ આવકારની રાહ જોયા વિના જેમ હરણ ફાળ ભરે; તેમ સહદેવ શ્રેષ્ઠી ઉતાવળે પગલે કંદરામાં ગયો, અને પોતાની પ્રાણથી અધિક વહાલસોઇ, લાડકવાઈ, પુત્રીને મધુર વાણીથી અમૃતભરેલી આંખોથી નીહાળી સહદેવે નર્મદાને મધુર વાણીથી બોલાવી, અને સહદેવની અમૃતભરેલી આંખોમાંથી અમૃતના બિંદુઓ પડવા લાગ્યા.

ધોધમાર વરસતા વરસાદના પાણીથી ચાતક પક્ષીની તરસ શાંત થાય, મેઘને જોઇને મોરલાઓ હર્ષાવેશમાં આવી, મેઘધનુષ્યના જેવા વિવિધરંગી પીંછાનો વિંઝણો બનાવી નૃત્ય કરે, ઉદયાચલથી ચંદ્રમાનું આગમન વસુંધરા ઉપર થતાંજ ઉદધિ ઉછાળા મારે; દિવાકરનું આસ્માનમાં શ્યામરજનીને વિખેરી નાખવા માટેનું આગમન જોઈ કમલનું મુક્ત હાસ્ય થાય. તેમ નર્મદાસુંદરી પિતાજીના આગમનનું દશ્ય જોઇને ખુબજ હૈયામાં આનંદના આવેશમાં આવી ગઈ, અને આંખોમાં હર્ષની પરિમલ આવતાં પહેલાંજ અંતરમાં આશ્ચર્યના પડઘા પડયા.

શું....આ....સ્વપ્નું હશે ! કે....સાચેસાચ....પિતાજી હશે ! ના....ના....નર્મદા તારે વળી વિચાર કેવા ! અહીં વનમાં પિતા હોય ક્યાંથી ? આત્મનિર્ણય કરવામાં આશા ને નિરાશામાં અટવાતી નર્મદાસુંદરી સ્તબ્ધ બની વિચારવા

લાગી, શું !.... શાસનદેવની અસિમ કૃપાથી.... વનદેવતા કંદરામાં મને સહાયતા કરવા પ્રગટ થયા હશે ! ના....ના.... વનદેવતા શું કામ આવે ! જ્યાં દુઃખના ડુંગરાઓ ખડકાએલા હોય ત્યાં સુખના સ્પંદન ક્યાંથી હોય ! જરૂર ! .... દેખાય છે....તો....પિતાજી. અવનવા તરંગોમાં રાચતી નર્મદા નિશ્ચય કરી શકી નહિ.

હે નર્મદા ! તું શાને માટે તરંગોમાં તળાય છે, અને અંતરમાં વહેમનું વમળ રાખી, શા માટે મંથન કરે છે. શું તું મને નથી ઓળખતી ! હું જ તારો પિતા સહદેવ છું, તારા અવાજના પડઘા સાંભળીને કંદરામાં તને મળવા માટે આવ્યો છું, તારે ચિત્તમાં ચિંતા કરવાની જરૂર નથી, સહદેવ નર્મદા પ્રત્યે બોલવા લાગ્યો.

નર્મદાના મનની અથડામણને સહદેવના શબ્દોની ઘંટડીએ સ્થિર કરી, આત્મનિર્ણય કરાવ્યો અને પિતાજી.... પિતાજી....કરતી નર્મદા સહદેવના પગને આલિંગન આપતી પગમાં પડી.

થોડીવાર પછી સહદેવે બે હાથે નર્મદાને ઉઠાડી છાતી સરસી ચાંપી.

જેમ મોતીનો હાર તુટે અને મોતી વેરાય તેમ નર્મદાની આંખમાંથી મોતીની માફક આંસુઓના બિંદુઓ ટપકવા લાગ્યા, દુઃખથી ભરાયેલ હૈયામાંથી અવાજને નિકળવાની શક્યતા પણ ન હોતી રહી. ધ્રૂસકે રડતી નર્મદાએ પોતાના ભરાયેલ હૈયાને ખાલી કર્યું.

સહદેવે સાંત્વન રૂપી ઠંડા પાણીનો અભિષેક કરીને

પૂછ્યું હે પુત્રી ! તું શા માટે આટલું દુઃખ ભોગવે છે, આ દ્વીપમાં, આ વનમાં, તું એકલી કેમ ! જે હોય તે તું મને કહે !....કે શા માટે તારે દુઃખનો ડુંગર વેઠવો પડયો, બોલ....બો....લ ઓ નર્મદા ! તારા આંસુઓની ધારાના વેરાતાં મોતી મારા હૈયાને હચમચાવી નાખીને મારી ધીરજને તોડી નાંખી અંતરને આરપાર વિંધી નાખે છે, એમ બોલતા બોલતા સહદેવની આંખમાંથી આંસુઓનો ધોધ વહેવા લાગ્યો.

દુઃખથી ભરાયેલાં હૈયાં ખાલી થયાં અને સહદેવે પૂછ્યું હે નર્મદા ! તારી પાસે નથી સાહેલી, કે નથી કોઇનો સંઘાત ! ક્યાં છે તારા પતિ ! મેં તને ઉત્તમ અને કુલીનની સાથે પરણાવી. ત્યાંથી તું અહીં આવી કેવી રીતે ! ઓ નર્મદા....બોલ ! તારા અંતરમાં કોઈ વાતને છુપાવ્યા વિના કહે કે અહીં આવી કેવી રીતે ?

સહદેવના વારંવાર પૂછવાથી નર્મદા પોતાની વિતક કરૂણ કથની કહેવા લાગી. ઓ પિતાજી ! મારા લગ્ન પછી થોડાક વખત સુધી મારા દિવસો આનંદમાં વ્યતિત થયા, ત્યાર બાદ એક અણચિંતવ્યા અને અશુભ દિવસે મારા પર કર્મની પ્રબળ સત્તાએ ચારે દિશાથી ઘેરો ઘાલ્યો, ને મને મારા પતિદેવ સાથે પરદેશ જવાની ઇચ્છા થઈ અને તેઓ મને સાથે લઈને નીકળ્યા, એક અભાગી દિવસની ઉષાના નિલમરંગી પડછાયાથી પૃથ્વી વિવિધરંગી થઈ ગઈ હતી. અને મને કુદરતની કળા જોવાની ભાવના થઈ, અને અમે અત્રે આવ્યા, જેના હૃદયમાં દયાનું નાનું સરખું ય ટીપું

નથી રહ્યું એવા મારા પતિદેવ મને દગો દઈને ભરઉંઘમાં તરછોડીને ચાલ્યા ગયા. મેં મારા પતિદેવના અંતરની ઉંડાણુમાં રહેલા કુડકપટ જાણ્યા નહિ અને તેમના ભરોસે સામે દેખાતા કદલી વનમાં સૌન્દર્ય પ્રકૃતિને નિહાળવા માટે હું આવી. મેં વનની કુંજોમાં ઘણી ઘણી તપાસ કરી, પણ મને તેમનો મેળાપ જ ન થયો. ત્યારબાદ સમ્યક્ત્વની વૃદ્ધિ સમાન, અને ચારિત્રના મૂળ હેતુરૂપ, શાશ્વત સુખની પ્રાપ્તિ કરાવનાર, શીયલનું પાલન કરતી અને અહર્નિશ ત્રણે કાળ જીનેશ્વર ભગવંતના ચરણની ઉપાસના કરતી, વનનાં ફલો ભેગા કરી તેના ભોજન વડે કાચી કાયાના પિંડને પોષતી, હું અત્રે રહેવા લાગી. નર્મદાએ પોતાની વિતક કથની પોતાના પિતા સહદેવને સંભળાવી.

" વ્રત અને પચ્ચક્ખાણ નહિ આદરનાર નવ નારદ પણ શીયલ ગુણના પ્રતાપે મોક્ષનગરની મહામૂલી મહેલાતોમાં જઈને વસ્યા."

" શુળી ઉપર ચઢેલા સુદર્શન શેઠ એજ શીયલના પ્રભાવે સિંહાસનારૂઢ થયા."

" અંજના, સુરસુંદરી, સીતાજી, દમયંતી, સુભદ્રા આદિ મહાપતિવ્રતા સ્ત્રીઓને ઘણાં કષ્ટો ભોગવવાં પડયાં, છતાં શીયલથી શણગારેલી શિતલ ચુંદડી ઓઢી જગતને શીયલની પ્રભાવનાનું અમૃતપાન કરાવ્યું."

" વિષય અને વાસના ભોગવવાની અભિલાષી સુરીકાંતાએ, સંયમપંથે જવાની ભાવનાવાળા પોતાના પતિ

પરદેશી રાજાને ગળે નખ દઈને મારી નાખી, ભયંકર પાપના પંકમાં ફસડાઈ પડી."

"પરપુરૂષના પ્રેમમાં લપટાયેલી લંપટનારી ચુલણીએ પોતાના પુત્ર બ્રહ્મદત્ત ચક્રવર્તિને મારી નાખવા માટે પ્રપંચના પ્રચંડ પાસા ફેંકયા."

શીયલ રૂપી બગીચાની નવ વાડોનું રક્ષણ નહી કરતો આત્મા એકડા વગરના મીંડા જેવો છે, અરે ! મૂળ વગરના ઝાડ જેવો છે.

બ્રહ્મચર્યની નવ વાડો મહાપુરૂષોનાં વચનાનુસાર બ્રહ્મચર્ય વ્રતના રક્ષણાર્થે નીચે જણાવ્યા મુજબ નિર્દેશ સ્થાનમાં નિવાસ કરવો, અને બીજા પણ બતાવેલા નિયમો કાળજી પૂર્વક પાળવા જોઇએ.

"પહેલી વાડ"

જ્યા સ્ત્રી, પશુ, અને નપુંસક, નો નિવાસ હોય ત્યાં શીલ વ્રતધારી પુરૂષોએ (પુરૂષ હોય ત્યાં વ્રતધારી સ્ત્રીઓએ ) રહેવું જોઈએ નહિ.

"બીજી વાડ"

મીઠા વચને કામ, ક્રીડા કે વાસનાને ઉત્તેજીત કરે તેવી કથાઓ બ્રહ્મચર્ય વ્રતના પાલન કરનારે કરવી નહિ અને સાંભળવી પણ નહી.

"ત્રીજી વાડ"

બ્રહ્મચારી પુરૂષે જે શયન, આસન કે પાટ, પાટલાં ઉપર સ્ત્રી બેઠી હોય તે ઉપર બે ઘડી લગી અને પુરૂષ સેવિત શયનાદિક ઉપર બ્રહ્મચારી સ્ત્રીએ ત્રણ પહોર લગી બેસવું નહિ.

"ચોથી વાડ"

બ્રહ્મચારી જનોએ સરાગ દ્રષ્ટિથી કામોત્તેજીત વસ્તુઓને જોવી નહિ. (પુરૂષે સ્ત્રીના અને સ્ત્રીએ પુરૂષનાં અંગોપાંગ નીરખવા નહિ.)

"પાંચમી વાડ"

જ્યાં ભીંત કે પડદાદિકને ઓથે સ્ત્રી પુરૂષ કામક્રીડા કરતાં હોય ત્યાં બ્રહ્મચારી ભાઈ બ્હેનોએ વસવુ, ઉભા રહેવું, કે બેસવું નહિ.

"છઠ્ઠી વાડ"

"પૂર્વે અજ્ઞાન પણે સેવેલી વિષય, વાસના કે ક્રીડા બ્રહ્મચર્ય ધારણ કરનારે સંભાળવી નહિ·

"સાતમી વાડ"

બ્રહ્મચર્ય વ્રતધારીએ સ્નિગ્ધ–રસકસવાળો–માદક આહાર કરવો જોઇએ નહિ.

"આઠમી વાડ"

ક્ષુધા શાન્ત થાય એથી અધિક આહાર (લુખ્ખો હોય તો પણ) બ્રહ્મચર્યનું પાલન કરનાર આત્માએ કરવો જોઈએ નહિ.

"નવમી વાડ"

બ્રહ્મચર્યના પાલન કરનાર આત્માએ શરીરની શૃંગારીક ચીજોથી, મુલ્યવાન વસ્ત્રોથી, તેલ, તંબોળ, અણછાજતા વેષ આદિથી વિભૂષા કરવી નહિ.

"પતિવ્રતા નારીએ સ્વશીલ રક્ષાર્થે પતિના વિરહે પાળવા યોગ્ય નિયમો"

(૧) પોતાના પ્રાણપ્રિય પતિનો મેળાપ ન થાય ત્યાં સુધી ભૂમિશયન કરવું, પણ પલંગ–માંચા કે ઢોલીઆ ઉપર સૂઈ રહેવું નહિ, હિંડોળાખાટ ઉપર પણ બેસવું કે શયનાદિક કરવું નહિ.

(૨) ખાસ તથાપ્રકારના કારણ વગર સર્વાંગે સ્નાન, વિલેપન કે માલિશ આદિ કરવા–કરાવવા નહિ.

(૩) હર્ષ આનંદના ચિન્હો રૂપ રંગીન સુશોભિત વેશભુષા સજવી નહિ, પણ! સફેદ વસ્ત્ર પરિધાન કરવાં.

(૪) પૂષ્પો કે માળાઓ વડે શરીરને શોભાયુક્ત બનાવવું નહિ.

(૫) શૃંગાર રૂપ ગણાતા હોઠને તંબોલ વડે લાલ કરવા નહિ.

(૬) લવિંગ, એલચી, અને જાયફળ પ્રમુખ કામોદ્દીપક પદાર્થ ખાવા નહિ.

(૭) શરીર શોભાવવા માટે શરીરાદિકનો મેલ ઉતારવો નહિ.

(૮) સર્વ જાતનાં લીલા શાક તૈયાર કરી–કરાવી ખાવાં નહિ.

(૯) દહીં, દૂધ, પકવાન્ન, ગોળ, ખાંડ, સાકર, અને દુધપાક, વિગેરે મદ ઉપજાવે એવા સર્વ સરસ આહાર કરવા નહિ.

(૧૦) તથાપ્રકારના રસ કસ વગરનો નિરસ આહાર કરવો.

(૧૧) સદાય એકજ વખત શરીરને ભાડું દેવા માટેજ ખાવું.

(૧૨) ખાસ જરૂરી કામ વગર ઘરની બહાર નીકળવું નહિ.

(૧૩) બારી બારણાં કે ગોખમાં બેસી લોકચેષ્ટા જોવી નહિ.

(૧૪) લોકોનાં વિવાહાદિ કાર્યો પણ નીરખી જોવાં નહિ.

(૧૫) સખીઓની સંઘાતે પણ ઠઠ્ઠા મશ્કરી, પુરૂષ સ્ત્રીનાં

શણગાર, હાસ્ય, વિલાસ, અને વસ્ત્રાદિ સંબંધી વિકથા કરવી નહિ.

(૧૬) કામોત્તેજક વાંચન ન વાંચતાં, વૈરાગ્ય અને શાંતિ ઉપજે એવી કથાઓ વાંચવી.

(૧૭) ચાકર સાથે પણ આલાપ સંલાપાદિ ન કરવા અને બીજા સાથે પણ શૃંગારાદિક વાતાવરણ સર્જાય તેવી કાર્યવાહી કરવી નહિ.

(૧૮) અશ્લિલ ચિત્રો અગર પરપુરૂષ કે પરસ્ત્રીના ચિત્રો જોવા નહિ; માટેજ સુજ્ઞ અને કુલીન સ્ત્રીઓએ ઉપરના નિયમો ધારણ કરવા કે જેથી આ ભવ પરભવ પણ સફળ થાય.

શીયલની શીતલવાડીનું પુષ્પ મહેંકતું રાખવા માટે અઘોર વનની અંધારી કંદરામાં મહાસતી નર્મદાએ વાસ કર્યો. જેમ રાજુલ, અને નાગીલાએ શીયળવ્રતનું પાલન કરી જગતને આદર્શનો અનુપમ માર્ગ બતાવ્યો તેમ દરેક આત્માઓને માટે એવી મહાસતીઓના જીવન ચરિત્રો મોક્ષ પ્રાપ્તિના વૃદ્ધિ રૂપ શીયલની નવે વાડોનું પાલન કરવા માટે અજોડ ઉદાહરણ છે.

પિતાજી ! કર્મના વિકરાળ પંજામાં હું સપડાઈ ત્યારે તમો અગર મારા સૌભાગ્ય કંકણના રખેવાળ મારા પતિદેવ પણ શું કરે ! મારા કર્મમાં જે બનવાનું હતું, તેજ બન્યું છે. તમોને શું ખબર કે મારી પુત્રી પરણ્યા પછી સુખમાં હશે કે ! દુઃખમાં ! ભાગ્યની ભૂતાવળોને ભેદવાની તાકાત

કોઇનામાં નથી. માનવી કર્મોને બાંધતાં વિચાર નથી કરતો, જ્યારે બાંધેલા કર્મો ઉદયમાં આવે છે ત્યારે પણ માનવી ભોગવવા માટે મજબુત નથી બનતો, એ કયાંનો ન્યાય! બાંધેલા કર્મોને ભોગવ્યા વિના છૂટકો જ નથી, તો મનને મજબુન બનાવીને હસતે મૂખે કર્મોને ભોગવી લેવા માટે તૈયાર થવુંજ જોઇએ. તેવી જ રીતે મારા લલાટમાં લખાયેલી દુઃખની ભૂતાવળો જ્યાં ડોકીયાં કરી રહી હોય ત્યાં રોકવાની કોની તાકાત છે.

પિતાજી....પિતાજી....બોલો...બો...લો..કર્મોએ કોઈને છોડયાં છે ? જો કર્મ જેવી કોઈ અદ્રશ્ય વસ્તુનું અસ્તિત્વ જગતમાં ન હોત! તો માનવીને ધર્મનું આચરણ કરવાની જરૂરત નહોત, નર્મદા પોતાની વીતેલ કરૂણ કથની કહીને પોતાના પિતાની સન્મુખ અનિમેષ નયને ઉભી રહી.

પુત્રીની કરૂણ કથની સાંભળી, સહદેવની છાતીમાં દુઃખીઆરીના દુઃખે દવ લગાડયો, અને આંખમાંથી અશ્રુઓના બિંદુઓ ટપકવા લાગ્યા, અને સહદેવ શ્રેષ્ઠી નર્મદાને હૈયા સરખી ચાંપી બોલવા લાગ્યો. ઓ મારી લાડકવાયી પુત્રી! મારીજ ભયંકર મુર્ખાઈ કે તને આવા કપટી સાથે પરણાવી, મારી એકજ ભૂલના ભોગે તારે આવાં દુઃખો ભોગવવાં વનમાં એકલવાયા વાસ કરવો પડયો. પણ ઓ ગુણવંતી ! હવે તું હૈયામાં દુઃખ લગાડતી નહિ, પિતાના આશ્વાસનથી હર્ષિત હૈયાવાળી નર્મદા દુઃખને વિસારી ખીલેલા કમલની માફક મૂખ ઉપર હાસ્યને વેરતી, પિતાને કહેવા લાગી, કે ખરેખર ! શાંત જલમાં પવનની લહેરી, જેમ ઠંડક અર્પે છે તેમ સ્વજન

સંબંધીઓ જ્યારે મલે છે ત્યારે હૈયાને અનંત દુઃખમાં પણ અનંત સુખનો ભાસ થાય છે પણ! તેવા વખતમાં કેમ કરી જીનેશ્વર ભગવંતનું ધ્યાન ધરવાનું ભૂલી જવાય!

માટે ઓ પિતાજી! ભવો ભવના લાગેલા પાપોને ક્ષણ વારમાં મટાડનાર જીનેશ્વર ભગવંતને ભેટો.(દર્શનપૂજન કરો.) પોતાના પિતાને નર્મદાસુંદરી પોતાના હાથ વડે પ્રતિમાજીને બતાવતી હતી. સહદેવે તરત જ પ્રતિમાજીને જોઈને ઈંગુલ તેલનો દીપક બનાવી મન, વચન, કાયાના ત્રણે તારને એક-તાન બનાવી શુદ્ધ હૃદયની વીણાથી ભગવંતનું ચૈત્યવંદન કર્યું. જાણે આંખોએ અમૃતપાન કર્યું હોય તેમ! પિતા પુત્રીના રોમાંચ પ્રભુભક્તિના એક રસમાં ખડા થઈ ગયા ને આદી-શ્વર ભગવંતની સ્તવના કરવા લાગ્યા.

હે પ્રભુજી! આપ તરણ તારણનું બિરૂદ ધરાવો છો, આપ અમારી ઉપર પ્રસન્ન થાવ તો આપની પ્રસન્નતાની સામે જગતની તમામ વસ્તુઓ અમારા મનને તુચ્છજ લાગે છે.

હે કરૂણારસ કીરતાર! આપ તો નિરંજન, નિરાકાર, નિષ્કપટી, નિરાગી છો. તમારા ચરણકમલની જ અમને લગની લાગી છે.

ઓ દેવાધિદેવ! આપ તર્યા તેમ અમને પણ તારો. તમે જ સઘળાને શિવસુંદરી અપાવનારા છો, આપના સદૃશ જગતના વિશાલ પટ ઉપર કોઈ દાનેશ્વરી નથી, હે જગ-તારક! ધન્ય છે! આપને અને આપની માતાને! કે જેના ઉદરને વિષે આપે જન્મ લઈને તીર્થ સ્થાપી જગતને તાર્યું અને આપ પણ તર્યા.

પિતા-પુત્રીએ પ્રભુસ્તુતિ કરીને સમ્યક્ત્વ દર્શનરૂપી સ્વાદિષ્ટ સુખડીની પ્રાપ્તિ કરી ને પોતાની ગાંઠે બાંધી.

હે પુત્રી! તને વગડામાં રઝળાવનાર, રખડાવનાર, મહેશ્વરદત્ત પ્રત્યે હવે જીવ બાળવો નહિ અને તેનો મોહ તારી ઉપર ફક્ત સ્વાર્થ અને તકવાદી જેવો હતો.

જગતમાં પણ જાહેર છે કે "જે આપણને ચાહે તેને જ આપણે ચાહીએ છીએ" "જો કોઇ વેંત નમે તો બીજો હાથ નમે" પણ જ્યાં સ્વાર્થની પિશાચી વૃત્તિમાં મશગુલ રહેનારા ક્ષણિક સ્વાર્થના જ નિશાનો મારતાં હોય ત્યાં પ્રેમને સ્થાન જ હોતું નથી.

ઓ નર્મદા! તું ભૂલી જા! અને કંદરાને છોડી તું મારી સાથે ચાલ! સિંહલદ્વીપમાં આપણે જઈશું ત્યાં ક્રય-વિક્રય કરીને પછી આપણે આપણા ઘેર નર્મદાનગર જઇશું ત્યાં અહર્નિંશ પ્રભુભક્તિમાં આસક્ત બની મોક્ષનગરીની મહેલાતોમાં જવા માટેનું પાથેય બાંધજે તેમાં પણ કદાચ તારા પતિનો મેળાપ તારા કર્મમાં લખ્યો હોય તો તને અવશ્ય તારા પતિની પ્રાપ્તિ થશે, નહિતર પ્રભુભક્તિમાં દૃઢ નિશ્ચયી બનીને તારા આત્માને નિર્મળ બનાવજે અને તારા શીયલની શીતલવાડીને નવે વાડોથી રક્ષણ કરી તેના કુલને મહેંકતું રાખજે. સહદેવે પોતાની પુત્રી નર્મદાને આશ્વા-સન આપ્યું.

## પ્રકરણ ૧૨ મું

## બબ્બર કુળમાં

શીયલ જેને સહારો આપી રહ્યું છે, તેવી ગુણવંત અને કૌમાર્ય નર્મદા મહાસતી પિતાના શબ્દોથી અને મિલાપથી સ્નેહાર્ષિત થઇને પિતાની પાછળ પિતાના પાવન પગલે પગલે પ્રવહણુમાં જવા માટે સમુદ્રતટે આવવા નીકળી હતી. રસ્તામાં કુદરતનું અલૌકિક સૌન્દર્ય નિહાળતી અને પોતાના પિતાને પોતાની વિતક કથાના સ્થળો બતાવતી જાણે સ્વર્ગમાં જવા માટે પગલાં ભરતી હોય તેમ વનને ઝડપથી પસાર કરી, સાગરના કિનારે આકાશના વિશાલ છત્ર નીચે પિતાની શીતલ છાયામાં આવી.

નર્મદાને પિતાનો સહારો મલવાથી ઉલ્લાસના અતિરેકમાં હૈયું નાચી ઉઠતું હતું, નર્મદા નગરના આપ્તજનોને જોઈ આનંદિત બનેલી નર્મદા એક બીજાઓની ક્ષેમકુશલતા પૂછી, પિતાની સાથે પ્રવહણુમાં જઈને સ્નાનાદિ ક્રિયા કરીને, નવા વસ્ત્રોનું પરિધાન કરી, પિતાની સાથે નૌતમ પ્રકારની વિવિધ પ્રકારની રસોઈ જમી, પ્રવહણુના વિશાળ ઓરડામાં પિતાની સાથે જઈને બેઠી.

જલનિધિના જલ ઉપર સ્થિર થયેલાં પ્રવહણોમાં સાગરના કિનારે લટાર મારતા સઘળા માનવીઓ પોતાની જગ્યા ઉપર આવી બેસી ગયાં અને વહાણને વેગથી વહેતા મૂકવા માટે ખલાસીઓને શેઠે આદેશ આપ્યો. તંબુરાનો તાર તૂટે તેમ સઢના દોર છૂટયા, અને અતિશય વેગને ધારણ કરતાં પ્રવહણ એક બીજાની સ્પર્ધા કરતા હોય તેવી રીતે દોડવા લાગ્યા અને સિંહલદ્વીપને ભેટવા સાગરની રંગભૂમિ ઉપર નાચવા લાગ્યા.

ઉત્તર દિશાની વિજળી ક્ષણે ક્ષણે પૃથ્વી ઉપર ક્ષણિક તેજના પૂંજને વેરતી હતી, વાયવ્યના વાયરાએ ધરતીને સુસવાટાથી ઘેરી લીધી હતી, મેઘરાજા ધરતીની ધરામાં ધસમસતા ધમપછાડા કરવા લાગ્યા હતા, અને પોતાનું અતિરૌદ્ર સ્વરૂપ જગતના માનવીને બતાવી, ભયભીત બનાવી રહ્યા હતા, અપાર શાંતિને ધારણ કરી રહેલા ઉદધિએ પોતાના મહાકાય મોજાઓરૂપી યોદ્ધાઓને છૂટા મૂકી દીધા હતા, વહાણ મદઝરતા હાથીની જેમ મદઘેલા બનીને જલમાં નૃત્ય કરવા લાગ્યા જાણે મણીપુરી નૃત્ય જ ચાલી રહ્યું હોય! તેમ દેખાતું હતું.

યમરાજ પણ વહાણમાં બેઠેલા માનવીઓની જીંદગીને ઝડપી લેવા પોતાનું કાળમુખ ઉઘાડું રાખી અટ્ટહાસ્ય કરી રહ્યો હતો, મહાસતી નર્મદા અને સહદેવ શ્રેષ્ઠી નમસ્કાર મહામંત્રના ધ્યાનમાં આરૂઢ થઈ ગયા હતા, આકાશમાં તાંડવ ખેલી રહેલા વાદળો એક બીજાને અથડાતા અને તેમાંથી નીકળતા ચિત્કારને સાંભળી ધરણી પણ ધ્રૂજી ઉઠતી, ભયા-

નક ઉલ્કાપાતથી ધરતીના ખોળે પોઢેલા માનવીઓ બેબાકળા બની ગયા હતા, વહાણો પણ ડુબવાની આશાએ તરતા હતા, ને વમળમાં અટવાયેલી નૈયાઓ ફેરફુદડીએ ફરતી હતી, મુસાફરોની જીંદગી પણ ફેરફુદડીએ ચઢી હતી જીંદગીની તમામ આશાઓ અને મહત્વાકાંક્ષાઓ છોડી, આવગી આફતના ઓળાને ઓળંગવા માટે પ્રભુના સ્મરણમાં તાલબદ્ધ બની ગયા હતા.

માલમી લોકોએ લંગરો નાખીને વહાણોને મધદરીએ થંભાવ્યા હતા, ચારે તરફથી નંખાયેલા લંગરમાં પણ નૌકાઓ નાચી રહી હતી, તોફાનમાં પસાર થતી એક એક પળ મુસાફરોના અણમોલ જીવનને ટકાવવા માટે સફળ બનતી હતી. પ્રભુભક્તિમાં એક રસ બનેલા મુસાફરો જીંદગીની છેલ્લી પળો વિતાવતા હોય તેમ તેઓના મુખ ઉપર છવાયેલી શ્યામતા સાક્ષી પુરતી હતી.

લગભગ એક પ્રહરના સંલગ્ન તોફાન પછી, ઉદધીએ શાંતિનું આશ્વાસન વહાણના માનવોને આપવાનું શરૂ કર્યું હતું. પ્રવહણના માનવીઓ પણ પોતાના જમા ઉધારના પાસાઓ સરખાં કરવા જ જાણે જીવતાં ન રહ્યાં હોય! તેમ હા....શ કરીને સ્વસ્થ થયા, માલમી લોકોએ લંગર ઉઠાવી વહાણોને વહેતા મૂકયા પણ!

શ્યામ વાદળોએ અંધારી રજનીને વિશેષ અંધકારમય બનાવી દીધી હતી, તેમાં માલમી લોકો દિશા ભૂલ્યા, અને સાત પ્રહરની અખંડ અને એકધારી ગતિથી મુસાફરી કરતાં વહાણોના માલમીઓને સિંહલદ્વીપને બદલે બબ્બર કુળના કિનારા દેખાયા.

જેઠ મહીનાની કસુંબલ સાંજના કિરણો જાસુદના ફુલોનાં તોરણોની જેમ ક્ષિતિજના દ્વારપર ઝુલતા દેદીપ્યમાન દેખાતા હતા. મંદ પવનથી ઉડતી ધૂળની રજકણો પર પ્રકાશની ગુલાબી છાંય હતી. ગરમ લૂ બંધ થઇ ગઇ હતી, ને શીતલ પવનની લહરીઓ શાંત થતા વાતાવરણ પર પથરાતી હતી, ખેતરેથી પાછા વળતા બળદોના મોટા ઘુઘરાના મંજુલ સ્વરો, રહસ્યમય અને આછા થતા પ્રકાશનાં પડો ઉપર જામતા જતા હતા, મહાદેવની આરતીના ઘંટનો રણકાર, ક્ષિતિજમાં મંદ પડઘા પાડતો દૂર આકાશના શ્યામલ અંતરમાં વિલિન થતો હતો. સહદેવ શ્રેષ્ઠીએ પણ પોતાના પરિવાર સહિત બબ્બરકુળના કિનારે પગ મૂકયો, અને ઉગતી પ્રભાતે તંબુઓ નાખવાની આજ્ઞા કરી, સર્વે માનવો, મહાસતી નર્મદાસુંદરી, શ્રેષ્ઠી સહદેવ આદિએ રાત્રિ પ્રવહણમા જ પસાર કરી.

ઉગતા પ્રભાતના આગમનના સમાચાર કુકડાદ્વારા સંભળાયા અને વહાણના સકળજનો બબ્બરકુળનું નિરીક્ષણ કરવાના ઉમંગમાં જલદીથી ઉઠીને સ્નાનાદિ ક્રિયાઓને પતાવી તૈયાર થતા હતા ત્યાં તો પ્રભાતની તાજગીભરીને ઉષા પોતાનું તારૂણ્ય, લાવણ્ય અને શક્તિનો વિરાટપુંજ લઈને આવતી હતી, તેનો પ્રવાહ સંયમીત હતો, એનામાં વેગ હતો, પણ! આવેશનો છાંટો ન હતો. તેના નયનો અમિભર્યા હતા, તેનામાં કર્તવ્યતાનો માર્મિક વેધ હતો. શક્તિનો અખૂટ ખજાનો હતો, તેનો ચહેરો અતિ સૌમ્ય હતો, મધુર, સુભગ, શક્તિ સંપન્ન કાયા ઉપર રંગબેરંગી શેલાનો શણુગાર હતો, આ જગતમાં જેણે ઉષાના પ્રકાશ પૂંજને નિહાળ્યો

છે અને ઉષાનો ક્ષણિક ચમકાર વિરાટ આતપમાં ફેરવાઇ જતો જોયો છે, તેવા યોગી આત્માઓ જગતની નશ્વરતા સમજી શકે છે. ભોગી આત્માઓ ઉષાના આગમનથી પોતાની જડ કાયા ઉપર વિવિધ પ્રકારની ક્ષણિક સુગંધને આપનારી, વસ્તુઓના વિલેપન કરી, વિલાસોની પ્રાપ્તિ કરવામાં સહાયભૂત એવા ધનને યેનકેન પ્રકારે મેળવવાને માટે પોતાના હાથે શણગારેલી પોતાની કાયાને નીચોવી નાખી શ્યામ રંગથી રંગતા જરા પણ અચકાતા નથી. ઉગતી પ્રભા મધ્યાહ્નમાં પલટાઈ સંધ્યામાં આથમી નિશામાં પોઢી જાય છે, તેમ માનવીનું જીવન પણ "બાળપણમાં ઉગતી પ્રભા જેવું" "યુવાની મધ્યાહ્ન જેવી" "ઘડપણ સંધ્યાના રંગ જેવું છે" ઉગતી ઉષાના અને સંધ્યાના સોહાગી રંગો જેમણે અંતર આત્માને જગાડી જોયા હશે તેમને સંસારના દુઃખોની આતાપનાના ઉંના આંસુઓથી નેત્રોને અભિષેક કરી પોતાના ક્ષણિક જીવનની નશ્વરતા ઉષા અને સંધ્યાની જેમ દેખાતી હશે.

"આ છે ઉષા, સંધ્યા અને માનવીના જીવનનો સમન્વય" ઉગતી ઉષાને આવકારતા વહાણના માનવીઓએ પણ ઉષાની રંગબેરંગી પ્રભાને ઈર્ષા કરાવવા માટે વિવિધ રંગી તંબુઓ નાખ્યા ન હોય! તેમ સઘળા તંબુઓ થોડાક વખતમાં સમુદ્ર કિનારે તૈયાર થઇ ગયા, જાણે નાનકડું નગર!

પોત પોતાના તંબુઓમાં સર્વે માણસો જઇને નિત્યકર્મ કરવા લાગ્યા, પોતાની પુત્રીને સાથે લઈને શ્રેષ્ઠિ સહદેવ પણ પોતાના જરીભરતથી અલંકૃત અને દેદીપ્યમાન તંબુમાં જઈ આત્માના અભ્યુદયાર્થે ઉત્સાહ ઘેલાં બની વીતરાગ દેવની

સ્તવના-ભક્તિ કરીને બન્ને પિતા પુત્રીએ સાથે બેસી ભોજન કર્યું. ભોજનકાર્ય પતાવીને સહદેવ શ્રેષ્ઠિ નિદ્રાધીન થવાની તૈયારી કરવા પોતાની સુંવાળી શૈયા ઉપર સૂતો.

સમુદ્રના જલ, ધરતીની વેળું, સૂર્યના ધીખતા તાપમાં અંગારથી પણ વધારે બળતા હતા, વાતાવરણ બધુંજ ઉષ્ણુ-તામય લાગતું હતું, સમુદ્રના કિનારા પરથી કોઇ પણ શબ્દ કર્ણ ઉપર પડતો નહોતો તેથી જગત જંપી ગયું હોય તેવું વાતાવરણ લાગતું હતું, ઘણા દિવસના દરીઆઈ પ્રવાસથી થાકેલા માનવીઓ વસુંધરાની વ્હાલભરી ગોદમાં શાંત ચિત્તે જંપી ગયા હતા. નર્મદા પણ એકાંત અને શાંત વાતાવરણને જોઇ, મનની એકાગ્રતાને મજબુત બનાવી મહાપ્રભાવિક મંગલમય પંચ પરમેષ્ઠિના ધ્યાનમાં લયલીન બની.

રાત્રીના આગમનને એક પ્રહરની વાર છે, તેમ સૂર્ય પશ્ચિમ દિશા તરફ ઢળી પડતાં સૂચવતો હતો શીતલ પવન બહુ ધીમી ગતિએ આતપમાં તપેલા જલને, વેળુને, શીતલ બનાવવા માટે આવતો હતો, સહદેવ શ્રેષ્ઠિ પણ વેપાર રોજગાર કેવા પ્રકારના ચાલશે, નગરનું સ્વરૂપ કેવું છે, તેમ વિચાર કરતો, શ્રીમંતને છાજતો પોષાક તથા અલંકારો પરિધાન કરી હીરા, મોતી, રત્નો, પ્રવાલ, સોનૈયા આદિના થાળો તૈયાર કરાવીને બબ્બરકુળ નગરના રાજવીને ભેટવા જવા માટે વિચાર કરતો નર્મદાને કહેવા લાગ્યો, હે નર્મદા ! તું તંબુમાં રહેજે, હું આપણા પરિવાર સહિત નગરના રાજવીને ભેટવા તથા નગરનું નિરીક્ષણ કરવા જાઉં છું. હું સંધ્યા સમય પહેલાં જ આવી જઈશ, માટે તંબુના મંડપમાં શાંતિ ધારણ કરી બેસજે.

જેમ દેવતાઓથી પરીવરેલો ઈન્દ્ર સુંદર દેખાય તેમ સહદેવ શ્રેષ્ઠિ સકલ પરીવારથી પરીવરેલો નરેન્દ્ર સમ દેખાતો, નગર તરફ જવા માટે નીકળ્યો, ચોમેર નજરને દોડાવતો અવનવા બજારોને, વસ્તુઓને નિહાળતો આગળ ચાલવા લાગ્યો. રસ્તામાં જિનેશ્વર ભગવંતના મંદિરને જોઈ પરિવાર સહિત જિન મંદિરમાં જઇ પ્રભુને પ્રદક્ષિણા દઈ ભાવપૂજા ( ચૈત્યવંદન ) કરતા પ્રભુના ગુણુગાન કરવા લાગ્યો. હે ગુણ સમુદ્ર પ્રભુ ! ચંદ્રના સરખા ઉજ્જવલ એવા તમારા ગુણોને બુદ્ધિવડે પણ કયો પુરૂષ કહેવાને સમર્થ થાય ? જેમ બે હાથથી સમુદ્ર તરવો અશકય છે તેમ તમારા ગુણોનું વર્ણન કરવું અશકય છે, કોટિ ભવમાં ઉપાર્જન કરેલાં પ્રાણીઓનાં પાપ-કર્મ તમારી સ્તુતિ કરવાથી નાશ પામે છે જેમ લોકમાં ભમરાના રંગ જેવું કાળું, કૃષ્ણ પક્ષની અમાવાસ્યાની રાત્રીને વિષે અંધારૂં હોય છે, પણ ! તેવો અંધકાર સવારમાં સૂર્યોદય થતાં જ નાશ પામે છે તેવીજ રીતે આપની સ્તુતિ કોટી ભવોના પાપને નાશ કરનારી છે; આપનું દર્શન મોક્ષમાં વાસ કરાવનારૂં છે, એ પ્રમાણે પ્રભુના ગુણુગાન કરી "આવસ્સહી" કહીને જિન ચૈત્યની બહાર નીકળી રાજદરબારના માર્ગે સહદેવ શ્રેષ્ઠિ ચાલ્યો, રાજદરબારના પ્રવેશ દ્વારે આવી પહેરગીરની મારફતે સમાચાર મોકલાવ્યા.

જેના રૂપથી રંભા પણ ઝાંખી દેખાય છે, જેના મુખ ઉપર લાવણ્યનું લાલિત્ય લપટાઈ ગયું છે, એવી રૂપ અને લાવણ્યના સુમેળના પ્રતિક સરખી બત્રીસ સ્ત્રીઓનો ભરતાર અને જેમાં બળ, બુદ્ધિ, અને ન્યાયનો ત્રિકરણ યોગ છે

એવો મકરધ્વજ રાજવી, જ્યાં બેઠેલો છે ત્યાં આવી પહેરેગીરે સહદેવ શ્રેષ્ઠિના આગમનની વાત કરી અને મકરધ્વજ રાજવીએ આવવા દેવા માટે પહેરેગીરને અનુજ્ઞા આપી.

જ્યાં સહદેવ શ્રેષ્ઠિ પ્રવેશદ્વારે બેઠા છે ત્યાં આવી પહેરેગીરે નમસ્કાર કરી રાજવીની પાસે જવાની અનુમતી આપી, સહદેવ પહેરેગીરોના પહેરાઓને ઓળંગતો દરેકના નમસ્કારને ઝીલતો, દરેક અવનવી વસ્તુઓનો ઉપહાર આપતો જ્યાં રાજસભા છે ત્યાં આવીને વિનય અને વિવેકથી નમસ્કાર કરી સાથે લાવેલા ભેટણાને રાજાના પગ પાસે મૂકીને રાજવીને કુશલ સમાચાર પૂછ્યા, રાજવીએ પણ શ્રેષ્ઠિને કુશલતા પૂછી અને બેસવા માટે યોગ્ય આસન બતાવ્યું. અને બતાવેલા આસન ઉપર શ્રેષ્ઠિ બેઠા.

પરદેશી વહેપારીનું આગમન જાણી આદર સત્કારપૂર્વક રાજાએ ભેટણું ગ્રહણ કરીને શ્રેષ્ઠિ સહદેવને આવાગમનનું કારણ પ્રેમપૂર્વક પૂછ્યું.

સહદેવે પોતાની તમામ હકીકત કહી સંભળાવી, અને વહેપાર કરવાની માંગણી કરી, રાજવીએ ખૂબ જ આનંદિત થઇને વેપાર કરવાની રજા આપી, રાજવીની રજા લઇને સહદેવ શ્રેષ્ઠિ સૂર્યાસ્ત પહેલાં સમુદ્ર કિનારે પોતાના તંબુમાં પાછો ફર્યો.

સમુદ્રતટ ઉપર તંબુઓમાં રહેલા માનવીઓને ઉષા અને સંધ્યાનો સુરમ્ય ને સોહામણો શણગાર દુઃખમાં પણ અપૂર્વ શાંતિ આપતો હતો, ઉદધિના વિશાલ પટનું ઉલ્લંઘન કરીને આવતી ફુલ ગુલાબી હવા દુઃખનું સ્પંદન પણ

થવા દેતી ન હતી, સહદેવ શ્રેષ્ઠિ નિયમિત નિત્યકર્મથી પરવારીને મહાસતી નર્મદસુંદરીની અનુમતી લઇને બબ્બરકુલમાં ક્રયવિક્રય કરવા માટે નિયમિત જતો હતો, પ્રબળ પુણ્યથી ક્રય અને વિક્રય દ્વારા ધનના ઢગલા એકઠા થવા લાગ્યા હતા, ધનની સાથે યશ અને કીર્તિએ પણ બબ્બરકુળના માનવીઓ ઉપર કામણ કર્યા હતા, ચોરે, ચૌટે, ચોકમાં જ્યાં જુઓ ત્યાં સહદેવની કીર્તિની પ્રશંસાનો પમરાટ પથરાયો હતો.

"નાગરવેલ જાતે વનસ્પતિ છે પણ તેનું પાન જ્યાં જાય છે ત્યાં સૌરભ લેતું જાય છે."

"તૃણનો ચારો ચરનાર કસ્તુરી મૃગ જાતે જનાવર છે, પણ તેનામાં રહેલી કસ્તૂરીની સુગંધથી જગતમાં પ્રશંસાને પાત્ર બને છે."

"તેવીજ રીતે માનવી પણ પોતાના સારા અગર નરસા કાર્યોથી સજ્જનતા અગર દુર્જનતામાં પંકાય છે. સહદેવ શ્રેષ્ઠિ પોતાના ન્યાય અને નીતિપૂર્વકનાં ક્રયવિક્રયથી રાજદરબારમાં પણ અધિક પ્રકારે પ્રશંસાને પ્રાપ્ત કરી ચૂકયો હતો.

બબ્બર કુળમાં અવિરતપણે ધંધો કરતા સહદેવ શ્રેષ્ઠિને ઘણા દિવસો વ્યતીત થયા સાથે ધનની પણ વૃદ્ધિ ખૂબજ થઈ હતી, પોતાના પિતા વડે આશ્વાસન પામેલી, અને પ્રભુ ભક્તિમાં અહર્નિશ આનંદ માનતી મહાસતી તંબુમાં પોતાના દિવસો વ્યતિત કરતી હતી. કવચિત્ પતિના વિયોગની યાદ સતાવતી અને આંખમાંથી આંસુઓના મોતી ખરી પડતાં.

## પ્રકરણ ૧૩ મું

### મૃગનયની

સૌંદર્યના મહાન ઐશ્વર્યની લીલાથી પરિમંડિત થયેલા આવાસમાં, મજબુત મનના માનવીઓના મનનું હરણ કરનારી હારિણી નામની રૂપગર્વિતાની સીમાહીન સૃષ્ટિ હતી, વિવિધરંગી રંગોથી આલેખાયેલા વિલાસી અને કામોત્તેજક ચિત્રોથી વિભૂષિત થયેલી ચિત્રશાળામાં રાતદિવસ અવિરતપણે જીંદગીની જાફતો જમતી હતી, તેમ પછીથી આવનારી દુર્દશાની વિકાળ આફતોના ઓળાઓ પણ દેખાતા હતા, હારિણીની હરણ જેવી આંખોમાં કાજળની સાથે કામણ અને કુટીલતા પણ ભરેલાં હતાં, તેનું રૂપ સ્વર્ગની અપ્સરાઓને તરણા લેવડાવતું હતું. મોહની ખાણ સદશ હારિણી પોતાના મોહપાશમાં, કામાંધ માનવીઓને બાંધી, વિષય અને વિલાસના શયતાની યંત્રમાં પીલનારી હતી. તેના રૂપ અને નૃત્યકલા ઉપર બબ્બર કુળના રાજવી મકરધ્વજે મુગ્ધ બની, તેને રાજનર્તકીની પદવીથી વિભૂષિત કરી હતી, અને પોષાક, છત્ર, ચામર, પાલખી, દાસદાસીઓ તેની સેવામાં અર્પણ કર્યા હતા.

એકદા રાજદરબારમાં નાચગાનની મહેફીલે માઝા મૂકી હતી, વારાંગનાની નૃત્યકલાના ઝણકારમાં સભામંડપ ગાજી ઉઠયો હતો. સભાજનો વાહ વાહના પોકારોથી નૃત્યાંગનાને પોતાનો સૂર પૂરાવી આનંદ પ્રદર્શિત કરતા હતા, તેમ તેમ પોતાના હાથ અને પગને વધારે અવનવી રીતે ઘુમાવતી હતી, નૃત્યાંગનાના નૃત્યમાં અને ઝાંઝરના રણકારમાં મુગ્ધ બનેલ મકરધ્વજ રાજવી બોલી ઉઠયો, ઓ મનોહારિણી માંગ ! માંગ ! જે માગે તે તને આપું. રાજસભામાં બેઠેલા સભાજનો રાજવીના બોલેલા બોલની ઉપર અભિષેક કરતા હોય તેમ વાહ ! ખૂબ ! ના શબ્દો બોલી ઉઠયા.

હે કરૂણાવંત કીરતાર ! આપની મીઠી દૃષ્ટિથી અને કરૂણાથી મને કોઈપણ પ્રકારની ખોટ નથી, મને તો આપની હરહંમેશ અમીભર્યા નયનોની મહેરબાની જોઈએ છે, નૃત્યાંગના હારિણી પોતાના નૃત્યને બંધ કરી, રાજાને કહેતી હતી.

ઓ નુપુરના ઝણકારે માનવીના હૈયાને જગાવતી નૃત્યાંગના ! તારા નૃત્યે અને કલાએ મને આજે મોહપાશમાં કેદ કર્યો છે, બો....લ....બો....લ....ઓ કલાધાત્રી ! તને જે જોઈએ તે તું માગી લે, રાજવીએ વારાંગના પ્રત્યે કહ્યું.

ઓ રાજ રાજેશ્વર ! કલાના પૂજારી ! આપની ઈચ્છા અને આગ્રહને વશ થઈ આપની પાસે એક માંગણી કરૂં છું તેનો સ્વીકાર કરીને આ દાસીને ઋણી કરશો. ઓ કીર્તિના કલાધર ! મારી માંગણી એટલી છે કે જે કોઈ વહેપારી

આપના નગરમાં વહેપાર કરવા આવે તે એક હજાર આઠસો સોનૈયા આપીને મારા મંદિરમાં ભોગ સુખની લ્હાણ ચાખવા આવે. અને જે સાર્થવાહ સોનૈયા આપે છતાં મારા મનના માંઘેરા મહેમાન ન બને તેની દોલત લૂટીને આપે અપમાન કરી કાઢી મૂકવો, રૂપગર્વિતાના રૂપ અને નૃત્ય પાછળ ઘેલા બનેલા રાજવીએ નૃત્યાંગનાની માંગણી કબુલ કરી.

સંધ્યાના રંગ જેવી યુવાની અને રૂપની માદકતામાં છકી ગયેલી હારિણી ચામડાથી મઢેલા શરીર ઉપરના ઝળકતા સૌંદર્યમાં ગર્વિષ્ઠા બની ચુકી હતી, તેને પોતાના નૃત્યનો નશો ચડયો હતો, પૈસાથી નકલી પ્રેમને વેચનારી વારાંગનાના ઉત્સાહનો પાર નહોતો, અવનવા પ્રકારના માનવીઓ સાથે ભોગો ભોગવવાની લાલસામાં અને સોનૈયાના ઢગલા ખડકવાના સોણલાંમાં અવિરત આશાના ઝુલે ઝુલવા લાગી.

નગરમાં વહેપારને માટે આવતા વહેપારીઓને ઈચ્છા હોય કે નહોય તો પણ પોતાની સલામતી ખાતર તેની વાસનાઓના ભોગ બનવું પડતું અને પૈસાની સાથે ચારિત્ર ગુમાવવું પડતું, હારિણીની મંઝીલમાં અવિરત પણે ધનના ઢગલાઓ ખડકાતા હતા, અને પોતાના હૈયાને નચાવતી, દિવસો પસાર કરતી હતી.

નગરમાં સહદેવ શ્રેષ્ઠીના આવાગમનની તથા તેની કીર્તિની સુવાસ તેના જાણવામાં આવી, શ્રેષ્ઠિને મલવાની તાલાવેલી જાગી, અને પોતાની અધુરી રહેલી વાસનાની તથા ધનની ભૂખને સંતોષવા તૈયાર થઈ.

ખરેખર ! ભોગોની પાછળ આંધળા બનેલા માનવીઓ,

પોતાની પાપી વૃત્તિને પોષવા માટે અવનવા પ્રકારના પાસા જગતના ચોપાટ ઉપર ફેંકતા અચકાતા નથી. પોતાની પાપી અને પાશવતા ભરી પ્રકૃતિને પનારે પડી, લોભની લાલચમાં લપટાઇ, પોતે દુર્ગતિમાં જાય છે, અને બીજાને તે માર્ગે લઈ જાય છે, રે મોહ! તારા પાપે તારા પાશમાં બંધાઈને કંઈક આત્માઓ અધઃપતનની ભયાનક આંધીમાં અટવાઈ બરબાદ થયા અને અઘોર અંધકારમય નરકાવાસમાં વાસ કર્યો.

હારિણી વારાંગનાએ પોતાના કામબાણનું નિશાન સહદેવ શ્રેષ્ઠિને બનાવવા માટે કપટ કળામાં કુશલ એવી પોતાની પ્રાધાન્ય દાસીને બોલાવી કહેવા લાગી, હે પ્રિય દાસી! તું સાગરના કિનારે જઈને જ્યાં તંબુઓ નંખાયેલા છે, ત્યાં જરીઆન તંબુમાં એક મહાલક્ષણવંત સાર્થવાહ હશે. ત્યાં જઇને તું કળાને અજમાવી, તેને કોઈ પ્રકારે રીઝવી, આપણા આવાસમાં લઇ આવ, જો તને ના કહે તો તેને કહેજે કે અમારી સ્વામિનીને એક હજાર આઠ સોનૈયા આપ્યા વિના અને એમની મનોકામના પૂર્ણ કર્યા સિવાય આ નગરના સાગરનો કિનારો છોડી જવાશે નહી, એ પ્રમાણે દાસીને સંદેશ કહી, રૂપગર્વિતા હારિણીએ શ્રેષ્ઠિ પાસે સાગર કિનારે ત્વરિત પગલે જવાની આજ્ઞા આપી.

મધ્યાહ્ન સમયે ભૂમંડલ ઉપર દિવાકરના કિરણોનો ધસારો પૂર જોસમાં આવતો હતો. સમુદ્રનાં પાણી અને દિવાકરના પ્રકાશના સમૂહનો સંગમ સમુદ્રમાં અદ્ભૂત અને

નયન મનોહર રોશનીને જાજ્વલ્યમાન પ્રગટાવતો હતો, ખરેખર આવા અદ્‌ભૂત દ્રશ્યને નિહાળવાની મહામૂલી તક સાગરના તીરે રહેલા માનવીઓને માટે અલૌકિક હતી પણ ! પશ્ચિમના વાયરા સમુદ્ર ઉપર સ્વાર થઈને વાતાવરણમાં ગરમીને ઉત્પન્ન કરતા હતા. નગરમાંથી ક્રયવિક્રયને કરી આવેલા માનવો પોતાના તંબુઓમાં આતાપનાથી કંટાળીને શીતલતાનું કાંઈક આસ્વાદન કરતા હતા, શ્રેષ્ઠી પણ પોતાની પુત્રી નર્મદાસુંદરીની સાથે વાતચીત કરતા આરામ કરતા હતા, ગણિકાની આજ્ઞાને માન્ય કરી, દાસી પૂર ઝડપે સાગરના કિનારા તરફથી જતી હતી, રસ્તામાં કામીજનોની સાથે અવનવા પ્રકારે ચેષ્ટાઓ કરતી, નયનોની કીકીના જાદુ વડે મહાત કરતી, સહદેવ શ્રેષ્ઠીના આવાસમાં આવી પહોંચી. અને વેધક દૃષ્ટિથી જોતી બન્ને હાથની અંજલીથી કહેવા લાગી.

હે કુબેરભંડારી સાર્થવાહ ! જે દિવસથી આપને સાંભળ્યાં છે, તે દિવસથી અમારી સ્વામિનીનું મન આપને મલવા ઉત્સુક બન્યું છે; જ્યારથી આપની યશ કીર્તિના બબ્બર કુળમાં ડંકા વાગવા લાગ્યા છે, ત્યારથી આપના સ્નેહની સાંકળથી બંધાએલી મારી સ્વામિની ઉદાસચિત્તે વેદનામાં દિવસો પસાર કરે છે, માટે હે શ્રેષ્ઠિવર્ય ! આપ અમારા અદ્‌ભૂત આવાસમાં પધારી મારી સ્વામિનીને આનંદના સાગરમાં તરબોળ બનાવો.

દાસીના શબ્દોએ સહદેવ શ્રેષ્ઠિના કાનમાં પ્રવેશ કર્યો અને શ્રેષ્ઠિની મુંઝવણ વધી, ઘડીભર ચિત્તની મથામણમાંથી ઉદ્‌ગાર નિકળી પડયા, હે દાસી ! તું તારી સ્વામિનીની વિશ્વાસુ

લાગતી નથી, જો તું વિશ્વાસુ હોત તો તું મારી પાસે આવી અયોગ્ય અને અકાર્યની વાત કરત જ નહિ, વિષય એ તો વિષની વેલડી છે, પરદારાની સંગતિ નરકની ખાણ છે, ઓ ધૂતારી! એવો કોણ મૂર્ખ હોય કે પોતાની જાતે જ પોતાના હાથે ગળે ફાંસો ખાય, ઓ નરાધમ દૂતી! તું અહીંથી ચાલી જા, આવા વચનો ફરીથી બોલીશ તો જુતી મારીને ઘસડી બહાર કઢાવીશ, માટે તું જે માર્ગેથી આવી હોય તે માર્ગે પાછી ચાલી જા, જગતમાં અમે વહેવારીઆ અને સદાચારી કહેવાઈએ છીએ તો પછી શા માટે જાણી જોઈ ને પરનારીના પનારે પડીએ, ઓ મતવારી મદિરાક્ષી! ઝેરથી પણ ભયંકર વિષયની કટારી જાણીને કોણ મૂર્ખ તેને શરીરમાં ભોંકવા માટે તૈયાર થાય, અમે સ્વદારા સંતોષ વ્રતવાળા છીએ, તો પછી શા માટે પરદારા સેવનથી જગતમાં અમારી અપભ્રાજના કરાવીએ, અને કર્મનો સમૂહ ભેગો કરીએ, "પરસ્ત્રીના પાશમાં જકડાએલા માનવીઓ જીવતાં છતાં મરેલા માનવીના હાડકાના માળખા જેવા છે," ધન્ય તો તેમને છે કે જેણે પરદારા તરફથી મળેલા પ્રલોભનોને ઠોકરે મારી ફગાવી દીધા અને વર્તમાન યુગમાં ફગાવી પણ દે છે, તે જ આત્માઓ જન્મીને જીવી જનારા છે. અને માનવ જીવનની પ્રાપ્તિને સફળતાથી પાર પાડનારા છે,

ઓ ધૂતારણ! હું કર્મના વિપાકને જાણનારો તથા આગમને વિષે રૂચિવાળો છું વીતરાગ દેવના બતાવેલા માર્ગની કેડી ઉપર ચાલનારો છું, "આ જીવનમાં પૂર્વના કર્મો ભલે ખપે નહિ પણ નવાં તો ન જ બંધાવા જોઈએ" એવા દૃઢ નિશ્ચયવાળો છું.

ઓ નયન ચકોર નારી ! પરદારા રૂપી અગ્નિમાં પગલાં માંડતાં કોની છાતી ચાલે! તું જરા વિચાર તો કર કે રાક્ષસ કુલમાં ઉત્પન્ન થયેલા રાવણુરાયની લંકાને શુરાઓ પણ મહાત કરવાને માટે શક્તિમાન નહોતા, પણ પોતે ચારણ-મુનિના કહેવાથી જાણતો હતો છતાં સીતાજીનું હરણ કરી, પોતાના હાથેજ પોતાના પગ ઉપર કુહાડો મારી પોતાનો વિનાશ નોતર્યો, સીતાજીને પાછા લાવવા માટે રામચંદ્રજીએ અટ્ઠમ સહિત પાર્શ્વનાથ પ્રભુની આરાધના કરી, સમુદ્રના પાણી સ્થંભાવી, ચતુરંગી સેના સહિત દુષ્કર એવા સમુદ્રને પાર કરી, રાવણને લક્ષ્મણ વાસુદેવે રણસંગ્રામમાં રગદોળી નાખી પરદારાની પાછળ લુબ્ધ બનેલા રાવણને પરદારાના કટુ ફળોનું આસ્વાદન કરાવ્યું અને ઈંદ્રની અમરાપુરીને શરમાવે તેવી લંકા નગરી ભડકે બાળી.

હે દુર્બુદ્ધિ ! તું મારી પાસે અયોગ્ય વાત કરીને તારી સ્વામિનીની હાંસી શા માટે કરાવે છે, તારી સ્વામિની ગણિકા તરીખે પ્રખ્યાત છે, અને હું શ્રદ્ધા, વિવેક અને ક્રિયા યુક્ત શ્રાવક તરીકે વિખ્યાત છું.

પરદારા સંગતી કોઈ પણ માનવીને છાજે નહિ તો શ્રાવકને તો છાજે જ કેમ! માટે વાદળની છાયા જેવા વિષયને ભોગવવા માટે મારો ધર્મ અને અંતર મને સાફ ના જ કહે છે. ખુજલીની ખંજવાળ જેવા વિષયોએ તો વર્તમાન યુગમાં પણ મોટા મોટા મહારથીઓને મહાત કરી, પાયમાલીના પંથે પછાડીને બરબાદ કર્યા જેની સાક્ષી આજે પણ આર્યાવર્તનો ઇતિહાસ પૂરે છે.

"શણકદેવીની ખાતર સિદ્ધરાજે સોરઠની સોહામણી ધરતીને શોણિત રંગે રંગી નાખી."

"તોરલની ખાતર જેસલે પોતાની તમામ શક્તિ ખર્ચી નાખી. અને છેવટે કંગાલ અવસ્થામાં રખડયો."

"રૂપસુંદરીના રૂપમાં ભ્રમર બનેલા કરણઘેલાએ નંદન વન જેવા ગુજરાતને યવનોનાં હાથે પાયમાલી નોતરી, અને પારકી સ્ત્રીને મેળવવા જતાં પોતાની સ્ત્રી અને પુત્રીને યવનોના હાથમાં સોંપવી પડી."

"પદ્મિનીના રૂપમાં પાગલ બનેલ અલ્લાઉદ્દીન ખીલજીએ ચિત્તોડને જ્વાલાઓમાં જલાવી દીધું."

"સંયુકતાની સ્નેહસાંકળમાં બંધાએલા પૃથ્વીરાજ ચૌહાણે ક્ષત્રીવટને સળગાવી, પોતાનો અને માતૃભૂમિનો વિનાશ નોતર્યો."

માટેજ વિવેકી આત્માઓએ સદાચારની સુગંધનો પમરાટ પસારવા માટે પરદારના પામર પ્રેમની ભયાનક આંધીનો સામનો જીવનના જોખમે પણ કરીને પોતાના અંતરમાં સ્વદારાસંતોષવ્રતનો દીવડો ઝગમગતો રાખવો જોઈએ. તેમાંજ જીવનની સૌરભ, સુગન્ધિતા, મોહકતા અને જીંદગી જીવવાની અમુલ્ય ચાવી સમાયેલી છે.

**"સદાચાર એ જ જીવનનો શણગાર છે**
**દુરાચાર એ જીવનનો ભંગાર છે"**

સહદેવ શ્રેષ્ઠિના શબ્દોના અવાજથી અવાક્ બનેલી દાસી વિલખું મોં કરીને ફરીથી હાથ જોડી કહેવા લાગી.

ઓ શ્રેષ્ઠિવર્ય ! તમે મારી વાતને ઉખાડી ન નાખો, મારી સ્વામિનીના જેવી ગુલાબની કળી જેવી સુકોમળ રૂપવંતી સ્ત્રીઓ પૃથ્વીના પટ ઉપર ભાગ્યે જ હશે, આપને સામાં પગલે આવકારે છે જ્યારે બીજાઓ તેના રૂપમાં પતંગીઆ બનીને તેની મહેલાતના પગથીઆ ઘસે છે. "ખરેખર લક્ષ્મી ચાંલ્લો કરવા આવી છે તો ઓ શીરતાજ ! મોં ધોવા માટેનો અવસર નથી" માટે અમારી સ્વામિનીના મનના માનવંતા મહેમાન બની તેના મનની મુરાદો પાર પાડો.

ઓ ભાગ્યવંત પુરૂષ ! જે પુરૂષને આવી સૌંદર્યની સૃષ્ટિ જેવી સ્ત્રીના પ્રત્યે પ્રેમ નથી ઉપજતો, તે પુરૂષ જાતમાં હીન અને કાયર છે, જેના રૂપના અજવાળાથી અંજાઇને નાગકુમારી પણ પાતાલમાં જઈને ભરાઈ ગઈ છે; તેના લાવણ્યથી લજ્જા પામેલી અપ્સરાઓ અમરાપુરીમાં શરમીંદી થઈને ભરાઈ ગઈ છે, ધન્ય છે તેની માતાને કે જેની કુક્ષીને વિષે ચંદ્રમાએ પોતાના તેજના કુપ ભરી ભરીને નાખ્યા કે જેથી આપેલા તેજની ખાલી પડેલી જગ્યા હજુ સુધી ચંદ્રમા પુરી નથી કરી શકયો.

એની પ્રતીતિ તેનામાં રહેલું શ્યામ કલંક આજે પણ કરાવે છે, એકઠા થયેલા પુંજના સંગ્રહથી તેના ઉદરે આવી સૌંદર્યવતી કુમારીનો જન્મ થયો.

ઓ પરદેશી સોદાગર !

ઉધારા ઉપર રહ્યા કરતાં આજે નગદ સોદો કરી લો, જે લાવણ્ય મૂર્તિના ચરણમાં લોકો પોતાનું માથું મૂકે છે. તે જ લાવણ્ય મૂર્તિ તમારા ચરણમાં માથું મૂકવા તૈયાર છે.

જેને રાજાએ અનેક પ્રકારના પુરસ્કારોની ભેટ આપી છે, અને રાજ નર્તકીની પદવી એનાયત કરી છે, તે બબ્બર કુળની આંતર ખ્યાત નમણી નર્તકી તમારા ચરણોમાં શિર ઝુકાવવા તૈયાર થઇ છે માટેજ આજે વિચાર કરવાનો સમય નથી. એનું દાઝેલું દીલ તમને પોકારી રહ્યું છે.

માટેજ આવેલા અમુલ્ય અવસરને આવકાર આપી એના દીલમાં લાગેલા દવમાં અમૃત સિંચી શાંતિ અર્પો. અમારી માગણીનો અસ્વિકાર આપને ભયંકર પરિણામનો ભોગવટો આપશે.

ઓ કુડ કુપટની કામકળા! તું મને ભયંકર પરિણામની ધમકી આપે છે. તને ખબર નથી, કે સત્ય અને સદાચારના કિલ્લામાં વસનારા આત્માઓને ભયંકરમાં ભયંકર કપટ રૂપી તોપોના ગોળાઓ એ અભેદ્ય કીલ્લાના એક પત્થરને પણ તોડવા શકિતમાન નથી.

મોટા અવાજે સાર્થવાહે દાસીને કહ્યું અને વાતાવરણમાં ઉગ્રતાએ સ્વરૂપ પકડયું.

ઓ વિદેશી વહેવારીઆ! આ નગરમાં જે જે સાર્થ-વાહો વેપાર કરવા માટે આવે છે. તે બધાઓને મારી સ્વા-મિનીના આવાસમાં ફરજીયાત આવવું એવો અમારા નર નાથ મકરધ્વજ રાજવીનો હુકમ છે, અને વિશેષમાં એક હજાર આઠ સોનૈયા આપી. તેની સૌંદર્યતાની માદક સુગંધના પમ-રાટમાં પ્રાણ પાથર્યા પછી જ અત્રેથી જવાની રાજા અનુમતી આપે છે, માટે આપ અમારી મોંઘેરી મહેલાતોની મહેમાનગીરી ચાખો અને મારી સ્વામિનીના શણગાર બની પછી જાવ,

આ છે અમારા નરનાથ મકરધ્વજ રાજવીનો હુકમ. તેને તમો કાન ઉઘાડીને સાંભળો અને સમજો. એવા તુમાખી ભર્યાં વચનો દાસી શ્રેષ્ઠિને સત્તાના મદનો કોરડો વીંઝતી હોય તેની માફક કહેતી ઉભી રહી.

ઓ ભોગમાં રાચતી ભામા ! તારી સ્વામિનીને કહેજે કે **"રૂપની સાથે ગુણ હોય તો જ સુગંધતા છે. ગુણ વગરના રૂપ દુર્ગન્ધતાની ખાણ છે."** રૂપના અભિમાન કોઈ દિવસ કોઈના ટકયા નથી અને ટકશે પણ નહીં, સંધ્યાના રંગ જેવી અસ્થિર યુવાનીનો મદ તને વિનાશના પંથે ખેંચી જાય છે, માટે યુવાની નશ્વર છે તે વસ્તુ સાચી માનીને અંધારામાં અથડાયા કરતાં અને ઝાંઝવાના જળ જેવા વિષયોને ખાતર ભટકયાં કરતાં સત્ય વસ્તુને ઓળખી, અજવાળામાં પગલા ભર, જરૂર તારૂં જીવન ધન્ય બની જશે, અને તું રૂપગર્વિતા મટીને ગુણની આદર્શ વેલડી તરીકે જગતમાં પ્રખ્યાતીને પામીશ.

ઓ સાર્થવાહ ! અમને તમારા ઉપદેશની જરૂર નથી. આ જીવન શું છે, તેને સમજવામાં તમે મહાન ભૂલ ખાવ છો. "જીવનની મહત્તા મન ગમતા સુખો અને મળેલી સામગ્રીઓનો ઉપભોગ ભોગવવામાં સમાયેલી છે." માટે આપ આપનો ઉપદેશ બંધ કરી મને હા અગર ના નો જવાબ આપો, દાસી ગંભીર સ્વરે કહેતી હતી.

ખરેખર વિષય અને તૃષ્ણાની ગટરમાં રહેલા માનવીઓને શું ખબર હોય કે માનવીની જીંદગી શું છે ! અંતરના ઉંડાણમાં મથામણ કરતાં શ્રેષ્ઠી એકદમ બોલી ઉઠયા.

**"માનવીની જીંદગી આત્માને વિષય અને તૃષ્ણામાંથી બચાવી ઉન્નતિના ઉંચા શિખરે જવાની પગથાર છે."**

તારી સ્વામિનીને જઇને કહેજે કે જોઈએ તો પૈસા લઈ જાય પણ મારી પાસે બીજી કોઇ પણ અયોગ્ય પ્રકારની વાત કરે નહિ એ પ્રમાણે મારા તરફથી મીઠાશ ભરેલા શબ્દોથી તેને સમજાવજે. સહદેવ શ્રેષ્ઠિએ દાસીને કહ્યું. પોતાની નિષ્ફળતાથી નીસાસા નાખતી, અંતરમાં ખેદ કરતી, દાસી ત્યાંથી નીકળીને ઘેર આવી, ગણિકાને કહેવા લાગી. ઓ સ્વર્ગલોકની સ્વામિની ! આ વહેપારી તો મૂર્ખ શિરોમણીના દાસ જેવો છે. તમને પોતાનું શ્યામલ મૂખ બતાવવા ઇચ્છતો જ નથી. આવા શ્યામ અને બેહુદા જેવા કુપાત્રને આપણા ત્યાં બોલાવવાથી આપણી મહેલાતની સીડીનાં ગાલીચાને કાળા ડાઘ પડશે હું તો એમ ઇચ્છું છું કે આપની ઉપર તેનો પડછાયો પણ ન પડવો જોઈએ, ઓ સ્વામિની ! આપના હુકમ પ્રમાણે મેં તેને મીઠી મીઠી વાતોમાં ખૂબ જ સમજાવ્યો ત્યારે આપણી માંગણી મુજબના એક હજાર આઠ સોનૈયા આપવા તૈયાર થયો છે માટે આપણે તેની પાસેથી સોનૈયા લઇ લેવા. બાકી તે આપણા ત્યાં આવવા ઇચ્છતો નથી અને મારી પણ એજ ઈચ્છા છે કે આપણા ત્યાં તે ન આવે તોજ સારૂં, માટે આપણને તો "જોઈતું હતું ને વૈદે કરી આપ્યું" યાને "જે થાય તે સારા માટે" તે કહેવતને સાચી બનાવીને સૌનૈયા લઇ લઈએ. નયનોની કીકીને નચાવતી, અવનવા પ્રકારે શરીરના અવયવોને હલાવતી દાસી ગણિકાને કહેતી હતી.

ઓ પ્રિયંવદા ! તેમને મલ્યા વગર મારા અંતરને ચેન પડશે નહિ, મારૂં અંતર તેના પ્રત્યે ખૂબ જ આકર્ષાય છે, તું કહે છે કે તે બેડોળ અને બેહુદા છે તે વાત અસંગત છે જો તું કહે છે તેમ હોય તો તેના નામની પ્રશંસા આ નગરમાં થાત જ નહિ માટે તું ફરીથી જા. અને મારા તરફથી તેમને બીજો સંદેશો આપ, અને કહેજે કે ઓ સુખના અધિકારી સાર્થવાહ ! હારિણી નર્તકી આપની રાહમાં રડતી તમને પૂકારે છે ને ઝુરે છે, ઓ અમીર હૃદયના માનવી ! હારિણીના સૌંદર્યની સરીતામાં એક વાર સ્નાન કરવા પધારો. તે લોભી નથી કે તમોને કુડકપટથી લૂંટી લે. ઓ શ્રીમંત સાર્થવાહ ! ગજગ્રાહ મૂકીને અમારી મહેલાતને આપના પુનીત ચરણ કમલથી પાવન કરો. તમારા સિવાય બીજા ઘણા સાર્થવાહો અમારા ઘરના પગથીઆ ઘસીને હાથ ઘસતા પાછા ગયા છે, પણ આપની કીર્તિના યશોગાન ચોરે, ચૌટે, અને ચોકે ગવાતાં સાંભળી આપની પાછળ અમારી સ્વામિની મુગ્ધ બની છે, માટે આપ ખોટી ના....ના....કહેવા કરતાં સાચા શબ્દોમાં હા........કહીને અમારી મહેલાતમાં પધારી હારિણીની બુઝાયેલી સૌંદર્યની જ્યોતને ફરીથી પ્રગટાવો, અમે તો ગણિકાનો અવતાર છીએ, રાજાનો હુકમ ન હોય તો અમારા ત્યાં કોઈપણ પધારે નહિ, આપને તો રાજવીના હુકમથી નહિ, પણ આપના ચરણકમલની દાસી આપને વિનંતી કરીને બોલાવે છે, તમારા આગળ અમને સોનૈયાની કિંમત નથી, અમે પૈસાના પૂજારી નથી, પણ તમારા પ્રેમના પૂજારી છીએ, હારિણી તો શું પણ ! અમારી મહેલાતનો

એક એક પત્થર અને ચિત્રશાળાનું એક ચિત્ર આપની યાદમાં આંસુઓ સારે છે, એ પ્રમાણે તું જઈને મીઠાશ ભરેલા શબ્દોના રણકારથી રીઝવી આપણા મહેલમાં તેમને તેડી લાવજે. વારાંગના હારિણીએ સાર્થવાહને બોલાવી લાવવા માટે દાસીને જવાની આજ્ઞા કરી.

રાજનર્તકી હારિણીના શબ્દોનો સ્વાંગ સજીને દાસી વગર થંભે ઉતાવળી ચાલે ચાલતી સાગર તટે આવીને શ્રેષ્ઠિને કહેવા લાગી. હે મધુ રસના રસીયા ! જેમ મદારીની મોરલીમાં વિષધર પોતાનું ભાન ભૂલી જઇ તેના સૂરોમાં લિપ્ત બની જાય છે તેમ વિશ્વ વિખ્યાત નર્તકી હારિણી આપની કીર્તિરૂપી મોરલીમાંથી નીકળતા યશોગાન રૂપી સૂરો સાંભળી પોતાના ચિત્તને ડામાડોળ સ્થિતિમાં ભમાવતી આપના સ્નેહમાં લિપ્ત બની ચુકી છે, આપ કરૂણા કરીને અમારા મહેલમાં સોનૈયા સહિત પધારો તો અમે આપનો મોટો ઉપકાર માનીશું અને અમને આપના સ્વાગત કરવાની અણુમોલ તક મળશે, ઓ શ્રેષ્ઠિવર્ય ! આપ આડી અવળી વાતોને જતી કરો. વાતોના વાયદા, વાયડા પડે, માટે આપ વસ્ત્ર પરિધાન કરીને જલ્દીથી પધારો, આપની ઇચ્છા થાય તો જ અમારી સ્વામિનીના ગૌરવવંતા મહેમાન બનીને રહેજો નહિતર અમારે આપની મુશ્કેલીથી પ્રીત કરવાની નથી, વિલંબ કર્યા વિના આપ પધારો નહિતર રાજવીના હુકમથી પણ આવ્યા વિના છૂટકો નથી.

દાસીના શબ્દોથી શરમાળ બનેલ શ્રેષ્ઠિ વિચાર કરવા લાગ્યો, ખરેખર ! ગણિકાની જાતને માનવી, દેવતા કે દાનવ

કદાપી ઓળખવાને માટે શક્તિમાન નથી. આવી ધૂતારી નારીઓથી હઠ કરવી તે મૂર્ખ માનવીનું કામ છે "જ્યાં આપણા મનનું ધાર્યું કરવું છે તો ત્યાં જવા માટે શું હરકત છે." "જ્યાં આપણું હૈયું મજબુત છે ત્યાં એ કામણગારી કામિની આપણને શું કરી શકવાની છે!" એ પ્રમાણે નિશ્ચય કરી ૧૦૦૮ સોનૈયા લઈને ઉદાસ ચિત્તે નર્મદાસુંદરીને યોગ્ય સુચના કરી દાસીની સાથે વારાંગના હારિણીના ઘેર શ્રેષ્ઠિ આવી પહોંચ્યો.

ગણિકાએ અતિ હાવભાવથી અને ઉમળકાથી આવકાર આપી, બેસવાને માટે પોતાનું સુંદર અને સુશોભિત સિંહાસન આપી, પોતે નીચે મુલાયમ પથરાયેલા ગાલીચા ઉપર બેસીને સાકરના સ્વાદ જેવી મીઠી અને મધુર વાણીથી, પોતાના વૈભવની, સૌંદર્યતાની વાતો કરતી, ચિત્રોનું વર્ણન કરતી, પોતાની ચિત્રશાલા શ્રેષ્ઠિને બતાવતી, કહેવા લાગી. હે સ્વામી! આપે મારા ત્યાં પધારી મારા ઉપર મોટો કોઈ ન કરી શકે તેવો મહાન ઉપકાર કર્યો છે. ઓ કીર્તિ અને કલાના કલાધર! બોલો આ દાસી આપની શું સેવા કરે.

શ્રેષ્ઠિઃ—કોઇ સેવાની જરૂરત નથી.

હારિણી—શા મા માટે આટલી ખેંચતાણ કરીને મારા હૈયાને આપની યાદમાં બાળ્યું. ખેંચતાણ આપના જેવા સજ્જન અને ગૌરવશાળી, દીલબરોને શોભાયમાન નથી. આપ જાણો છો કે રાજાનો હુકમ અને તમારા તરફનો મારો વિશુદ્ધ પ્રેમ આપને આવવાની ફરજ પાડતો હતો, તો આપને અહીં આવવામાં શરમ કેવી! કાળજામાં કપ-

ટના કુંડો રાખી મૂખથી મધૂરસને વહેવડાવતી નયનોના ચક્રાવે હાવભાવ બતાવતી હારિણી શેઠને કહેતી હતી.

શ્રેષ્ઠિને મોહના પાશમાં બાંધવા માટે ઘણા પ્રકારે રીઝવવા લાગી પણ મજબુત મનના શ્રેષ્ઠિએ મુખથી નીકળેલા ગણિકાના કામબાણના ઘા પોતાની સદાચાર રૂપી ઢાલ ઉપર ઝીલી લીધાથી થાકીને હારિણી ગણિકાના અભિમાનના ચુરા થઈ ગયા.

ઓ રૂપના મદમાં રાચતી રૂપગર્વિતા! "જ્યાં મારૂં મન મજબુત છે ત્યાં તારૂં રૂપ મારા શિયલને લૂટી શકે તેમ નથી."

"જ્યાં મારૂં હૃદય સ્થિર છે. ત્યાં તારા મીઠા વચનોના બાણ ભાંગીને ભૂકો થઇ જવાના છે."

માટે હે હારિણી! બધી લટપટ જવા દે. ખાલી ધુમાડાના બાચકા ભરવાના છોડીને તારે જોઇએ તો એક હજાર ને આઠ સોનૈયા લઈ લે. હું જિનેશ્વર ભગવંતના બતાવેલા માર્ગે ચાલવાવાળો છું; મને પરદારનો ત્યાગ છે પરદાર મારા જેવાને માતા અને બહેન સમાન છે. તો પછી તારા ક્ષણિક મોહમાં મને પછાડવા શા માટે ખોટા ફાંફા મારે છે, માટે તારા સોનૈયા લઇ, મને મારા સ્થાને જવા દે તેમાં જ મારૂ શ્રેય છેઃ

ઓ મહાપુરૂષ! મને તમારા સોનૈયાની જરૂર નથી, પણ તમારી જરૂર છે એટલે મારી વિનંતિ સ્વીકારી મને વિના વિલંબે હા. કહો, અનેક પ્રકારના પ્રલોભનો આપી ગણિકા શ્રેષ્ઠિને વિનવતી હતી.

**હારિણી! "તને જેટલો જ મોહ પરપુરૂષો ઉપર છે તેટલો મોહ પ્રભુની ભક્તિમાં હોય તો તારા ભવોભવના પાપને તું પખાળી અમર ધામમાં પહોંચી શકે છે."**

શ્રેષ્ઠિએ હારિણુને કીધું.

ચિત્રશાળાના અંદરના ઓરડામાં બેઠેલી દાસીએ ઈશારત કરી, અને શ્રેષ્ઠિને જરાક વખતમાં આવું છું તમો બેસો કહીને હારિણી અંદર ગઈ, દાસી હારિણીને કહેવા લાગી:– ઓ સ્વામિની! શ્રેષ્ઠિના તંબુમાં સુંદર વસ્ત્રાભૂષિત, નયન મનોહર કામણગારી કામિની છે તે રજનીના રૂપેરી દેહથી અધિક સૌંદર્યવંતી છે. કંકુવર્ણી કાયાથી યૌવન ખીલી રહ્યું છે. અને અપ્સરાના અરમાન પણ જેણે તોડી નાખ્યા છે, તેવા રૂપથી રસાયેલી નવયૌવના નારીને દેખી મારા હૈયામાં અદ્ભુત ચમકાર થયો છે, તેને નિરખતાં નયનોનું તેજ ઘટી જાય પણ તેના લાવણ્યને નિરખવાના કોડ અધુરા રહી જાય, આપણી જીભથી તેના વખાણ પણ થઈ શકે તેમ નથી, ખીલેલા ચંદ્રમાના તેજ પુંજથી શણગારાયેલી નાગકુમારીના રૂપને શરમીંદી બનાવનારી છે, દેવકુમારી તેના રૂપથી હારીને અદૃશ્ય થઈ ગઈ છે, સ્વામિની! જેમ દેવકુમારી અને નાગકુમારી છે, તેમ આ માનવકુમારી છે, મને તો તેના રૂપ પાસે આપ આંખની ભમ્મર જેવા લાગો છો, મેં તો જ્યારથી જોઈ છે ત્યારથી મારા અંતરમાં નવી અભિલાષા જાગી છે કે આપણા આવાસમાં લાવીને રાખીએ તો જેમ કલ્પલતા ઇચ્છિત વસ્તુઓ આપે છે, તેમ આપણી ઇચ્છિત વસ્તુ જે ધન તેને પ્રાપ્ત કરવા માટે સાક્ષાત્ કલ્પલતા જ જોઈ લો, માટે ઓ સોહામણી સ્વામિની! આપજ વિચારો કે સાર્થવાહ આપનો રીઝવ્યો રીઝાવાનો નથી તો પછી શા માટે ખોટા કાલાવાલા કરીને જગતમાં તમારા નામને કલંક લગાડવું અને હાંસીને પાત્ર

થવું માટે જો આપની હાંસી થવા ન દેવી હોય તો તે સૌંદર્ય-વંતીને આપ આજ્ઞા આપો તો અત્રે આપની હજુરમાં હાજર કરૂં, જો તે આવશે તો જ આપણી ઈચ્છિત કાર્યવાહીનું પરિણામ સુંદર આવશે અને મકરધ્વજ રાજવીની રાજસભામાં તમારૂં બહુમાન પણ વધશે, ઓ સ્વામિની ! આપ કોઈ પણ જાતનો વિચાર કર્યા વિના આ આપની દાસીને હુકમ કરો ? તરત જ આપના હુકમનો અમલ કરી, તમારા ચરણ કમલમાં, સાર્થવાહને ખબર પડશે નહિ તેવી રીતે હાજર કરીશ, દાસીના વચનો સાંભળી ગણિકા ક્ષણિક સ્તબ્ધ બની ગઇ અને દાસીને જેમ ફાવે તેમ કરવાની આજ્ઞા આપી. જઈને બહાર શ્રેષ્ઠિની સાથે મીઠી અને મધૂરી વાણીથી વાતો કરવા લાગી.

ઓ સાર્થવાહ ! આપ કયા નગરના વાસી છો, આપનો સ્વભાવ અને નૈતિક હિંમત પ્રશંસનીય છે, જરૂર તમો તો ખૂબ જ સિદ્ધાંતવાદી, સદાચારી અને ધર્મપરાયણ લાગો છો કારણ કે નગરમાં તમારી સજ્જનતાની સુવાસ ખૂબ જ પ્રસરી છે આપની આ મુદ્રિકા કોણે બનાવી છે ! ધન્ય છે તેના ઘડવૈયાને કે જેણે સુંદર સુવર્ણમાં કીંમતી રંગબેરંગી હીરાઓને પોતાની અદ્ભૂત કારીગરીથી કેદમાં પૂર્યા છે. અહીંના મૂર્ખ શિરોમણી સોનાર લોકોને આવી ઉત્તમ પ્રકારની મુદ્રિકાઓ બનાવતા આવડતી જ નથી.

ઓ શ્રેષ્ઠિવર્ય ! આપની મુદ્રિકાના મને દર્શન કરાવો, હું જોઇને તરત જ આપને પાછી આપીશ, મારે કોઈ સારા કારીગરને દાસી મારફતે મોકલાવી તેની પાસે સુંદર અને

ચારે તરફ અવનવા પ્રકારના હીરા જડાવી આપના જેવી મુદ્રિકા બનાવરાવવી છે.

વારાંગનાના વચનોમાં વિશ્વાસ કરી, સહદેવ શ્રેષ્ઠીએ, પોતાની મહામુલી મુદ્રિકા આપી, વિષભરી વારાંગના વહાલથી તે મુદ્રિકાની પ્રશંસા કરતી, આંગળીમાં વિભૂષિત કરી, અંદરના ઓરડામાં જઈને દાસીને મુદ્રિકા આપી કહેવા લાગી.

ઓ માનવીની મદભંજના! તું આ મુદ્રિકાને લઈ શ્રેષ્ઠિના તંબુમાં બેઠેલી રૂપ યૌવનાને આપી કહેજે, કે સાર્થવાહ આપને અમારા રસમંદિરમાં બોલાવે છે, અને તેમણે નીશાની તરીકે તમારી ઉપર આ મુદ્રિકા મોકલાવી છે. માટે તું જલ્દીથી સાગર કિનારે જઇ તેને ભુલાવાની ભમરીમાં ભોળવી, કોઈપણ રીતે આપણા આવાસમાં અનુપમ સૌંદર્યની રસલ્હાણ ચખાડવા માટે લઈ આવ, હારિણી પોતાની ઈચ્છાઓ પૂર્ણ કરવા, અને દાસીના કહેલા શબ્દોમાં સાદ પુરાવતી, સત્વર દાસીને દરીઆ કિનારે જવાની આજ્ઞા કરી.

ત્વરિત ગતિએ દાસી પોતાની સ્વામિનીની મેલી મુરાદના પમરાટમાં ઘેલી બનતી સાગર કિનારે આવી નર્મદાસુંદરીને હાથ જોડી કહેવા લાગી.

ઓ બ્હેની! સાર્થવાહને આપ શું સગા થાવ?

નર્મદાસુંદરી—ઓ બ્હેન! તે મારા પિતાશ્રી થાય છે.

ધન્ય છે તમારા પિતાને કે તમારા જેવી રૂપના ઓજસને પાથરનારી જેમને પુત્રી છે, તમારા પિતાજી અમારા ત્યાં આવીને બેઠા છે, તેમણે મુદ્રિકા આપી તમને તેડવા માટે મને મોકલી છે. આપને તમારાં પિતાશ્રી સત્વરે અમારા મકાનમાં બોલાવે છે. માટે આપ જલ્દી તૈયાર થઇને ચાલો, સંધ્યા-

કાળ થવાની તૈયારી છે. અમારૂં ઘર ઘણું દૂર છે. તમારા પિતાજી તમારી રાહ જોઈને બેઠા છે. આપ મારી સાથે નહિ પધારો તો તમારા પિતાજીને ખોટું લાગશે અને ન રાજ થશે અને મને બીજી વખત ધક્કો પડશે,

અમારી સ્વામિનીને રૂપમાં રંભાને પણ રડાવનારી ચતુર સુજાણ આપના જેવી પુત્રી છે, તેને જોઈને તમારા પિતાજીને તમારી યાદ આવી, મારી સ્વામિનીને કહેવા લાગ્યા કે મારી પુત્રી રૂપ, ગુણ અને સદ્‌વિચારના સંસ્કારમાં તમારી પુત્રી કરતાં ઉત્તમ છે. તે સાંભળી મારી સ્વામિની કહેવા લાગી કે શ્રેષ્ઠિ વર્ય ! આપની પુત્રી કરતાં મારી પુત્રી સવાઈ છે.

જો આપને પરીક્ષા કરવી હોય તો આપની પુત્રીને અત્રે બોલાવો તો જરૂર તમને તમારી પુત્રીના રૂપનો ગર્વ છે તે ઉતરી જશે, આ પ્રમાણે પરસ્પર એક બીજા પોતાની પુત્રીઓની પ્રશંસા કરવા લાગ્યા, પછી એક બીજા પ્રત્યે કહેવા લાગ્યા, કે બંન્નેની આપણે પરીક્ષા કરવી અને જે શ્રેષ્ઠ હોય તેને પારિતોષિક આપવું. તેથી આપના પિતાજીએ મને મુદ્રિકા નીશાની તરીકે આપી તાત્કાલિક આપની પાસે મોકલી છે. ઓ સદ્‌ગુણની વેલડી ! તમો મુદ્રિકાને બરાબર નિરખીને જોશો તો તમને અવશ્ય સમજાશે કે તેની ઉપર તમારા પિતાજીનું નામ અંકિત થયેલું છે, મારા ઊપર આપ વિશ્વાસ રાખો, અને આપ પધારો.

મહાસતી નર્મદાસુંદરીએ મુદ્રિકા હાથમાં લઈ, પોતાના પિતાનું નામ વાંચી પિતાની જ મુદ્રિકા છે. તેમ અંતરમાં નક્કી કરી પિતાની આજ્ઞા અનુસાર જવા માટે દાસીને તૈયારી

બતાવી, દાસીના અંતરમાં જલતી વિષયોની જ્વાળાને જરા પણ નહિ જાણનારી, કપટી કામકળાની માયાનાં બંધનોમાં બંધાઈ ચુકેલી મહાસતી નર્મદાસુંદરી દાસીની સાથે ઉતાવળે ચાલતી, ગણિકાના આવાસમાં પાછળના દરવાજેથી અંદરના ઓરડામાં કોઈ પણ ન જાણે તેવી રીતે દાસી નર્મદાસુંદરીને લાવી. બેસવાને માટે સુંદર આસન આપ્યું ને મહાસતી "વડીલોની આજ્ઞાનું પાલન થયું." એ ઉત્સાહમાં આસન ઉપર આનંદથી બેઠી.

સમસ્યાથી દાસીએ ગણિકાને નર્મદા આવ્યાના સમાચાર આપ્યા અને મૂઢમતી દાસીએ મીઠા મીઠા શબ્દો વડે પ્રપંચના પાખંડથી નર્મદાસુંદરી પાસેથી મુદ્રિકા લઈને વિલાસી વારાંગનાને આપી.

વારાંગનાએ શ્રેષ્ઠિને મુદ્રિકા પાછી આપી, અને વાચાળ વારાંગના બોલવા લાગી, હે શ્રેષ્ઠિ વર્ય ! લો આપની મુદ્રિકા મને કોઈ મારો સોનાર મલશે તો હું આપની પાસેથી મંગાવી લઈશ, માટે આપ આપની મુદ્રિકા ગ્રહણ કરો અને એક હજાર આઠ સોનૈયા અમને આપો, મારા ત્યાં આપના પધારવાથી આપને આપના વહેપારમાં જે કાંઇ નુકશાન થયું હોય, તે બદલ આપના ચરણોની દાસી હારિણી આપની ક્ષમા યાચે છે.

ઓ કૃપાવંત ! આપ આપના નિયમમાં ખૂબજ અડગ રહ્યા છો. તેથી મને આપના ઉપર ખૂબ જ પ્રેમભર્યું માન ઉત્પન્ન થાય છે માટે આપ આપના સ્થાને સિધાવો, ફરીથી કોઇ વખત કૃપા કરીને આ આવાસને આપના પવિત્ર ચરણ

ક્રમલથી પાવન કરજો અને અમારી અધુરી આશાઓને પૂર્ણ કરવા, આપના દર્શનથી મારા નયનોને શીતલ કરવા માટે આપ અવશ્ય મારા મંદિરમાં પધારજો.

મદ ભરેલી માનુનીના શબ્દોથી હરખાતા સહદેવ શ્રેષ્ઠિને ખબર નહોતી કે મદિરાક્ષી હારિણી રમણી નહોતી પણ રાક્ષસી માયા હતી, પોતાના કોમળ હસ્તસ્પર્શથી લોખંડી હૈયાના માનવીઓને વિરહની આગમાં બાળનારી મદોન્મત્ત ડાકીણી હતી. તેના મોહ પાશ રૂપી ખપ્પરમાં કંઈક કંકુવર્ણી કન્યાઓના કંગન અને કંકુના રક્તવર્ણી રંગોના શોણીત ભર્યા હતા, તેનામાંથી સદાચારે દેશવટો લીધો હતો. તેની માનવતા મરી પરવારેલી હતી, અને તેના અંગે અંગમાં દાનવતાનું રૌદ્રસ્વરૂપ ઝબકારા મારતું હતું. તેનું જીવન વાસનાના વિષથી ઝેર બની ગયું હતું. તેની જીંદગી તેના આવાસમાં લોહીની લક્ષ્મીને મેળવવામાં જ સર્જાયેલી અને સમાયેલી હતી, તેણે પોતાના નેત્રપાતથી સૌભાગ્યના સોહાગ વડે શોભતી, ઘણી કન્યાઓના સૌભાગ્ય કંકણોનો કચ્ચરઘાણ વાળી, ભાલમાં શોભતાં કુંમકુંમના ચાંલ્લાઓને ભૂસી નાખ્યા હતા, એવી કાળમીંઢ કાળજાવાળી હારિણીને હસતા મૂખે વિદાય થવાની વધામણી આપતી સાંભળીને સાર્થવાહ સહદેવ શ્રેષ્ઠિ પૂલકિત હૈયે હરખાતો એક હજાર આઠ સોનૈયાથી શણગારેલી કોથળીને સુપ્રત કરી, પાપિણીના પાશવી પંજામાંથી મળેલા છૂટકારાના હર્ષમાં મશગુલ બનતો, ઝડપી આલે ચાલતો શ્રેષ્ઠિ પોતાના તંબુમાં આવ્યો.

પણ! પોતાની પુત્રી નર્મદાસુંદરીને નહિ જોવાથી આકુળ

વ્યાકુળ બનતા શ્રેષ્ઠિએ સાગરના કિનારાને શોભાવતાં તંબુઓમાં શોકાતુર હૃદયે તપાસ કરી પણ નિસ્તેજ થઈને પાછો ફર્યો.

સંધ્યાનો સોહાગ કાળમીંઢ રાત્રીમાં પલટાઈ ગયો, સહદેવ શ્રેષ્ઠિની દુનિયામાં ઘડીભર વેશ્યાની ભાવભીની વિદાયથી હૃદયની ઉર્મીઓ ઝલહરી હતી, તેજ દુનિયાની ઉર્મીઓ થોડાક વખતમાં જ શોષાઇ ગઈ. અને નર્મદાને નહિ જોવાથી, અંતરનો ઉમળકો શ્યામ અંધકારમાં જ લિપ્ત થઈ ગયો, રાત્રી પોતાની મજલ કાપતી હતી, તેમ તેમ શ્રેષ્ઠિની વિચાર વિમાસણ વધતી હતી. નટખટ તારલા હીરાની જેમ આકાશમાં ઝાંખાં પ્રકાશને પ્રસારી રહ્યા હતા અને પૃથ્વીને પોતાની અલ્પ પ્રતિભાથી શણગારતા હતા, સહદેવ શ્રેષ્ઠિ પણ પોતાના તંબુમાં આમ તેમ આંટા મારતો હતો અને પ્રાતઃકાળના આગમનની રાહ જોતો હતો. તેના મગજમાં નર્મદાસુંદરીની સલામતી અને શોધ ખોળ માટે અવનવા તરંગોની લહેરીઓ આવતી હતી, ચાંદનીમાં નગ્ન થઈને તરતી રાત્રીએ, કુકડાના અને પંખીઓના મીઠા ટહુકાર સાંભળી શરમીંદી થઈને ઉષા ઓઢણી વડે પોતાના શરીરને વીંટી દીધું, સહદેવ સાર્થવાહ વ્યગ્રચિત્તે ઝડપથી પોતાના કાર્યને પતાવી શહેરમાં નર્મદાસુંદરીની તપાસ માટે ઘેર ઘેર ફરતો પૂછવા લાગ્યો.

જ્યાં શરમ મૂકીને કર્મે પોતાની જાળ બીછાવી છે ત્યાં નર્મદાસુંદરીના પડછાયા પણ શેઠને દેખાવા દુર્લભ થયા, નર્મદાસુંદરીની તપાસમાં ફરતા શેઠ અથાગ થાકથી કલાન્ત બનીને અને નર્મદાસુંદરીની ક્યાંય ભાળ ન મલવાથી અંતરના ઉંડાણમાં વિરહથી બળતો બેબાકળો બનીને સહદેવ-શ્રેષ્ઠિ પોતાના તંબુમાં પાછો ફર્યો.

જવાબ આપો ! ઓ નિમકહરામ ! તમારે વિશ્વાસે મૂકેલી મારી પુત્રી નર્મદાસુંદરી ક્યાં છે ? હું તમને પૂછું છું કે નર્મદાસુંદરીને કોણ લઈ ગયું ? ગામ, નગર, વન, જલ, સ્થળ, ખુંદી નાખીને પણ એ લાડકવાયી નર્મદાસુંદરીને શોધી લાવો, શ્રેષ્ઠિએ પોતાના સિપાઇ અને નોકરોને બોલાવી સત્તાવાહી શબ્દોના પ્રહાર કરવા માંડયા,

ઓ અમારા ભાગ્યનિર્માતા ! આપની પુત્રીને માટે અમો કાંઇ જાણુતા નથી, અત્રે કોઇ આવ્યું પણ નથી, માનવીની તાકાત નથી કે–પહેરેગીરોના અણુતૂટ પહેરામાંથી નર્મદાસુંદરીને કોઈ પણ લઈ જાય, અમને તો એમ લાગે છે કે કોઈ દૈવી ચમત્કાર હોવો જોઈએ નહિતર આવો બનાવ બને જ નહિ, નમ્રતા અને દીનતાને ધારણ કરતાં ખિન્નવદને નોકરોએ શેઠને કહ્યું.

ક્ષણે ક્ષણે રક્તના ટીપાઓને શોકમાં બાળતો અને રક્તવાહીનીઓને ઉષ્ણ બનાવતો શ્રેષ્ઠિ નર્મદાસુંદરીની વિમાસણમાં ખિન્ન ચિત્તે એક આસનારૂઢ થઇને કર્મની ઘટમાળમાં ફસાયેલા માનવોને ઘેલા બનતાં, અને નાટકીઆ સંસારમાં અવનવા વેશને પરિધાન કરી, નાટક સમ જીંદગીના ખેલને પુરા કરતા માનવોને કર્મોએ પોતાની દારૂણ સત્તાના ભારેલા અગ્નિમાં ભોગ બનાવીને રીબાવી રીબાવી બાળતા એવા કાળમૂખા કર્મનું અમાનુષિ ભર્યા વર્તાવનું એક એક અદ્રશ્ય અને કારૂણ્ય દ્રશ્ય એક પછી એક શ્રેષ્ઠિની નજર સામે દેખાવા લાગ્યું.

મગજની સમતુલાને ગુમાવતો શ્રેષ્ઠિ સ્વગત્ બોલવા લાગ્યો, ઓ નર્મદાસુંદરી ! તને તારા પતિએ અઘોર અરણ્યમાં

રઝળતી મૂકી. ત્યાં તારી પ્રભુ ભક્તિની અનોખી પૂજાથી આકર્ષાઈને શાસન દેવે મારો મેળાપ કરી આપ્યો અને મેં તને મારી સાથે રાખી, પણ અદ્રશ્ય વિધિએ પોતાના ખેલ ખેલી, મારા નંદનવન જેવા ખીલી ઉઠેલા બાગને તારા વિયોગની આંધીમાં વેરાન બનાવી નાખ્યો, સત્તાના મદમાં ઘેલી બનેલી વિધાતાએ કોઈક બેવફા અને નિમકહરામ માનવીના પંજામાં તને સપડાવી, નારી હૃદયને નહિ ઓળખનારને શું ખબર ! કે સ્ત્રીઓનું જીવન અને જીંદગીની સલામતિ આક્રોશ, આક્રાંત અને દુઃખના દરીઆ દહોળવા સર્જાયેલી છે.

ઓ....નર્મદા....બો....લ....તું....ક્યાં....છે? જીંદગીની અર્ધીમજલ વટાવી ચુકેલો તારો પિતા આજે તારા વિરહમાં યમના દ્વારને દેખી રહ્યો છે, તને શોધવા માટે ઘરેઘર ફર્યો, નગરના નાનામોટા રસ્તાઓ ખુંદી વળ્યો, શહેરમાં કીડીયારાની માફક ઉભરાતાં માનવોથી ભરપુર ઉદ્યાનોમાં ઘુમ્યો. જ્યાં ચકલું પણ ફરકતું નથી તેવા વસ્તી વગરના નિર્જન સ્થાનો તપાસ્યાં પણ તારા આ અભાગી પિતાને તારો મેળાપ ક્યાંથી થાય ! તારા જવાથી મારૂ નાનકડું અબોલ હૈયું અઘોર રૂદનથી આંસુઓનો ધોધ વરસાવે છે, અંતરમાં તારા મેળાપનો ઝગમગતો દીવડો બુઝાઈ ગયો અને તારા જવાથી તે ઝગમગતો દીવડો અઘોર શ્યામતાના પડછાયામાં પલટાઈ ગયો છે.

જગત તથા તારી જનેતા મને જંપીને બેસવા પણ નહિ દે. કારણ કે “ **મતલબી દુનિયા જ્ઞાનચક્ષુ વિના દો નૈયા જેવી છે.** ” જગતના માનવીઓ મને ફીટકારના ફટકા

મારશે, અને બોલશે " કે પૈસાની લાલચમાં લપટાયેલા વહેવારીઆ અને બુદ્ધિશાળી વાણીઆએ પોતાની પુત્રીને ગુમાવી " મારી એક જ ભૂલનો તું ભોગ બની ચુકી છે તને સુખી કરવાની મારા અંતરની અધૂરી આશા કોણ પુરી કરશે ! મનમાં મુંઝાતા અને દીલને દુભવતા શ્રેષ્ઠિએ પોતાના માણસોદ્વારા નગરના વહેપારીઓને બોલાવી પોતાના તમામ કરીઆણાં પાણીના મૂલે વેચી નાખ્યા, અને વહાણને સજ્જ કરવાનો માલમી લોકોને હુકમ કરી નીરાશાની નિશામાં નિઃશ્વાસ નાખતો નર્મદાસુંદરીના વિયોગમાં ઝુરવા લાગ્યો, વહાણોને સજ્જ કરી માલમી લોકોએ શેઠને ખબર આપ્યા. અને સહદેવ સાર્થપતિ પોતાના પરિવાર સહિત વહાણમાં ખિન્નતાને ધારણ કરી બેઠો અને વહાણો બબ્બર કુળનો કિનારો છોડી દીવાદાંડીને વટાવી પૂર ઝડપે ઉપડ્યાં.

પ્રકરણ તેરમું સમાપ્ત



## પ્રકરણ ૧૪ મું

## દીધેલા કોલ

ઘડીકમાં સમુદ્રના પાણીની ભરતીમાં ઉછાળા મારતી, તો ઘડીકમાં ઉદધિની ઓટમાં શાંતિચિત્તે વહેતી નર્મદાના બન્ને કાંઠાઓની બાજુમાં ઉંચા ટેકરાઓની અડીખમ હાર-માળાઓ હતી, જ્યાં એક સમયે વીશમા તીર્થંકર મુનિસુવ્રત-સ્વામી ભગવંતના બે શિષ્યો ગોચરી જતા હતા, રસ્તામાં પાર-ધીના પાપી બાણથી વિંધાયેલી, સમડી તરફડીઆ મારતી હતી, સમડીને મુનીશ્વરોએ મહામંગલકારી "નમસ્કાર મહામંત્ર" નું સ્મરણ કરાવ્યું, અને સમડી મરીને સિંહલદ્વીપમાં રાજ-કુમારી સુદર્શના નામે ઉત્પન્ન થઈ.

એકદા ભરૂચ નગરનો એક સાર્થવાહ સિંહલદ્વીપમાં વહેપાર કરવા ગયો, ત્યાંના રાજવીને ભેટણું મૂકી વહેપારની પરવાનગી લેવા માટે રાજસભામાં ઉભો હતો, તે વારે સાર્થ-વાહને છીંક આવી અને "નમો અરિહંતાણં" ઉદ્ગાર નીકળી પડયો ત્યાં સભામાં બેઠેલી રાજકુમારી સુદર્શનાને મૂર્છા આવી અને જાતિસ્મરણ જ્ઞાનની પ્રાપ્તિ થઈ, પોતાનો પૂર્વ ભવ જોયો,

મૂચ્છિંત રાજકુમારી શુદ્ધિમાં આવી, અને સાર્થવાહને પૂછયું.

"તમે કયા નગરના છો, મારે તમારા નગરમાં આવવું છે" હું ભરૂચ નગરથી વહેપાર કરવા માટે આવેલો છું. આપને પધારવું હોય તો ઘણી ખુશીથી પધારો, શ્રેષ્ઠીએ પ્રત્યુત્તરમાં સુદર્શનાને કહ્યું.

સુદર્શના પિતાજીની આજ્ઞા લઇ ઘણું દ્રવ્ય તથા દાસ-દાસીઓ સહિત વહાણમાં બેસીને ભરૂચ નગર આવી, જ્યાં સમડી મરણ પામી હતી, ત્યાં "સમડીવિહાર" નામે ગગન ચુંબી પ્રાસાદ બંધાવી, મુનિસુવ્રતસ્વામિની ભવ્ય અને દેદીપ્યમાન પ્રતિમાને બિરાજમાન કરી. એવા અનેક વિશાલ અને ગગનચુંબી જીનાલયોથી વિભૂષિત અને મોટી મહેલાતોમાં મહાલતા માનવોની સમૃદ્ધિથી ઓપતા એવા ભરૂચ નગરમાં ત્રિકાલાબાધિત જીનેશ્વર ભગવંતના શાસનનો પરમ શ્રાવક જીનદાસ નામે શ્રેષ્ઠી રહેતો હતો,

સહદેવ શ્રેષ્ઠીના વહાણો બબ્બરકુળથી નીકળી ઝડપી ચાલે ચાલતા અનુક્રમે ભરૂચબંદર આવી પહોંચ્યા, અને લાંગર્યા, વહાણના આગમન સમાચાર સાંભળી, અને પોતાના મિત્રનું પોતાના આંગણે ભાવભીનું હાર્દિક સ્વાગત કરવા માટે હર્ષાતુર બનેલો જીનદાસ શ્રેષ્ઠી સરિતાતીરે સહદેવને લેવા માટે આવ્યો.

ઉભય સ્નેહીઓનો ઘણા વર્ષે મેલાપ થવાથી એકબીજાને ઉમળકાના અભિષેક કરતા ભેટયા. અને પરસ્પર કુશલતા પૂછવા લાગ્યા, ખૂબ જ આદર સત્કારપૂર્વક સહદેવ શ્રેષ્ઠીને પોતાને ઘેર લાવી ભાતભાતની નવવિધ રસવતી રસોઇ

જમાડી. તાંબુલાદિ આપીને, જિનદાસ શ્રેષ્ઠી પોતાના મિત્રને એક વિશાલ આરામગૃહમાં લઈ જઈને અંતરના સુખદુઃખના ઉભરા એકબીજા પ્રત્યે ઠાલવવા લાગ્યા.

બબ્બરકુલમાં મારી પુત્રી જે તમારી ભત્રીજી થાય છે, તે નર્મદાસુંદરીનું કોઈ પાશવી માનવી હરણ કરી ગયો છે, બબ્બરકુળમાં મેં રાતદિવસ મહેનત કરી, શોધખોળ કરી, પણ મને તેનો પડછાયો પણ જોવા મલ્યો નહિ, મને શંકા છે કે ત્યાં રાજવીની માનીતી, કામઘેલી, કામકળા, હારિણી નામે રાજનર્તકી છે, તેનું જ આ અકારૂં કાર્ય હોય તેમ મારા અંતરમાં લાગે છે, માટે ઓ સ્નેહિમિત્ર! આપ બબ્બરકુલમાં જઈને મારી પુત્રીના ક્ષેમકુશલ લાવો, હું તમારો અમાપ અને અનહદ ઉપકાર માનીશ, જરૂર તમો મારૂં કાર્ય કરો, મારાથી મારી પુત્રીનું અમાપ દુઃખ જોવાતું નથી. મારા અંતરમાં રહેલી અકળામણને દૂર કરશો તો જરૂર હું જીવનભરનો તમારો ઋણી થઈશ. દુઃખમાં ડુબેલા સહદેવ શ્રેષ્ઠીએ પોતાના મિત્ર જીનદાસને પોતાની વિતક કરૂણ કથની કકળતા હૈયે અને અશ્રુપાતથી ભીંજાયેલા નયને કહી બતાવી.

જગતમાં ઉત્તમ કોટીના મનુષ્યો તો પોતાના સ્વાર્થનો ભોગ આપી પોતાની ફરજ બજાવે છે. અને બીજાના અંતરમાં સુખના સૂર્યનો પ્રકાશ ફેંકે છે, મધ્યમ કોટીના માણસો પોતાના સ્વાર્થને સુરક્ષિત રાખીને પોતાનાથી બની શકે તેટલું બીજાનું હિત કરે છે, અધમ કોટીના માનવીઓ પોતાના અલ્પ પણ સ્વાર્થને ખાતર બીજાના મોટા હિતનો નાશ કરતાં પણ અચકાતા નથી. આવા માનવીઓ " માણુસ " શબ્દ કહેવડા-

વવા પુરતા છે પણ તેમનું કર્તવ્ય કોઈ દાનવ પણ ન કરી શકે તેવું ભયંકર પીશાચનીય હોવાથી "નરપીશાચ" કહેવા એ જરાય અઘટીત નથી, એવા કોઈ અધમ કોટીના નરપીશાચેજ નર્મદાસુંદરીનું હરણ કર્યું લાગે છે.

ઓ મિત્ર! ભાવીની ભીતરમાં શું લખાયેલ છે. તે તો જ્ઞાનીઓ જાણે! આપણે અલ્પમતિ તે વસ્તુને જાણવા માટે અશક્તિમાન છીએ, તમો અંતરને વિરહના દાહમાં બાળતા નહિ. નયનોમાં વિયોગનો અંગાર ધરશો નહિ, અને મૂખને શ્યામલ બનાવતા નહિ, માનવી જેવો માનવી હિંમત હારી જશે તો બીજા પ્રાણીઓ કરતાં હલકો અને ક્ષુદ્ર કોટીનો ગણાશે માટે ઓ સ્નેહના દરીઆ! તમારી બેસુરી વાગતી વિણાને બંધ કરો દુઃખ અને સુખમાં મનની સમતુલા જાળવીને જીવનને આગળ ધપાવો, અને દુઃખમાં જીવનનું ઘડતર ઘડે તેજ માનવી, ધીર, વીર અને "વીરનો સંતાન" માટે મનને મજબુત બનાવો હું આપને વચન આપુ છું કે જરૂર હું બબ્બરકુલ જઇને કોટી ઉપાયે પણ નર્મદાસુંદરીની ભાળ મેળવીશ. અરે! છૂપાવેશે છૂપાઈને પણ તમે જ્યાં નર્મદાસુંદરીને ગુમાવી છે ત્યાંથી હું શોધી કાઢીશ, અને તેને મેળવીશ ત્યારે જ હું જંપીશ, નર્મદાસુંદરીને લઈને આવું ત્યારે જ મને તમે તમારો મિત્ર માનજો.

"સુખમાં સૌ કોઇ મિત્રતા દાખવવા માટે તૈયાર થાય. પણ દુઃખમાં મિત્રતા દાખવે એવા કોઇ જ વિરલા આ ભૂમંડલ ઉપર વસે છે તેવા જ મિત્રોના યશોગાન ગવાય છે" માટે તમો ચિંતાને દૂર કરીને હૈયામાં શાંતિને સ્થાપન કરો. જિનદાસ શેઠે સહદેવ શ્રેષ્ઠીને સાન્ત્વન્ આપ્યું.

શાંત પડેલા સહદેવ શ્રેષ્ઠીએ યોગ્યસૂચનો આપી જવાની અનુમતી માગી અને સરિતા કિનારે પોતાના વહાણમાં બેસી નર્મદા નગરી જવા માટે નીકળ્યો, અનુક્રમે પોતાના નગરમાં આવી કુટુંબીઓને પોતાની તથા નર્મદાસુંદરીની બનેલી તમામ હકીકત કહી સંભળાવી. શોકાતુર કુટુંબને સાન્ત્વન્ આપતો શ્રેષ્ઠી કહેવા લાગ્યો "કરમની ગતિ ન્યારી છે" અશુભ કર્મોના ઉદયે નર્મદાસુંદરીને ઘેરી લીધી છે. પણ તમારે મનમાં દુઃખ લગાડવાની જરૂર નથી. ભરૂચ બંદરથી જિનદાસ શ્રેષ્ઠી બબ્બરકુલ જશે અને નર્મદાસુંદરીની તપાસ કરશે, ભાવી પ્રબળ હશે તો તેનો મેળાપ થશે.

(૨)

જાણે કોઈને શોધતી હોય, કે કોઈની ઝંખના કરતી હોય, તેમ પોતાના શ્યામ શરીરને સફેદ કિનારીથી શણગારીને, વાદળીઓ, શરમાતી અને પોતાના મૂખને છૂપાવતી અંબરમાં દોડતી હતી, પોતાના રંગમાં ઝમકતી અને યુવાનીના મદમાં પોતાના અંગને મરોડતી, એકાએક રડી પડી, પોતાની યૌવનભરી કાયાને રંગહીણી, સફેદ પૂણી જેવી બનાવી દીધી, ધણથી છૂટી પડેલી ગાયની માફક એકલી ટળવળતી, પોતાના સ્થાનમાં વિલખાવદને જતી હતી, તેના વહી ગયેલા આંસુઓ નિસર્ગની સૃષ્ટિ અને કુદરતી કલાથી મઢેલી લીલીછમ ટેકરીઓ ઉપરથી સાપના આકાર સદૃશ વહેતા નર્મદાના નીરમાં સમાઈ જતા દેખાતા હતા. ભરૂચ બંદરના માનવીઓ કુદરતી કલાના ચરણમાં પોતાના નત મસ્તકે શરદ્ ઋતુના આગમનની પ્રતિક્ષા કરતાં આનંદમાં દિવસો પસાર કરતા હતા.

એક શુભ દિવસની પ્રભાતે ઉર્મીના ઉછાળા મારતી ઉષાએ પ્રભાતના પ્રાગણમાં પ્રવેશ કર્યો, કનકવર્ણી તેજ પુંજ વડે ધરતીને સોહામણી અને જાજ્વલ્યમાન બનાવતા સવિતાદેવ પોતાના રૂઆબથી પોતાની સ્વારીને દોડાવતા આવતા હતા, આગીઆઓના અંગ સવિતાદેવના આગમનની સાથે નિસ્તેજ થઈ સંકોચાઈ ગયા હતા. પોતાના પતિદેવની વિદાયગીરીથી, નિસ્તેજ થયેલ ચંદ્રમુખી, હસતી કલી જેવા પોતાના વદનને ચિંતાતુર બનાવી, નમ્ર મસ્તકે ગરદન ઝુકાવી ઉભૂં હતું, પોતાના પ્રાણ પ્રિયના આગમનની પ્રતિક્ષા કરતું, સૂર્યમૂખી હસતું, આનંદથી મલકતું, નિર્દોષ અને નિસ્વાર્થી પ્રેમના પરાગને પ્રસારતું, જીદંગીની નશ્વરતાનો જગતને પાઠ શીખવતું, સવિતાદેવનો આદર સત્કાર કરવા માટે ઉમળકાના ઉભરા ઠાલવતું રૂઆબથી ઉભું હતું.

ગગનમંડલને વિષે મજલ કાપતો દિવાનાથ મધ્યાહ્ન સમયને ઉલ્લંઘન કરી આગળ નીકળી ચુકયો હતો, ધરા ધગધગતી હતી. રાત્રિને વિષે શરદ્‌ની શીતલતા હતી. પણ દિવસે શરદ્ સખત તપતી હતી, સૂર્ય સોલસો કલાએ, વૃક્ષો અને સરોવરને સૂકવતો હતો, જિનદાસ શ્રેષ્ઠી, પોતાના ઘેરથી વિજયમુહૂર્તે બબ્બર કુળની મદમાતી, વાસનાના વિષથી ભરેલી હારિણીની કપટ કળા ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે, અને નર્મદાસુંદરીને શોધવા માટે વિજય પ્રસ્થાન કરી ચુકયો હતો. જ્યાં વહાણ ઉભા હતાં ત્યાં આવી. મહામંગલકારી, નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરી, વહાણમાં બેઠો, અને વહાણ સરિતામાં સરકવા લાગ્યાં.

અંતરમાં ભરતીના પાણી આવતાં હસતો હતો, તો ઘડીક ઓટ આવતાં અંતરમાં રડતો હતો. એવા સાગરના દ્વારે ગરીબ દુઃખીઆના આંસુઓ લુંછનાર તો શું? પણ કોઈનાં આર્ત ભરેલા શબ્દો સાંભળનાર પણ કોઇ ન હતું. પોતાની મર્યાદામાં જ રહીને અભિમાનથી ગાજતો હતો. મદોન્મત્ત બનીને ઉછળતો હતો, તેના અંગમાં આરામનું નામ નિશાન પણ ન હતું. જગતના લોકોને ગભરાવતો અને તેના દ્વારે જનાર આત્માઓને યમ ધામમાં મોકલવાનું કાર્ય કરોડો માનવીઓના આર્તભરેલા હૃદયના આંસુઓથી બનેલી રોજનીશીમાં હજારો બલ્કે લાખોની સંખ્યામાં લખેલું હતું; તેવા સમુદ્રની સપાટી ઉપર જિનદાસશેઠના વહાણો સરિતાની સપાટીમાંથી સરકીને માર્ગ કાપતા હતા. કેટલેક દિવસે બબ્બરકુળનો કિનારો દેખાયો અને વહાણો થંભ્યા. અને કિનારે તંબુઓ નંખાયા. સાગર કિનારો માનવીઓના આગમનથી ખીલખીલાટ હસતો હતો.

જિનદાસ શ્રેષ્ઠી પોતાના નિત્યકર્મથી પરવારીને રાજ્ય સભામાં આવ્યો. મકરધ્વજ રાજવીને નમસ્કાર કરી, ભેટણું મૂકી, વહેપારની આજ્ઞા માગી, રાજવીએ શ્રેષ્ઠીનો યોગ્ય સત્કાર કરી, વહેપાર કરવાની અનુમતી આપી, અને શ્રેષ્ઠીએ ક્રયવિક્રયનો વહેપાર આરંભ્યો, દરરોજ રાજસભામાં જવામાં અને વસુવૃદ્ધિમાં પોતાના દિવસો પસાર કરવા લાગ્યો. અને પોતાના મિત્ર સહદેવને આપેલો કોલ ભૂલી ગયો.

એકદા રાજસભામાં હરિણનયની હારિણી નૃત્યાંગના ઝાંઝરના ઝણકારથી સભા મંડપને ગજાવી, સભાજનોને મુગ્ધ

બનાવતી હતી. તે પ્રસંગે જિનદાસ શ્રેષ્ઠીએ રાજસભામાં પ્રવેશ કર્યો. અને મિત્રને આપેલો કોલ યાદ આવ્યો, નાટારંભના નાદમાં તલ્લીન બનેલા સભાજનો ડોલતા હતા. પણ જિનદાસનું મુખ વિલખું થઇ ગયું હતું. નાટારંભ પૂરો થયો. સહુ વિખરાયાં, અને પોતે પણ પોતાના આવાસ તરફ જવા નીકળ્યો.

મારા જેવા સ્વાર્થી માનવીઓ જગતના પટ ઉપર કેટલા હશે. હું કેટલો મૂર્ખ કે મિત્રને આપેલા કોલને વિસારી, ધન અને કીર્તિની પાછળ ઘેલો બન્યો, સહદેવે મને પોતાનો જાણી, નર્મદાસુંદરીની તપાસ કરવા માટે અત્રે મોકલ્યો, અને મેં પણ તેને કહ્યું હતું. કે જરૂર તમારી પુત્રીનો મેળાપ હું તમને કરાવી આપીશ. પણ....ધિક્કાર છે, મને ? કે જેણે મારી ઉપર વિશ્વાસ મૂકયો, તેને જ હું મારા સ્વાર્થની ખાતર ભૂલી ગયો. ખરેખર ! સહદેવ જાણતો હશે કે મારી પુત્રીની તપાસ જીનદાસ કરતો હશે, પણ હું નામ અને દામની પાછળ દાસ બન્યો છું; જેની સાથે પવિત્ર મિત્રતાનો મેળ છે, તેની સાથે આવા ક્ષણિક અને તુચ્છ વસ્તુઓનો મોહ છાજતો નથી. ખરેખર લોકોમાં પણ કહેવત છે. " જ્યાં કુડ ત્યાં ધુડ " ફોગટીઓ અને સ્વાર્થી સ્નેહ તો ફટકીઆ મોતી જેવો છે. " જેમ રેશમની ગાંઠ ઉપર તેલની ધાર પડે ત્યારે તે છૂટતી પણ નથી અને તૂટતી પણ નથી." તેના જેવો સ્નેહ જો જગતના પ્રાણી માત્ર ઉપર હોય તો જ માનવી " માનવી " તરીકે જીવી શકે છે; " વિશ્વાસઘાત જેવું બીજું કોઈ મહાન પાપ આ જગત ઉપર અસ્તિત્વ ધરાવતું નથી." રસ્તામાં જિનદાસ શેઠના મગજમાં મિત્ર પ્રત્યેના વિશ્વાસ-

ઘાતનું મહાપાતકી ઘમસાણ ચાલવાથી માથું ભમતું હતું. પોતે વિચારમાં ને વિચારમાં પોતાના તંબુમાં આવ્યો અને એકાંતમાં વિચારધારાઓ અણુતૂટ પરિસ્થિતિમાં શ્રેષ્ઠીને અટવાવતી, હતી, બે ઘડીના મનોમંથન પછી શેઠ સફાળો ઉઠયો. અને નગરમાં ઘેર ઘેર તપાસ કરવા લાગ્યો. પણ નર્મદાસુંદરીનો મેળાપ નહી થવાથી. સંધ્યાના આથમતા ઓળાએ નિસ્તેજ વદને તંબુમાં પાછો ફર્યો, તંબુમાં આવી, શયનખંડમાં સુતા સુતા નર્મદાસુંદરી માટેના અવનવા તરંગોના તારલાઓ દેખવા લાગ્યો અને મનની મથામણ વધતી ચાલી.

નર્મદાસુંદરીના મેળાપનો અભાવ, અને વચનનું પાલન બન્ને વસ્તુઓથી મુંજાએલા શેઠની પરિસ્થિતિ "સાપે છછુંદર ગળ્યા" જેવી બની ગઇ હતી, શેઠની અકળામણ વધી, અને નયનોમાંથી નીરની નીકો નીકળીને વહેવા લાગી, મધ્યરાત્રી વીતી ગઈ હતી. સમુદ્ર માતંગની માફક ઉછળતો હતો. સ્થાન નિર્જન હતું, થોડા થોડા સમયને અંતરે પહેરગીરોના મુખેથી સાવચેતીના સૂરો સંભળાતા હતા. તેવે સમયે મનોવ્યથાને શાંતિ આપવા માટે શેઠ સમુદ્રતીરે ફરવા નીકળ્યા, ફરતાં ફરતાં વિચાર આવ્યો. "મહેનતના ફળ મીઠા છે." દુધ પી જવામાં પણ બીલાડી મહેનત કરે ને ક્ષુધાની તૃપ્તિ કરી આનંદ પામે છે, માટે મારે પણ નર્મદાસુંદરીને શોધવા માટે મહેનત કરવી જ જોઇએ તેમ નિશ્ચય કરી. શેઠ પોતાના તંબુમાં જઇને સુતો અને ઉંઘી ગયો.

પ્રકરણ ચૌદમું સમાપ્ત.

## પ્રકરણ ૧૫ મું

## " કોની જીત "

ચંદ્રના આગમનથી ઉદધી ઉછાળા મારે, સૂર્યના આગમનથી ધરા પુલકીત બને, વસંતનું આગમન વનને હર્ષિત બનાવે, સ્વજનનો મેળાપ વિરહી આત્માઓને શાંતિ અર્પે, રજનીના જવાથી પશુપંખીઓ અને માનવો આનંદીત બને, તેમ સહદેવના જવાથી ધૂતારી હારિણી અતિ ગર્વિષ્ઠા બની, અને પોતાની મેલી મુરાદના વિજયમાં, ઉન્મત્ત બની હૈયામાં શાંતિ અનુભવતી, ઓરડાના દરવાજા ઉઘાડીને નર્મદાને શયનાગારમાં આમંત્રી હારિણીએ તેને પોતાની છાતી સાથે આલિંગન આપી, સિંહાસન ઉપર બેસાડી, પોતાની પાપી અને પાશવી વૃત્તિના કારમાં એંધાણ નર્મદાસુંદરીને બતાવવાની શરૂઆત કરી.

હે રૂપયૌવના! તને ખબર નથી પણ! તારા પ્રપંચી પિતાએ તારૂં વેચાણ કરી મને સુપ્રત કરી છે, ઓ બાળા! મતલબી દુનિયામાં કોણ માતા! કોણ પિતા! કોણ આપણું! અને કોણ પરાયું! આ નાતરીઆ અસાર સંસારમાં સહુ કોઈ

સ્વારથનાજ સગા છે. એ સ્વાર્થી પિતાના પંજે પારકાના ત્યાં વેચાયેલી બાળા ! મતલબથી ભરેલો સંસાર નહોત તો, તારા પિતા જેણે તને ખૂબ લાડલડાવીને ઉછેરી તેજ પિતા ધનની ઘેલછામાં ઘેલો બની તને વેચે જ કેમ ! એ નથન ચકોરી નમણી નારી ! તારા પાશવી પિતાના અંતરને ધિક્કાર છે, કે તારા જેવી કુમારીકાને વેચતા શરમ પણ ન આવી ! **" ખરેખર વાડ ચીભડા જ ગળે ત્યાં ધરતીના ધાવણ કેમ ન સુકાય "** તારા ભાગ્ય પ્રબળતાની બલીહારી છે કે તને અમારા આવાસમાં સ્થાન મલ્યું છે, અમને તારા પિતાના કાકલુદીભર્યા કરૂણ આર્તની દયા આવી, અને તારા બદલામાં મેં અઢળક દ્રવ્ય આપ્યું. ખરેખર હતુભાગી પુત્રી ! ભયંકર વૈરી પણ જે કાર્ય ન કરે તેવું આકરૂં અને ઘૃણા ઉપજાવે તેવું તુચ્છ કાર્ય તારા પિતાએ તને વેચીને કર્યું આવા દુષ્ટ ! પાપી ! અને લુચ્ચા ! માનવીઓના નામ સાંભળવામાં પણ અઘોર પાપો બંધાય છે, નર્તકીહારિણી નર્મદાસુંદરી ઉપર વાક્પટુતાની માયાજાળ બીછાવતી હતી.

જગત એક અજાયબ અને વિચિત્ર માયા છે, અને તેમાં વસનારા ઘણા માનવીઓ થોડા ઘણા અંશે પણ તેના ભોગ બનેલા જ છે, દુનીઆ ઘડીકમાં સાચી લાગે તો ઘડીકમાં માયાજાળ લાગે છે. ઘડીકમાં મીઠી મધ જેવી લાગે તો ઘડીકમાં કડવી સોમલ જેવી લાગે; ઘડીક નિસ્વાર્થી અને પરોપકારી લાગે તો ઘડીક સ્વાર્થના સાગર જેવી લાગે; ઘડીક પરગજુ લાગે તો ઘડીક ગરજુ લાગે; ઘડીક ડાહી લાગે તો ઘડીક દીવાની; આવી દુનિયામાં રહેનારી નર્મદાસુંદરીને આજે

જગત ઉપર તિરસ્કારનો તળવળાટ છૂટતો હતો, આવી મત લખી દુનિયાનાં માળખામાં વસતી અને સૌંદર્યનાં વિહંગમાં વાસના અને તૃષ્ણાની પાંખો પસારી ઉડતી હારિણીના મજબૂત પીંજરામાં પુરાયેલી નર્મદાસુંદરીને જગત ઝાંઝવાના જલસદૃશ દેખાતું હતું.

આકાશમાં માઝમરાતની તારલી ઝબુકતી હતી. હારિણીના આવાસમાં નર્મદાસુંદરીના હૈયાની વાત સાંભળનાર કોઈ નહોતું. નર્તકી પોતાના દાવના પાસા ફેંકતી હતી.

ઓ સુંદરી! ભયંકરમાં ભયંકર વૈરી જે કાર્ય ન કરે તે કાર્ય તારા પિતાએ તને વેચીને કર્યું છે, વિચાર...વિચાર ....ઓ શાણી! તારે તો મારો ઉપકાર જ માનવો રહ્યો. કારણ કે તું મારા ત્યાં જ સલામત છે, નહિતર બીજે તારૂં શું નું શું થાત! ઓ શ્રેષ્ઠીપુત્રી! વિચારોના વિમાસણમાંથી તું તારા મનને ખસેડી નાખ! તને મારી પુત્રી ગણું છું, અને હું તારી માતા છું; મારા ત્યાં તને કોઈ વાતે પણ ઓછું આવવા નહિ દઉં, મારા જીવનનો આધાર તું જ છે; તારા જીવનનો સહારો હું જ છું; તારા સિવાય આ જીવનમાં મને રસ નથી. મારા પ્રાણથી પણ અધિક હું તારૂં જતન કરીશ. આ વૈભવ અને ઠકુરાઈમાં આજથી તારો જ હક્ક છે. આ માલ અને મિલ્કત તારા જ ચરણોમાં છે. તેમાંથી તું જે મને આપીશ તે જ હું ભોગવીશ, પાણી માગીશ, ત્યાં સાકર મિશ્રિત દૂધ મલશે. તને હાથની હથેલીમાં રમાડીશ, તને દુઃખના સ્પંદન પણ નહી થવા દઉં, તારી ખીજમતમાં આ દાસીઓ તથા

હારિણી સદૈવ રાતદિવસની પરવા કર્યા વિના તૈયાર જ છે; આ મકાનની રાજરાણી અત્યાર સુધી હું જ હતી. હવેથી તું જ એ પદને શોભાવી તેની ભોક્તા બન, આ સ્થાનમાં તારા આપેલા હુકમનો અનાદર કરવાની કોઈ તાકાત હસ્તી ધરાવની નથી. આ દાસ–દાસીઓ તને મારી પુત્રી માનીને તારી હા....એ....હા અને ના....એ....ના કહેશે પરમાત્માની સાક્ષીએ સોગન ખાઇને કહું છું, કે તારાથી કોઈ અંતર હું નહિ રાખું માન........માન........ઓ શાણી! સમજું અને ચતુર-સુજાણ નારી મારૂં કહેવું માનીને અંતરનો બળાપો મૂકી દે. તારી પાસે જગતની તમામ વસ્તુઓ આ હારિણીને તુચ્છ અને નશ્વર દેખાય છે; તું તારા નયનો ઉંચા કરીને જોઈશ તો તને જરૂર દેખાશે કે બબ્બરકુલના રાજવીની વિશ્વવિખ્યાત હારિણી તને કરગરે છે. મર્દાનગીના દાવ ખેલનારાઓને નમાવતી એક નારી તારા ચરણોમાં નમે છે. અને તારા ચરણરજની કુસુમાંજલીને પોતાના મસ્તક ઉપર ચઢાવે છે, વિચાર કર! અને તારા પાપી પિતાના અકારાકાર્યને ભૂલી જા, ઈન્દ્રના આવાસને ભૂલાવે તેવો નયન મનોહર પ્રાસાદ તેમાં શોભતું સુવર્ણ સિંહાસન તેના ઉપર દક્ષિણના દૂર દૂર દેખાતા સમુદ્રની પેલે પારથી મંગાવેલા અમુલખ રત્નો અને મોંઘેરા માણેકનો મલપતો મલકાટ, રસીક કલાકારોના હાથમાં રમતી પીંછીથી આકાર પામેલા જીવંત ચિત્રોવડે શોભતી ચિત્રશાલા, વારાણસીના કસબીઓના કસબથી ઓપતી જરીઆન ઝુલોના પડદા, તક્ષશિલાની તરૂણ કીમીયાગીરીથી ઝળકતી આ નૃત્યાગારની દશેદિશાઓ, હારિણીને તારા ચરણમાં ઝુકી પડ

વાની ફરજ પાડે છે, અરે! આ નૃત્યાગારમાં છૂપાયેલી સૌંદર્ય, નૃત્ય અને અભિનયના ઓજસ પાથરનારી અભિસારિકાઓની તું રાજરાજેશ્વરી બનીશ, એમ બોલતી પોતાના આવાસમાં કેદ થયેલી પુષ્પની શ્રેણીસદૃશ નાજુક અને નમણી સ્ત્રીઓને આંગળીથી બતાવતી રાજનર્તકી હારિણી નર્મદાસુંદરીને વિનવવા લાગી.

અષાઢી મેહુલો વર્ષી રહ્યો છે, ધરતી ઉપર નદી, નાળા, સાગર, છલકી રહ્યા હતા, હરિયાળી જમીન ઉપર ઉષાની ઉગતીપ્રભા અને સંધ્યાના સોહામણા સોહાગ છલકાઈ ચાલી ગયા હતા ભૂમિ ઉપરથી વિરૂપતાએ વિદાય લીધી હતી, અને સુંદરતાએ સુશોભીત હરીઆળો શણગાર સજ્યો હતો. ધરતી રસ તરબોળ બનતી હતી, સર્વત્ર અંધકાર પથરાયેલો હતો, નર્મદાસુંદરીના અંતરમાં ભીષણતા પથરાએલી હતી, મનડું મથામણના મહાસાગરમાં ડુબેલું હતું. કાળજાના કોડીઆમાં હારિણીના શબ્દો રૂપી તેલ ભડકે બળતું હતું. અને કારમી હોળીમાં અંતર સળગતું હતું. જ્વાળામૂખી પવર્તના ફાટવાથી જેમ લાવારસ ઉભરાય તેમ હારિણીના અંતરમાંથી નીકળતા લાવારસ સદૃશ શબ્દોથી નર્મદાસુંદરીના અંગે અંગમાં લ્હાય ઉઠતી હતી. અને લખધારે વહેતા લાવારસમાં નર્મદાસુંદરીનું અંતર બળીને ભસ્મીભૂત થયું હતું.

શું પિતાના ત્યાં ધનનો તોટો હતો કે મને હૈયાનાહારની માફક સાચવીને વેચી નાખે! ના........ના........મારા

ઉપર પિતાજીના લાખધારે વહેતા હેત, આવું ભયંકર અને કારમું કૃત્ય ન કરાવે ના........ના........કેમ ન કરાવે! જરૂર આવું કાર્ય કરાવે, આ મિથ્યા જગતના માનવીઓને "પૈસો એજ પરમેશ્વર" મુદ્રાલેખ થઇ ગયો છે, "પૈસાની ખાતર માનવી આથી પણ ભયંકર કાર્ય કરતા અચકાતો નથી. ખરેખર! આ અજબ દુનિયા એ એક રંગભૂમિ છે, તેમાં અનેક નટો રોજ નવનવા વેશ પહેરીને અવનવા નાટક નીત ભજવે છે, એમાં જોનાર અને ભજવનાર બન્ને એક જ છે; આ દુનિયાનાં માનવીઓ ઘડીક રંગભૂમિ ઉપર ચડીને નાટક ભજવવા લાગે છે, તો બીજી જ પળે વેશ ઉતારીને પાછા પ્રેક્ષક બની જાય છે, પિતા પણ તેમાનાં જ હોવા જોઇએ. બીજી ક્ષણે વિચારધારા તૂટી અને ઉદ્‌ગાર નિકળી પડયા. ના........ના........પિતાજી આવું નીચ કાર્ય ન કરે, જરૂર ન જ કરે. જરૂર આ વિલાસી વારાંગના લાગે છે, અને તેણે જ માયા પ્રપંચથી દાસીને મોકલી, મને ઇંદ્રજાળમાં ફસાવી અત્રે લાવવામાં આવી છે, માયાવી ગણિકા મારા ઉપર જુઠો સ્નેહ બાંધી મને પાપના પંકમાં ડુબાડવાની બાજી ગોઠવે છે.

**"જ્યારે પાપનું સામ્રાજ્ય પૃથ્વી ઉપર છવાઈ જાય છે, ત્યારે સુખેથી જીવવાના ગીત અધુરા રહી જાય છે."** નર્તકી હારિણીના કઠોર અને માયાવી શબ્દ જાળના વચનો સાંભળી, સ્નેહ વિનાની સુકાયેલી સરિતામાં તરફડીઆ મારતી નર્મદાસુંદરી ચિત્તમાં મુંઝાવા લાગી.

ઓ પુત્રી! ચિંતાને મૂકી, ને હેતથી હસતી રમતી આ પરિવારને પોતાનો જાણી તારા સુતેલા જીવનને જગાડ.

અંતરના તૂટેલા તારનું સંધાન કરી તારા હૈયાના અધુરા રહેલા ગીતનું ગુંજન શરૂ કરી જીવનને સુગંધિત બનાવ, તારા વિતેલા દુઃખી જીવનમાં પીવાયેલા ઝેરના પ્યાલાનું ઝેર ઉતારી, વિષય અને વિલાસના અમૃત કટોરાનું તું પાન કરી તારા કરમાયેલા યૌવનને ખીલતું બનાવ, તું ઘણા વખત સુધી અંધારે આથડી, પણ આ હારિણીની મહેલાતમાં મનગમતા ભોગો ભોગવી તારા અંતરમાં જ્યોતિ જગાડ, તારા પિતાના અકારા કાર્યથી અકળાઇને તેં તારા કાળજાને કોરી નાખી કોડીઉં બનાવ્યું, તેમાં હારિણીના મનોભાવનું તેલ પુરી, તારા અધુરા રહેલા અરમાનોને વણી તેની દીવેટ બનાવી, તેને યૌવનનો અગ્નિ ચાંપી, પતંગીઆને ઝડપવા માટે તારી બુઝાયેલી જ્યોતને જગાવ, તારી આશાઓની તૂટેલી તુંબડીને વિલાસના મધુરા સરગમના તારથી સજાવ, અને જીંદગીને મધુરસના સ્વાદ ચખાડી આનંદમાં છલકાવી મૂક, તાર ભૂંડા પિતાના ભૂંડા કૃત્યની ખોટી આળપંપાળ છોડી મારા વચનને માન્ય કરી, સુંદર ભોગો ભોગવ, સ્નેહીના સંયોગનું અમુલખ ટાણું શા માટે ગુમાવે છે, વનનું ફુલ વૃક્ષથી નીચે પડી જેમ કરમાઈ જાય છે તેમ આવા અદ્‌ભુત યૌવનને શા માટે કરમાવે છે એવો કોણ મૂર્ખ હોય કે આવેલા અવસરને ત્યજી દે! મહેમાન આવીને જેમ ચાલ્યો જાય છે તેમ યૌવન પણ આવીને ચાલી જાય છે, જેમ કપુરની સુગંધ ક્ષણવાર મહેંકી ઉડી જાય છે. તેમ યૌવન પણ ઉડી જશે, ચાર દિવસની ચાંદની જેવું ધન અને યૌવન જ્યારે ઉડી જશે ત્યારે જીવનમાં અંધકાર ફેલાઈ જશે, આવા કમલના પુષ્પ જેવો દેહ ફરીફરીને ક્યાંથી મળશે,

જો પ્રભુ તને સદ્‌બુદ્ધિ આપે તો આવેલી તકનો લ્હાવો લઈ લે. જેમ માખી પત્થર ઉપર બેસીને સ્વાદ લીધા વિના ઊડી જાય છે તેમ આ ગુલાબી દેહ જ્યારે શ્યામતામાં પલટાઈ જઈ શરીરે કરચલીઓ પડશે ત્યારે તારે હાથ ઘસવા પડશે, તારામાં જેટલી ચતુરાઇ છે તેવો તને પુરૂષ મલશે, માટે હવે બધી આળ પંપાળ છોડીને ગણિકા કુલના માર્ગે આવ અને જે જે કાર્યો કરવાના છે, તે તું કબુલ કર. મેરૂ સમાન આશાઓ વડે ભરેલા મારા અરમાનથી મેં મોટા મોટા મીનાર ચણ્યા છે. જે આશાઓ આપીને નિરાશા પ્રાપ્ત કરાવે છે તેને કોટી ધિક્કાર છે, માટે તું આ કાર્યને અંગીકાર કર, તું જો ના કહીશ તો અમારૂં કાર્ય કેમ ચાલશે !

મન ભાવના ભોજન કરી, શરીર શોભતાં શણગાર સજી, તેલ, અત્તર, અગરના વિલેપન કરી, રૂડાં પ્રકારના સોપારી મિશ્રિત તાંબુલ આરોગતી, નવ નવરંગે હસતી રમતી રથમાં બેસી, વનમાં, ઉપવનમાં, ઉદ્યાનમાં અને શહેરમાં ફરવા નિકળ, અને શહેરના ભમરાઓને તારી નજરમાં નજરકેદ કરી ધનના ઢગલાની અધિષ્ઠાયિકા બન, ઓ નારી ! તારૂં રૂપ, સૌમ્યતા, માદકતા, અફાટ યુવાની, કઠણ હૃદયને પણ ત્વરિત ગતિએ ધગધગ બનાવી મૂકે છે. ઓ રૂપ યૌવના ! કવિઓના કાવ્યોમાં, કલાકારોના હાથમાં રમતી ચિત્રણની પીછીમાં, કથાકારોની કથામાં, તારા સૌંદર્યના તેજનું સત્વ સરખાવવાની શક્તિ ખુટી ગઇ છે. માટે વિચારોનો ત્યાગ કરી મારા અંતરને શાંત કર, પોતાની મેલી મુરાદોના મહાન મહેલોમાં વાસ કરાવવા માટે નર્મદાસુંદરીને વિનવવા લાગી.

રાત પસાર થતી હતી, ચોફેર વાતાવરણ કંઈક સુમસામ હતું તો ક્યાંક વાતાવરણમાં તેજસ્વિતા હતી. હારિણીના આવાસમાં દીવાની જ્યોતનો ઝળહળાટ ઝબુકતો હતો, હારિણીનું અંતર નર્મદાસુંદરીની પ્રાપ્તિમાં શરદ્‌ની શીતલતા અનુભવતું હતું જ્યારે તેના આવાસમાં તેના કપટનો ભોગ બનેલી નર્મદાસુંદરીના અંતરમાં શ્યામતાનો દાહ ઉત્પન્ન થયો હતો, ઓ કામદેવની કરામતમાં ઘેલી બનેલી બાઇ! તમારે આવા અઘટિત શબ્દો બોલવા ઉચિત નથી. આવા અનર્થને કરનારા શબ્દો તમારા જેવી માતનાં મૂખમાં શોભતા નથી, તમો મારા કુલને જાણો અને પછીથી વાત કરો. હું વ્યવહારિકની સદાચારી શીલ ગુણ સંપન્ન પુત્રી છું. લોટમાં જેટલું લુણ સમાય તેવી રીતે બોલવામાં પણ મર્યાદા રાખવી જોઇએ, હાથીની સ્વારી કરનાર કદાપી પ્રાણાંતે પણ ગધેડાની સ્વારી નહિ કરે.

"સદાચાર હાથીની સ્વારી જેવું છે."
"દુરાચાર ગધેડાની સ્વારી જેવું છે."

માટે તમો હવેથી એક પણ અણછાજતો શબ્દ ઉચ્ચારશો તો પરિણામ અતિ ખરાબ આવશે, અને તમારા મનની મેલી મુરાદો મનમાં જ રહી જશે. તમારી તરંગની રચેલી બાજી હવામાં ઉડી જશે, નર્મદાસુંદરીએ હારિણીને પોતાના અંતરની ઓળખાણ કરાવી.

ઓ નમણી નારી! તું મારા કરતાં પણ વિશેષ ગૌરાં-

ગના છે, વિશિષ્ટ સ્નેહ અને સૌંદર્યનું પ્રતિક છે. મારા કરતાં અનેક રીતે મારૂં યૌવન આબાદ છે, મારી ખ્યાતી મર્યાદિત પ્રદેશમાં વ્યાપેલી છે તો મારાથી પણ વધારે વિસ્તૃત આંતર-ખ્યાત થવાનો અણમૂલો અવસર તને પ્રાપ્ત થયો છે. માટે જીંદગીમાં આવા મહાન પ્રસંગો ફરી ફરીને મલવા અતિ દુષ્કર છે.

વળી જો તું નહિ માને તો અમારા પનારે પડેલી તું કેમ છૂટીશ ! સ્વર્ગનાં તમામ દેવતાઓમાં પણ એ તાકાત નથી કે હારિણીની ગુપ્ત ગુફામાંથી તારા જેવી મૃગલીઓને છોડાવી શકે. વિધાતાએ જે વસ્તુ તારા ગળે બાંધી છે તેને હવે તો વિધાતા પણ છોડાવી શકે તેમ નથી. મારા મીઠા મહેરામણની પૂર્તિ કરવાને અને અનુપમ સુખની ભોક્તા બનવાને માટે મારા મંદિરના આચારને ગ્રહણ કરી જીંદગી જીતી જા અને જીવન જીવવાનાં અધુરા રહેલા ગીતોને ફરી ગાઈને વિશ્વને ગજાવી મૂક, ઓ બાળા ! મારી નાની સરખી કલેજાની વાટકીમાં તારી પ્રાપ્તિથી આનંદના ઘુંટાયેલા કેસર તારા સિવાય હું કોની ઉપર છાંટું ! બોલ........બોલ........ ઓ વિધાતાની વિવિધ કલાથી ચિત્રાયેલી બાળા ! તારા આગમનથી મારી આંખોનું તેજ તને જોતાં જરા પણ ધરાતું નથી. મારા તનડાના તંબુરામાંથી સરકેલું તારા સુહાગનું ગીત તારા સિવાય કોઈ સાંભળનાર નથી. આજે મારી પ્રીતિના ઝુલણે તારા સિવાય કોઈ ઝુલનાર પણ નથી, તને જોઈને મારા હૈયામાં અજબ અને અદ્ભુત ઉલ્લાસ ઉભરાયો છે, તે ઉલ્લાસ તારા અરમાનોની પૂર્તિ કરવા માટે ધીરજ પણ

ધરી શકતો નથી, તારી શ્યામ થયેલી દુનિયામાં પોતાના બેસણાં કરી, બુઝાયેલી તારી જ્યોતને ઝળહળતી કરવા ઇચ્છે છે, હારિણી નર્મદાસુંદરીને કાંઈક તીખી તો કાંઈક સૌમ્ય મુખાકૃતિ કરીને સંબોધતી હતી.

ઓ દૈવ! એક વખત મને મારા પતિ વનમાં મૂકીને ચાલતા થયા, પિતાના પ્રેમે મને બચાવી લીધી, હવે તો માતા, પિતા, પતિ, સાસુ, સસરાઆદિ દૂર દૂર ક્ષિતિજમાં પણ દેખાતા નથી. પિતાજી મને તંબુમાં મૂકીને ગયા, ત્યારબાદ આ અભાગણી અને લંપટ દાસી મને ભંભેરીને ખોટી લાલચ બતાવી તેના આવાસે લઈ આવી, શું મેં વિધાતાને વિટંબના કરી હશે કે! આવા ભયાનક દુઃખના દરીઆ ખુંદવાનો વખત આવ્યો, મારા મનડાની વાતો કોઈ સાંભળનાર પણ નથી. મારા સ્વામિનાથે પહેલાં કલ્પલતા જેવી માની, પછી કંથારના ઝરડાંની જેમ એકલી અટૂલી રખડતી બનાવી મૂકી. નર્મદાસુંદરીને પતિના તથા પિતાના વિયોગનાં સોણલાં હૈયામાં ખટકવા લાગ્યા.

ઓ અભાગી આત્મા! તારા હાથના કર્યા હૈયે વાગ્યાં ઓ દૈવ! રહી રહીને પરભવના પાપો ઉભરાયાં ખરેખર! પૂર્વ ભવમાં બીજાને કંટક ભર્યા માર્ગો ઉપર વહન કરાવ્યાં હશે, શું મેં બીજાને સળગાવવા અનીતિના આક્ષેપોની હોળી ખડકી હશે! કે તેથી આ ભવમાં મને શરીરના રોમેરોમ દુઃખનો દાહ પ્રગટ થયો, ડગલે અને પગલે આફતોની ભૂતાવળો ડોકીઆં કરી રહી છે, બીજાને માથે આળના ઓછા-

ચાની ચુંદડી ઓઢાડી હશે તો જ મારા કલાન્ત હૃદયને આશ્વાસનના અમૃતને બદલે ભીષણ દુઃખના વિષ પીવાનો વખત આવ્યો. હે અભાગી દૈવ ! ભલે તેં આ ભવમાં પાપ નથી કર્યા પણ પૂર્વ ભવના સંચિત પાપો ઉભરાવા લાગ્યા છે, ખરેખર ! જીવનમાં પૂર્વોક્ત કરેલાં કર્મોના ઝેર ભરાયાં અને દૈવ રૂઠયું, અને ગણિકાના ગૃહમાં વાસ કરાવ્યો, કયાં........જવું........ અને કોને........કહેવું........કયાં........રહેવું. આ સંસારની અજબ ઘટમાળમાં મારી જેવી કેટલી અબળાઓ, આવી રૂપસુંદરીના પાંજરામાં પુરાયેલી હશે. જગતની તમામ સ્ત્રીશક્તિમાં ગણિકાની શક્તિને ઓળખવી અજબ મુશ્કેલ છે આ વિકટ પંથની કેડીમાં કેવી રીતે ચાલવું કે જેથી શીયલના સોહાગ જીવનમાં ટકી રહે, "આ ખારા ભવ સમુદ્રમાં શીયલ એ મીઠી વીરડી છે" જેમ શીકારીને દેખી હરણી તરફડે તેમ ગણિકાને દેખી નર્મદાસુંદરી વિલખા વદને અંતરમાં આવતી આફતના એંધાણને નિરખવા લાગી.

તું તો અણસમજુ અને બાળક છે, તને યૌવનના ફાલની શું ખબર પડે "ખાખરની ખીસકોલીને સાકરના સ્વાદ કયાંથી ગમે" કણેરના ફૂલની સુગંધી લેનારને ગુલાબનો પમરાટ કયાંથી સમજાય ! કુવાના દેડકાને સાગરની લહેરોની શું ખબર પડે ! તને હું લાડ લડાવીને રાખવાની વાત કરૂં છું ત્યાં તું ત્રાટકીને મારી સાથે વાત કરે છે સમજ........સમજ !........ઓ નારી........માનીશ તો રાણી બનીશ નહિતર ભુંડા હાલે મરણને શરણ થઈશ. હારિણી નર્મદાસુંદરીને ભ્રકુટી ચડાવી કહેવા લાગી.

ઓ કામાક્ષી ! તારી જુઠી વાતો મારે સાંભળવી નથી.

તારા તુચ્છ વચનો સાંભળવા માટે આ નર્મદાસુંદરી જરા પણ તૈયાર નથી. ઓ મંદમતિ! તારા કરેલા પાપો તુંજ ભોગવ; બીજાને શા માટે પરપુરૂષના ભોગ બનાવે છે. શું તું અમરપટો લખાવીને આવી છું. કે આવી અવળી શીખામણ બીજાને આપે છે. તું નારીના રૂપમાં કાળમુખી નાગણ દેખાય છે. તને ખબર નહિ હોય કે "**વિષય અને વાસના કિંપાકના ફળો જેવા છે.**" જેમ ઘડીભર મીઠાશ આપનાર કિંપાકનું ફળ મૃત્યુને નોતરી લાવે છે, તેમ ઘડીભર આનંદને આપનાર વિષય અને વાસનાનું આસ્વાદન દુર્ગતિને નોતરી લાવે છે. સૂર્યમાંથી અંગારાનો વરસાદ વરસે, સમુદ્ર મર્યાદા છોડે, શીયાળીયાથી સિંહનું પતન થાય, તો પણ પરપુરૂષના પનારે પડેલી શીયલવંતી નારીઓ પોતાના શીયલને અભેદ્ય અને અખંડિત રાખે છે. માટે જ ઓ ભોગમાં રાચતી ભામા! તારા હિતને ખાતર અને તારી ઇજ્જત ખાતર ખોળો પાથરીને તને કહું છું ઓ ગણિકા! તું મને ફસાવવાને માટે તારા ફંદ છોડી દે. તને ખબર નથી કે મારા ભરથાર અહીંથી ઘણા દૂર છે. માટે તારૂં સ્વમાન જાળવવા ઈચ્છતી હોય તો તારા મકાનમાં ગોંધી રાખેલી એવી મને જવા દે તેમાં જ તારૂં શ્રેય છે. આ કારમા સંસારને તું કેમ નથી સમજી શકતી. તું કયાં દાઝેલાની ઉપર ક્ષાર નાંખે છે. શરીરને કંપાવતી કંઈક ઉચ્ચ સ્વરે નર્મદાસુંદરી ગણિકાને કહેતી હતી.

જરૂર શામ, દામ, દંડ અને ભેદ જે જગતનો ન્યાય છે. તે જ સર્વથા સત્ય છે જ. જેમ ભાંડની ભેંસને ડાંગ મારવાથી જ પ્રસુતી થાય છે, તલને પીલવાથી જ તેલ નીકળે

છે, જ્યાંસુધી સીધી આંગળી હોય ત્યાંસુધી ઘી બહાર નીકળતું નથી તેમ આ અભાગણી નારી ભીતી આપ્યા વગર માનવાની પણ નથી અહીંથી તેને છોડાવનાર પણ કોણ છે, એમ ગણિકા મનમાં વિચાર કરતી રાત વધારે જવાથી પોતાના ઓરડામાં જઈને સૂઈ ગઈ.

જ્યાં વાસનાના જ ફુવારા ઉડતા હોય ત્યાં માનવતા તો શું પણ! માનવતાનો ચહેરો પણ ક્યાંથી જોવા મળે, વાસનાની વાઘણના પંજામાં ફસાયેલી નર્મદાસુંદરી નિસાસાપૂર્વક શીયલના રક્ષણ માટે મજબુત માર્ગ શોધતી પોતાના મગજને ચારે તરફ ઘુમાવતી હતી. તેની નિદ્રા આજે વેરણ થઈ ચૂકી હતી. એક બીછાના ઉપર પોતાના શરીરને લાંબુ કરી જીંદગીને જીતવાના અને ગણિકાના આવાસમાંથી છટકવાના રસ્તા શોધતી હતી. કોઈક સમયે વાતાયન તરફ દૃષ્ટિપાત કરતી હતી. તો કોઈક વખત દાદરના સામુ જોતી વિચારતી હતી. વહેતા જલમાં ઉડતા પંખીની પડતી છાંય સમી આ જીંદગી ચડતી અને પડતીના વમળમાં અટવાયેલી છે, રડવું અને હસવું એ જીંદગીનો અબાધિત ક્રમ છે. સુખની આશાઓ ક્ષણિક છે. તો દુઃખ અનંત છે, ઓ મુર્ખ મન! ઝાકળને જલના ધોધ બનાવવાના તારા કોડ કેમ નથી મટતા! પતિ તથા પિતાની ખોટી આશાઓમાં ઝુલતા મનને નર્મદાસુંદરી ઓલંભા આપતી, પોતાના ભાગ્ય ઉપર નિસાસા નાંખતી હતી. ઓ દૈવ! ક્યાં તેં મારા શીયલના ભંગને માટે આજે ગણિકાને ઘેર મોકલી. હવે તો શીયલને સાચવી શકાય તેવી સલામત શેરી બતાવ, એમ વિચારતી સૂઈ ગઈ.

ઉગતા પ્રભાતની પ્રભાને ચાલી ગયા ઘણો સમય વ્યતિત થઈ ગયો હતો. સૂર્યના કિરણો અંગાર વરસાવતા ધરાને ધીખાવતા હતા, વૃક્ષોના પર્ણો પણ નિસ્પંદ હતા. જાણે કોઈ ભયાનક કાંડ આવવાની દહેશતે આશંકામાં એ સૌના શ્વાસ થંભી ગયા હતા. પાણીના જલાશયો સુકાઈ ગયા હતા. અને તેમાં કાંકરા ઉડતા હતા. કોઈ કોઇ સરિતાઓ નાના પટમાં વિરહતી હતી. તો કોઇ કોઈ હિમાચલમાંણી નીકળીને સાગરને પગે પડતી નદીઓ અથાગ વહેણમાં ઉછરંગથી ઉછાળા મારતી પોતાના પ્રાણનાથની ગોદમાં સમાતી હતી. નામે બન્ને સરિતા, એકમાં જલનો થોડો થોડો પ્રવાહ હતો. તો બીજીમાં મરવાની બીકે જીવવાની શક્તિનો અભાવ, તેવી જ રીતે આ વિશાલ જગતના પટ ઉપર કોઈ દુઃખોની પરંપરામાં ઝુરીને જીવે છે, કોઈ માનવો સુખમાં છકી છકીને જીવે છે. એક પ્રકારના બન્ને માનવોમાં આસ્માન અને જમીન જેટલો તફાવત કેમ ?

અમૃત રૂપી દેહમાં વાસનાના ઝેર રેડાય તો તે ઝેર દુઃખોની પરંપરાને વધારી દુર્ગતિના દાવાનલમાં ભમાવી નાંખે છે. ઘડીભર સુખો પ્રાપ્ત થાય પણ પછી દુઃખોનો દરિઓ ચોફેરથી ઘેરી લે છે.

એ જ દેહમાં ત્યાગ અને સદાચારનું અમૃત મળે તો તે જ આત્મા અમુલ્ય સ્થાનનો ભાજન થાય છે. ભલે પછી ઘડીભરનું દુઃખ વેઠવું પડે. પણ અબાધિત સુખની પ્રાપ્તિ કરાવવાની તાકાત તેનામાં રહેલી છે. નર્મદાસુંદરી વિચારમગ્ન

બનીને આત્મામાં દુઃખને ધારણ કરતી પંચપરમેષ્ઠીનું આરાધન કરવા લાગી.

એ નારી! તું શા માટે પેટને ચોળી શૂળ ઉભું કરે છે. તને જેમ જેમ હું તારી હા જી હા કરૂં છું તેમ તેમ તું અભિમાની બની માતંગ જેવી બને છે. તારા રૂપના ગૌરવમાં ઘેલી બની તું શા માટે હઠ પકડીને બેઠી છે. તું માન........માન........તેમાં જ તારૂં જીવન આબાદ છે. નહિંતર સામી કોટડીમાં પૂરીને તને આ ચાબકાના માર મારીશ. હારિણી નર્મદાસુંદરીને ચારે ભેદ વડે સમજાવવાની કોશીષ કરી ચુકી હતી. પણ અડીખમ પહાડ સમા નિશ્ચયને અંતરમાં ધારણ કરીને બેઠેલી નર્મદાસુંદરી જરા પણ ચલિત થવા માટે તૈયાર નહોતી.

જેમ શકરો બાજ ઉપર તૂટી પડે, વાઘ ઘેટા ઉપર તૂટી પડે, તેમ હારિણી પોતાના બધા જ મોહપાશના વચનોને છોડી પોતાના સત્તાવાહી શબ્દોનો કોરડો પણ વીંઝી ચુકી હતી. જાણે કોઈ ઝેરી સર્પનો કુંફાડો આવતો હોય તેમ હારિણીને નર્મદાસુંદરી, ઝેરી નાગણ સમી દેખાતી હતી. ઉશ્કેરાયેલી હારિણી નર્મદાસુંદરીનો ચોટલો પકડી બીજા હાથે ચાબકો પકડી ઓરડામાં ખેંચી જવાનો પ્રયત્ન કરે છે; ત્યાં જ હારિણીનું દૈવ કોપ્યું અને પેટમાં દુઃખાવો ઉત્પન્ન થયો. અને હારિણી જમીન ઉપર ઢળી પડી. તત્કાલ દાસદાસીઓ માવજત કરવા માટે અનેક પ્રકારની સામગ્રીઓથી ઉપચાર કરવા લાગ્યા, પણ પાપ ભરાઈ ચુકયું હતું, થોડી-

વાર શ્વાસોશ્વાસ જોર શોરથી ચાલ્યા. અને પોતે કંઈ પણ પોતાના કરેલાં પાપનું પ્રાયશ્ચિત્ત માંગે તે પહેલા તેનો શ્વાસોશ્વાસ થંભી ગયો. અને પ્રાણ પંખેરૂં કોઇક જુદી દુનિયાની મહેમાનગીરી ચાખવા ચાલી નીકળ્યું. ખરેખર વિધિનો ક્રમ છે. "જે ખાડો ખોદે તે પડે" જેવા પ્રકારની કરણી હોય છે તેવા જ પ્રકારનું તાદૃશ્ય ફળ આ ભવમાં અને પરભવમાં પ્રાપ્ત થાય છે.

પ્રકરણ પંદરમું સમાપ્ત



## પ્રકરણ ૧૬ મું

## દુઃખમાંથી સુખ

આ અસ્થિર સંસારમાં ભાન ભૂલ્યા માનવીઓ અમૃત જેવી કાયાને સન્માર્ગે લઈ જવાને બદલે વિષયોમાં લોલુપ બનાવી જીવનને સળગાવી મૂકે છે. જીંદગી જીતવાને માટે માનવ જીવનરૂપી કટોરામાં સદાચાર, સદ્‌ધર્મ અને નીતિના અમૃત ભરવા જોઈએ, તેના બદલે વિષય, કષાય અને ખોટી આશાઓના ઝેર ભરી પોતાની અણમોલ જીંદગીને પાપના પંથે વાળી વિનાશ નોતરે છે, એક વખત જેની કંચન જેવી કાયા પુષ્પોની શય્યામાં રમતી હોય છે. તે જ કાયા પાપના પંકમાં ખૂંચીને કંટકની શય્યામાં આળોટવા માટે અતિશય દુઃખોના સમૂહને ખેંચી લાવે છે, જુઠી જુઠી આશાઓના મિનારા બાંધી માનવી જીવવાના સ્વપ્નો સેવે છે, પણ અણધારી વેળાએ આશાના મિનારા તૂટી પડતાં જ જીંદગી જીવવાના અરમાન અધુરાં રહી જાય છે. એવી માયાજાળ દુનિયાના વહેતા પ્રવાહમાં વિહરતી હારિણી ક્ષણ-વાર પહેલાં આ આવાસમાં જાણે અજર અમરપદની પ્રાપ્તિ કરીને બેઠી હોય તેમ પોતાના મનને ખોટી આશાઓની

અને વાસનાની કારમી માયાજાળમાં ખેલતી હતી. પણ બીજાને પોતાની જાળમાં સપડાવી વિષના પાન કરાવતાં પહેલાં જ મૃત્યુને ભેટી યમના દ્વારે હિસાબ ચુકતે કરવા ચાલી નીકળતાં જ પોતાની આશાના અધુરાં રહેલા સ્વપ્નો હવામાં સરકી ગયાં. નર્મદાસુંદરી હારિણીના મૃતક પાસે આ સંસારની વિચિત્રતા ઉપર હસતી હસતી ઊભી હતી.

દિવસના કાર્યમાં મશગૂલ બનેલા માનવોનો શોરબકોર શમી ગયો હતો. પવન પણ ધીમો હતો. પક્ષીઓ પોતાના આવાસમાં પાછા ફર્યા હતા. દિવસનો નાથ દિવાકર ક્ષિતિજની પેલે પાર નર્મદાસુંદરીના દુઃખથી ગભરાઈને ચાલી ગયો હતો અને આવતા દુઃખોના એંધાણ આપવા રજનીનું રાજ્ય ધરા ઉપર વ્યાપ્ત થયાથી તૈયારીમાં હતું તારલાઓ થોડા પ્રમાણમા પ્રકાશતાં દૃષ્ટિગોચર થતા હતા. જ્યાં દરરોજ ગીત, નૃત્ય અને પાયલના રણકાર વાગતા હતા. તે આવાસમાં હારિણીના અવસાનથી સૂમસામ હતું. અવસાનના સમાચાર વીજળી વેગે રાજ દરબારમાં પહોંચ્યા હતા. અણધાર્યા અવસાનથી રાજવી વિસ્મય પામી સેવકો તથા મંત્રીઓને બોલાવી હુકમ કર્યો કે રાજ્યના કાયદા મુજબ બીનવારસ ગુજરી ગયેલી આપણા નગરની રાજનર્તકી હારિણીની તમામ મિલ્કત કબ્જે કરી રાજયની તીજોરીમાં જમા કરાવો.

રાજવીની આજ્ઞા સાંભળી સેવકો સહિત પ્રધાનમંત્રી ખજાનાનો કબ્જો લેવા હારિણીના મકાનમાં આવી પહોંચ્યા. ત્યાં જ સામે ઉભી રહેલી નર્મદાસુંદરીને જોઈ થંભી ગયા અને પરસ્પર વાતો કરવા લાગ્યા. આ સુંદર અંગવાળી દાસી

હારિણીના આવાસમાં ક્યાંથી ! સેવકો બોલી ઊઠયા, જરૂર ! કોઈ દેવાંગના લાગે છે....ના....ના....દેવાંગના આવા આગારમાં હોય કયાંથી ! એમ બોલતો મંત્રીશ્વર સેવકોને સૂચક ભાવે કહેવા લાગ્યો; જરૂર, હારિણીનું સ્થાન ઉજ્વલ બનાવે તેવી કામદેવની રતિ સમાન આ સ્ત્રીને ઉપહારિણી બનાવી રાજનર્તકીનું બિરૂદ આપવું જોઈએ માટે ચાલો આપણે રાજવીને ખબર આપીએ. એમ બોલી મંત્રીશ્વરે સેવકો સાથે હારિણીના આવાસમાંથી વિદાય લીધી.

ઓ કૃપાનાથ! હારિણી આ લોકને છોડી પરલોકમાં પહોંચી ચુકી છે. પણ તેનાથી અધિક રૂપવંતી એક સુંદર કામલતા જેવી નમણી ગૌરાંગના તેના ઘરમાં છે રૂપમાં રંભાને હરાવીને પૃથ્વી ઉપર તે આવેલી લાગે છે. તેની આંખો હરણના જેવી છે, તેના દાંત દાડમની કળીથી પણ વધારે દૂધ જેવા ઉજળા છે, તેનો દેહ ગુલાબના પુષ્પ જેવો સુકોમળ છે, તેનામાં રહેલા તમામ લક્ષણો હારિણી કરતાં અધિક પ્રકારે ઉત્તમ છે તેથી તે રાજનર્તકી હારિણીના સ્થાનને શોભાવી શકે તેમ છે. વધારે આપ નામદારને ખાત્રી કરવી હોય તો આપ તેને અત્રે બોલાવી જોઈ શકો છો. અમારી જીભે તેના વખાણ કરવાની હવે શકિત જ નથી. તેથી અમે બીનવારસ હારિણીનું ધન લીધા વિના આપની પાસે આવ્યા છીએ. મંત્રીએ નમસ્કાર કરીને સઘળી હકીકત કહી સંભાળાવી.

મંત્રીશ્વર! તમે કહો છો તે પ્રમાણે વસ્તુસ્થિતિ હશે તો તેને આપણે હારિણીની પદવી આપીશું અને તમામ

મિલ્કતની ભોક્તા પણ તેને જ બનાવીશું. માટે તમો સેવકો સહિત ત્યાં જઈને તાત્કાલિક તે નવયૌવનાને પાલખીમાં બેસાડી રાજસભામાં લઈ આવો. રાજાએ મંત્રીને આજ્ઞા કરી અને સેવકો સહિત મંત્રી ત્યાંથી નીકળી ગણિકાને ઘેર આવ્યો,

ઓ સુકોમળ નારી ! ખરેખર, તું પૂર્ણ ભાગ્યશાળી છે. તારી ઉપર આજે કીરતારની અમી ભરી દૃષ્ટિ છે, કે જેથી બબ્બરકુળ નરેશ મકરધ્વજ રાજવીની પ્રસન્નતા ઉતરી છે. આજે તારે માટે સુવર્ણનો દિવસ છે કે અમારા મહારાજા તને રાજનર્તકીની પદવી અર્પણ કરવા માટે તૈયાર થયા છે. તેથી તું અમારી સાથે પાલખીમાં બેસીને ચાલ. અમારા કલારસિક અને ધન, ધાન્ય, સુવર્ણ તથા હારિણીની તમામ રિદ્ધી સિદ્ધી તારા ચરણોમાં પથરાશે માટે મારા વચનો તું ગ્રહણ કરી પાલખીમાં બેસી રાજસભામાં આવવા માટે તૈયાર થા.

વાસનાની વહેતી સરિતામાંથી છૂટકારો થયો. ત્યાં તો રાજવી પણ આ દુર્ભાગી રૂપ ઉપર ન્યોચ્છાવર થયો. ખરેખર ! કયા કરમની કાળી શાહીથી જીંદગીની કરૂણ કથનીનાં ચોપડા લખાયા હશે ! વિષયાતુર રાજવી મારી પાસે ભોગ સુખની માંગણી કરશે તો હું તેને શું જવાબ આપીશ. મારા જેવી અબળાનું જોર કાળ જેવા રાજવી સામે શું ચાલશે. ઓ દૈવ ! હવે આ કારમા પંથ ઉપર હું........શું........કરીશ ! એમ વિચારતી વિયોગણ નર્મદાસુંદરી વારંવાર કર્મને દોષ આપતી, છાનાં છાનાં આંસુઓથી અંતરની ઊર્મીઓને ભડકે બાળતી આંખ સામે આવીને ઊભેલા પ્રલયકાળને જોતી, આંખમાંથી

લખધારે આંસુઓને વેરતી નર્મદાસુંદરીને મંત્રી યમના દુત જેવો દેખાવા લાગ્યો.

ઓ ગુણવંતી ગોરડી! તું બેઠા બેઠા શું વિચાર કરે છે. ખોટા વિચારો છોડી દઈ સુવર્ણના રથ ઉપર તું આરૂઢ થઈ રાજસભામાં આવી રાજવીને તારા રૂપના પ્રતિબિંબમાં ભાનભૂલો બનાવી મોહપાશમાં બાંધી ધનદોલતને તું પ્રાપ્ત કર જેથી તારું જીવન, યૌવન અને રૂપ ધન્ય બની જાય. મંત્રીએ નર્મદાસુંદરીને સત્તાવાહી શબ્દોના પ્રહાર કરવા માંડયા.

જો આકાશ તૂટી પડે, પૃથ્વી રસાતળ થઈ જાય, પર્વતો પાંખોવાળા થઇને પૃથ્વીને ત્રાસ પમાડે, સમુદ્રો પોતાની મર્યાદા મૂકી પૃથ્વી તળને ચોતરફથી પાણીમાં તરબોળ બનાવી મૂકે અથવા જો માતા પોતાના પ્રથમ જન્મેલા બાળકને મારી નાખે, તો પણ મારા જીવના જોખમે શિયળ વ્રતનો ભંગ થવા નહીં દઉં. નર્મદાસુંદરીએ કાંઇક આક્રોશ પૂર્ણ અવાજે મંત્રીને જવાબ આપ્યો.

મૃતક ઉપર જેમ ગીધ તૂટી પડે તેમ સ્થિર થઈને ઊભી રહેલી નર્મદાસુંદરી ઉપર મંત્રીએ ફાળ ભરી અને હાથ પકડીને ખેંચી નીચે ઉતારી સુંદર શણગારેલા સુવર્ણના રથ ઉપર બેસાડી. અને રથ પવનવેગે ઉપડયો.

જેમ સિંહ પાંજરામાં પૂરાય તેમ પરવશ બનેલી નર્મદાસુંદરી શરમીંદી બનીને મૂખને છૂપાવતી મનમાં મહા મંગલકારી નમસ્કાર મહામંત્ર ગણવા લાગી. ઘૂંઘરાથી ગાજતો અને સેવકોથી રક્ષાયેલો રથ બજાર વચ્ચે પસાર થતો હતો, ત્યાં

શિયળના રક્ષણને માટે નર્મદાસુંદરી રથમાંથી, હરણફાળ ભરે તેમ રસ્તામાં બાજુની ખાળમાં કૂદી પડી. પોતાના શરીરને કાદવથી લીંપી નાખી છૂટા કેશ કરી જાણે કોઈ યક્ષ વળગ્યો હોય તેમ ધૂણતી, કપડાં ફાડતી, લોકોને બીહામણા સ્વરૂપથી બીવડાવતી, મુખથી દાંતીઆ કરતી, મોટી ચીસોથી કરૂણ આક્રંદ કરતી, ઘડીક ખડખડ હસતી તો ઘડીકમાં ચોધાર આંસુઓથી રૂદન કરતી, ઘડીકમાંથી ખાળમાંથી કાદવ લઈને માથા ઉપર નાખતી, લોકોના કપડાં ફાડવા લાગી, નર્મદા' સુંદરીનું આવું બીહામણું સ્વરૂપ જોઈને મંત્રીશ્વરે ત્વરિત રાજસભામાં જઈ રાજવીને તમામ હકીકત કહી સંભળાવી. મંત્રીશ્વરના વચનો સાંભળી રાજવી ખેદ ધારણ કરતો વિચાર કરવા લાગ્યો, અને મંત્રીશ્વરને આજ્ઞા કરી કે પડહ વગડાવો" જે આ નારીને સાજી કરશે તેને રાજવી એક લાખ દિનાર આપશે. રાજાની આજ્ઞા શિરોમાન્ય કરી પ્રધાને સેવકને હુકમ કર્યો.

ઢમક........ઢમક........ઢમ........ઢમ........ઢોલ ઉપરનું જાણે પૂર્વ ભવનું વેર વાળતી હોય તેમ દાંડી ધડુકવા લાગી અને રાજવીનો હુકમ મંત્રીશ્વરના કહેવાથી ઢોલી સંભળાવવા લાગ્યો.

**"જે આ નારીને સાજી કરશે તેને રાજવી એક લાખ સોનૈયા આપશે."**

આખા બબ્બરકુલમાં ઢોલી ફર્યો, પણ પડહનો ઝીલનારો નગરમાં કોઈ ન નીકળ્યો. બીજી વખત ઢોલીએ પડહ વગાડયો ત્યારે "**સુંઠના ગાંગડે ગાંધી**" એ કહેવત મુજબ ભૂત–પ્રેતના મંત્રથી અજાણ એવો એક લાખ દિનારની

આશાએ એક બ્રાહ્મણે પડહો ઝીલ્યો. અને ઢોલીએ પડહના ઝીલનાર બ્રાહ્મણને રાજસભામાં લાવી રાજવીને સોંપ્યો.

મહારાજાધિરાજ ! એમાં કયું મોટું કાર્ય છે, આપની કૃપા અને પ્રભુની મહેરબાની હશે તો હમણાં તે નારીને સાજી કરી બતાવું. મેં મારી જીંદગીમાં સેંકડોના પ્રમાણમાં ભૂત–પ્રેત–શંકા–ડાકણ, મુઠ–ચોંટ–ચુડેલ–ખવીસ–જંન ઇત્યાદિ વ્યંતરોને ક્ષણવારમાં ભગાડી મૂકયા છે, તો આ પ્રેતને એક ચપટીના ઇશારામાં ભગાડી મૂકું, પણ એ નારીને આપ અત્રે બોલાવવા માટે અનુચરોને મોકલો. રાજવી સમક્ષ બડાઈના વાકયો બોલતો બ્રાહ્મણ ઉભો રહ્યો અને રાજવીએ પોતાના અનુચરોને આજ્ઞા કરી, નર્મદાસુંદરીને પકડી લાવવા માટે મોકલ્યા.

થોડા વખતમાં સેવકો ફાટેલાં કપડાંવાળી અને ગંધાતા શરીરવાળી, બેહુદા સ્વરૂપવાળી નર્મદાસુંદરીને લઇ રાજસભામાં આવ્યા. અને બ્રાહ્મણના કહેવાથી એક અંધારી ઓરડીમાં તેને પુરી અને બ્રાહ્મણ પણ લાખ દીનારની લાલચમાં લપટાઈ ઉત્સાહથી ઓરડીમાં જઇને તેને ધૂપ કરતો મંત્ર ભણીને ફૂંક મારવા લાગ્યો. નર્મદાસુંદરી શીયલની શીતલવાડીને સાચવવા માટે કષ્ટ સહન કરતી વિચારવા લાગી કે ભોળા બ્રાહ્મણને સમજણ પણ નથી કે આમાં સાચી વસ્તુ સ્થિતિ શું છે ? ભોળા બ્રાહ્મણના કાર્ય ઉપર અંતરમાં હસતી નર્મદાસુંદરી વધારે પ્રમાણમાં ધમાલ કરવા લાગી. બ્રાહ્મણ પણ પોતાના મંત્રો ઉચ્ચ સ્વરે બોલતો હતો. અને નર્મદાસુંદરી અવિરતપણે ધુણતી હતી. એકાએક નર્મદાસુંદરી દાંત કાઢીને બ્રાહ્મણ ઉપર ત્રાડુકી અને મંત્રોચ્ચાર કરતો અર્ધનગ્ન

અવસ્થામાં બ્રાહ્મણ ઓરડીના દ્વાર ઉઘાડીને ભાગ્યો. આગળ બ્રાહ્મણ અને પાછળ નર્મદાસુંદરી–બજાર સુધી દોડતા જતા હતાં. બ્રાહ્મણની લોકોને દયા આવી અને તેને છોડાવ્યો, એટલે તે પોતાના સ્થાનકે ગયો.

બબ્બરકુળના ચોરે–ચૌટે અને ચોકમાં નર્મદાસુંદરી, જીનગુણ કોકીલ કંઠે ગાતી ભૂંડી દશામાં ભમતી હતી. એકદા તેને જીનદાસે દીઠી, નગરજનોને દૂર કરી, જીનદાસ નર્મદા-સુંદરીને પૂછવા લાગ્યો.

ઓ ભુંડી નારી! તું જીનેશ્વર ભગવંતના ગુણને ગાતી આ નગરમાં ભમે છે તેનું કારણ શું છે? તું શ્રાવક કુલમાં ઉત્પન્ન થયેલી લાગે છે, તું સાચું કહે કે શા માટે તું બહારથી ગાંડી અને અંતરથી ડાહી દેખાડવાનો દંભ કરે છે, તું કોણ છે! કોની પુત્રી છે? ઓ બહેની! તું મને સાચું કહી બતાવ, કારણ કે હું શ્રાવક છું. એમ જીનદાસ શેઠ નર્મદાસુંદરીને પૂછવા લાગ્યો.

ઓ શ્રાવક! વગર વિચારી વાત કરવી અસ્થાને છે. તમો વિચાર તો કરો કે અત્યારે વાત કરવાનો પ્રસંગ છે? **અવસરને જોઈ વાત કરે તેજ વહેવારીઓ અને અવસર વગરની વાત કરે તે મૂર્ખ.** એ પ્રમાણે નર્મદાસુંદરીના વચનો સાંભળી જીનદાસ ચુપચાપ પોતાના ઘર તરફ જવા માટે નિકળ્યો.

ઉદાસપણે આકાશ સંધ્યાના રૂપની પાંખડીઓ ધીરે ધીરે સંકેલી રહ્યું હતું. સ્નિગ્ધ, સ્વપ્નસ્થ–હવાના થરોમાં

અંધકારના સપ્તસુર અત્યંત આછા પ્રગટી ઉઠતા હતા. દૂર પ્રકાશહીન ગગનપ્રદેશે ભૂખરી શ્યામ વાદળીઓ સરકી જતી હતી રસ્તાની એક બાજુએ અર્ધનગ્ન અવસ્થામાં નર્મદાસુંદરી સૂતી હતી. તેની નિદ્રા વેરણ થઇ ગઇ હતી કેમે કર્યું તેને કશું ગમતું નહોતું, આવું સુંદર જીવન કર્મના ઉદયે રખડતું થયું. ખરેખર! સંધ્યાના રંગનું રૂપ જીવનમાં મિથ્યા અને ક્ષણિકતાનો સાચો સંદેશો આપતું જાય છે. અનંતના એક બિંદુ જેવા જીવનના સૌંદર્યની ભીતરમાં કેટકેટલી અકળામણ, વિસંવાદિતા અને ક્ષુલ્લકતા ઠાંસી ઠાંસીને ભર્યાં છે. એક તો નિર્જન અને નિઃસ્તબ્ધ ગગનતળે વેરાઈ રહેલા વિષાદના કરૂણ વિલાપથી તેનું મન અકળામણ અનુભવતું હતું. ઘનઘોર થતી રાત્રી પોતાતા પંથ ઉપર દોડતી હતી. જીંદગીના છેલ્લા શ્વાસોશ્વાસ ભરતી નર્મદાસુંદરીના અંતરના ઉંડાણમાં પોતાના પતિ પ્રત્યેનો નરમ અને ક્ષણિક ક્રોધાદિક અગ્નિ બળતો હતો. મધ્યરાત્રિ વિતી ચુકી હતી. નર્મદાસુંદરીના અધુરા સ્વપ્ન વિદાય લઇ ચુકયા હતા. કુદરતના ખોળે જીવનને મુકતી ઠંડા પવનના આગમનની સાથે નિદ્રાધીન થઈ.

પૂર્વમાંથી ઝબકારા મારતો સવિતાદેવ આવે તે પહેલાં જ નર્મદાસુંદરીએ ચોરે–ચૌટે અને ચોકમાં ફરવાનો પોતાનો નિત્યક્રમ ચાલુ કરી દીધો. દરરોજ પાછળ ભમતાં માનવીઓમાં આજે વધારો થઈ ચુકયો હતો. આખું નગર તેનાથી ત્રાસ પોકારતું હતું. રસ્તામાં જે કાંઈ વસ્તુ દેખે તેને તોડતી–ફોડતી આગળ વધતી હતી. નર્મદાસુંદરીમાં મોહિત બનેલો રાજવી દરરોજ અવનવા ઇલાજ કરાવતો હતો " ઉંઘતો

બોલે પણ જાગતો ના બોલે" એ કહેવત અનુસાર તે સદૈવ વિશેષ પ્રકારે ગાંડપણ કરવા લાગી.

ઉદધિને ઉછાંછળો બની ઉછળવાની, ચંદ્રમાને પોતાની સંપૂર્ણ કલાઓને વિકસાવી ભૂમિ ઉપર દૂધ જેવા કિરણોને ફેંકવાની ઘણી વાર હતી. નગરની નારીઓ કૌમુદી મહોત્સવ હોવાથી ટોળે મળીને દેવમંદિર તરફ જતી હતી. થોડાં ઘણાં દેવસ્થાનોમાં જઈ ચૂકયાં, ઘણાં જવાના બાકી હતાં, નગર આજે અગમ્ય ઉત્સાહઘેલું હતું. અવનવા પ્રકારના સંગીતના સરોદો ગલીએ ગલીએ સંભળાતા હતા. નર્મદાસુંદરી પણ જીનેશ્વર ભગવંતના મંદિરે જઈ મધુરા આલાપથી પ્રભુની સ્તવના કરીને બહાર નીકળી આમતેમ નજર કરતી હતી, ત્યાં જિનદાસ શેઠનો મેલાપ થયો અને હૈયાની અધુરી વાતો શરૂ થઈ.

નર્મદા નગરના સહદેવ શ્રેષ્ઠી મારા પિતા થાય છે, હું વર્ધમાન નગરના રુદ્રદત્ત શ્રેષ્ઠીની પુત્રવધૂ છું.

એકદા મારા પતિની સાથે પ્રવહણમાં જતાં તેઓ મને વનમાં રખડતી મૂકી ચાલ્યા ગયા. ત્યાં મારા પિતા એકાએક મળ્યા. ત્યાંથી મને તેઓ આ નગરમાં લાવ્યા. અને આ નગરની રાજનર્તકી હારિણીએ મને તેના આવાસમાં દગાથી કેદ કરી હારિણીના મૃત્યુથી રાજવી મને નર્તકી બનાવવાના કોડ સેવે છે. મેં પણ મારા શિયળને સાચવવા માટે આવો પ્રસંગ ઉપસ્થિત કર્યો છે. જિનદાસ શ્રેષ્ઠી પ્રત્યે નર્મદાસુંદરી કહેવા લાગી.

તારા પિતાએ તારી આખી જીવન કથની મને કહી સંભળાવી હતી. અમે બન્ને નાનપણના મિત્રો છીએ. અમારો વહેવાર સગા ભાઈથી પણ અધિક છે. મને તારા પિતાએ તારી શોધ કરવા માટે આ નગરમાં મોકલ્યો છે. તારે કોઈની બીક રાખવાની નથી. હવેથી તું મારી પુત્રી છે. મારા તરફથી તારે ચિંતા કરવાનું કોઈ કારણ નથી. તને કોઈપણ પ્રકારે આ નગરીમાંથી છોડાવી મારી સાથે લઈ જઈશ. માટે તું અંતરમાં શાંતિ રાખીને યોગ્ય સમયની રાહ જોતી દિવસો પસાર કર. નર્મદાસુંદરીને સાંત્વન આપી જિનદાસ શ્રેષ્ઠી વખારે આવી તમામ કરિયાણા વેચી નાખવા માટે વેપારીઓને પોતાને ત્યાં નોતર્યા. અને કરિયાણાં વેચીને માલમી લોકોને વહાણો તૈયાર કરવાનો આદેશ આપ્યો.

જિનદાસ શ્રેષ્ઠીના વહાણોની વિદાયગીરી સાંભળી રાજવીએ શ્રેષ્ઠીને રાજસભામાં બોલાવવા માટે સેવકોને સમુદ્ર-તટ ઉર મોકલ્યા.

ઓ નરેશ્વર! આપ ફરમાવો કે આ સેવકનું આપને શું કાર્ય પડયું છે? રાજવીના આમંત્રણથી જિનદાસ શ્રેષ્ઠી રાજસભામાં આવી નૃપતિને નમસ્કાર કરી પૂછવા લાગ્યો.

ઓ પરદેશી વહેવારીઆ! આ નગરમાં એક પરદેશી અને વિવેકહીન નારી ચોરે, ગલીએ અને ચોકમાં અતિશય તોફાન કરતી ધમાલ કરે છે. તે કોઈનાથી ગભરાતી પણ નથી. અતિશય તોફાનથી જેમ વાનર વનને મેદાનમાં પલટાવી નાખે તેમ તેણે નગરમાં તોફાન કરીને ઘણું નુકશાન

કર્યું છે. તેના તોફાનથી નગરવાસીઓ ગભરાઇને તેને પકડતાં પણ વિચાર કરે છે. માટે હે સાર્થવાહ! જેમ મદારી સાપને કરંડિયામાં પૂરે તેમ પકડીને તમારા પ્રવહણમાં લઈ જાવ અને કોઇક અઘોર અરણ્યમાં તેને છોડી મૂકજો. જિનદાસને મિત્રભાવે રાજવીએ પોતાની વાત કહી સંભળાવી અને જિનદાસ શ્રેષ્ઠી રાજવીને નમસ્કાર કરી રાજસભામાંથી નીકળી રસ્તામાંથી નર્મદાસુંદરીને સાથે લઇ સમુદ્ર કિનારે આવ્યો અને બન્ને વહાણમાં બેઠા.

ખાણમાંથી કાઢેલા રત્નનો કચરો સાફ કરવાથી જેમ રત્ન ઝળહળે છે અને પછી તેના પેલ પાડવાથી જેમ દેદીપ્યમાન દેખાય છે તેમ નર્મદાસુંદરીને વહાણમાં દાસીઓએ શેઠના હુકમથી નવરાવી અને તેનું અદ્ભુત રૂપ પ્રગટ કર્યું. અનેક પ્રકારના વિવિધ જાતના આભૂષણો પહેરીને બેઠેલી નર્મદાસુંદરી અલૌકિક દેખાવા લાગી, જિનદાસ શ્રેષ્ઠીએ માલમી લોકોને આજ્ઞા કરી ને વહાણો ઉપાડયા. આપ્તજનોની વિજોગણ નર્મદાસુંદરીને સ્નેહીઓની સાથે જલ્દી મેળાપ કરાવવા તલસી ન રહ્યા હોય તેમ વહાણો રાતદિવસ અથાગ રીતે વહેતાં નર્મદાનગર આવી પહોંચ્યાં.

જીત નિશાનો ગડગડયાં, ભેરી, ભુંગળ, ઢોલ, દુંદુભિ, વિગેરેના સૂરોથી સમુદ્રનું શાંત વાતાવરણ ખીલખીલાટ હસી ઉઠયું. નર્મદાસુંદરી પ્રવહણ ઉપરથી ઉતરીને જિનદાસ શ્રેષ્ઠીની સાથે અતિ આડંબરપૂર્વક પિતાને ઘેર ગઈ. નર્મદાસુંદરીને જોઈને સહદેવ શ્રેષ્ઠી તથા કુટુંબીજનોને અંગેઅંગમાંથી મનોલ્લાસ નિતરવા લાગ્યો. અને હેતના આંસુઓ ટપકવા

લાગ્યાં. જાણે અમૃતના મેઘ ન વરસતા હોય ! તેમ સકલ સ્નેહીઓના આનંદનો અવધિ નહોતો. નિશદિન પ્રભુ ભક્તિમાં મગ્ન બનતી નર્મદાસુંદરી પોતાના માતા-પિતાના સાનિધ્યમાં આનંદથી દિવસો પસાર કરવા લાગી, નર્મદાસુંદરીને પિતાને ઘેર સોંપી જિનદાસ ભરૂચ નગર તરફ જવા માટે પ્રયાણ કરી ચૂકયો હતો.

નિર્વિકાર અને શંકારહિતપણે સાહેલીઓની સાથે ક્રીડાઓ કરતી નર્મદાસુંદરી આનંદમાં દિવસો પસાર કરતી હતી. તેવારે એકદા જિનદાસ શ્રેષ્ઠિ નર્મદાસુંદરીને કહેવા લાગ્યો; "ઓ શિયલગુણસંપન્ન પુત્રી ? મુનિના આક્રોશે તને દુઃખોની પરંપરામાં ડૂબાડી દીધી; પણ શિયલના પ્રભાવે કરી આપણે બધા ફરીથી અબાધિત રીતે ભેગાં થયાં, હવે તારી ઈચ્છા હોય તો તને વગર વિચારે જંગલમાં રખડાવનાર તારા પતિને અત્રે બોલાવીએ. પતિના ગુણને સંભારતી મહાસતી પિતા સમક્ષ એક પણ શબ્દ ઉચ્ચારી શકી નહી તેથી પિતાએ પુત્રીના મનના આનંદ ખાતર અને સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ રૂપ ગૃહ-ચૈત્ય બનાવી તેમાં જિનેશ્વર ભગવંતની સ્થાપના કરી નર્મદાસુંદરી પણ દરરોજ વીતરાગ દેવની સ્તુતિ તથા સત્તર પ્રકારે પૂજના કરી, આત્માનો અનેરો લ્હાવો લેતી, માનવજીવનને સફળ કરતી હતી—

**પ્રકરણ ૧૬ મું સમાપ્ત.**

## પ્રકરણ ૧૭ મું

## દેશના અને પૂર્વભવ

જેમના દર્શનથી ભવોભવના પાપ દૂર થઈ જાય એવા જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રચાર, તપાચાર, અને વીર્યાચારને પાળતા અને છત્રીસ ગુણો વડે શોભતા એવા આચાર્ય ભગવંત એકદા નગરના ઉદ્યાનમાં પધાર્યા. નગરમાં હર્ષની વધામણી મલતાં નગરજનો અને પોતાના કુટુંબ સહિત સહદેવ શ્રેષ્ઠી ત્યાં આવી ગુરુ ભગવંતના ચરણ કમલને વિધિપૂર્વક વંદન કરી ધર્મોપદેશ સાંભળવા સર્વે નગરજનો સહિત બેઠો. અને ગુણવંતજ્ઞાની ગુરુ ભગવંતે ઉપદેશની અમૃતધારા વહેતી મૂકી.

હે ભવ્યજનો!

આ ઘોર સંસાર સમુદ્રના જેવો અપાર છે. તેમાં ચોરાસી લાખ જીવાયોનિને વિષે પ્રાણી રખડયા કરે છે, આ સંસાર રૂપી નાટકમાં સંસારી પ્રાણીઓ શ્રોત્રીય, ચંડાળ, સ્વામી, સેવક, બ્રહ્મા અને કૃમીના વેશો ધરીને અનેક ચેષ્ટાઓ કરે છે. સંસારી પ્રાણી કર્મના સંબંધથી ભાડે રાખેલી, ઝુંપડીની જેમ કઈ યોનિમાં નથી ગયો અને કઇ યોનિ તેણે છોડી નથી?

આ સમગ્ર લોકાકાશમાં પોતપોતાના કર્મથી દરેક પ્રાણીએ નાનાં રૂપો ધરીને સ્પર્શ કર્યો ન હોય તેવી જરા માત્ર પૃથ્વી ઉપર જગ્યા નથી, સર્વ પ્રદેશોને તેણે સ્પર્શ કરેલો છે, આ જગતમાં નારકી, તિર્યંચ, મનુષ્ય, અને દેવ, એ ચાર પ્રકારનાં પ્રાણીઓ છે, તેઓ પ્રાયઃ કર્મના સંબંધથી બાધિત થઈને ઘણું દુઃખ ભોગવ્યા કરે છે. પહેલા ત્રણ નરકોમાં માત્ર ઉષ્ણવેદના છે, અને મધ્યના ચોથા નરકમાં ઉષ્ણ અને શીત બન્ને પ્રકારની ક્ષેત્ર વેદના છે તે અનુસારે તે તે ક્ષેત્રમાં દુઃખ થયા કરે છે. એ ઉષ્ણ અને શીત નરકોમાં લોઢાનો પર્વત પણ કદી લઈ જવામાં આવે તો તે ત્યાંની ભૂમિનો સ્પર્શ કર્યા અગાઉ જ ઓગળી જાય છે અથવા વેરવિખેર થઈ જાય છે. એ પ્રમાણેની ક્ષેત્ર વેદના ઉપરાંત પરસ્પર નારકી જીવોએ ઉપજાવેલી વેદના તથા પરમાધામી કૃત વેદના એમ ત્રણ પ્રકારની વેદનાઓએ જેમને મહાદુઃખ ઉત્પાદન કરેલું છે, એવા નારકીઓ વિવિધ દુઃખોથી પીડિત થઇને તે નરક ભૂમિમાં વસે છે, નાના મોઢા વાળી કુંભી જેવા સ્થાનમાં ઉત્પન્ન થયેલા નારકી જીવોને પરમાધામી દેવો સીસાની સળીઓ જેમ જંતરડામાંથી ખેંચે તેમ લઘુ દ્વારથી આકર્ષણ કરે છે. કેટલાક નારકી જીવોને વસ્ત્રો જેમ ધોબી પછાડે તેમ હાથ પગ વિગેરેથી પકડીને વજ્રકંટક જેવી સંકટકારી શિલાના પૃષ્ઠ ઉપર પરમાધામીઓ પછાડે છે, કોઈ ઠેકાણે કાષ્ઠની જેમ દારૂણ કરવતથી વિદારે છે. કોઈ ઠેકાણે તલની જેમ વિચિત્ર યંત્રોથી પીલવામાં આવે છે. વળી નિત્ય તૃષાતુર એવા તે રાંકડાઓને ત્યાંથી લઈ જઇને તૃષા શાંત કરાવવા માટે લોખંડ અને સીસાના રસને વહન કરનારી

વૈતરિણી નામની નદીમાં ઉતારવામાં આવે છે. કદી તે પ્રાણીઓને છાયામાં બેસવાની ઈચ્છા થાય તો તેમને અસિપત્ર વનમાં લઈ જાય છે, ત્યાં તે વનમાં રહેલા વૃક્ષોના શસ્ત્ર જેવા પત્રો પડવાથી તેઓના તિલતિલ જેવડા કટકા થઈ જાય છે. કોઈ ઠેકાણે વજ્ર કંટક જેવા શાલ્મલીના વૃક્ષની સાથે અને કોઇ ઠેકાણે અત્યંત તપાવેલી, લોઢાની પુતલીઓની સાથે આલિંગન કરાવે છે. અને તે વખતે તેઓએ કરેલાં પરસ્રીઓના આલિંગનનું સ્મરણ કરાવે છે, કોઈ ઠેકાણે પૂર્વે કરેલું માંસભક્ષણનું લોલુપીપણું યાદ આપીને તેમને તેઓના અંગનું જ માંસ તોડી તોડીને ખવરાવવામાં આવે છે. અને પૂર્વે કરેલી મદિરાપાનની લોલુપતાનું સ્મરણ કરાવીને તપાવેલું સીસું પાવામાં આવે છે. વળી ભ્રાષ્ટ્રુ, ખરજ, મહાશૂલ અને કુંભીપાક વિગેરેની વેદનાનો નિરંતર અનુભવ કરાવે છે. તથા માંસની પેઠે તેઓને શેકવામાં આવે છે. તે પ્રાણીઓના શરીર છિન્ન ભિન્ન થઈને પાછા મળી જાય તેવા છે. તેઓના નેત્રાદિક અંગો, બગલા અને કંક વિગેરે પક્ષીઓની પાસે ખેંચાવે છે. આ પ્રમાણે મહાદુઃખોથી હણાયેલા અને સુખના એક અંશથી પણ રહિત પ્રાણીઓ ત્યાં રહીને યાવત્ તેત્રીશ સાગરોપમ જેવા કાળને નિર્ગમન કરે છે.

કેટલાએક પ્રાણીઓ તિર્યંચ ગતિને પ્રાપ્ત થઈ તેમાં પણ એકેન્દ્રિયપણું પામે છે. અને તેમાં પણ પૃથ્વીકાય રૂપને પ્રાપ્ત થઈ હળાદિક શસ્રોથી ફડાય છે, હાથી, ઘોડા વિગેરેથી ચોળાય છે, જળ પ્રવાહોથી પ્લાવિત થાય છે દાવાનળથી દહન થઈ જાય છે, ખારા–ખાટા અને મલમૂત્રાદિકના જલથી વ્યથા પામે છે, લવણ ક્ષારને પામ્યા હોય છે તો ઉષ્ણ જલમાં તેને

ઉકાળવામાં આવે છે, કુંભાર પ્રમુખ તેના દેહના ઘડા, ઈંટ વિગેરે કરીને પકવે છે, ભીંતમાં કાદવરૂપે થઈને ચણાય છે, કોઈ ક્ષાર મૃત્તિકાના પુટપાકવડે પકવીને તેઓને શરાણથી ઘસે છે, કોઈવાર ટાંકણાથી તેમનું વિદારણ થાય છે, અને પર્વતની સરિતાના પ્રવાહોથી ફાડી નખાય છે, અપૂકાયપણાને પામેલા જંતુઓ સૂર્યના કિરણોથી તપાય છે, હિમરૂપે ઘનીભૂત કરાય છે, રજથી શોષાય છે, ઘણા ક્ષાર રસના સંપર્કથી પરસ્પર મૃત્યુ પામે છે, થાળીની અંદર રાખીને પચાવાય છે અને તૃષાવાળા માણસોથી પીવાય છે. તેઉકાયપણાને પામેલાં જંતુઓ જલાદિકથી બુઝાવાય છે. ઘણ વિગેરેથી કુટાય છે અને ઇંધણાદિકથી દગ્ધ કરાય છે. વાયુકાય પણાને પામેલા જંતુઓ પંખા વિગેરેથી હણાય છે, ક્ષણે ક્ષણે શીતોષ્ણ પ્રમુખ દ્રવ્યના યોગથી મૃત્યુ પામે છે, નવા પવનના આગમનથી જુના પવનના જીવોનો નાશ થાય છે, મુખાદિકના પવનોથી પણ વિરાધના પામે છે. અને સર્પ પ્રમુખથી પાન કરાય છે. કંદ આદિ દશ પ્રકારની વનસ્પતિકાયને પામેલા જંતુઓ હંમેશા છેદાય છે, ભેદાય છે. અગ્નિના યોગથી પકાવાય છે, પરસ્પર ઘર્ષણોથી પીલાય છે. અન્ય પ્રયોગ વડે શોષણ થાય છે. ખાવાના લોલુપીઓ ક્ષાર પ્રમુખના યોગથી તેને બાળે છે. અને એકત્ર પણ કરે છે, સર્વ અવસ્થામાં ભક્ષણ કરાય છે. પવનોથી ભંગાય છે, દાવાનળોથી ભસ્મ કરાય છે, અને નદીના પ્રવાહથી ઉખેડાય છે, એવી રીતે સર્વ વનસ્પતિઓ સર્વને ભોજ્ય થઈ પડે છે. અને સર્વ પ્રકારનાં શસ્ત્રોથી તેઓ સર્વદા કલેશની પરંપરાનો અનુભવ કરે છે.

બેઇન્દ્રિયપણામાં પોરા વિગેરે થઈને તપાય છે, અને પીવાય છે, કૃમિઓ (કીડા) થાય છે તો ચરણોથી ચૂર્ણ થાય છે. અને ચકલા વિગેરે પક્ષિઓ તેમનું ભક્ષણ કરે છે, શંખાદિક જંતુઓ ખોડાય છે, જળો વિગેરેનો નિષ્કર્ષ થાય છે, અને ગંડુપદ વિગેરે જે પેટનાં જંતુઓનો ઔષધાદિક વડે જઠરમાંથી પાત છે. ત્રીન્દ્રિયપણામાં જૂ અને માંકડ વિગેરે શરીર સાથે ચોળાય છે, અને ઉષ્ણજલથી તપાય છે. કીડીઓ પગથી અને સંમાર્જનથી પીડાય છે, અને અદૃશ્ય એવા કુંથુવા વિગેરેનું આસનાદિકથી મંથન થાય છે, ચતુરિન્દ્રિયપણામાં મધમાખી અને ભમર્યાદિક જંતુઓ મધુભક્ષક પુરૂષોએ કરેલા લાકડી તથા નાના પત્થરોના તાડનથી વિરાધાય છે, ડાંસ અને મચ્છર પ્રમુખ પ્રાણીઓ પંખા વિગેરેથી તત્કાળ મરણને શરણ થાય છે. ગરોળી વિગેરે માંખ તથા કરોળીઆને ગળે છે, આ અસ્થિર સંસાર મત્સ્યગલાગલ જેવો છે અને તેમાં એક બળવાનથી બીજો બળવાન હણાય છે.

**" આ અથિર સંસારમાં ધર્મ વિહોણો આત્મા કથિર જેવો છે."**

પંચેન્દ્રિયપણામાં જળચર પ્રાણીઓ ઉત્સુક થઇ ને પરસ્પર એકબીજાનું ભક્ષણ કરે છે, અને માછીમારો તેઓને પકડે છે, અનેક બીજા જલચર જીવોને ચરબીના અર્થે પકડી તેમને ચરબીને માટે ગાળે છે, સ્થળચરોમાં ઉત્પન્ન થયેલા પ્રાણીઓમાં માંસને ખાનારા બળવાન સિંહ, વાઘ, ચિત્તા આદિ પ્રાણીઓ નિર્બળ એવા મૃગલા, સસલાં

આદિને મારી નાખે છે, મૃગયા કરનારાં પુરૂષો શિકાર કરવામાં પોતાના ચિત્તને આસક્ત કરીને ક્રીડાથી વા માંસની ઈચ્છાથી અનેક ઉપાયો રચીને તે નિરપરાધી પ્રાણીઓને હણે છે, કેટલાંએક પ્રાણીઓ ક્ષુધા, પિપાસા શીત, ઉષ્ણ, અને અતિ ભાર વહન કરવા વિગેરેથી તેમજ ચાબુક, અંકુશ અને કોરડાના મારથી અસહ્ય વેદનાને સહન કરે છે. ખેચર પ્રાણીઓમાં તેતર, શુક, કપોત, ચકલા વિગેરે ઘણી જાતના પ્રાણીઓને માંસમાં લુબ્ધ થયેલા શ્યેન, સીંચાણા અને ગીધપક્ષીઓ પકડીને ગ્રાસ કરે છે. કેટલાએક માંસના લોભી શિકારી પુરૂષો અનેક જાતના ઉપાય વિસ્તારી તેઓને પકડે છે, અને અનેક જાતની વિડંબનાથી તેમનો નાશ કરે છે, તિર્યંચ પક્ષીઓને જળ, અગ્નિ અને શસ્ત્ર વિગેરેથી સર્વ રીતે ભય રહ્યા કરે છે. અહા ! કર્મબંધનનું નિબંધન કેટલું વર્ણવીએ !

મનુષ્ય પણું પ્રાપ્ત થયાં છતાં પણ અનાર્ય દેશમાં ઉત્પન્ન થયેલાં પ્રાણીઓ એવું પાપ કરે છે. કે જે અતિ અવર્ણનીય છે. આર્યદેશમાં પણ ચંડાળ, અને શ્વાપદાદિ જાતિમાં ઉત્પન્ન થાય છે તેઓ પણ તેવાં પાપ કરે છે અને તેને અનુસારે મહાદુઃખનો અનુભવ કરે છે. કેટલાએક પ્રાણીઓ આર્યદેશમાં ઉત્પન્ન થયા છતાં અનાર્ય ચેષ્ટાવાળા થાય છે અને તેને લીધે તેઓ દુઃખ, દારિદ્ર અને દૌર્ભાગ્યથી દગ્ધ થઈ ને નિરંતર દુઃખ ભોગવે છે. કેટલાક મનુષ્યો પારકાની સંપત્તિનો ઉત્કર્ષ થવાથી અને પોતાની સંપત્તિનો અપકર્ષ થવાથી તેમજ બીજાની સેવા કરવા વડે દગ્ધ ચિત્તવાળા થવાથી દુઃખે કરી જીવે છે. કેટલાએક દીન પુરૂષો રોગ, જરા, અને મૃત્યુથી ગ્રસ્ત થઈને

તથા નીચકર્મવડે કદર્થના પામીને દયા ઉત્પન્ન કરે તેવી દુઃખદ દશાને અનુભવે છે. વળી મનુષ્યપણામાં પણ ઘોર નરકમાં નિવાસ કરવા જેવા ગર્ભાવાસના દુઃખને અનુભવે છે, ગર્ભાવાસના અનંતદુઃખ પાસે જરા, મૃત્યુ, રોગ અને દાસપણું કાંઈ વિસાતમાં પણ નથી. તપાવીને કરેલી અગ્નિ જેવા વર્ણવાળી સોયોથી રોમરોમે ભેદાયેલા પુરૂષને જેટલું દુઃખ થાય છે તેનાથી આઠગણું દુઃખ પ્રાણીને ગર્ભાવાસમાં ઉત્પન્ન થાય છે. વળી યોનિયંત્રમાંથી નીકળતી વખત પ્રાણીને જે દુઃખ થાય છે તે ગર્ભાવાસના દુઃખથી પણ અનંત ગણું છે જન્મ્યા પછી પણ બાલ્યવયમાં મૂત્ર અને વિષ્ટાથી, યૌવન વયમાં રતિવિલાસોથી, અને વૃદ્ધાવસ્થામાં શ્વાસ તથા ખાંસીના રોગથી એ પ્રાણી પીલાય છે તો પણ તેને કદાપી શરમ આવતી નથી. "**પ્રાણી બાલ્યાવસ્થામાં વિષ્ટાનો ડુક્કર**" "**યૌવનાવસ્થામાં કામદેવનો ગધેડો**" અને છેવટે "**વૃદ્ધાવસ્થામાં ઘરડો બેલ બને છે.**" પણ કદાપિ તે પુરૂષ છતાં પુરૂષ થતો નથી. નાનપણમાં માતાના મુખ સામું જોવાવાળો, યૌવનવયમાં સ્ત્રીના મુખ સામું જોવાવાળો અને ઘડપણમાં પુત્રના મુખ સામું જોવાવાળો થાય છે. પણ એ મૂર્ખ માનવી કોઈ વાર અંતર્મૂખ થતો જ નથી. "**એ જ કળી યુગની કકડતી કમબખ્તી છે.**" ધનની આશામાં વિહ્વળ થયેલો પ્રાણી, સેવા, કૃષિ, વ્યાપાર, અને પશુપાલન વિગેરે ઉદ્યોગથી પોતાના જન્મને નિષ્ફળ ગુમાવે છે. કોઈવાર ચોરી, કોઇ વાર ધૂત, અને કોઈ વાર જારપણું કરવાથી મનુષ્યોને વારંવાર સંસારમાં પરિભ્રમણ કરવાનાં કારણ ઉત્પન્ન થયા કરે છે. મોહથી અંધ થયેલા પ્રાણીઓ સુખી હોય છે ત્યારે

કામ વિલાસથી દુઃખી થાય છે. અને દીનતા તથા રૂદન કરવાથી પોતાનો જન્મ ગુમાવે પણ છે. ધર્મ કાર્ય કરતા નથી. અનંત કર્મના સમૂહનો ક્ષણમાત્રમાં ક્ષય કરવાને સમર્થ એવા મનુષ્યપણું પ્રાપ્ત થાય છતાં પણ પાપી પુરૂષો પાપ કર્મ કર્યા કરે છે. જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણ રત્નોના પાત્રરૂપ મનુષ્યપણામાં જે પાપ કર્મ કરવું તે સુવર્ણ પાત્રમાં મદિરા ભરવા જેવું છે. જેમ સ્વયંભૂરમણ સમુદ્રમાં સામસામી દિશાએ નાંખેલું ધોંસરૂં ને ખીલી અનંતઃકાળે કદાપિ એકઠું થઈ અને ધોંસરામાં ખીલી પરોવાઈ જાય એ જેટલું અસંભવિત અને કવચિત જ બને. તેમ મનુષ્યપણું પામવું પણ અતિ દુર્લભ છે. આ મનુષ્યપણું અહા! મૂર્ખ જેમ ચિંતામણી રત્ન હારી જાય તેમ પ્રાણી હારી જઇને પરમાધામીના પનારે પડે છે. સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિના કારણ રૂપ મનુષ્યપણું પ્રાપ્ત થયા છતાં પણ માણસ નરક પ્રાપ્તિના ઉપાયરૂપ કર્મની અંદર ઉદ્યમ કર્યા કરે છે તે આ અસ્થિર સંસારની એક મહાન અજાયબી છે. અનુત્તર વિમાનના દેવતાઓ પણ મોટા પ્રયત્નથી જેની આશા રાખે છે, એવું મનુષ્યપણું પ્રાપ્ત થયા છતાં પણ તેને પાપી માનવીઓ પાપકર્મમાં નાખી નરકને નોતરે છે. નરકમાં પરોક્ષ દુઃખ છે પણ અવિરત પણે પાપકર્મને આચરનાર આત્મા મનુષ્યપણામાં પ્રત્યક્ષ રીતે દુઃખને અનુભવે છે.

શોક, અમર્ષ, ખેદ, ઇર્ષ્યા, અને દીનતા વિગેરેથી જેમની બુદ્ધિ હણાયેલી છે. એવા દેવતાઓમાં પણ દુઃખનું સામ્રાજ્ય પ્રવર્તી રહેલું છે, બીજાની મહાઋદ્ધિને જોઇને

દેવતાઓ પોતાના અલ્પ સુકૃતને સંપાદન કરનારા પૂર્વજન્મના જીવિતનો ચિરકાળ શોક કરે છે. બીજા કોઈ બળવાન દેવતાની તરફથી પોતાને અડચણ ઉત્પન્ન થતાં તેનો પ્રતિકાર કરવાને અસમર્થ એવા દેવતાઓ તીક્ષ્ણ એવા અમર્ષ રૂપ શલ્યથી નિરંતર કચવાયા કરે છે," મેં પૂર્વજન્મમાં કાંઇપણ સુકૃત કર્યું જણાતું નથી, જેથી આ ભવમાં સેવક દેવપણાને પામ્યો છું.'' આવી રીતે વિચારતાં અને પોતાનાથી અધિક ઉત્તરોત્તર બીજા દેવોની લક્ષ્મીને દેખતાં નિરંતર કેટલાએક દેવતાઓ ખેદ કર્યા કરે છે. કેટલાક દેવતાઓ બીજાઓની વિમાન, ઉપવન, સ્ત્રી રત્નની સંપત્તિ જોઈ જોઈને યાવજ્જીવિત ઇર્ષારૂપી અગ્નિની ઉર્મીઓથી બળ્યા કરે છે. કેટલાક દેવતાઓ બીજો બલીષ્ટ દેવતા તરફથી પોતાનું સર્વસ્વ લૂંટાઈ જતાં દીનવૃત્તિએ "હે પ્રાણેશ ! હે પ્રભુ ! હે દેવ ! તમે પ્રસન્ન થાઓ" એમ ગદ્ ગદ્‌સ્વરે પોકારે છે. પુણ્યથી સ્વર્ગલોક પ્રાપ્ત થાય છતાં પણ કામી દેવતાઓ કામ, ક્રોધ, અને ભયથી આતુર થયા છતાં ક્યારે પણ સ્વસ્થપણાને પામતા નથી, વળી દેવતાઓ દેવ ભુવનમાંથી પોતાને ચ્યવવાનાં ચિન્હોને અગાઉથી જોઈને "અમે ક્યાં સંતાઇ જઇએ." એમ બોલ્યા કરે છે અને સંતાઈ પણ જાય છે. કલ્પવૃક્ષોનાં પુષ્પોથી ઉત્પન્ન થયેલી માળાઓ ગ્લાનિ પામે નહીં પણ ચ્યવન નજીક આવે છે તે વખતે દેવતાના મુખકમળની સાથે તે પણ ગ્લાનિ પામી જાય છે. મોટા બળવાન્ ! પુરૂષોથી પણ અકંપ્ય એવાં કલ્પવૃક્ષો તેઓના હૃદયની સાથે સંધિબંધ શિથીલ થઈ જવાથી કંપાયમાન થાય છે. ઉત્પન્ન થયા ત્યારથી જ પ્રાપ્ત થયેલી અને ઘણી પ્યારી એવી લક્ષ્મી અને લજ્જા પણ જાણે અપરાધ કર્યો હોય

તેમને તેઓ તત્કાળ છોડી દે છે. નિરંતર નિર્મળ એવી વસ્ત્રની શોભા પણ અકસ્માત્ પ્રસરેલા મલિન અને ગાઢ પાપના સમૂહથી હોય તેમ તત્કાળ મલીન થઈ જાય છે. મૃત્યુ સમયે જેમ કીડીઓને પાંખો આવે છે તેમ તેઓને તે વખતે અદીનપણું છતાં દૈન્યતા આવે છે અને નિદ્રારહિત હોવા છતાં નિદ્રા આવે છે. મરવાને ઇચ્છતા એવા પુરૂષો જેમ યત્ન કરીને પણ કુપથ્ય સેવનની ઇચ્છા કરે છે તેમ અજ્ઞાની દેવતાઓ એવે વખતે ન્યાય તથા ધર્મને બાધ કરીને વિષયો ઉપર રાગ ધરે છે. નિરોગી છતાં પણ ભવિષ્યમાં આવનાર ચ્યવનથી ઉઠેલી વેદનાને જાણે વશ થયેલા હોય તેમ તેઓના સર્વ અંગોપાંગના સાંધાઓ ભાંગવા માંડે છે, અર્થાત્ આળસ ઉપર આળસ મરડવા લાગે છે. જાણે બીજાઓની સંપત્તિના ઉત્કર્ષને જોવાને અસમર્થ હોય તેમ તેઓની પદાર્થને ગ્રહણ કરવામાં દૃષ્ટિઓ અસુંદર થઇ જાય છે. ભવિષ્યમાં આવનાર ગર્ભાવાસનાં દુઃખોનો જાણે તેઓને ભય લાગ્યો હોય તેમ પોતાને થયેલા પ્રકંપથી ચપળ અંગોવડે બીજાઓને પણ બીવરાવે છે. પૂર્વોક્ત ચિન્હો વડે તેઓને ચ્યવવાનો નિશ્ચય થવાથી જાણે અગ્નિના અંગારાઓએ તેમનું આલિંગન કર્યું હોય તેમ વિમાનમાં, નંદનવનમાં, વાપિકામાં કે કોઇપણ સ્થાનકે તેઓને શાંતિ વળતી નથી. વે વખતે તેઓ વિલાપ કરે છે કે હા પ્રિયા ! હો વિમાનો ! હા વાપિકાઓ ! અને હા કલ્પવૃક્ષો ! હતભાગી એવા મારા વિયોગથી તમે હવે મને ફરીથી ક્યાં જોવામાં આવશો ? હા ! અમૃતને વરસાવનારી વાણીરૂપ અમૃતમયકાંતા, રત્નના ઘડેલા સ્થંભો, શોભાસહિત મણિમય ભૂમિઓ અને રત્નમયી વેદિકાઓ ! તમે

કોને આશ્રયે જશો? રત્નની પદપંક્તિએ યુક્ત અને મણિબંધ કમળોવાળી હે પૂર્ણવાપિકાઓ તમો કોના ઉપભોગને અર્થે થશો? હે પારિજાત! હે સંતાન! હે હરિચંદન! અને હે કલ્પવૃક્ષ! શું તમે આ માલેકને છોડી દેશો? અરે! સ્ત્રીના ગર્ભરૂપ નરકમાં શું મારે પરવશ થઈને નિવાસ કરવો પડશે? અહા! મારે પોતાના કર્મથી બંધાઈને જઠર રૂપ અંગાર સગડીના પાકથી થતું દુઃખ સહન કરવું પડશે! અરે! રતિસુખની ભંડાર એવી આ દેવાંગનાઓ ક્યાં, અને અશુચિનું જ સ્થાનક એવી માનવ સ્ત્રીઓ ક્યાં? આ પ્રમાણે સ્વર્ગીય વસ્તુને સંભારી વિલાપ કરતા એ દેવતાઓ દીપક જેમ ક્ષણવારમાં બુઝાઈ જાય છે તેમ ત્યાંથી ચ્યવી જાય છે માટે હે દેવાનુપ્રિય ભવ્યો! સંસારરૂપ કાંતારમાં લાંબા વખતથી પરિભ્રમણ કરતાં તમે મનુષ્ય જીવન પામ્યા છો, અવિકલ પંચેન્દ્રિયપણું, ઉત્તમકુલ, આરોગ્ય, અને ધર્મ, બુદ્ધિ, રૂપ, વિગેરે તમોને પ્રાપ્ત થઇ છે માટે મિથ્યાત્વ અને અવિરતિના સંગની ઉપેક્ષા કરો, સમ્યક્ત્વ દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપી ધનની ઈચ્છા રાખો, પ્રમાદી પ્રાણીઓના વિપાકને જુઓ, ક્ષણવારમાં દૃષ્ટનષ્ટ થનારા સર્વ પદાર્થોની ચિંતના અને ફરી આર્યક્ષેત્રાદિ લાભની દુર્લભતાને વિચારો, અને વળી ઐહિક તુચ્છ લવમાત્ર સુખમાં લુબ્ધ બની, તમે નિઃશંક થઈને કેમ રહો છો? શું યમરાજે તમને નિર્ભય પત્ર લખી આપ્યું છે? અથવા તમોને કોઈએ અજરામરપણું અપાવ્યું છે? કે ક્યાંય મરણાદિ દુઃખ રહિત સ્થાન તમારા જોવામાં આવ્યું છે? અથવા શાશ્વત ભાવના કારણરૂપ કાંઈ રસાયન તમને સાંપડયું છે કે જેથી ઉત્સુકતાના સ્થાને પણ ગાઢ મદવાળા

બનો છો ? માટે હે દેવાનુપ્રિયો ! સદ્ધર્મ સાધવામાં ઉદ્યમ કરો અને સેંકડો દુઃખો પમાડનાર પાપકર્મની સંગતિને મૂકો, પ્રાણીઓને પોતાની સમાન ગણી તેઓની રક્ષા કરો, નિર્દોષ પ્રવ્રજ્યા ગ્રહણ કરો, અને મોહનું મંથન કરનારી એવી પ્રસિદ્ધ સિદ્ધાંતની દેશના સાંભળો, સાધર્મીકજનોની ભક્તિ કરો અને સાકર ભેળવેલા ઝેરના લાડુ જેવા વિષયોથી અલિપ્ત રહો, નિર્ગુણીજનોની ઉપેક્ષા કરી, આત્મપ્રશંસાને તજો. કષાયોનો નાશ કરી, સંતોષને સેવો, કોઈની નિંદા ન કરો, અને ઐશ્વર્ય લુબ્ધ ન બનો, પાપકાર્યને તજી પરોપકાર બુદ્ધિમાં રક્ત બનો,

હે ભવ્યાત્માઓ ! આ સંસાર રૂપી સ્મશાનમાં મહા-ઉદ્ધત અને ફાડેલા મૂખવાળી વિષયની પિપાસા રૂપી મોટી શિયાલણી, અત્યંત અનિવારિત પ્રચારવાળી ચોફેર ભમે છે દેવ, મનુષ્ય અને વિદ્યાધરોના પરાક્રમનો પરાભવ કરનારી, મંત્ર અને તંત્રથી ગ્રહણ કરી ન શકાય તેવી અને મહા-ભયંકર જરારૂપી ડાકિણી નિરંતર અનિવારિત પ્રવર્તે છે. મોટી પાંખોને વિસ્તારનારા કોઈની અપેક્ષા વિનાજ જીવોના માહાત્મ્યને આક્રમણ કરનાર અને સર્વથા પાસે રહેલા કષાય રૂપી ગીધ પક્ષિઓ પ્રસરે છે. વિવિધ પ્રકારે વિકારને આપનારા, જીવિતનું હરણ કરવામાં પણ સામર્થ્યને પામેલા તથા જેનો પ્રચાર જાણી શકાય તેવો નથી એવા રોગરૂપી સર્પો વિલાસ કરે છે. થોડા છિદ્રને પામીને પણ જેને તત્કાળ હર્ષનો પ્રકર્ષ ઉત્પન્ન થાય છે અને ત્રણ ભુવનમાં ફર્યા કરે છે. એવો મરણ રૂપી પિચાશ વિસ્તારને પામે છે, ઇષ્ટનો વિયોગ અને અનિ-

ષ્ટનો સંયોગ વગેરે દુઃખોરૂપી વૃક્ષોનો સમૂહ ચોતરફથી વિવેક રૂપી સૂર્યના કિરણોના પ્રકારને નિવારે છે માટે હે ભવ્યાત્માઓ ! સુખની ઈચ્છાવાળા તમારે આવા ભયંકર સંસારમાં ક્ષણવાર પણ વસવું યોગ્ય નથી.

હાથમાંથી ઝરતા પાણીની જેમ સમયે સમયે આ સંસારમાં વસનારા જીવોનું આયુષ્ય ગળે છે, વ્યાધિ, વૃદ્ધાવસ્થા, અને પીડાપણ નિરંતર શરીરને દુઃખ આપે છે. અતિ ઘણા કલેશથી ઉપાર્જન કરેલી લક્ષ્મી પણ વીજળીની જેમ ચંચળ છે, પ્રિય, પુત્ર, અને સ્વજનોનો સંયોગ પણ જલના તરંગની જેમ નાશવંત છે. પિશાચણીના જેવી વિષયની તૃષ્ણા કોઈ પણ પ્રકારે દુઃખે કરીને નિગ્રહ કરી શકાય તેવી છે, કે જે સંસારમાં અતિશય મોહ પમાડીને ભટકાવનારી છે, વળી ગૃહવ્યાપારમાં નિરંતર આસક્ત બનેલો આત્મા, લોકોત્તર ધર્મ રૂપી પાથેય ઉપાર્જન કર્યા વિના જ યમરાજના મુખમાં પ્રવેશ કરે છે, ઘણી વખત મુગ્ધજનોનો સર્વથા અયોગ્ય વિભ્રમ હોય છે કે " અમે ભોગ ભોગવી છેવટે ધર્મનું આચરણ કરશું " તે વાત સાવ તર્કટી છે કેમકે વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થાય છે ત્યારે સર્વ ઈન્દ્રિઓનો પ્રચાર હણાઈ જાય છે અને તેથી કરી ધર્મ કરવાનો દૂર રહ્યો; પણ ધર્મ સ્વપ્નામાં પણ યાદ આવતો નથી માટે દરેક આત્માઓએ બાલ્યવસ્થામાં જ ધર્મનું આચરણ કરવું જોઈએ વળી જે પ્રકારે પ્રાણવધાદિકથી ઉત્પન્ન થયેલા પાપ સમૂહવડે ભારવાળા થયેલા જીવો લોઢાના ગોળાની જેમ ભવસાગરમાં ડુબી જાય છે.

જેઓ દર્શન, જ્ઞાન, અને ચારિત્રની સેવના કરે છે

તેઓને વિવેકરૂપી ચક્ષુની પ્રાપ્તિ થાય છે અને સ્વર્ગ તથા મોક્ષની સુખ પરંપરાને પામે છે.

જેઓને વિવેકરૂપી નેત્રો ઉપર મિથ્યાત્વનું આચ્છાદન થયેલું છે એવા પ્રાણીઓ કદાપિ સમગ્ર દોષ રહિત સુદેવ, સુગુરૂ, અને સુધર્મને જાણતા પણ નથી, જેવી રીતે ગૃહ-કાર્યમાં આસક્ત થયેલા અને કામભોગના સુખ વડે અતૃપ્ત થયેલા મુગ્ધ જીવો, મનુષ્યપણું પામીને પણ પાપના પોટલા બાંધી મનુષ્યપણું હારી જાય છે. જે પ્રકારે પ્રમાદમાં તત્પર રહેવાથી ઘણા જીવો રક્ષણ અને શરણ રહિત થઈને નરક વિષે દહન, ભેદન, છેદન, વિગેરે દુઃખોને પામે છે.

જે પ્રકારે પંચમહાવ્રત રૂપી બખ્તર વડે ગુપ્ત શરીર-વાળા પ્રાણીઓ સુર અને અસુર વડે પણ જીતી ન શકાય તેવા અભ્યંતર ક્રોધાદિકને ક્રીડા માત્રમાં જ હણી નાખે છે, તથા વળી જે પ્રકારે શત્રુ, મિત્ર, મણિ, કાંકરો તથા સુખ-દુઃખમાં તુલ્ય ચિત્તવાળા પ્રાણીઓને દેવો થકી પણ અધિક સુખ પ્રાપ્ત થાય છે, કર્મના પ્રભાવ થકી આ જીવે દુઃખોની પરંપરા અનંતકાલ સુધી ભોગવ્યાં. આ જીવ, તિર્યંચ, નારકી, દેવતા અને મનુષ્યપણામાં અનેક વખત ઉપન્યો, અનંતા દુઃખો સહન કર્યાં. કર્મના ભયંકર વિપાકને જે આત્મા ઓળખી, સંસારને અસાર જાણી, ભગવંત વીતરાગના માર્ગને વિષે પ્રયાણ કરશે, તે જ આત્મા અનંત દુઃખથી ભરેલા સંસાર સાગરને ઉલ્લંઘન કરી, મુક્તિરૂપી મહેલમાં પહોંચશે. વળી મુક્તિરૂપી મહેલમાં વાસ કરવા માટે ઓ ભવ્યાત્માઓ!

ચારિત્ર ગ્રહણ કરીને તેમાં દૃઢ બની ચારિત્રનું નિર્મળ આરાધન કરશે તે જ આત્મા. શિવસુંદરીના મહેલની પગથારને પામશે.

" બુદ્ધિમાન લોકોએ ખારા સમુદ્રમાંથી રત્નની જેમ અસારમાંથી, સારનો ઉદ્ધાર કરવો એજ ઉત્તમ છે. " આચાર્ય ભગવંતની વાણીનું પાન કરતાં પર્ષદાને તથા નર્મદાસુંદરીને હૈયામાં આનંદનો ઉદધિ ઉછળવા લાગ્યો.

દેશનાની પૂર્ણાહુતિ બાદ અશ્રુભીના નયને શ્રોતાઓએ નગર તરફ વિદાય લીધી. પણ નર્મદાસુંદરીના પિતા તથા બીજા અગ્રેસર શ્રાવકો ગુરૂભગવંતની સમીપમાં ધર્મ ચર્ચા કરવા બેઠા.

હે ગુરૂભગવંત ! અગાધ એવા સંસારમાં બૂડતા સંસારી જીવોને તારનારા આપ અનંત ઉપકારી છો. આપ કૃપા કરીને ફરમાવો કે આ મારી પુત્રી નર્મદાસુંદરીએ પૂર્વે એવા કયાં અઘોર કર્મો ઉપાર્જન કર્યાં હશે કે આ ભવમાં, ડુંગરાઓમાં, વનમાં, નગરમાં, ગુફામાં, અસહ્ય દુઃખો ભોગવતાં તેને રડી રખડીને દિવસો પસાર કરવા પડયા હશે ? સહદેવ શ્રેષ્ઠિએ પૂ. ગુરૂભગવંતને પ્રશ્ન પૂછયો.

હે દેવાનુપ્રિય ! અનંત ગુણથી વિભૂષિત એવી તમારી પુત્રી મહાસતી છે. કર્મના વિપાકે તેને ઘેરી લીધી છે. બાંધેલા નિકાચિત કર્મો ભોગવ્યા વિના કોઇનો છૂટકારો થતો નથી. તેનો પૂર્વભવ હું તમને સંભળાવું તે તમો ધ્યાન દઇને સાંભળો.

આ જંબુદ્વીપના ભરતખંડમાં વૈતાઢ્ય નામે પર્વત છે. તે પર્વત પચાસ યોજન લાંબો, પચાસ યોજન પહોળો અને વીસ યોજન ઉંચો છે. તેના શિખરમાંથી નર્મદા નામની નદી નીકળીને સાગરને ભેટે છે. તે નદીની અધિષ્ઠાયિકા નર્મદાસુંદરી નામે દેવી હતી. તે અતિશય રૂપવંતી અને સુકુમાલિકા હતી. જ્યારે તે ચાલતી ત્યારે તેના પગ રૂમઝુમનું મધુરૂં સંગીત ગાતા હતા. એક વખત નદીના કિનારા ઉપર કંચનવર્ણી પુષ્પના જેવી કાયાવાળા ધર્મરૂચી નામના મુનીશ્વર મન, વચન અને કાયાના ત્રિકરણુ યોગે કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઉભા હતા. તપ તથા દિવાકરના અતિશય તાપથી તપતા મુનીશ્વરના શરીર ઉપર પરસેવાથી અખૂટ મોતીના ઝુમખા ફૂટી નીકળ્યા હતા. વૈરાગ્ય દશાને પામેલા મુનીશ્વર તપનો મેવો ચાખી રહ્યા હતા. નાસિકા ઉપર દૃષ્ટિ રાખીને ઉભેલા મુનિ સાક્ષાત્ ઉપશમ રસના દરીઆ લાગતા હતા, અધિષ્ઠાયિકા દેવી મુનિને દેખી અંતરમાં રોષથી ધમધમી ઊઠી અને આવા મેલા કપડાં અને મેલી કાયાવાળા કુત્સિત માનવી મારા કિનારે કોણુ ઉભા રહી મારા નીરને અશુચિવાળું બનાવે છે! રોષે ભરાયેલી દેવી મુનિને ઉપદ્રવ કરવાનો વિચાર કરતી મુનીશ્વરને જોવા લાગી.

જરૂર! મારા કાંઠાને અપવિત્ર કરનાર મૂર્ખ શિરોમણીને નદીમાં ફેંકી દઉં! એમ વિચારતી દેવી મુનીશ્વરને ક્ષોભ પમાડવા માટે વાઘ, સિંહ, ચિત્તા, દીપડા, આદિ અનેક પ્રકારના હિંસક પ્રાણીના રૂપો વિકુર્વિ મુનીશ્વરને ક્ષોભ પમાડવા લાગી. પણ વીતરાગના ધ્યાનમાં લીન બનેલા અને ઉપશમ-

રસના સાગરસમ, ધીર અને ગંભીર મુનીશ્વર ધ્યાનાચ્યુત નહિ થવાથી, દેવીએ પોતાના શરીરને વિકુર્વી માતંગનું રૂપ બનાવ્યું. અને સુંઢમાં મુનીશ્વરને પકડી જ્યાં નયનો નજર પણ ન નાખી શકે તેટલા ઉંચે સુધી ઉછાળ્યા. પણ પર્વતની સમાન અચલ રહેલા મુનીશ્વર ધ્યાનથી જરાપણ ચલાયમાન ન થયા. નિરાશ બનેલી દેવી અંતરમાં મથામણ કરવા લાગી. ધન્ય છે તેમના જીવનને! ધન્ય છે તેમના માબાપને! ધન્ય છે તેમના મુનિપણાને અને તપને! કે આટલું દુઃખ આપવા છતાં મૂખમાંથી એક પણ ઉદ્‌ગાર કાઢતા નથી. ખરેખર! ધન્ય છે તેમની ધીરતા અને વીરતાને. તમો ક્યાંના છો! કોણ છો! શાને માટે આવું અઘોર દુઃખમય અને દુષ્કર તપ તપો છો! નમ્રભાવે હાથ જોડીને અધિષ્ઠાયિકા દેવી મુનીશ્વરને પૂછવા લાગી.

ઓ દેવી! અમે ભગવંત વીતરાગ દેવના માર્ગે વિહરનારા પંચમહાવ્રતધારી સાધુ છીએ. સુંદર ભૂમિકા જોઈને ધ્યાન ધરવા અમે ઉભા છીએ. અમે ક્રોધ, માન, માયા, અને લોભ રૂપી કષાયોને દૂર કરવા માટે અને ક્ષમાને ધારણ કરવા માટે તથા મોક્ષની મહેલાતોના અનુપમ સુખો ભોગવવા માટે આ ભવમાં સાધુપણું પૂર્વના પૂણ્યોદયે પામ્યા છીએ. હે દેવી! આત્મા પોતાના કર્મથી જ સ્વર્ગ, નરક કે મોક્ષનો અધિકારી થાય છે. અમારી વિટંબના કરનાર તરફ કે ભક્તિ કરનાર તરફ અમો સમદષ્ટી રાખવાવાળા છીએ. "આ સંસારમાં સહુ આત્માઓ પોતાના કરેલા કર્મો ભોગવે છે." તો પછી અમારે ક્રોધાયમાન થવાનું કારણ શું? ધ્યાનમાંથી

નિવૃત્ત થઈને મુનીશ્વરે દેવીને કહ્યું.

ઓ કૃપાનાથ કરૂણાસિંધુ ! મેં આપને ઓળખ્યા વિના આપનો ખૂબ જ અપરાધ કર્યો છે. ઓ સાધુ શિરોમણી ! મને મારા અપરાધની ક્ષમા આપો. મુનીશ્વરના અમૃતભર્યા વચનો સાંભળી નર્મદાસુંદરી દેવી હૃયામાં ખેદ કરવા લાગી.

ઓ દેવી ! તું ખેદ ન કર ! આ જગતમાં અહિંસાનું પાલન એજ શિવસુંદરીના મહેલમાં જવાની નિસરણી છે. અહિંસાપાલન કરવાથી કામધેનુ ગાયની માફક તેના પ્રત્યક્ષ ફલને પામે છે. જીવદયાનું પાલન નહિ કરનારો આત્મા કુંભારના ચાકડાની પેરે ચારે ગતિ તથા ચોરાસી લાખ જીવાયોનિમાં ભમે છે. જે આત્માઓ નિષ્ઠુર અને નિર્ગુણી થઈને જગતમાં જીવે છે તે માનવ જીવનને હારી જાય છે, અને જલ ભરેલા સરોવરમાં જેમ પત્થર તરી શકતો નથી. તેમ આ દુઃખથી ભરેલા સંસાર સમુદ્રથી તેવા આત્માઓ ભવપાર કરી શકતા નથી.


ઓ દેવી ! કીડી અને કુંજરનો આત્મા સરખો જ છે. ફક્ત પુદ્ગલનો તફાવત છે. માટે દરેક આત્માઓએ વિવેક પૂર્વક અહિંસાનું પાલન કરવું જોઈએ. મુનીશ્વરનો ઉપદેશ શ્રવણ કરીને દેવી હાથ જોડી ઉભી રહી.

ખરેખર ! મુનીશ્વરને સંતાપવાથી નિર્ધનપણું, રોગીષ્ટકાયા, અને વહાલાના વિયોગનું ફળ આ ભવ પરભવ ભોગ-

વ્યા વિના છૂટકારો થશે કેમ! એમ વિચારતી દેવી પોતાના સ્થાનકે ચાલી ગઇ.

હે મહાનુભાવ! અનુક્રમે તે દેવીનો જીવ ચ્યવીને તારી સ્ત્રીના ઉદરમાં ગર્ભપણે ઉત્પન્ન થયો, પૂર્વ ભવમાં તે નદીની અધિષ્ઠાત્રી હતી. તેથી તેને નર્મદા નદીમાં સ્નાન કરવાનો ભાવ પ્રગટ થયો હતો. અને તારી સ્ત્રીએ નર્મદા નદીમાં સ્નાન કર્યું. તે જ ગર્ભે અનુક્રમે વૃદ્ધિ પામતાં તારી પુત્રી નર્મદાસુંદરી તરીકે જન્મ લીધો. પૂર્વભવનાં નિકાચિત કર્મના વિપાકથી સતી શિરોમણી નર્મદાસુંદરીને પતિનો વિયોગ થયો. અને વ્યાકુલચિત્તે વનેવન અને જંગલેજંગલ ભટકવું પડ્યું. પણ પૂર્વે કરેલી મુનીશ્વરની વિટંબનાની ક્ષમાપનાથી ફરીથી સુખની ભોક્તા બની. આચાર્ય મહારાજના મુખથી પોતાનો પૂર્વવૃત્તાંત સાંભળી નર્મદાસુંદરી મૂર્ચ્છિત દશાને પામી. મૂર્ચ્છાવસ્થામાં મહાસતીએ પોતાનો પૂર્વભવ જોયો.

પ્રકરણ સત્તરમું સમાપ્ત.



## પ્રકરણ ૧૮ મું

## વાર્તાલાપ

નર્મદાસુંદરીની મૂર્ચ્છા અવસ્થા જોઈને આચાર્ય ભગવંતની પાસે બેઠેલા તમામ શ્રાવકો દિગ્મૂઢ બની ગયાં. બે ઘડી પછી ઠંડા પવનની લહેરીઓથી તેની આંખ ઉઘડી. તેનું મુખારવિંદ દુઃખમય દેખાતું હતું. થોડાક સમય બાદ ઊઠીને નત મસ્તકે ગુરુદેવને નમસ્કાર કરી કુટુંબ સહિત નર્મદાસુંદરી પોતાના આવાસે આવી. મૂર્ચ્છિત અવસ્થામાં પોતાનો પૂર્વભવ જોયો. તેની કરૂણ કહાનીના દશ્યો અંતરમાં ગતિમાન થવા લાગ્યા. મનમાં બેચેની વધતી ચાલી. પાંજરે પૂરાયેલો સિંહ જેમ છૂટવાની રાહ જોવે, તેમ સંસારની માયાજાળમાંથી છૂટવાનો નિશ્ચય કરી ચૂકી હતી. ફક્ત સંયમના ચીર ઓઢવાના જ બાકી હતા.

પુત્રીની બેચેની જોઈને સહદેવે પુત્રીને બેચેનીનું કારણ પૂછ્યું: ઓ પિતાજી ! વિષય સુખો બાજીગરની બાજી જેવા છે. ભાઈ બહેન, માતાપિતા, સજ્જન સંબંધીની કારમી માયા આ સંસારને વધારનારી છે. આ જગત સ્વાર્થ, પ્રપંચથી ભરેલું અને મેઘધનુષ્યના રંગ જેવું છે. જડની સાથેનો ચેત-

નનો સંબંધ પૂરો થતાં જ વહાલામાં વહાલા સ્વજનો તેને બાળીને ફૂંકી નાખે છે. આ સંસાર દાવાનલની જેમ હરહંમેશ સળગતો રહે છે. તેમાંથી જે બચ્યો. તે જ ભાગ્યશાળી. **આ અસ્થિર જગતમાં સંયમ એજ સાચું શરણુ** છે. માટે સંયમના શરણે જવું છે. મારો પૂર્વભવ મેં જોયો છે. પૂજ્ય ગુરુદેવે જે વૃત્તાંત કહ્યો તે તદ્દન સત્ય છે. ઓ પિતાજી ! આ જગતમાં ત્રણ પદાર્થ અતિ દુર્લભ છે. અને પુણ્યના અનુગ્રહ વગર મળતા નથી. મનુષ્ય જન્મ મલવો તે અતિ દુર્લભ છે, કારણુ કે તે શરીરે જ નર નારાયણુ બની શકે છે. અને નારી નારાયણી બની શકે છે. મુકિત મેળવવાની ઇચ્છા થવી તે તેથી એ વધારે દુર્લભ છે કારણુ કે મનુષ્ય જન્મ તો પૂર્વનાં પુણ્યથી મળ્યો; પરંતુ જો સંસાર ચક્રમાંથી મુકત થવાની, જન્મ મરણુના બંધનમાંથી છૂટવાની ઇચ્છા જ ન થાય તો મનુષ્ય જન્મ એળે ગયો જાણુવો અને સૌથી વધારે દુર્લભ તો સુગુરુની પ્રાપ્તિ, કે જે માર્ગદર્શન કરે, મનુષ્ય જન્મ તો મલ્યો હોય, મુક્ત થવાની ઇચ્છા પણુ હોય; પરંતુ જો માર્ગદર્શક સુગુરુ ન મળે તો કંઈ સાધન બની શકતું નથી. વળી વિષયોનો ત્યાગ થવો બહુ દુર્લભ છે, વિષયોનો ત્યાગ એટલે વિવેકપુરઃસરનો વૈરાગ્ય, એથીયે વધારે તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ. વૈરાગ્ય થયો હોય પણુ તત્ત્વજ્ઞાનનો ઉદય ન થાય તો તેનો બીજો કશો ઉપાય નથી. અને સૌથી દુર્લભ તો છે, તત્ત્વજ્ઞાનને અનુરૂપ જીવન જીવી જાણુવાની કળા, પણુ જો સુગુરુની કૃપા હોય તો જ આ બધી વસ્તુની પ્રાપ્તિ કોઈ પ્રબળ પુણ્યોદયથી ભાગ્યશા-

બીને મળી જાય છે. માટે હે પિતાજી! આજે આપણાં સદ્‌ભાગ્યે સુગુરુની પ્રાપ્તિ થઈ છે, તો મને સંયમ-માર્ગે પ્રયાણ કરવાની અનુમતિ આપો. નર્મદાસુંદરીએ પિતાજીની આજ્ઞા માગી.

હે પુત્રી! સંયમ-પંથ અતિ દુષ્કર છે. મશ્કરી કે નાટકના ખેલ નથી. તારા મીણના દાંતે સંયમના લોખંડી ચણા કેમ ચવાશે! મણિધરના માથેથી મણિ લેવો, આકાશની સાથે બાથ ભીડવી, ક્રોધિત સિંહના મૂખમાં હાથ નાખવો. વિફરેલા હાથીને પકડવો, જેમ દુષ્કર છે. તેમ તેનાથી અતિ દુષ્કર સંયમના પાલનમાં છે. ગ્રીષ્મ ઋતુના ધગધગતા તાપમાં ઉઘાડા પગે ફરવું, હિમ પડતી કડકડતી ઠંડીમાં વિહાર કરવો, સુકોમલ કાયાવડે બાવીશ પરિષહનું પાલન કરવું, પાંચ મહાવ્રતનો ભાર વહન કરવો, એ બધું આ નાની વયમાં સુકોમલ કાયાથી કેમ બની શકશે? રણમેદાનમાં પાછાં પગલાં નહિ ભરનારા રણયોદ્ધાઓ પણ સંયમ-પંથ ઉપર જવાની હિંમત કરતા નથી. સંયમ સુરગિરિના શિખર પર ચઢવા જેવો છે. ત્યાંથી પડેલા આત્માઓ સંસારમાં ઘાંચીની ઘાંણીના બળદીયાની પેરે ચારે ગતિમાં ફરે છે. સ્મશાનીઆ વૈરાગ્યવાળો આત્મા સંયમ પાળવાને માટે અશક્ત છે. હે પુત્રી! સંયમ પંથ સહેલો હોય તો જગતમાં સાધુપણું લેવા માટે લોકોની પડાપડી થાય, માટે આવી યૌવન વયમાં સંયમ લેવાનો વિચાર માંડી વાળી સંસારના સુખો ભોગવ. સહદેવ શ્રેષ્ઠી નર્મદાસુંદરીને સમજાવવા લાગ્યો.

હે પિતાજી! અજ્ઞાનમાં અથડાતા બાળકને બીવડાવી

રાખી શકાય. પણ સંયમના લાલચુઓને બીક બતાવીને પણ નહિ રાખી શકાય ઓ પિતાજી ! મારૂં મન સંયમના રંગે રંગાયેલું છે. ત્યાં તમારી સંસારની વાતો મને ક્યાંથી પસંદ પડે? જેમ કડવા ઔષધથી રોગી નિરોગી બને છે. તેમ કર્મના અસાધ્ય વ્યાધિ ટાળવા માટે સંયમ એક ઔષધિરૂપ રસાયણ છે. પારકી બુદ્ધિએ ચાલનારા માનવી જેવા કોઈ મૂઢ અને મૂર્ખ નથી મનવાંછિત ફળની ઈચ્છા રાખવી હોય તો પોતાની સદ્બુદ્ધિનો ઉપયોગ કરી યોગ્ય માર્ગે ગમન કરવું જોઈએ. હું સંયમની અર્થી છું, અને સંયમનો ભાર સહન કરવાની મારામાં અખૂટ શક્તિ ભરી છે. તમારા વચનો અંગીકાર કરું તો આ નશ્વર અને નોંધારા અસ્થિર સંસારમાં મારૂં કોણ ?

तत्त्वा तत्त्व विचाराय, स्वैव बुद्धि-क्षमानृणां
परोपदेशो विफलो, यथाऽसौधनदत्तवत् ॥ १ ॥

પોતાની બુદ્ધિથી તત્ત્વ અને અતત્ત્વના વિચાર વડે માણસોને ક્ષમા કરવી જોઈએ. વગર વિચાર્યે ધનદત્તની માફક પારકાને ઉપદેશ આપવો નકામો છે, નર્મદાસુંદરી પિતા પ્રત્યે આજીજી કરતી કહેવા લાગી. ઓ પુત્રી ! એ ધનદત્ત કોણ હતો ?

પિતાજી ! આપને હું એ ધનદત્તની કથા કહું છું તે આપ સાંભળો :—

વિશાલા નામની સુંદર નગરીમાં વિપુલ સંપત્તિનો ભોક્તા અને યૌવન વયને વીતાવી ગયેલો ધનદત્ત નામે શેઠ રહેતો

હતો, એક વખત તેના વૃદ્ધ પિતાને મસ્તકમાં વેદનાથી પારાવાર દુઃખ થવા લાગ્યું. અસહ્ય દુઃખથી પરિતાપ પામેલ તેણે ધનદત્તને બોલાવી પોતાની પથારી પાસે બેસાડી દુઃખનું નિવેદન કર્યું.

પિતાજીના અસાધ્ય દુઃખને દેખી ધનદત્ત ગદ્ગદ્ કંઠે પૂછવા લાગ્યો. ઓ પિતાજી ! આ અવસ્થાએ તમને શું થયું છે કે તમો રડો છો ? તમારા અંતરમાં જે કાંઈ હોય તે સુખેથી મને કહો. ધનદત્ત પિતાને આશ્વાસન આપતો પૂછવા લાગ્યો.

ઓ પુત્ર ! આ જીંદગીમાં ખોટા માપ અને ખોટા તોલ વડે કુડ, કપટ અને પ્રપંચથી પાપાનુબંધી લક્ષ્મીની પ્રાપ્તિ કરી છે. જીવનમાં સાતે ક્ષેત્રમાંથી એક પણ ક્ષેત્રમાં મેં મારી લક્ષ્મીનો સદ્વ્યય કર્યો જ નથી. મેં જુઠું બોલીને પૈસા મેળવ્યા છે. સત્યમાર્ગે જો ધન ન વપરાય તો તે ધન શા કામનું ? આ જગતમાં સુવર્ણના ઢગલા ઘણા લોભીયા માનવીઓ ખડકીને ગયાં પણ એક રતિભાર સુવર્ણનો કકડો કોઈ સાથે લઈ નથી ગયા. જેમ કૂવાનું પાણી દરરોજ વપરાય છે છતાં કદાપી ખુટતું જ નથી. તેમ વપરાતી લક્ષ્મી કદાપી ખુટતી જ નથી. માટે હે પુત્ર ! આપણું ધન સુકૃતને માર્ગે તું વાપરજે. "દાન ધર્મથી જ સ્વર્ગની પ્રાપ્તિ થાય છે" (એ) જ મુદ્રાલેખ તારા હૈયામાં કોતરી રાખજે. પિતાએ ધનદત્તને શિખામણ આપી.

ઓ પિતાજી! તમે શાંતિ ધારણ કરો. તમારા કહ્યા મુજબ હું ધનને સન્માર્ગે ખર્ચીશ ધનદત્તે મરણ પથારીએ પડેલા વૃદ્ધ પિતાને આશ્વાસનનું અમૃત પાન કરાવ્યું. અને પુત્રના શબ્દો સાંભળી તેને આનંદ થયો. અતિશય આનંદમાં ગરકાવ થયેલા ધનદત્તના પિતાનું જડ શરીર પડી રહ્યું અને ચેતન ચાલીને સ્વર્ગમાં અનુપમ અને નિર્મલ દેહવાળો દેવતા થયો.

ખરેખર! જગતની સ્થિતિ પાણીના રેંટની સમ ચાલે છે. કોઇ ક્યાં મરીને ક્યાં ઉપજે! તેવા, ઘડતરથી ઘડાયેલા જગતમાં ધન વીજળીના ચમકાર જેવું છે. તેમ સમજીને તથા પિતાના વચનનું પાલન કરવા માટે ધનદત્ત દ્રવ્યનો સન્માર્ગે વ્યય કરવા લાગ્યો. તેની કીર્તિ ગામમાં અને શહેરોમાં પ્રસરવા લાગી. તે જ નગરમાં મહોદય નામનો અતિદ્વેષી બ્રાહ્મણ રહેતો હતો. તેણે ખોટી ખોટી વાતો કરીને ધનદત્તની સાથે મિત્રતા બાંધી. "ખરેખર! ઠગારા માનવીઓ સ્વાર્થ સરી ગયા પછી મિત્રતા રાખતા. નથી." એકદા મહોદય વિપ્ર ધનદત્તને કહેવા લાગ્યો હે મિત્ર ધનદત્ત! કૂવામાં હોય તો જ હવાડામાં આવે તું ધન સારા માર્ગે વ્યાય કરે છે તેથી મને સંતોષ છે- પણ પાછું વાળીને તું જરા જોતો નથી તેથી મને દુઃખ થાય છે. કારણ કે જગતમાં પૈસો એ જ માણુસની માણસાઈને રાખનારો છે. કહેવતમાં કહ્યું છે કેઃ– "વસુ વગરના નર પશુ." એ વાક્યને યાદ કર. પુરૂષ ધનથી જ શોભે છે. આ જગતમાં ધનવંત માનવી જ મોટો

ગણાય છે. પ્રભુ એકલા જ દ્રવ્ય વિના પૂજાય છે. પણ માનવી પૈસાથી જ પૂજાય છે. પ્રભુતા અને વિભૂતા ધનથી જ મળે છે. પૂર્વના પુણ્યે તેં ધનની પ્રાપ્તિ કરી છે. તું જ્યાં સુધી આપીશ ત્યાં સુધી કોઈ તને ના કહેનાર નથી. કોને ધન પ્યારૂં નથી? માટે મારી શિખામણ માની તમે ધનનો સંગ્રહ કરો. બ્રાહ્મણે ધનદત્તને કહ્યું.

ખરેખર! આ સંસારમાં વિના પૈસે આવી સુંદર શિખામણ કોણ આપશે? તેની શિખામણ યોગ્ય જ છે. ધન વગરનો માનવી તરણાં સરખો જ ગણાય છે. માટે મહોદય કહે તેજ વાત ખરી છે. બ્રાહ્મણનું કહ્યું સાચું માની ધનદત્તને લોભ દશા જાગી અને દાન દેવું બંધ કર્યું, અને યશરૂપી રત્ન ગુમાવ્યું. જ્યાં સુધી દાન ચાલુ હતું ત્યાંસુધી લક્ષ્મીની રેલમછેલ હતી. દાન દેવાનું બંધ કર્યું ત્યારથી લક્ષ્મી આવતી બંધ થઈ ગઈ. "જેમ ભોજનથી શરીર હૃષ્ટપુષ્ટ થાય છે પણ ભોજન વિના ચાલી શકતું નથી" તેમ દાનધર્મ જેને ત્યાંથી ગયો તેનું ભાગ્ય પણ પરવારી ગયું. ધનદત્તના ઘરમાં રહેલાં મણિ, માણેક, સોનું, રૂપું વિગેરે પણ ધનદત્તને કોલસા જેવા દેખાવા લાગ્યા, અને ધનદત્ત દિવસે દિવસે નિર્ધન થતો ગયો.

એકદા મહોદય વિપ્ર તેને ઘેર આવી પૂછવા લાગ્યો હે મિત્ર! આ શું થયું? દૈવ કોપ્યું શાથી? પહેલાં તો જાણે રત્નના ગંજ ખડકાયેલા હતા અને થોડા સમયમાં શું તેને પગ આવ્યા. ને ચાલી ગયા. તું નિરાશ ન થા એમ મહોદય વિપ્ર ધનદત્તને આશ્વાસન આપવા લાગ્યો.

અંતરગતની વાત હું કોને કહું જે ભાગ્યમાં લખ્યું હશે તે થશે. ઓ મારા સ્નેહી મિત્ર ! તારી ઈચ્છા હોય તો પરદેશ જઈને મજુરી કરીને પણ પેટ ભરીશું. "પરદેશ ભીખ માગવી સારી પણ દેશમાં ચોરી કરવી ખોટી" એ સૂત્ર યાદ રાખીને આપણે તારી સલાહ હોય તો પરદેશ જઈએ.

તને જરૂર પડે મારું માથું અને શરીર તારા ચરણમાં મૂકીશ, પણ મારું કહ્યું તારે માનવું પડશે. મહોદયે કીધું અને ધનદત્તે હા કીધી. એકદા શુભ દિવસે બન્ને મિત્રો પરદેશ ચાલ્યા, લાંબી મજલ કાપતા તેઓ એક નગરમાં મહેનત મજૂરી શોધવા લાગ્યા, પણ રૂઠેલા દૈવે તેમને સહારો ન આપ્યો. એમ દિવસ ઉપર દિવસો વિતવા લાગ્યા. અને બીજે ગામ નીકળ્યા. રસ્તામાં એક વનમાં બન્ને મિત્રો ચાલ્યા જતા હતા ત્યાં મધ્ય જંગલમાં આવ્યા અને ધનદત્તને તૃષા લાગી તેથી મિત્રને પાણી લાવવા માટે કહ્યું. વિપ્રમિત્રે કહ્યું કે તું અત્રે બેસ, હું થોડા વખતમાં પાણી લઈને આવું છું એમ કહી ધનદત્તને ઝાડની છાયામાં બેસાડી મહોદય પાણી લેવા ગયો.

ગીચ ઝાડોથી ઘેરાયેલી ઝાડીમાં જ્યાં પક્ષીઓનું નામ-નિશાન પણ નહોતું, પવનને ફરકવાનું સ્થાન પણ નહોતું. લીલા હરિયાળા જંગલમાં પાણી માટે મહોદય વિપ્ર ભમવા લાગ્યો સંધ્યાકાળ થવા આવ્યો પણ પાણીનું ટીપું સુદ્ધા ન મલ્યું. આખરે મિત્રને, પાણી લીધા વિના મુખ કેમ બતાવાય તેમ વિચારી જંગલમાં વૃક્ષ નીચે સૂઈ ગયો.

પાણી માટે ઘણી રાહ જોઈ પણ પાણી લઈને મિત્રને ન આવેલો જાણી ધનદત્ત ત્યાંથી ઉઠયો અને વનમાં મિત્રને

શોધવા લાગ્યો. ખરેખર, " નીચની સંગતિ જીવનું જોખમ કરાવે છે " વનમાં પારધીઓ શિકાર માટે નીકળ્યા હતા, છૂપા રહીને મૃગલાનો વધ કરવા માટે ધનુષ્ય ઉપર બાણ ચઢાવીને બેઠા હતા, મૃગલા ચારો ચરવા આવ્યા અને ધનદત્તને છીંક આવી. છીંક થતાંની સાથે જ મૃગલાં નાઠાં. અને પારધીઓ તપાસ માટે આવ્યા, અને ધનદત્તને જોયો. પારધીઓ વિચાર કરવા લાગ્યા. નક્કી, આ માનવીએ જ મૃગલાં નસાડીને આપણી મહેનત બરબાદ કરી છે. તેમ પરસ્પર વાતો કરવા લાગ્યા. ધનદત્તને હૃદયમાં લાત મારીને નીચે પછાડી દોરડાથી ઝાડ સાથે બાંધી પારધીઓ ચાલ્યા ગયા. ધનદત્તના દુઃખના પોકારો સાંભળી વિપ્ર પાણી લઇને આવ્યો. ધનદત્તને બંધથી બંધાયેલો જોઇને કોણે મારા મિત્રને બંધથી બાંધ્યો હશે ! તેમ વિપ્ર વિચારતો ધનદત્તને ઝાડના થડથી છૂટો કરી સઘળો વૃત્તાંત મિત્રે પૂછ્યો અને બનેલો સઘળો વૃત્તાંત ધનદત્ત કહી બતાવ્યો.

સીધા માર્ગે ચાલ્યા જઈએ તો આપણું કોઇ બગાડનાર નથી. તેં પારધીઓને દુઃખ આપ્યું તેનું ફળ પામ્યો, હવેથી તું અબુધ એ પ્રમાણે કરીશ નહીં. વિપ્રની શિખામણ માની બન્ને જણા આગળ ચાલ્યા. ચાલતા ચાલતાં કોઈ નગરની સમીપ સરોવરને કિનારે ધોબીને કપડા ધોતો જોઈને ધનદત્ત ધીમે ધીમે સરોવરના કિનારે આવ્યો અને તેની પાછળ વિપ્ર પણ ચાલ્યો, પાછું વાળીને જોતાં ધોબીએ ધનદત્તને જોયો અને દોડીને પકડી કહેવા લાગ્યો. ઓ લુચ્ચા ચોર ! દરરોજ ચોરી કરી જાય છે પણ આજે તો તું કયાં જઇશ ? બોલ........જવાબ....આપ........ગઇ કાલે કપડાંની

ગાંસડી ચોરીને કોને તેં આપી છે? બોલ........જલ્દી........ બોલ. નહિતર કોટવાલ પાસે લઇ જઇને સજા કરાવીશ.

હે ધોબી! ચોર કોણ છે? હું તો વિશાલા નગરીનો વ્યાપારી ધનદત્ત નામે વણિક છું મારા ભાગ્યથી જ હું અત્રે આવ્યો છું. હું........તારા........કપડાંની ગાંસડીનો ચોર નથી એમ બોલતો ધનદત્ત રડવા લાગ્યો. ત્યારે બ્રાહ્મણ મિત્રે ધોબીને સમજાવી ધનદત્તને છોડાવ્યો. અને બન્ને જણા એક જંગલને માર્ગે જવા નીકળ્યાં. ધન વિનાના અને ભાથા વિનાના બન્ને જણા ફળફૂલ ઉપર પોતાનો નિર્વાહ ચલાવતા આગળ ચાલવા લાગ્યા.

હવે પ્રથમ દેવલોકે દેવપણે ઉત્પન્ન થયેલો ધનદત્તનો પિતા અવધિજ્ઞાનથી પોતાના પૂર્વભવને જોવા લાગ્યો. પૂર્વ ભવના પોતાના પુત્ર ધનદત્તની સ્થિતિ જોઈને વિચારવા લાગ્યો. મારા વચનોને વિસારી દઇ દાન ધર્મને ભૂલી ગયો અને ઠગારા બ્રાહ્મણની સાથે વનચરની માફક વનમાં ભમે છે, પણ વિચાર કરતો નથી.

ધનદત્તને સમજાવવા માટે દેવલોકમાંથી વિમાનને તજી તેનો પિતા વેપારીનું સ્વરૂપ ધારણ કરી સુંદર વસ્ત્ર પહેરી રત્નોની વણઝાર લઈને અનુપમ રૂપ ધરી સરોવરના કિનારે ધનદત્તની રાહ જોતો દેવ બેઠો.

તૃષાતુર ધનદત્ત દૂરથી સરોવરને જોઇને પાણી પીવા માટે દોડયો. અને પાણી પીધું, તે વારે દેવતાએ તેને બોલાવી પૂછ્યું, હે વટેમાર્ગુ! તું લાગે છે તો કુળવાન અને ધનવાન;

તો પછી અહીં કયાંથી આવ્યો? શું તું રસ્તો ભૂલ્યો છે? મારું કહ્યું માનીને તું અહીં શાંતિથી બેસી આરામ કર. દેવ ધનદત્તના દેખતા રત્નના ખોબા ભરી ભરીને સરોવરમાં નાખવા લાગ્યો, દેવતાનું આવું અવિચારી કાર્ય જોઇને ધનદત્ત બોલ્યો, હે વેપારી! તમે જાણી જોઈને રત્નને કેમ સરોવરમાં ફેંકો છો? શું તમને ભૂત વળગ્યું છે? કે રત્નોને આમ ફેંકી દો છો? ધન માટે હું તો દુઃખ ભોગવી રહ્યો છું. તમારા અંતરમાં કાંઈ વાત હોય તો મને તમે કહો. તમે ડાહ્યા માણુસ થઈને આવું ગાંડપણુ કેમ કરો છો? તમે તમારી જાતે જ તમારી મશ્કરી કેમ કરાવો છો? ધનદત્ત દેવતાના કાર્ય ઉપર હસતો બોલવા લાગ્યો.

ઓ વીર વટેમાર્ગુ! હું સાર્થવાહ છું. મારા ત્યાં રત્નોનો ઘણો સંગ્રહ છે, મારે એક દેખાવડો અને સોહામણો મિત્ર છે, તેણે મારી પાસે અતુલ રત્નો જોઇને કહ્યું કે, આ ગહન વનમાં એક સુંદર, અને નિર્મલ સરોવર છે તેના કાંઠે જઇને રત્નોની મુઠીઓ ભરી ભરીને વાવીશ તો એક વર્ષમાં રત્નની ટેકરી થશે. માટે હું તેના વચન સાંભળી તમામ રત્નોનો પુંજ સરોવરમાં વાવવા અને રત્નોનો ડુંગર લેવા માટે હું અત્રે આવ્યો છું. દેવતાએ ધનદત્તને કહ્યું.

ઓ મતિભ્રષ્ટ સાર્થવાહ! મને તમારી બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગએલી લાગે છે. કયાંય રત્નો દરીઆમાં ઉગેલાં જોયા છે! ખરેખર તને તારા મૂર્ખ મિત્રે ભંભેર્યો છે. નહિતર આવું કાર્ય તું કરે જ નહિ, તારા જેવા મૂર્ખને મિત્ર પણુ મૂર્ખ

જ મલે. "નીચના સંગે નીચ જ થવાય." એવા મિત્રોની શિખામણ માનીશ તો જલદી ભીખ માગતો થઈ જઈશ. માટે રત્નોને સરોવરમાં નાખવાની વાત તું છોડી દે. ધનદત્તે દેવતાને કહ્યું.

ઓ ધનદત્ત! તું પારકાને ઉપદેશ આપવામાં ચતુર છે. પોતાના પગ નીચે બળતી આગ બુઝાવવાની તને ખબર નથી. પણ પર્વતની ટોચે લાગેલી આગને બુઝાવવાની વાત કરે છે. બીજાના નાના અવગુણો તને પહાડ જેવા લાગે છે. અને તારા પહાડ જેવડા અવગુણો તને રાઈ જેવડા લાગે છે. ઓ મૂર્ખ શિરોમણી! તું મારી દયા ખાઈ શકવાની તાકાત પણ નથી ધરાવતો. વણિક રૂપમાં રહેલો દેવતા ધનદત્તને કહેવા લાગ્યો.

ઓ સાર્થવાહ! તમને રીસ કેમ ચડે છે. હું તો તમારા ભલા માટે કહું છું. જ્યારે "**સાચી શિખામણ કોઈ આપતો હોય ત્યારે જો રીસ ચડે તો સાની લેવું કે ભાગ્યદશા પરવારી ગઈ**" માટે મારૂં વચન માનીને અવળા ધંધા છોડીને તમો સુખી થાવ. ધનદત્ત દેવતાને કહેવા લાગ્યો.

ઓ બુદ્ધિ વિનાના ભોળા માનવી! તું જ પ્રથમથી જ ભૂલ્યો છે, તે તને સમજણ પડતી નથી. હું અત્રે રત્નનો સમુહ લઈ વાવવા માટે યોગીના કહેવાથી આવ્યો છું. અને તું મને વાવતા અટકાવે છે. પણ તું બ્રાહ્મણની શિખામણથી કેમ વનવગડામાં રખડે છે! તને કોણ શિખામણ આપશે. તેં તારા પિતાને અંતિમ સમયે જે વચન આપ્યું હતું તે તું

પાળી નથી શકયો, અને બ્રાહ્મણના વચનથી ભરમાઈને વન-વગડામાં રખડે છે. હું ભુલભુલામણીમાં નથી, તું વિપ્રના વચનથી ભુલભુલામણીમાં પડયો છે. બોલ! મૂઢ તું કે હું! ઓ ધનદત્ત? તું પારકા ઉપદેશમાં પાવરધો છે. તે માટે હું તને કહું છું. મેં તો યોગીના કહેવાથી રત્નો વોસરાવી, દીધા, પણ તેં તો બ્રાહ્મણના કહેવાથી પુણ્યનો પૂંજ વોસરાવ્યો. અને અઘોર વનમાં રખડતો થયો. બોલ, ડાહ્યો હું કે તું. માટે તું નિષ્કલંક હોય તો પણ બીજાના કલંક જોવાની ભાવના સેવીશ નહિ દેવતાએ ધનદત્તને કહ્યું.

આ માનવી મારી વાત કયાંથી જાણે! ખરેખર! હું બ્રાહ્મણના ખોટા વચનો સાંભળીને ખોટો મોહમાં ફસાયો. શિંગડા વિનાના ઢોર જેવા આ અઘોર વનમાં ભટકાયો, જરૂર! આ માનવ નથી પણ કોઈ દેવતા લાગે છે. રૂપની અજબ કાંતિને નીરખી ધનદત્ત વિચાર કરતો ઊભો હતો.

ઓ સાર્થવાહ! આપ કોણ છો? હે બુદ્ધિનિધાન! આપ સાચું કહો કે તમે કોણ છો? અને તમારું જે સ્વરૂપ હોય તે તમો પ્રગટ કરો. એમ બોલતો આંખમાંથી નીર વહાવતો ધનદત્ત સાર્થવાહના ખોળામાં માથું મૂકી પૂછવા લાગ્યો.

ધનદત્તના કહેવાથી દેવે પોતાનું અસલ સ્વરૂપ પ્રગટ કર્યું, સ્ફટિકના રંગ જેવી કાંતિ, શરીરમાંથી પ્રગટ થતી કમલની સુવાસ, સુંદર આભૂષણથી અને વસ્ત્રથી શોભતો તેનો નિર્મલ દેહ જોઈને ધનદત્ત આભો બની અવાક્ બની ગયો.

ધનદત્ત! તું ગભરાઈને બ્હીશ નહીં. હું જ તારો પૂર્વ ભવનો પિતા છું. દેવલોકમાં દેવતાઓની લીલા ભોગવતા મેં

અવધિજ્ઞાનથી તારી હિન દશા જોઈને તને શિખામણ આપવા માટે રત્નોનો પૂંજ લઇ આ સરોવરમાં નાખવા માટે વેપારીનું રૂપ ધારણ કરીને આવ્યો છું. માટે હે ધનદત્ત! હવેથી તું પારકી બુદ્ધિએ કદાપિ કોઈ કાર્ય કરતો નહિ. ધનદત્તને દેવે શિખામણ આપી અને ધનદત્તને પોતાની ભૂલ સમજાઈ દેવે પોતાની લબ્ધિ વડે ત્યાંથી ઉપાડીને ક્ષણમાત્રમાં વિશાલા નગરમાં ઘેર લાવી મૂક્યો.

પૂર્વના ઉપાર્જન કરેલા અશુભ કર્મોનો પૂંજ પણ તે જ વખતે ખરી પડયો હોય તેમ પોતાની તમામ ઋદ્ધિ જે કોલસા સદૃશ દેખાતી હતી તે જ ઋદ્ધિ ઝાકઝમાળ દેખાવા લાગી. દેવતા પણ પોતાના સ્થાનકે ચાલ્યો ગયો. ધનદત્ત પણ પોતાના અંત સમય સુધી ધર્મમાં લક્ષ્મી વ્યય કરી પોતાના મનોરથો સિદ્ધ કરતો સ્વર્ગમાં સંચર્યો. નર્મદાસુંદરીએ પિતાને પારકી બુદ્ધિએ ચાલનારા ધનદત્તનો વૃત્તાંત કહી સંભળાવ્યો અને પિતાની પાસે ચારિત્રની આજ્ઞા માગી.

ઓ પુત્રી! તું........વિચાર........કર! હિમઋતુમાં મંજરીઓ ખીલી ઉઠે, સખ્ત ઠંડીમાં માનવીઓ સૂર્યોદય પછી પ્રહર દિન વીત્યા બાદ બહાર નીકળે, પશુ પંખીઓ ટોળે વળી ભૂમિતલ ઉપર અને વ્યોમમાં મસ્ત જીવન ગુજારે, વનની શોભા નગરથી પણ અધિક દેખાય, નટો વાંસ ઉપર ચઢીને નવાનવા ખેલ ખેલે, કોઈ માનવીઓ હાથમાં મસલીને તાજા તાજા પોંખ ખાવા તૈયાર થાય છે, તો આવી હેમંત ઋતુના મોજશોખ મૂકીને સાધુપણામાં જ્યાં ત્યાં શા માટે ભટકવું? નર્મદાસુંદરીને સહદેવ સમજાવવા લાગ્યો.

ઓ પિતાજી ! ગુરુજીના સંયોગથી દીક્ષાને ઝાડની મંજરીઓની જેમ શોભાવીશ. દેશ વિદેશમાં ફરીને કર્મ નટના નાટક જોઈશું અને તેને સંયમના દાન આપી દરિદ્રતા ફીટાડીશું. નિશ્ચય અને વહેવારથી પૂર્વના પાપની આલોચના કરતાં હેમંત ઋતુ અમે પસાર કરીશું. નર્મદાસુંદરી પિતાની પ્રત્યે કહેવા લાગી.

ઓ પુત્રી ! શિશિર ઋતુમાં વસ્ત્ર વિના અતિશય ફૂંકાતા ઠંડા પવનના ધસારા સહન નહિ થાય. ગરમ ભોજન પણ નહીં મળે, સુગંધિત ધૂપોની સુવાસ પણ મુનિઓ પાસે નહિ મળે, નિત્ય રમતી સોગઠાં બાજી પણ રમવાની નહીં મળે. શિશિરની લાંબી રાત્રી બહેનપણી વિના પસાર પણ નહિ થાય. માટે તું સાધુપણું લેવાની વાત જવા દે. નર્મદાસુંદરીને પિતા સમજાવવા લાગ્યો.

ઓ પિતાજી ! શિશિર ઋતુમાં વિષયરૂપી ઠંડીને નિર્વિકાર રૂપી વસ્ત્રથી દૂર કરીશ. ધ્યાનનો ધૂપ કરીશ. ક્ષમાગુણને ધારણ કરી કાયાને પોષીશ. હૃદયની શુદ્ધ ભાવનાથી માયારૂપી રાત્રિના અંધકારનો નાશ કરીશ. વિવેકરૂપી મોટા મંદિરમાં આત્મ-રમણતાની સોગઠાંબાજી રમીશ. તેવી રીતે અમે શિશિર ઋતુને પસાર કરીશું. નર્મદાસુંદરી પિતા પ્રત્યે કહેવા લાગી.

ઓ પુત્રી ! વસંતના આગમનની સાથે તરુવરને કુંપળો ફૂટવાં માંડે છે. રૂડાં મૃદંગો સુંદર રાગથી વાગવા લાગે છે. લોકો ટોળે મળી, કેસરથી પીચકારીઓ ભરીને હોળીના ફાગ

ખેલે છે. અને બત્રીસ પ્રકારના નાટકો કરે છે. તે બધું મુનિવેશમાં જોવાનું કયાંથી મળશે? નર્મદાસુંદરીને અનેક પ્રકારના પ્રલોભનો સહદેવ શ્રેષ્ઠી આપવા લાગ્યો.

ઓ પિતાજી! છ એ આવશ્યકના વિવિધ સ્વરગુંજનના વાજિંત્રોથી આત્માને જગાડીશ. તપથી વૈરાગ્યની નવી નવી કુંપળો પ્રગટાવીશ. અધ્યયન કરીને આત્માની સાથે ફાગ ખેલીશ. ક્રિયારૂપી કેસરની પીચકારી ભરીને આત્માની સાથે હોળી ખેલીશ. દશે પ્રકારના યતિધર્મનું હું પાલન કરીને વસંત ઋતુને શોભાવીશ. નર્મદાસુંદરીએ પિતાના મોહ ભરેલા વચનોનો પ્રત્યુત્તર આપ્યો.

ઓ પુત્રી! ગ્રીષ્મ ઋતુના આગમનની સાથે ધરતી ધીકતા તાપમાં અંગાર જેવી દાહ ઉત્પન્ન કરનારી બને છે. અડવાણે પગે પગમાં અંગાર ચંપાય છે. લોકો ચંદનના વિલેપન કરી, સુંદર વિંજણાના વાયુથી સૂર્યના પ્રચંડ તાપમાં શરીરને ઠંડકનો રસાસ્વાદ ચખાડે છે, પાણીમાં સાકર વરીયાળી અને દ્રાક્ષ ઘોળી પીવે છે. આવો રસાસ્વાદ તને મુનિપણામાં મળવો દુર્લભ છે. માટે તારો વિચાર હમણાં બંધ રાખ. સહદેવ શ્રેષ્ઠી નર્મદાસુંદરીને સમજાવતો હતો.

ઓ પિતાજી! ક્રોધ રૂપી તાપને ક્ષમાથી ઠંડો બનાવીશ. નિઃસ્પૃહતાથી સંયમના ઘરમાં બેસીને લોભની લૂને આવવા નહિ દઉં. આંબાના રસને બદલે સંયમ રસના કૂંડા પીશું. કોયલના મીઠા ટહૂકારને બદલે જિનેશ્વર ભગવંતની વાણીના શબ્દોનું હૈયામાં ગુંજન કરીશું. સત્યરૂપી ચંદનને

અચીંશું. ગુરૂ ભગવંતની આજ્ઞારૂપી સાકરનું અને વિનયરૂપી નીરનું હંમેશાં પાન કરીને આવતી ગ્રીષ્મ ઋતુને આવકારીશ. નર્મદાસુંદરીએ પિતાને જવાબ આપ્યો.

ઓ પુત્રી ! વર્ષા ઋતુના આગમનની સાથે જ ધરતી ઉપર ઝડીબંધ અને અણતૂટ મેહૂલો તૂટી પડે. મેઘની રાહ જોઈને બેઠેલા દાદુર, ચાતક અને મોરના હૈયા ઉછળે, કામી માણસોને કામદેવ હેરાન કરે, મલ્હાર રાગનું સંગીતકારો સ્વરગુંજન કરે. ધરતી ઉપર હરણ ફાળની જેમ સરિતાઓ ઉછળતી પોતાના નાથને ભેટવા માટે જાય આવી સુંદર વર્ષા ઋતુનાં રસાસ્વાદ સાધુ વેશમાં ક્યાંથી મળશે ?

ઓ પિતાજી ! નિબિડ મોહની ઘટાને વૈરાગ્યથી મહાત કરીશ. તેના અતિ આનંદમાં શ્રદ્ધાની ઉદ્ઘોષણા કરીશ. તનના તંબુરમાંથી શુદ્ધ અધ્યવસાયનો મલ્હાર ગાઈશ. વડિલોની વૈયાવચ્ચ કરીને પાપને ઉછાળી નાખીને આવતી વર્ષાને હેતથી ભેટીશ નર્મદાસુંદરી પિતાને કહેવા લાગી.

ઓ પુત્રી ! શરદ્ ઋતુના આગમનથી કમલ વિકસિત બને. નભમંડલમાં સોલસો કિરણોથી ચંદ્ર ઉગે અને આંખોને આનંદમાં ગરકાવ કરે, તેના અમૃત ઝરે અને માછલીના પેટમાં રહેલાં મોતીઓ પરિપકવ થાય. યોગીઓને ત્યાં નવરાત્રીમાં હોમ હવનથી દેવતાઓને રીઝાવાય સ્ત્રીઓ ટોળે મળીને દેવીઓને રીઝવવા માટે ગરબાઓ ગાય. આવા ઉત્તમ મહોત્સવો સંયમીને ક્યાંથી મળશે ? માટે તું સમજ.... અને આવેલા શ્મશાન વૈરાગ્યને સમાવી સંસારના સુખોને ભોગવ. સહદેવ શ્રેષ્ઠિ નર્મદાસુંદરીને રીઝવવા લાગ્યો.

ઓ પિતાજી ! સમ્યક્ત્વરૂપી ચંદ્રમાને પ્રગટાવી અને જ્ઞાન, નિયમ, અને તત્ત્વપ્રરૂપણાના પ્રકાશથી અંતરના અનંતા પ્રદેશને દેદિપ્યમાન બનાવીશ. દયારૂપી છિપલામાં અનંત સુખના મોતીઓ પકાવી સુધર્મનું શુદ્ધ આરાધન કરી શિવ-સુંદરીના મહેલમાં જઇ તે મોતીઓની માળાને ધારણ કરીશ. બ્રહ્મચર્યની નવે વાડનું સંપૂર્ણ પાલન કરીને નવરાત્રીના દિવસો ઉજવીશ. પ્રભુના ગુણના ગરબા ગાઇશ. કર્મને હટા-વવા માટે અંતરમાં અધ્યાત્મનો મંગલદીપ પ્રગટાવી પરમ પદની પ્રાપ્તિ કરીને શિશિર ઋતુને મોટા ઉત્સાહથી ઉજવીશ. પણ સંસારના સુખો તો પડેલા ઘા ઉપર ક્ષાર નાખવા જેવા છે. નર્મદાસુંદરીએ પિતાને પ્રત્યુત્તર આપ્યો અને પિતાજીએ અનુમતિ આપી અતિ ઉમંગથી તેના શરીરના રોમાંચ હસી ઉઠયાં.

પ્રકરણ ૧૮ મું સમાપ્ત.

## પ્રકરણ ૧૯ મું

## સંયમ પંથે

નગરજનોમાં નર્મદાસુંદરીની દીક્ષાના સમાચાર વાયુવેગે પ્રસરી ઉઠયાં. અને ઉત્સવ ઘેલા માનવીઓએ પોતાના ઘરો શણગારવા માંડયાં, સહદેવ શ્રેષ્ઠીએ નગરને શણગારવાને માટે નોકરોને હૂકમ કર્યો. અષ્ટાહ્નિકા મહોત્સવની શુભ શરૂઆતો થઈ ચૂકી હતી. દરરોજ અતિ ઉછરંગથી રથમાં બેસી વરસીદાન દેતી હતી. નગરમાં અમારી પડહ વાગી ચૂકયો હતો ઉત્સાહ અમાપ હતો. ગામેગામના માનવીઓ પ્રવ્રજ્યા મહોત્સવમાં આનંદના અતિરેકથી આવ્યા હતા. પ્રવ્રજયા દિન નજીક આવતો હતો તેમ લોકોનો ઉત્સાહ વધતો જતો હતો.

આગળ નોબત, ભેરી, નભેરી, ઢોલ, ત્રાંસા વગાડતા માનવીઓની હાર હતી તેની પાછળના પુરૂષો વિવિધ પ્રકારની વેશભુષા પરિધાન કરીને ચાલતા હતા. તેની પાછળ દેવાધિદેવ જિનેશ્વર ભગવંતનો રથ ઘુઘરાના મધુર સંગીતને રેલાવતો ચાલતો હતો, પાછળ નગરનો નારીવૃંદ રંગબેરંગી કિંમતી વસ્ત્રાભુષણ પહેરીને ધવલમંગળ ગીત ગાતો ચાલતો

હતો. તેની પાછળ શિબિકામાં આરૂઢ થઈને શિવસુંદરીને વરવાની પગથારને પામવા માટે હર્ષઘેલી બનેલી મહાસતી નર્મદાસુંદરી અદ્દભુત વસ્ત્રાભુષણનો શણગાર સજી હર્ષોલ્લાસ પૂર્વક છૂટા હાથે વરસીદાન આપતી હતી. તેની પાછળ યાચકોનું ટોળું દાનગ્રહણ કરતું ચાલતું હતું. દશ્ય અનુપમ, અલૌકિક અને અદ્દભુત હતું. નગરજનો મહાસતીની ભૂરી ભૂરી પ્રશંસા કરતા હતા. નગરમાં પ્રવ્રજ્યાનો વરઘોડો ફરીને ગુરૂ મહારાજ જ્યાં બિરાજમાન હતા. તે સ્થાને આવી પહોંચ્યો. શિબિકામાંથી ઉતરીને નર્મદાસુંદરીએ ગુરૂ ભગવંતને વંદન કર્યું અને કહેવા લાગી. ઓ ગુણના દરિયા ! આપ ભવોદધિ તારક છો. આપના શરણે હું આવી છું મને પ્રવ્રજ્યા આપો નર્મદાસુંદરીએ ગુરૂ ભગવંતને વિનંતિ કરી.

હે ભાવુકો ! હે નર્મદાસુંદરી ! ! તારું મન સ્થિર છે. સંયમ–પંથ અતિ દોહિલો છે. નિસ્પૃહી આત્માઓને બે હાથથી સાગરને તરી જવો સહેલો છે. પણ પ્રવ્રજ્યા ગ્રહણ કરીને પાળવી તે અતિ દુર્લભ છે, સિંહ જેવા થઈને સંયમ લેવા તૈયાર થયા છો તો સિંહની પેઠે જ સંયમ પાળવાની શક્તિ હોય તો જ સંયમ ગ્રહણ કરજો. નહિતર ગૃહવાસે જઈને રહેજો. ગુરૂભગવંતે નર્મદાસુંદરની પરીક્ષા કરી.

ઓ કૃપાસિંધુ ! મુજ અબળાને શા માટે બીવરાઓ છો ? મારું મન સંયમથી મજબૂત થઈ ચૂકયું છે. ચારિત્રથી ચૂકે તેવું હવે મન ચંચલ નથી. ઓ પ્રભુ ! આજથી નર્મદાસુંદરી આપના ચરણમાં જ છે. નર્મદાસુંદરીએ ગુરુ ભગવંતને વિનતિ કીધી શુભ મૂહૂર્તે વાસક્ષેપથી લોચ કર્યો અને સંસા-

રની મોહમાયાનો ત્યાગ કર્યો. આચાર્ય ભગવંતની પાસે નત મસ્તકે નર્મદાસુંદરી ઊભી રહી અને પૂજ્ય ગુરુ ભગવંતે સર્વ સાવદ્ય યોગના પચ્ચક્ખાણ કરાવ્યા. અને ધર્મરૂપી હસ્તિના કુંભસ્થળ જેવા આચાર્ય ભગવંતે દેશના આપવા માંડી.

ઓ ભાગ્યશાળી! આજે તમોને પાંચ મહાવ્રતોનું આરોપણ કરાવવામાં આવેલું છે તેને શુદ્ધ ભાવનાથી પાળજો અને બીજા ભવ્ય આત્માઓને સંયમપંથના માર્ગે લાવીને મોક્ષમાર્ગના અધિકારી બનાવવાના પ્રયત્ન કરજો. ગુરુ ભગવંતે સાધ્વીજી–નર્મદાને ઉપદેશ આપ્યો.

અહો! ધન્ય છે નર્મદાસુંદરીના જીવિતને, નગરનાં માનવીઓ આંખોમાંથી નીરને વહાવતાં વંદન કરીને કહેવા લાગ્યા. ઓ મહાસતી! અમને ફરીથી આપના વંદન કયારે થશે? અમારા ઉપર ધર્મ સ્નેહ રાખજો, તમારા મીઠા ગુણોની યાદ વારંવાર અમોને સતાવશે, સહદેવના નયનોમાંથી પણ આંસુના વહેણ વહેવા લાગ્યાં, અને અશ્રુભીની આંખે વિદાય માગી ત્યારે મહાસતી નર્મદાસુંદરીએ નગરજનોને કહ્યું કે :—

હે ભવ્ય જીવો! તમો ધર્મધ્યાનમાં ઉદ્યમ રાખજો, સકળ જીવો ઉપર મૈત્રી ભાવના કેળવજો. મહાસતી નર્મદાસુંદરી સાધ્વીજીએ નગરજનોને ધર્મલાભ આપ્યો.

"ક્રોડ વર્ષ જીવજો" એમ કહી સર્વેએ વિદાય લીધી અને પોતાના ઘેર આવ્યા.

ગુરૂ ભગવંતે સાધ્વી નર્મદાને સાધ્વીજી પાસે ભણવા મૂકયા.

દરરોજ નર્મદા સાધ્વી જ્ઞાનવૃદ્ધિમાં વિશેષ પ્રકારે ઉદ્યમ કરવા લાગ્યા. જેમ ચંદ્રના ઉદયથી ચંદ્રમુખી ખીલખીલાટ હસી ઉઠે તેમ નર્મદા સાધ્વીજીનું અંતર ચારિત્રથી હરહંમેશ પ્રફુલ્લીત રહેવા લાગ્યું. તેમણે સાધુપણાના આચારના અંબર ઓઢયા. ભક્તિનો મૂખકોશ બાંધ્યો, સંવરના કેસર ઘોળ્યાં. વિનયથી દોષને ધોવા લાગ્યા. સમ્યક્ત્વ રૂપી દીવડાની અંતરમાં જ્યોત ઝળહળતી રાખી, ધ્યાનનો ધૂપ પ્રકટાવ્યો, એ પ્રમાણે કર્મને ચૂરવા માટે જીનેશ્વર ભગવંતની ભાવપૂજા કરતાં નર્મદા સાધ્વી દિવસો પસાર કરવા લાગ્યા.

મહાસતીએ કુમતિના ઘરમાંથી વિદાય લઇને સુમતિના ઘરમાં નિવાસ કર્યો. ગામેગામ વિચરતાં અને ભવિવૃંદને અસાર સંસારનો ઉપદેશ આપતાં વિહાર કરવા લાગ્યા. અનુક્રમે તપથી તપાયેલા કર્મો દૂર થયા અને અવધિજ્ઞાનની પ્રાપ્તિ થઈ, સાધ્વી નર્મદા હવેથી પ્રવર્તની નર્મદા કહેવાવા લાગ્યા. અમૃતની ધારા સમાન દેશના આપતાં ઘણા જીવોને સમ્યક્ત્વમાં, દેશવિરતિમાં. સર્વવિરતિમાં, સ્થિર કર્યા અને ઘણા પરિવારે પરિવારેલાં પ્રવર્તિની આચાર્ય ભગવંતની આજ્ઞા લઇને રૂપચંદ્ર નગરમાં પધાર્યા. વસતિ યાચીને પોતાના પૂર્વાવસ્થાના શ્વસૂરગૃહની બાજુમાં ઉતર્યા.

અતિ જ્ઞાનવંત તપ, સંયમ, શુદ્ધ વિવેક ને ઉપશમથી જેણે પોતાનો આત્મા પવિત્ર કર્યો છે. એવા સાધ્વીજીના મોટા સમુદાયના દર્શન–વંદન કરી પોતાના પુરાણા પાપને પખાળવા નગરના જનોનો મેળો ભેગો થવા લાગ્યો. પ્રવર્તિની સકળ સમુદાયની સમક્ષ મેઘ સમાની દેશના આપવા લાગ્યા.

હે ભવ્ય શ્રોતાજનો ! આર્ય દેશ, આર્યકુળ તેમાં પણ ઉત્તમકુળ અને વિશિષ્ટમાં જિનેશ્વર ભગવંતનો પ્રરૂપેલો મોક્ષ-માર્ગને આપવાવાળો ધર્મ, પૂર્વના પ્રબળ પુણ્યના પ્રભાવે જ મળે છે. જિનેશ્વર ભગવંતે પ્રરૂપેલો જે ધર્મ તે અર્થ, કામ અને મોક્ષના ફ્ળોને આપનારો છે. અબુધ જીવો અર્થ અને કામની લાલસામાં કર્મરાજે બીછાવેલી જાળમાં સપડાઈને સંસારમાં અવનવા વેષે ભટકે છે. ઓ મહાનુભાવો ! આત્મા ક્ષણે ક્ષણે પાપ અને પુણ્યના પૂંજને એકઠા કરે છે. આત્મા, ખોટું બોલવાથી, ચોરી કરવાથી, મૈથુન સેવવાથી, જીવહિંસામાં આરૂઢ થવાથી, પરિગ્રહમાં રાચવાથી, અનર્થદંડ વડે આત્મા કર્મ બાંધે છે. તેમાં પણ નિકાચીત કર્મો તેને ભોગવ્યા વિના છૂટકો જ નથી. પૂર્વના નિકાચીત બંધાયેલા કર્મો મહાસતી-ઓને પણ ભોગવ્યા વિના છોડતાં નથી. માટે ભવ વારિધિને તરવા માટે તમો ધર્મનું આચરણ કરો. મહેશ્વરદત્તને પ્રતિ-બોધવા માટે પ્રવર્તિનીએ ધનવતીના દૃષ્ટાંતનું નિરૂપણ કર્યું.

આ ભરતક્ષેત્રને વિષે શ્રાવસ્તી નામે રસકસથી ભર-પૂર અને અમરાપુરીને ભૂલાવે તેવી નગરી હતી. તે નગરમાં પુણ્યપાલ નામનો વ્યવહારીઓ રહેતો હતો. તેને અનુપમ રૂપવંતી ધનવતી નામની સ્ત્રી હતી. એકદા પુણ્યપાલ પરદેશ વ્યાપાર કરવા જવાની તૈયારી કરવા લાગ્યો તે વારે, તેણે પોતાના મિત્રને ધનવતીની સંભાળ રાખવાને માટે ભલામણ કરી અને પોતે ગયો. પુણ્યપાલના ગયા પછી કેટલેક સમયે તેના મિત્રે ધનવતીને પોતાની સાથે વિષય સુખો ભોગવીને યૌવનને સફળ કરવાની વિનંતિ કરી. ત્યારે ધનવતીએ તેને

ધુતકારી કાઢયો. વિષય લંપક મિત્રે ક્રોધ કરી નગરમાં તેની અપભ્રાજના કરવા માંડી અને શાકિની તરીકે પ્રગટ કરવા લાગ્યો.

ધનવતીને નગરમાં ફરવા જવા માટે શરમ આવવા લાગી. તેથી નગરમાં કોઈને ત્યાં પણ જઈ શકતી નહોતી. તેથી તે કંટાળીને પોતાના પિયરમાં ગઈ. ખરેખર! લાખો ઉપાય કરતાં પણ કરેલા કર્મો ભોગવ્યા વિના છૂટકો નથી. અહીં પણ કર્મરાજે જાળ બીછાવી. એકદા ધનવતી પોતાના ભાઈના પુત્રને પારણામાં પતિના વિયોગના દુઃખથી નિસાસા નાખતી ઝૂલાવતી હતી, ત્યાં ઘરમાં કામકાજ માટે રાખેલો પોતાના ભાઈનો નોકર તેના તરફ વિષય સુખની માગણી કરવા લાગ્યો. તેને પણ ધુતકારી કાઢયો અને તે નોકર રોષે ભરાયો. ક્રોધની જ્વાળામાં ધમધમતા નોકરે મધ્યરાત્રીએ ઉંઘમાં ઉંઘતા પોતાના ભાઈના બાળકને ગળે નખ દઈને મારી નાખ્યો. સવારના ધનવતીએ પારણામાં જોયું તો બાળકને મરેલું દીઠું. ચોધાર આંસુએ રડીને મોટી બૂમો પાડી. કુટુંબને એકત્રિત કર્યું, તેમાં નોકર પણ આવી પહોંચ્યો.

જુઓ, આ ડાકણના કાર્યો. જેમ બિલાડીને દૂધ કોઈ ના આપે તેમ આવી ડાકણને પુત્ર કોણે આપ્યો? ભાઈને ત્યાં આવી ડાકણ કયાંથી આવી પહોંચી? મોટી સતી થઈને આવી છે! આ રંડાને તો શ્રાવસ્તીના લોકોએ નગર બહાર કાઢી મૂકી છે. જુઓ આ સતીના ચરિત્રો! કુટુંબીઓને સંબોધતો નોકર બોલવા લાગ્યો.

અતિ શરમાતી, ગભરાતી ધનવતી પિયરમાંથી નીકળીને ઘનઘોર ઘટાઓથી છવાયેલા વનમાં વડના ઝાડ તળે આવીને બેઠી. ઝાડની ઉપર રાત્રીને વિષે ઘુવડ પક્ષી પોતાના બચ્ચાઓ સાથે આવીને બેઠો. બચ્ચાઓમાંથી એક બચ્ચાએ પૂછ્યું કે હે પિતાજી! નીચે જે વિષ્ટા પડી છે તેનો ગુણ શું હશે! કોઢ અને રક્તપિત્તનો રોગ તે વિષ્ટાથી મટે છે. ઘુવડે કીધું. પશુપંખીની ભાષાને જાણનારી ધનવતીએ તરત જ તમામ વિષ્ટા ભેગી કરી. ત્યાંથી કોઈ નગરમાં આવી પુરુષનો વેશ ધારણ કર્યો. તે વિષ્ટાથી લોકોના કોઢ રોગને કાઢતાં તેને દેશ વિદેશ કીર્તિ અને ઘણાં કલદારની પ્રાપ્તિ થઈ. કલદારના જોરમાં ઉત્સાહ ઘેલી બનેલી ધનવતીએ મોટો આવાસ બંધાવી દાસદાસીઓ સહિત શિયળનું પાલન કરતી દિવસો નિર્ગમન કરવા લાગી.

કોઈ શુભ દિવસે પુણ્યપાલ વહેવારીઓ પોતાના નગરમાં આવ્યો. પણ પોતાના ઘરમાં પોતાની સ્ત્રીને નહીં દેખતા પાડોશી માનવીઓને પૂછવા લાગ્યો. પણ કાંઈ જવાબ નહિ મળવાથી આતુર અને ભગ્ન હૃદયે મિત્રના ઘેર ગયો. સતીને કલંક આપવાથી તેના શરીરે કોઢ રોગથી ચામડી ઝાડની છાલ જેવી થઈ ગઈ હતી. કુટીલ હૃદયના મિત્રને પૂછ્યું અને મિત્રે અણછાજતાં જવાબ આપવાથી પુણ્યપાલે પાપી મિત્રની માયા જાળને કલ્પી લીધી. અને પુણ્યપાલ નગરમાં શોધવા નીકળ્યો. પણ ક્યાંય ધનવતી જોવામાં આવી નહિં. તેથી મુંઝાતો પુણ્યપાલ એક વેપારીની દુકાને બેઠો તેવારે નગરમાં વિદેશમાં વસતા કુષ્ટ રોગ નિવારક વૈદ્યની વાતો ઘર ઘર

ફરતી તે શેઠની દુકાને આવી અને પુણ્યપાલ મિત્રને ઘરે જઈ મિત્રનો કોઢ મટાડવા માટે તેને સાથે લઇને કોઢ નિવારક વૈદ્યના ગામમાં જઈ તેના રૂગ્ણાલયમાં ગયો. ત્યાં કોઢના રોગથી ઘેરાયલો ધનવતીના ભાઈનો નોકર પણ આવીને બેઠો હતો. પુરૂષ વેશમાં રહેલી ધનવતી પોતાના પતિને બે કોઢ રોગ વાળાની સાથે આવતા જોઇને અતિ આનંદિત થઈ.

ઓ ધન્વંતરી ! તમારી કીર્તિ સાંભળીને હું અહીં આવ્યો છું. તો તમે મારી ઉપર કરૂણા કરી આ બન્ને કુષ્ટીઓના રોગને મટાડી તેમની બેહુદી કાયાને સુંદર બનાવી આપો. તમે મુખેથી માંગો તેટલા દામ તમને હું આપું. પુણ્યપાલે ધન્વંતરીને રોગ મટાડવા માટે વિનંતિ કરી.

ઓ વહેવારીઆ ! હું નિસ્પૃહભાવે દવા કરવા તૈયાર છું. મને પૈસાની જરૂર નથી. મારી પાસે ધનના ઢગલા છે. પણ એ રોગીઓ જો સાચું બોલશે તો જ તેમને મારી દવાથી રોગ મટશે. કદાચ મારા પ્રશ્નોનો જવાબ આપતાં તેમને બધાની વચમાં શરમ આવતી હોય તો બાજુના પડદામાં રહીને કોઇ પણ પ્રકારનો દંભ રાખ્યા વિના મારા પ્રશ્નોના જવાબ આપે. પડદામાં બન્ને રોગીઓને બેસાડી આ ધનવતી છે તેવી કોઇને ખબર ન પડે તેવી રીતે ધનવતી ઔષધ લેવા ગઈ. અને પાસે બહારના ભાગમાં પુણ્યપાળને બેસવાની ધનવતીએ ઈશારત કરી.

ઔષધની ફાંટ ભરીને ધનવતી રોગીઓની પાસે ગઈ અને રોગીઓને પૂછ્યું. તમોને શાથી આ રોગ થયો છે?

તે સાચું કહો, ત્યારે પુણ્યપાલના મિત્રે બનેલી તમામ સત્ય હકીકત કહી સંભળાવી. ત્યારબાદ પોતાના ભાઈના નોકરે પણ નક્કર સત્ય હકીકત કહી સંભળાવી.

ખરેખર! કર્મની ગતિ જ ન્યારી છે. જેના ભરોસે હું મૂકી ગયો તેણે જ આવી કુદૃષ્ટિ કરી. પડદાની પાછળ બેઠેલા પુણ્યપાલે વાત સાંભળીને ઊંડો નિઃશ્વાસ નાખ્યો.

ધનવતીએ પડદામાંથી બહાર આવી બન્નેની વાતો પુણ્યપાલને કહી. ઘરમાં જઈને વેશ ઉતારી સ્ત્રીનો વેશ ધારણ કરી રૂમઝુમ કરતી આવી પતિને ચરણે નમી પડી. પોતાની સ્ત્રીને ઓળખી અને પુણ્યપાલ આનંદીત થયો. ઔષધના ઉપાયથી બન્નેનો કોઢ રોગ ગયો અને શરીર કંચન વર્ણ સદશ બની ગયું. "ખરેખર! સજ્જન માનવીઓ દુર્જન આત્માઓ ઉપર પણ ઉપકાર કરતા અચકાતા નથી." પુણ્યપાલ પણ પોતાની સતી સ્ત્રીને સાથે લઈને પોતાના નગર શ્રાવસ્તીમાં આવ્યો. અનુક્રમે શિયળ વ્રતનું પાલન કરતી ધર્મધ્યાનમાં ઉદ્યમ કરતી ધનવતી શિવ સુખને પામી, સતીઓને પણ લંછન લાગે છે એ પ્રમાણે પ્રવર્તિની નર્મદાસુંદરીએ મહેશ્વરદત્તની આગળ સતીઓના શિયળ વ્રતનો મહિમા પ્રકાશ્યો.

કર્મની ગતિ ન્યારી છે. કર્મને વશ થયેલા પ્રાણીઓ અનંત દુઃખ દાવાનળમાં ઝડપાયા છે. જેણે ધર્મને નથી આદર્યો તેનું થશે શું? ચૌદ રાજ-લોકના ભાવોને જણાવનારૂં કોઈપણ જો શાસ્ત્ર હોય તો તે જિનેશ્વર ભગવંતે પ્રરૂપેલું

અને ગણધર ભગવંતે ગૂંથેલું જૈન દર્શન જ છે, નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિના દુઃખ અને સુખને બતાવનારું જ્ઞાન પણ એ શાસ્ત્રથી જ થાય છે. અને ગીતાર્થ મુનીશ્વરો તેને દેશનામાં ગૂંથીને કહે છે. ઘણા એવા પ્રકારના પણ શાસ્ત્રો છે કે જેનાથી સ્વર લક્ષણ જાણી શકાય છે. અને રૂપ રંગ અને ગુણ કહી શકાય છે, જેમ દૂધ પાઈને ઉછેરેલો સાપ દૂધ પાનારને ડંખ મારે છે તેમ સ્વર લક્ષણની વાતો મૂરખ માનવીઓને કહેવાથી ગુણને બદલે અવગુણને કરનાર થાય છે. માટે જ બધાએ શ્રુતજ્ઞાનનો અભ્યાસ અને તેની આરાધના કરવાથી ઉત્તરોત્તર મંગળમાળા પ્રાપ્ત થાય છે.

દેશના સાંભળી મહેશ્વરદત્ત ચમકયો, ધન્ય છે. તેની વાણીને! અને ધન્ય છે તે પ્રવર્તિની ને! કે ચોળ મજીઠના રંગ જેવી આવી ઉત્તમ દેશના આપી.

જરૂર!....મારી સ્ત્રી નર્મદાસુંદરી લક્ષણ શાસ્ત્ર ભણી હશે, વહાણની તુતક ઉપર બેસીને જ તેણે ગાયકનું વર્ણન લક્ષણ શાસ્ત્રથી જ કહ્યું હશે. પણ મેં તો મૂઢમતિએ અધમમાં અધમ કોઇ ન કરે તેવું કાર્ય વિચાર કર્યા વિના નર્મદાસુંદરીને જંગલમાં રખડતી મૂકી દીધી. મેં અજ્ઞાનીએ મહાસતી જેવી મારી સ્ત્રીની ઉપર ખોટું કલંક મૂકયું, મારા જેવો પાપી બીજો આ ભૂતલ ઉપર કોણ હશે? રાક્ષસ દ્વીપમાં તેની શું ગતિ થઈ હશે? મારા જેવા મહા પાપીનું હવે શું થશે? હે ચેતન! મૂઢ અને ગમાર થઈ શું વિચારે કરે છે? એમ ચિંતવતો પોતાના કરેલા કાર્યનો પશ્ચાત્તાપ કરતો પોતાની

કરણીને ધિક્કારતો વિચારમગ્ન બની મહેશ્વરદત્ત મૂઢ જેવો બની ગયો.

મહાભાગ્યશાળી શ્રાવક! તમે કેમ ચિંતાતુર જણાવ છો? નર્મદાસાધ્વીએ મહેશ્વરદત્તને પૂછયું.

પોતાની પૂર્વ હકીકત–કથની સાંભળી નયનોમાંથી આંસુઓને વરસાવતો વિષાદ ભર્યા વદને મહેશ્વરદત્ત મહાસતીને હાથ જોડીને કહેવા લાગ્યો.

ઓ શ્રાવક! તમે આંખો ઉઘાડીને જુઓ. જેને તમે વનમાં મૂકી હતી. તે જ હું છું. તેમાં તમારો દોષ નથી પણ પૂર્વ કર્મનો દોષ છે. શા માટે તમો ઝૂરો છો? મારા અંતરમાં તમારા પ્રત્યે બીલકુલ રોષ નથી. મહાસતીએ પોતાની આપવીતિ તમામ બીના મહેશ્વરદત્તને કહી.

ઓ મહાભાગ? મેં ક્રોધ અને ગર્વનો ત્યાગ કરી સાધુપણું અંગિકાર કર્યું છે. તમને પ્રતિબોધ કરવા માટે હું અહીં આવી છું. કારમા સંસારની કારમી કથાઓ છે માટે તમો હર્ષિત બનો. મહાસતીએ મહેશ્વદરત્તને કહ્યું. મહાસતીને ઓળખીને મહેશ્વરદત્તને લજ્જા આવી. પોતાના અપરાધની ક્ષમા માગવા લાગ્યો. આ નાટકીઆ સંસારથી વિરક્ત થવાની તેની ઉત્કૃષ્ટ ઇચ્છાથી વૈરાગ્ય વાસિત બન્યો. ઓ પ્રવર્તિનિ! મને રત્નત્રયીનું અર્પણ કરો. એમ મહેશ્વરદત્તે કહ્યું.

આચાર્ય ભગવંત આર્યસુહસ્તિસૂરિ અહીંથી દૂર છે. તમે તેમની પાસે સંયમ ગ્રહણ કરી રત્નત્રયીનું આરાધન કરો. મહાસતીએ મહેશ્વરદત્તને કહ્યું.

ઋષિદત્તાને પણ ચારિત્ર લેવાની ભાવના જાગ્રત થઈ. કુટુંબીઓના વિરોધને શાંત કરી મહેશ્વરદત્ત અને ઋષિદત્તા સાધ્વી સમુદાયની સાથે વિહાર કરતાં આચાર્ય ભગવંતની પાસે આવી. સકળ જંજાળને છોડી બન્ને જણાએ સંયમ ગ્રહણ કર્યો.

નિરતિચાર ચારિત્રનું પાલન કરી ઋષિદત્તા સ્વર્ગમાં ઉત્પન્ન થઈ. મહેશ્વરદત્ત પણ દીક્ષાના પ્રભાવથી ભવસાગરને તરવા માટે ધર્મની નાવમાં બેસી અનુક્રમે આયુષ્ય પુરૂં કરી દેવલોકમાં ઉત્પન્ન થયો. મહાપતિત મહેશ્વરદત્તને દેવલોકનો ભોક્તા બનાવનાર મહામતી નર્મદાસુંદરી સાધ્વી ભૂમિતલ ઉપર વિહાર કરવા લાગ્યા. સૂર્યના પ્રકાશથી જેમ અંધકારનો નાશ થાય છે, તેમ તપથી કર્મની નિર્જરા કરતાં ઉપશમ રસમાં નિમગ્ન બનેલાં ગામોગામ સંયમના રસમાં અનેક આત્માઓને ઝુલાવતા. ધ્યાનરૂપી અગ્નિમાં કર્મરૂપી લાકડાંને બાળતાં અવધિજ્ઞાનના બળે પોતાનું એક માસનું આયુષ્ય જાણી અનશન આદરી ચોરાશી લાખ જીવયોનિને ખમાવી ત્રિકરણ યોગે સુદેવ, સુગુરુ અને સુધર્મને મનમાં સ્થાપી કાળધર્મ પામી દેવલોક ગયાં. અને દેવલોકમાં અનેક પ્રકારનાં સુખોને ભોગવી મહાવિદેહ ક્ષેત્રમાં રાજા તરીકે ઉત્પન્ન થઈને પોતાની સ્ત્રીથી વિષય સુખ ભોગવી ગુરુમહારાજના ઉપદેશથી રાજ્યનો ત્યાગ કરી સંયમને ગ્રહણ કરશે. નિરતિચારપણે સંયમનું પાલન કરતાં અષ્ટ કર્મને જીતી કેવલ જ્ઞાનની પ્રાપ્તિ કરી, શિવસુંદરીના મહેલમાં વાસ કરશે.

**કથા સંપૂર્ણ**

यशेन्दु प्रकाशन

આવરણ : દીલા પ્રીન્ટર્સ, અમદાવાદ-૧૬. ટે. નં. ૨૦૯૭૩